ૐ

શ્રી લઘુરાજ સ્મારક ગ્રંથમાળા પુષ્પ ૫ મું

# ગ્રંથયુગલ

(લઘુયોગવાસિષ્ઠ—સાર અને સમાધિશતક વિવેચન)

સંયોજક—વિવેચક

**બ્રહ્મચારી શ્રી ગોવર્ધનદાસજી,** બી.એ.

**શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ**

**અગાસ**

**પ્રકાશક**

ભરતભાઈ મનુભાઈ મોદી, પ્રમુખ
શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,
સ્ટેશન અગાસ, વાયા આણંદ
પોસ્ટ બોરીઆ – ૩૮૮ ૧૩૦ (ગુજરાત)

**મુદ્રક**

કાવ્ય પ્રિન્ટર્સ
૧-બી, શિવ એસ્ટેટ, સીટીએમ,
એક્ષપ્રેસ હાઈવે પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૨૬

**પ્રાપ્તિસ્થાન**

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
સ્ટેશન અગાસ, વાયા આણંદ
પોસ્ટ બોરીઆ - ૩૮૮ ૧૩૦
(ગુજરાત)
ટેલીફોન : ૦૨૬૯૨ - ૨૮૧૭૭૮
Email : info@agasashram.org

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ-સંચાલિત
શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ,
હાથી બિલ્ડિંગ, એ / ૧૮, બીજે માળે,
ભાંગવાડી, ૪૪૮ કાલબાદેવી રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૨
ટેલીફોન : ૦૨૨ - ૨૨૦૬૯૨૩૪

**પાંચમી આવૃત્તિ** પ્રત ૩૦૦૦ વિક્રમ સંવત ૨૦૭૫ ઈસ્વીસન ૨૦૧૯

પડતર કિંમત : રૂા. ૬૦/-  વેચાણ કિંમત : રૂા. ૫/-

**તમે કોઈ પ્રકારે આ પુસ્તકની આશાતના કરશો નહીં, તેને ડાઘ પાડશો નહીં, ફાડશો નહીં, બગાડશો નહીં તેમજ નીચે જમીન પર મૂકશો નહીં.**

સર્વાધિકાર સુરક્ષિત : આ ગ્રંથના કોઈ અંશને મૂળરૂપમાં કે અનુવાદિત રૂપમાં કે કોઈ ચિત્રપટને છાપવાનું કામ પ્રકાશકની અનુમતિ સિવાય કોઈ વ્યક્તિ કે સંસ્થા કરી શકશે નહીં.

# અર્પણ-પત્રિકા

(હરિગીત)

કળિકાળ દાવાનલ વિષે જીવો બળે ત્રિતાપથી,
ત્યાં રાજચંદ્ર સુધાસિંધુ-શીકરે[1] શાંતિ થતી;
મુનિવર મહા આ પ્રભુજીના ચરણકમળે શિર ધરી,
આત્મહિત નિજ સાધવાને દૃષ્ટિ સન્મુખ આદરી. ૧

(દુહો)

અર્પણ હો ગુરુરાજને, શ્રમથી જે જે સાધ્ય;
સહજ સ્વરૂપે જે વસે, પરમ ગુરુ મહાભાગ્ય. ૨

(સોરઠા)

સદ્ગુરુ-ચરણે ભેટ, અલ્પમતિ આ શું ધરે?
મન વાણી ને દેહ, અર્પી ગુરુ-શરણું ગ્રહું. ૩
પંકજ-કળી-વિકાસ, થાતો રવિપદ-સ્પર્શથી,
ગુરુરવિપદ પ્રકાશ, અંતર્ નયન ઉઘાડશે. ૪
મુક્તભાવ પોષાય, ગુરુના ચરણ ઉપાસતાં,
સન્મુખ વૃત્તિ થાય, આંતર બળ બમણું વધે. ૫
મિથ્યા-મતની જાળ, તેમાં દોડ્યો હું જતો,
સાદ દઈ કરુણાળ, થોભાવ્યો પ્રાતઃ સુધી. ૬
ગુરુ ઉપકાર અનેક, વિસાર્યા નહિ વીસરે,
આ ભવમાં તું એક, પરમ ઉપકારી મળ્યો. ૭
ઊગ્યો પૂર્વે ભાણ, તારલિયા ઝાંખા પડ્યા,
તુજ ઉપકાર સમાન, જગમાં બીજો ના જડે. ૮
મુનિ-જન-માનસ હંસ, ક્ષીર નીર જુદાં કરે,
એમાંનો કંઈ અંશ, દીનદાસ આ યાચતો. ૯

૧ છાંટ



# પ્રથમાવૃત્તિની પ્રસ્તાવના

*

‘‘રામાયણ, એ જગતમાં જેનો જોટો મળતો નથી એવો અનન્ય સાહિત્યગ્રન્થ છે.’’

—સ્વામી વિવેકાનંદ

‘‘બધી જાતની ઉન્નતિનું મૂળ જ્ઞાનની ઉન્નતિ છે. પશુ આદિના જેવી ઇંદ્રિય-તૃપ્તિ સિવાયનું બીજું કોઈ પણ એવું સુખ તમે નહીં બતાવી શકો કે જેનું મૂળ જ્ઞાનની ઉન્નતિમાં રહેલું ન હોય.’’

—દૃગ્દૃશ્યવિવેક

‘‘સર્વ—ઉત્કૃષ્ટ ભૂમિકામાં સ્થિતિ થવા પર્યન્ત શ્રુતજ્ઞાનનું અવલંબન લઈને સત્પુરુષો પણ સ્વદશામાં સ્થિર રહી શકે છે, એમ જિનનો અભિગમ છે તે પ્રત્યક્ષ સત્ય દેખાય છે.

સર્વોત્કૃષ્ટ ભૂમિકા પર્યંતમાં શ્રુતજ્ઞાન (જ્ઞાની પુરુષનાં વચનો)નું અવલંબન જે જે વખતે મંદ પડે છે, તે તે વખતે કંઈ કંઈ ચપળપણું સત્પુરુષો પણ પામી જાય છે, તો પછી સામાન્ય મુમુક્ષુ જીવો કે જેને વિપરીત સમાગમ, વિપરીત શ્રુતાદિ અવલંબન રહ્યાં છે તેને વારંવાર વિશેષ વિશેષ ચપળપણું થવા યોગ્ય છે.

એમ છે તોપણ જે મુમુક્ષુઓ સત્સમાગમ, સદાચાર અને સત્શાસ્ત્ર-વિચારરૂપ અવલંબનમાં દૃઢ નિવાસ કરે છે, તેને સર્વોત્કૃષ્ટ ભૂમિકા પર્યંત પહોંચવું કઠણ નથી; કઠણ છતાં પણ કઠણ નથી.’’

—શ્રીમદ્ રાજચંદ્ર, શ્રાવણ વ. ૧૨, ૧૯૫૩

‘‘શાંતરસનું જેમાં મુખ્યપણું છે. શાંતરસના હેતુએ જેનો સમસ્ત ઉપદેશ છે, સર્વે રસ શાંત-રસ-ગર્ભિત જેમાં વર્ણવ્યા છે, એવાં શાસ્ત્રાનો પરિચય તે સત્શ્રુતનો પરિચય છે.’’

‘‘સત્શ્રુતનો પરિચય જીવે અવશ્ય કરીને કર્તવ્ય છે.’’

—શ્રીમદ્ રાજચંદ્ર, ૧૯૫૪

ઉપર જણાવેલા મહાપુરુષોના અભિપ્રાય પ્રમાણે સત્શ્રુત ગણવા યોગ્ય બે ગ્રન્થો : યોગવાસિષ્ઠ મહારામાયણનો લઘુસાર અને સમાધિ શતક-વિવેચન છે. કદમાં નાના હોવા છતાં રત્ન તુલ્ય બન્ને કીમતી છે; મુમુક્ષુઓને આત્મોન્નતિમાં મદદ કરનાર છે. પ્રથમ ગ્રન્થમાં વૈરાગ્યની મુખ્યતા છે; બીજામાં આત્મવિચારની મુખ્યતા છે.

## લઘુયોગવાસિષ્ઠ-સાર

કોઈ સજ્જને 'યોગવાસિષ્ઠ મહારામાયણ'માંથી અમુક પ્રકરણવાર શ્લોકો ચૂંટીને 'યોગવાસિષ્ઠ-સાર' નામનો પ્રથમ ગ્રન્થ બહાર પાડેલો; તે પ્રમાણમાં મોટો થવાથી ઘણાના ઉપયોગમાં નથી આવતો જાણી, કોઈ પંડિતે તે સારનો સાર 'લઘુયોગવાસિષ્ઠ-સાર' નામે ગ્રન્થ કર્યો. તે ઉપરથી સંસ્કૃત ટીકા સહિત મૂળ શ્લોકો અને મરાઠી ભાષાંતરવાળો ગ્રન્થ શ્રી કૃષ્ણ શાસ્ત્રીએ ઈ.સ. ૧૯૨૭માં બહાર પાડ્યો. તેની મરાઠી ભાષાની પ્રસ્તાવનામાં તે લેખે છે :–

''વેદાંત શાસ્ત્રના અનેક ગ્રન્થો છે, તેમાં મુખ્ય પ્રસ્થાનત્રયી (બ્રહ્મસૂત્ર, ઉપનિષદો અને ભગવદ્ગીતા) છે. પરંતુ પ્રસ્થાનત્રયીની સરખામણીમાં આવે તેવો 'યોગવાસિષ્ઠ' ગ્રન્થ છે. તેમાં જે અધ્યાત્મ-વિષયો છે તેનાં વ્યાવહારિક દૃષ્ટાંતો શ્રોતાને મનોરંજક રીતે સમજાવ્યાં છે. તેમાંથી શ્લોકોની વિષયવાર પસંદગી કરી આ ગન્થ ઘણા જીવોને ઉપયોગી થાય તે અર્થે ભાષાંતર સહિત છપાવ્યો છે.''

યોગવાસિષ્ઠ ગ્રન્થ ક્યારે, કોણે, કોને કહ્યો તે ઉપર એક કથા મોટા યોગવાસિષ્ઠ ગ્રન્થમાં નીચે પ્રમાણે છે :–

સુતીક્ષ્ણ નામના ઋષિ સંશય પડવાથી, તેનું નિવારણ કરવા માટે પોતાના ગુરુ અગસ્તિના આશ્રમે ગયા. ગુરુને વંદન કરી તેમણે પ્રાર્થના કરી કે મહારાજ, મને સંશય ઉત્પન્ન થયો છે, તો કૃપા કરી તેનું નિવારણ કરશો. મોક્ષનું સાધન જ્ઞાન, ક્રિયા કે બન્ને? તેમાંથી જે સત્ય સાધન હોય તે મને કૃપા કરીને કહો.

શિષ્યનું કહેવું સાંભળીને અગસ્તિ ઋષિ બોલ્યા : ભાઈ, પક્ષી જેમ બન્ને પાંખથી આકાશમાં ઊડે છે, તેમ જ્ઞાન અને ક્રિયા બન્ને



વડે પરમપદની પ્રાપ્તિ થાય છે. એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી મોક્ષ-પ્રાપ્તિ થતી નથી; બન્ને મળીને મોક્ષમાર્ગ બને છે. આ ઉપર તને એક પુરાણી કથા કહું છું તે સાંભળ :–

અગ્નિવેશ્ય નામના બ્રાહ્મણનો પુત્ર કારુણ્ય, વેદ-વેદાંગોનો અભ્યાસ કરી ઘેર આવ્યા. પણ ધર્મ-ક્રિયા કંઈ કર્યા વિના આમ બેસી રહેતો. તેની તેવી સ્થિતિ જોઈ અગ્નિવેશ્યે પૂછ્યું : ''ભાઈ, તું શું કરે છે? ધર્મ-ક્રિયા કેમ કરતો નથી? અને ધર્મ-ક્રિયા વિના આમ બેસી રહીશ તો મોક્ષે કેમ જઈશ?'' આવું પિતાનું કહેવું સાંભળી કારુણ્ય બોલ્યો :

**''यावज्जीवमग्निहोत्रं नित्यं संध्यामुपासयेत् ।**
**प्रवृत्तिरूपो धर्मोऽयं श्रुत्या स्मृत्या च चोदितः ॥**

અર્થ :–જીવન પર્યંત અગ્નિહોત્ર કરવો, નિત્ય સંધ્યા કરવી એવો પ્રવૃત્તિરૂપ ધર્મ શ્રુતિ તથા સ્મૃતિએ કહ્યો છે.

**न धनेन भवेन्मोक्षः कर्मणा प्रजया न वा ।**
**त्यागमात्रेण किंत्वेते यतयोऽश्नन्ति चामृतम् ॥**

અર્થ :–ધનથી, ક્રિયાથી કિંવા પુત્રાદિથી મોક્ષ થતો નથી. માત્ર ત્યાગથી મુનિઓ મોક્ષ પામે છે.

આ પ્રમાણે બન્ને શ્રુતિના અર્થ છે. તો હવે હું શું આરાધું? આથી હું કંઈ ક્રિયા કરતો નથી. બીજું કોઈ કારણ નથી.''

આ સાંભળી અગ્નિવેશ્ય બોલ્યા : ભાઈ, આ ઉપર તને એક કથા કહું છું તે સાંભળી, તે ઉપર વિચાર કરી પછી તને યોગ્ય લાગે તે કરજે :–

જ્યાં કિન્નર નાના પ્રકારની ક્રીડાઓ કરે છે, જ્યાંથી ગંગાનો પ્રવાહ નીચે પડે છે એવા હિમાલયના શિખર પર સુરુચિ નામની એક અપ્સરા બેઠી હતી. તેણે આકાશમાર્ગે એક ઇન્દ્રદૂતને જતો જોયો; તેને ઉચ્ચ સ્વરે તેણે બોલાવ્યો અને પૂછ્યું : ''હે દેવદૂત! તું ક્યાંથી આવ્યો? અને ક્યાં જવાનો છે?''

તે દેવદૂત બોલ્યો : ''અરિષ્ટ-નેમિ રાજર્ષિ સર્વ રાજ્ય-ભાર પુત્રને સોંપી,પોતે ગંધમાદન પર્વત પર તપ કરે છે. ત્યાં કામ પ્રસંગે

હું ગયો હતો, તે કામ કરીને હવે તો ઇન્દ્ર પાસે તે વૃત્તાંત નિવેદન કરવા જાઉં છું.''

અપ્સરાએ વૃત્તાંત વિષે પ્રશ્ન કરવાથી તે દૂત બોલ્યો : ''હે અપ્સરા! સાંભળ! સાંભળ. તે રાજા તે પર્વત ઉપર દુર્ધર તપ કરે છે, એમ જાણી ઇન્દ્રે તે રાજાને પોતાની પાસે સ્વર્ગમાં લાવવા મને વિમાન લઈ મોકલ્યો હતો. પછી તે રાજા પાસે હું ગયો, ત્યારે તેણે સ્વર્ગના ગુણદોષ મને પૂછ્યા. એટલે મેં સર્વ વાત કહી બતાવી. ત્યારે તો રાજાએ કહ્યુ કે એવા નાશવંત સુખવાળા સ્વર્ગનું મારે કંઈ કામ નથી. તપથી હું આ શરીર કૃશ કરીશ. વિમાન લઈને આવ્યો, તેમ તું પાછો ઇન્દ્ર પાસે જા. પછી હું ઇન્દ્ર પાસે ગયો અને રાજાનું કહેલું કહી સંભળાવ્યું. ત્યારે ઇન્દ્રે મને ફરી કે તે રાજાને લઈને તું વાલ્મીકિ ઋષિના આશ્રમે જા. અને વાલ્મીકિજીને તે રાજાને તત્ત્વનો બોધ કરવાની મારી ભલામણ જણાવજે. તેથી તે રાજાનો મોક્ષ થશે.

તે પ્રમાણે તે રાજાને તે ઋષિ પાસે લઈ જઈ, ઇન્દ્રે કહ્યું હતું તેમ બધું કર્યું. હવે હું ઇન્દ્ર પાસે જાઉં છું.'' પછી રાજાએ વાલ્મીકિ ઋષિને પ્રશ્ન કર્યો તેના ઉત્તરમાં વસિષ્ઠ અને રામના સંવાદરૂપ તે રાજાને ઋષિએ બોધ કર્યો. તેનું નામ 'વાસિષ્ઠ મહા રામાયણ' (યોગ-વાસિષ્ઠ) છે.

નિવૃત્તિ સ્થળ શ્રી સીમરડાના નિવાસ દરમ્યાન, શ્રી અમૃતલાલ મા. પરીખે પોતાને હાથે લખેલું ''લઘુયોગવાસિષ્ઠ-સાર'' સટીક સંસ્કૃત શ્લોકો તથા ગુજરાતી ટૂંક વિવેચન સહિત મને મળ્યું તે જોઈ, ગુજરાતી જનતાને પદ્ય રૂપમાં આ પુસ્તક પ્રાપ્ત થાય તો સારું એવી ભાવના થઈ અને અવકાશનો યોગ પણ હતો. તેથી તે જ ગામમાં દોહરારૂપે તે શ્લોકોનો અનુવાદ થયો. તેથી મને પોતાને સંતોષ ન થયો. કારણ કે મહાતત્ત્વવેત્તા શ્રીમદ્ રાજચંદ્રે મુમુક્ષુઓને વારંવાર 'વૈરાગ્ય' અને 'મુમુક્ષુ' એ પ્રથમનાં બે પ્રકરણ વૈરાગ્ય ઉપશમ અર્થે વાંચવા વિચારવાની ભલામણ કરી છે, તેનો સાર આ 'લઘુયોગવાસિષ્ઠ-સાર' માં નહીં જેવો લાગ્યો. તેથી મુખ્યતા તે પ્રકરણોની આ ગ્રન્થમાં રહે તો વાચકને



આગળનો ભાગ તેમજ અન્ય સિદ્ધાંતિક ગ્રન્થો વાંચવાની યોગ્યતા આવે તે લક્ષ રાખીને પ્રથમનાં બે પ્રકરણોના સારને પૂર્વાર્ધરૂપે આ ગ્રન્થ સાથે જોડવાથી ગ્રન્થ તો બેવડો થયો, પણ તેની ઉપયોગિતા વધી છે એમ વાચક વર્ગને પણ લાગશે. 'લઘુયોગવાસિષ્ઠ-સાર'ની રચના કરનારે છ પ્રકરણોમાંથી શ્લોકો ચૂંટી વિષયવાર દશ પ્રકરણ કર્યાં છે; તે જ પ્રકારે પ્રથમનાં બે પ્રકરણોનો સાર પણ દશ પ્રકરણ દ્વારા રજૂ કર્યો છે; તે વાચકને રોચક નીવડશે.

શ્રીમદ્ રાજચંદ્રે અનેક મુમુક્ષુઓને ''યોગવાસિષ્ઠ રામાયણ'' વાંચવાની, ખાસ કરીને પહેલાં બે પ્રકરણોની ભલામણ કરી છે, તે વાચકને ઉપયોગી જાણી તેનો ઉતારો નીચે આપ્યો છે :

''વિશેષે કરીને 'વૈરાગ્ય પ્રકરણ'માં શ્રી રામે જે પોતાને વૈરાગ્યનાં કારણો લાગ્યાં તે જણાવ્યાં છે, તે ફરી ફરી વિચારવા જેવાં છે.''

''જ્યારે જૈનશાસ્ત્ર વાંચવા જણાવીએ ત્યારે જૈની થવાને નથી જણાવતા; વેદાંતશાસ્ત્ર વાંચવા જણાવીએ ત્યારે વેદાંતી થવા નથી જણાવતા; માત્ર જે જણાવીએ છીએ, તે તમ સર્વને ઉપદેશ લેવા અર્થે જણાવીએ છીએ. જૈની અને વેદાંતી આદિનો ભેદ ત્યાગ કરો. આત્મા તેવો નથી.'' સં. ૧૯૪૮

''આપનું 'યોગવાસિષ્ઠ'નું પુસ્તક આ સાથે મોકલું છું. ઉપાધિનો તાપ શમાવવાને એ શીતળ ચંદન છે; આધિ-વ્યાધિનું એની વાંચનામાં આગમન સંભવતું નથી.'' સં. ૧૯૪૯

'' 'યોગવાસિષ્ઠ' વાંચવામાં હરકત નથી. આત્માને વારંવાર સંસારનું સ્વરૂપ કારાગૃહ જેવું ક્ષણે ક્ષણે ભાસ્યા કરે એ મુમુક્ષુતાનું મુખ્ય લક્ષણ છે. યોગવાસિષ્ઠાદિ જે જે ગ્રંથ તે કારણનાં પોષક છે, તે વિચારવામાં હરકત નથી. મૂળ વાત તો એ છે કે જીવને વૈરાગ્ય આવતાં છતાં પણ જે તેનું અત્યંત શિથિલપણું છે ઢીલાપણું છે તે ટાળતાં તેને અત્યંત વસમું લાગે છે, અને ગમે તે પ્રકારે પણ એ જ પ્રથમ ટાળવા યોગ્ય છે.'' સં. ૧૯૫૦

'' 'યોગવાસિષ્ઠાદિ' ગ્રન્થની વાંચના થતી હોય તો તે હિતકારી

છે. જિનાગમમાં પ્રત્યેક આત્મા માની પરિમાણમાં અનંત આત્મા કહ્યા છે, અને વેદાંતમાં પ્રત્યેક કહેવામાં આવી, સર્વત્ર ચેતનસત્તા દેખાય છે તે એક જ આત્માની છે, અને આત્મા એક જ છે, એમ પ્રતિપાદન કર્યું છે; તે બેય વાત મુમુક્ષુ પુરુષે જરૂર કરી વિચારવા જેવી છે, અને યથાપ્રયત્ને તે વિચારી, નિર્ધાર કરવા યોગ્ય છે, એ વાત નિઃસંદેહ છે. તથાપિ જ્યાં સુધી પ્રથમ વૈરાગ્ય અને ઉપશમનું બળ દૃઢપણે જીવમાં આવ્યું ન હોય, ત્યાં સુધી તે વિચારી ચિત્તનું સમાધાન થવાને બદલે ચંચળપણું થાય છે, અને તે વિચારનો નિર્ધાર પ્રાપ્ત થતો નથી; તથા ચિત્ત વિક્ષેપ પામી યથાર્થપણે પછી વૈરાગ્ય-ઉપશમને ધારણ કરી શકતું નથી; માટે તે પ્રશ્નનું સમાધાન જ્ઞાની પુરુષોએ કર્યું છે તે સમજવા આ જીવમાં વિચારી વૈરાગ્યાદિ બળ વધવાનાં સાધન આરાધવાનો નિત્યપ્રતિ વિશેષ પુરુષાર્થ યોગ્ય છે.'' સં. ૧૯૫૦

'' 'યોગવાસિષ્ઠાદિ' ગ્રન્થો વાંચવા-વિચારવામાં બીજી અડચણ નથી. અમે આગળ લખ્યું હતું કે ઉપદેશગ્રન્થ સમજી એવા ગ્રન્થ વિચારવાથી જીવને ગુણ પ્રગટે છે. ઘણું કરી તેવા ગ્રન્થો વૈરાગ્ય અને ઉપશમને અર્થે છે. સિદ્ધાંત જ્ઞાન સત્પુરુષથી જાણવા યોગ્ય જાણીને જીવમાં સરળતા નિરહંતાદિ ગુણો ઉદ્‌ભવ થવાને અર્થે છે. સિદ્ધાંત જ્ઞાન સત્પુરુષથી જાણવા યોગ્ય જાણીને જીવમાં સરળતા નિરહંતાદિ ગુણો ઉદ્‌ભવ થવાને અર્થે 'યોગવાસિષ્ઠ', 'ઉત્તરાધ્યયન', 'સૂત્રકૃતાંગ' આદિ વિચારવામાં અડચણ નથી, એટલી સ્મૃતિ રાખજો.

વેદાંત અને જિન-સિદ્ધાંત એ બેમાં કેટલાક પ્રકારે ભેદ છે. વેદાંત એક બ્રહ્મસ્વરૂપે સર્વ સ્થિતિ કહે છે. જિનાગમમાં તેથી બીજો પ્રકાર કહ્યો છે. 'સમયસાર' વાંચતાં પણ કેટલાક જીવોને એક બ્રહ્મની માન્યતા રૂપ સિદ્ધાંત થઈ જાય છે. સિદ્ધાંતનો વિચાર ઘણા સત્સંગથી તથા વૈરાગ્ય અને ઉપશમનું બળ વિશેષપણે વધ્યા પછી કર્તવ્ય છે. જો એમ નથી કરવામાં આવતું તો જીવ બીજા પ્રકારમાં ચડી જઈ વૈરાગ્ય અને ઉપશમથી હીન થાય છે. 'એક બ્રહ્મસ્વરૂપ' વિચારવામાં અડચણ નથી, અથવા 'અનેક આત્મા' વિચારવામાં અડચણ નથી. માત્ર તમને



અથવા કોઈ મુમુક્ષુને પોતાના સ્વરૂપનું જાણવું એ મુખ્ય કર્તવ્ય છેઃ અને તે જાણવાનાં સાધન શમ, સંતોષ, વિચાર અને સત્સંગ છે. તે સાધન સિદ્ધ થયે, વૈરાગ્યઉપશમ વર્ધમાન પરિણામી થયે, 'એક આત્મા છે કે અનેક આત્મા છે', એ આદિ પ્રકાર વિચારવા યોગ્ય છે.'' સં. ૧૯૫૦

'' 'યોગવાસિષ્ઠ'—જીવમાં જેમ ત્યાગ, વૈરાગ્ય અને ઉપશમ ગુણ પ્રગટે, ઉદય પામે તે પ્રકાર લક્ષમાં રાખવાના ખબર લખ્યા તે પત્ર પ્રાપ્ત થયું છે.

એ ગુણ જ્યાં સુધી જીવને વિષે સ્થિરતા પામશે નહીં ત્યાં સુધી આત્મસ્વરૂપનો વિશેષ વિચાર જીવથી યથાર્થપણે થવો કઠણ છે. આત્મા રૂપી છે, અરૂપી છે એ આદિ વિકલ્પ તે પ્રથમમાં જે વિચારાય છે તે કલ્પના જેવો છે. જીવ કંઈક પણ ગુણ પામીને જો શીતળ થાય તો પછી તેને વિશેષ વિચાર કર્તવ્ય છે. આત્મ-દર્શનાદિ પ્રસંગ તીવ્ર મુમુક્ષુ-પણું ઉત્પન્ન થયા પહેલાં ઘણું કરીને કલ્પિતપણે સમજાય છે, જેથી હાલ તે સંબંધી પ્રશ્ન શમાવવા યોગ્ય છે.'' સં. ૧૯૫૦

'' 'યાગવાસિષ્ઠાદિ' જે જે રૂડા પુરુષોનાં વચનો છે તે સૌ અહંવૃત્તિનો પ્રતિકાર કરવા પ્રત્યે જ પ્રવર્તે છે. જે જે પ્રકારે પોતાની ભ્રાંતિ કલ્પાઈ છે, તે તે પ્રકારે તે ભ્રાંતિ સમજી તે સંબંધી અભિમાન નિવૃત્ત કરવું, એ જ સર્વ તીર્થંકરાદિ મહાત્માનું કહેવું છે; અને તે જ વાક્ય ઉપર જીવે વિશેષ કરી સ્થિર થવાનું છે, વિશેષ વિચારવાનું છે, અને તે જ વાક્ય અનુપ્રેક્ષાયોગ્ય મુખ્યપણે છે. તે કાર્યની સિદ્ધિને અર્થે સર્વ સાધન કહ્યાં છે. અહંતાદિ વધવાને માટે, બાહ્ય ક્રિયા, કે મતના આગ્રહ માટે, સંપ્રદાય ચલાવવા માટે, કે પૂજા-શ્લાઘાદિ પામવા અર્થે, કોઈ મહા પુરુષનો કંઈ ઉપદેશ છે નહીં, અને તે જ કાર્ય કરવાની સર્વથા આજ્ઞા જ્ઞાનીપુરુષની છે. પોતાને વિષે ઉત્પન્ન થયો હોય એવો મહિમાયોગ્ય ગુણ તેથી ઉત્કર્ષ પામવું ઘટતું નથી, પણ અલ્પ પણ નિજદોષ જોઈને ફરી ફરી પશ્ચાત્તાપમાં પડવું ઘટે છે, અને વિના પ્રમાદે તેથી પાછું ફરવું ઘટે છે; એ ભલામણ જ્ઞાનીપુરુષનાં વચનમાં સર્વત્ર રહી છે; અને તે ભાવ

આવવા માટે સત્સંગ, સદ્‌ગુરુ અને સત્શાસ્ત્રાદિ સાધન કહ્યાં છે, જે અનન્ય નિમિત્ત છે.

તે સાધનની આરાધના જીવને નિજસ્વરૂપ કરવાના હેતુપણે જ છે, તથાપિ જીવ જો ત્યાં પણ વંચનાબુદ્ધિએ પ્રવર્તે તો કોઈ દિવસ કલ્યાણ થાય નહીં.'' સં. ૧૯૫૦

''ઘણું કરીને સત્પુરુષને વચને આરાધ્યાત્મિક શાસ્ત્ર પણ આત્મજ્ઞાનનો હેતુ થાય છે, કેમ કે પરમાર્થઆત્મા શાસ્ત્રમાં વર્તતો નથી, સત્પુરુષમાં વર્તે છે. મુમુક્ષુએ જો કોઈ સત્પુરુષ નો આશ્રય પ્રાપ્ત થયો હોય તો પ્રાયે જ્ઞાનની યાચના કરવી ન ઘટે, માત્ર તથારૂપ વૈરાગ્ય-ઉપશમાદિ પ્રાપ્ત કરવાના ઉપાય કરવા ઘટે. તે યોગ્ય પ્રકારે સિદ્ધ થયે જ્ઞાનીનો ઉપદેશ સુલભપણે પરિણમે છે, અને યથાર્થ વિચાર તથા જ્ઞાનનો હેતુ થાય છે.

'' 'યોગવાસિષ્ઠ'નાં પ્રથમનાં બે પ્રકરણ અને તેવા ગ્રંથોનો મુમુક્ષુએ વિશેષ કરી લક્ષ કરવા યોગ્ય છે.'' સં. ૧૯૫૨

'યોગવાસિષ્ઠ'નાં પ્રથમનાં બે પ્રકરણ', 'પંચીકરણ', 'દાસબોધ' તથા 'વિચાસાગર' એ ગ્રંથો તમારે વિચારવા યોગ્ય છે. એમાંનો કોઈ ગ્રન્થ તમે પૂર્વે વાંચ્યો હોય તોપણ ફરી વાંચવો યોગ્ય છે, તેમ જ વિચારવો યોગ્ય છે. જૈનપદ્ધતિના એ ગ્રન્થો નથી એમ જાણીને તે ગ્રન્થો વિચારતાં ક્ષોભ પામવો યોગ્ય નથી.

લોકદૃષ્ટિમાં જે જે વાતો કે વસ્તુઓ મોટાઈવાળી મનાય છે, તે તે વાતો અને વસ્તુઓ, શોભાયમાન ગૃહાદિ આરંભ, અલંકારાદિ પરિગ્રહ, લોકદૃષ્ટિનું વિચક્ષણપણું, લોકમાન્ય ધર્મશ્રદ્ધાવાનપણું પ્રત્યક્ષ ઝેરનું ગ્રહણ છે, એમ યથાર્થ જણાયા વિના ધારો છો તે વૃત્તિનો લક્ષ ન થાય. પ્રથમ તે વાતો અને વસ્તુઓ પ્રત્યે ઝેરદૃષ્ટિ આવવી કઠણ દેખી કાયર ન થતાં પુરુષાર્થ કરવો યોગ્ય છે.'' સં. ૧૯૫૩

આ એક આશ્ચર્યકારક ઘટના છે કે કોઈએ ''લઘુયોગવાસિષ્ઠ-સાર'' નામ જે ગ્રન્થનું આપ્યું છે, તેનો ગુર્જર અનુવાદ ''શ્રી લઘુરાજ સ્મારક ગ્રન્થમાળા''ના પાંચામા પુષ્પ તરીકે પ્રસિદ્ધ થાય છે. શ્રી લઘુરાજ સ્વામીને શ્રીમદ્ રાજચંદ્રે ''યોગવાસિષ્ઠ રામાયણ'' નો અભ્યાસ



કરવાની આજ્ઞા કરેલી અને તેનો પરમાર્થ તેમના હૃદયમાં ગુરુ-કૃપાથી પ્રગટ થયો હતો. સંવત ૧૯૭૫ ની સાલનું ચાતુર્માસ શ્રી લઘુરાજ સ્વામીએ શ્રી સીમરડામાં કર્યું હતું. એ જ ગામમાં આ અનુવાદની પણ શરૂઆત થઈ, પૂર્ણાહુતિ થઈ છે, તે શ્રી લઘુરાજ સ્વામીના ભક્ત આદિ વર્ગને અપૂર્વ હિત પ્રાપ્ત થવામાં નિમિત્તરૂપ બનો એ અભ્યર્થના છે.

## સમાધિશતક

વેદાંત સંસ્કૃતિમાં જેમ 'યોગવાસિષ્ઠ રામાયણ' શિષ્ટ ગ્રન્થ છે, તેમ જૈન સંસ્કૃતિમાં પ્રખ્યાતિ પામેલા શ્રી પૂજ્યપાદ સ્વામીનો 'સમાધિશતક' નામે લઘુ પણ શિષ્ટ ગ્રન્થ છે. પ્રાચીન અને પ્રમાણભૂત આ ગ્રન્થ ઘણા અધ્યાત્મરસિક જીવોને પ્રિય અને હિતકર નીવડશે.

મૂળ ગ્રન્થકર્તા શ્રી પૂજ્યપાદ સ્વામી સંબંધી કંઈક માહિતી શ્રી મોહકમલાલ જૈને નીચે પ્રમાણે હિંદી ભાષામાં પ્રસિદ્ધ કરેલી છે :—

''**શ્રી પૂજ્યપાદ સ્વામી, ૧૧ મા આચાર્યનો સંક્ષિપ્ત પરિચય** : શ્રી પૂજ્યપાદ સ્વામી વિ. સં. ૨૮૧ માં જન્મ્યા હતા. પૂર્વજન્મના શુભ સંસ્કારોથી તેમણે થોડા જ વખતમાં ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કરી લીધો હતો. તે બાળ બ્રહ્મચારી હતા. ૧૫ વર્ષની લઘુ વયમાં તેમણે દિગમ્બર જૈન દીક્ષા લઈ કઠિનમાં કઠિન તપશ્ચર્યાઓ કરી હતી. તેમને અનેક ઋદ્ધિ, સિદ્ધિ પ્રાપ્ત થઈ હતી. તે કાળમાં તેમના તપની પ્રશંસા ચારે દિશામાં થતી હતી. અનેક રાજા મહારાજા તેમના પરમ ભક્ત થયા હતા. મહર્ષિઓમાં પણ તે સર્વોપરી રત્નત્રયધારક હતા. તેમણે વૈદ્યક, રસાયણ, વ્યાકરણ ન્યાય, સિદ્ધાંત આદિ અનેક વિષયો પર શાસ્ત્રો રચ્યાં છે.

તે મહાત્મા ૧૧ વર્ષ ૭ માસ સામાન્ય મુનિપદમાં રહ્યા અને જેઠ સુદ ૧૪ સં. ૩૦૮ શુક્રવારે આચાર્યપદ પર બિરાજ્યા.

તેમના આચાર્યપણાના કાળમાં હજારો મુનિ, બ્રહ્મચારી વર્ગ આદિ સહ મોટો સંઘ ધર્મ આરાધતો હતો.

અંતે આચાર્ય-પદનો ત્યાગ કરી સામાન્ય મુનિપદ સ્વીકારી, ૭ દિવસના અનશન નામના તપને ધારણ કરી, સંન્યાસપૂર્થક સમાધિ-મરણ તેમણે કર્યું. તેમનું પૂર્ણ આયુષ્ય ૭૧ વર્ષ, ૬ માસ, ૨૧ દિવસનું હતું.''

પૂજ્યપાદ સ્વામીનું બીજું નામ દેવનંદી તથા જિનેન્દ્ર-બુદ્ધિ પણ હતું. તેમણે 'શબ્દાર્ણવ', 'જૈનેન્દ્ર વ્યાકરણ', 'ઈષ્ટોપદેશ', 'સમાધિશતક', 'સિદ્ધભક્તિ', તત્ત્વાર્થસૂત્રની 'સર્વાર્થસિદ્ધિ' નામની ટીકા ઇત્યાદિ ગ્રન્થો રચેલા છે.

પંડિત જુગલકિશોર મુખ્તાર પૂજ્યપાદ સંબંધી નીચે પ્રમાણે જણાવે છે :—

''પૂજ્યપાદ સ્વામી કર્ણાટક દેશના નિવાસી હતા. કન્નડ ભાષામાં લખાયેલા 'પૂજ્યપાદ ચરિતે' તથા 'રાજાવલીકથે' નામના ગ્રન્થોમાં તેમના પિતાનું નામ માધવ ભટ્ટ તથા માતાનું નામ શ્રીદેવી જણાવ્યું છે. બ્રાહ્મણ કુલમાં તે જન્મેલા છે એમ લખ્યું છે. પ્રસિદ્ધ વ્યાકરણકાર પાણિની તેમના મામા હતા, એમ પણ તેમાં બતાવ્યું છે. પણ સમયાદિની દૃષ્ટિથી તે વિશ્વસનીય જણાતું નથી.

પૂજ્યપાદ સ્વામીએ તે વખતના ઘણું કરી સર્વ મહત્ત્વના વિષયો ઉપર ગ્રંથોની રચના કરી છે. તે અસાધારણ વિદ્વાન હતા. 'વિશ્વવિદ્યા-ભરણ' 'જિનેન્દ્રબુદ્ધિ' જેવાં મહત્ત્વપૂર્ણ વિશેષણોથી વિદ્વાનોએ તેમનો ઉલ્લેખ કર્યો છે. સેવાપરાયણોમાં અગ્રગણ્ય તે ગણાયા છે; તે મહાન દાર્શનિક હતા, અદ્વિતીય વૈયાકરણ હતા, અપૂર્વ વૈદ્ય હતા, ધુરંધર કવિ હતા, ભારે તપસ્વી હતા, સાતિશય યોગી અને પૂજ્ય મહાત્મા હતા. કર્ણાટકના ઘણા ખરા પ્રાચીન કવિઓએ તથા ઈસ્વી સનની આઠમી, નવમી અને દસમી શતાબ્દીઓના વિદ્વાનોએ પોતાના ગ્રન્થોમાં ભારે ભક્તિ શ્રદ્ધા સહિત તેમનું સ્મરણ કર્યું છે, તથા મુક્ત કંઠે અત્યંત પ્રશંસા કરી છે.

તેમના જીવનની અનેક ઘટનાઓ છે, જેમકે ૧ વિદેહ ગમન; ૨ ઘોર તપશ્ચર્યાને લીધે આંખોનું તેજ નાશ પામેલું પણ 'શાન્ત્યષ્ટક'ના એકનિષ્ઠા અને એકાગ્રતાપૂર્વક પાઠથી ફરી તેજ પ્રાપ્ત થયું હતું; ૩ દેવતાઓએ તેમના ચરણની પૂજા કરેલી તેથી પૂજ્યપાદ કહેવાયા; ૪ ઔષધિૠદ્ધિની પ્રાપ્તિ; ૫ તેમના ચરણામૃત (પગ ધોયેલા પાણી) થી લોઢાનું સુવર્ણ થયેલું. આમાં કંઈ અસંભવિત નથી. મહા યોગીઓના



સંબંધમાં તેમ બનવું શક્ય છે.''

'સમાધિશતક' વિષે એક મુમુક્ષુ બહેનનો શ્રીમદ્ લઘુરાજ સ્વામીએ વાત કરેલી તેની નોંધ વાચકને ઉપયોગી હોવાથી અહીં ઉતારી લીધી છે :—

તા. ૧૧-૧૧-૧૯૩૨ ''આત્મા એ જ પરમાત્મા છે, એ નિશ્ચયનું તત્ત્વ-વચન સાંભળી, કોઈ પોતાને પરમાત્મા માની બેસે તો ? તે ખોટું છે. જ્યાં સુધી પરમાત્માના ગુણ ન પ્રગટે, ત્યાં સુધી માત્ર મોઢેથી કહ્યે કંઈ ન વળે. 'સમાધિ-શતક' જેવું શાસ્ત્ર એટલા માટે માત્ર યોગ્યતાવાળા જીવને જ વાંચવાનું છે. નહીં તો અભિમાન જેને કાઢવાનું છે તે જ, વધી જાય અને તરવાને બદલે બૂડે. એટલા સારુ માત્ર ગુરુગમે જ રસ્તો કહ્યો છે. આત્માના અનંત ગુણ પ્રગટે તેમ તેમ તેનો અહંભાવ મટી, ભક્તિથી વિનયભાવ પ્રગટે.

મિથ્યાત્વી હોવાથી પોતાના દોષ તો ક્ષણે ક્ષણે અનેક થયા કરે છે, તેની સદ્ગુરુ-બોધે સમજ પડે; અને અવળે માર્ગેથી વળી સાચા માર્ગે આવે. તે સર્વ માટે દીનભાવ, સર્વથી વધુ દોષવાળો તો હું છું; માત્ર તે દોષનું મને ભાન થયું નથી, તે સત્વર થાઓ. અને જે સદ્-ગુરુએ અનંત દયા કરી સત્ય માર્ગ બતાવ્યો તેનો ઉપકાર જન્મોજન્મ ન ભૂલું; સદા તેમની ભક્તિ તથા ચરણસેવા મને મળે એ જ મારું સદ્ભાગ્ય; તેને ચરણાનુયોગકહ્યો. તે વગર કરુણાનુયોગની શ્રેણી મળે નહીં. મહાવીર પ્રભુ થઈ ગયા, તેમણે માર્ગ પ્રકાશ્યો. પરંતુ તેમને ઓળખાવનાર શ્રીમદ્ રાજગુરુ છે. માટે તે સદ્ગુરુનો અપાર ઉપકાર છે. અને જેમ તેમની ભક્તિ અને આજ્ઞા મનાશે, તેમ જ મહાવીર પ્રભુની ઓળખાણ થશે. આત્માથી દર્શન થાય ત્યારે ખરું કહેવાય માત્ર મોઢેથી બોલ્યે શું ?''

શ્રીમદ્ રાજચંદ્રનો સમાગમ શ્રીમદ્ લઘુરાજ સ્વામીને સંવત ૧૯૪૯ માં મુંબઈમાં થયો; તે વખતે તેમને 'સમાધિ-શતક'ના પ્રથમ ૧૭ શ્લોકો સમજાવી, તે પુસ્તક સ્વાધ્યાય અર્થે તેમને સમર્પ્યું હતું. તે પુસ્તકના અગ્ર પૃષ્ઠ ઉપર શ્રીમદ્ રાજચંદ્રે સ્વહસ્તે **''આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળ જ્ઞાન રે''** લખી આપ્યું હતું, તે લક્ષ રાખી

શ્રીમદ્ લઘુરાજ સ્વામીએ ત્રણ વર્ષ મૌન આરાધ્યું હતું.

'સમાધિ-શતક' ગ્રન્થના સંસ્કૃત ટીકાકાર શ્રી પ્રભાચંદ્રજી છે. તેમના સંબંધી કંઈ વિશેષ માહિતી મળી શકી નથી. તે ટીકાનું તેમ જ મૂળ શ્લોકોનું પ્રથમ ગુર્જર ભાષાંતર સાક્ષર મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ સં. ૧૯૪૭ માં કરેલું છે. વેદાંતી હોવા છતાં સંસ્કૃતના જ્ઞાનને આધારે તેમણે ભાષાંતર જૈન ગ્રન્થનું કર્યું છે, તે સ્તુતિ-પાત્ર છે પરંતુ જૈન તત્ત્વના અજાણ હોવાથી વાંચક વર્ગને વિશેષ માહિતી યથાર્થપણે કંઈ આપી શક્યા નથી. તે ખામી કંઈ અંશે પુરાય અને ગ્રન્થકારનો આશય વાચકના હૃદયમાં પ્રગટે તે અર્થે આ અલ્પમતિથી પ્રયાસ કર્યો છે તે સર્વ વાચકની આત્મોન્નતિને અર્થે થાઓ.

ઘણો પ્રાચીન ગ્રન્થ હોવાથી, ઉત્તમ ગણાતા ગન્થકારોના લેખોમાં તેની છાયા સુજ્ઞ વાંચકોને સ્પષ્ટ જણાઈ આવે છે. 'જ્ઞાનાર્ણવ' ગ્રન્થમાં શ્રી શુભચંદ્રાચાર્યે, દેહની સ્થૂલતા, જીર્ણતા, રક્તતા, નષ્ટતા, જણાવા છતાં આત્મા તેવો નથી એમ જણાવ્યું છે. ત્યાં આ ગ્રન્થના ૬૩, ૬૪, ૬૫ અને ૬૬ શ્લોકનો જ અનુવાદ, તે જ વસ્ત્રની ઉપમા સહિત પ્રદર્શિત કર્યો છે.

શ્રી હેમચંદ્રાચાર્ય અને શ્રી શુભચંદ્રાચાર્યના ગ્રન્થોમાં સમાન શ્લોકો કે કંઈક ફેરફારવાળા શ્લોકો વિદ્વાનોએ પ્રગટ પડેલો છે. શ્રી આનંદઘનજીએ પાંચમા જિનેશ્વર શ્રી સુમતિનાથનું સ્તવન ગાયું છે તેમાં– **''ત્રિવિધ સકલ તનુધરગત આતમા, બહિરાતમ ધુરિ ભેદ સુંજ્ઞાની''** એમ કહી ત્ર ભેદે આત્માનું સ્વરૂપ પ્રકાશ્યું છે, તે વાંચતાં વિચારવાનને 'સમાધિ-શતક' ની ચોથી ગાથા યાદ આવ્યા વિના રહે તેમ નથી. શ્રી યશોવિજયજીએ તો દોહરામાં 'સમાધિ-શતક' ઉતાર્યું છે. આ ગ્રન્થના ત્રીજા પરિશિષ્ટમાં તે છે. આમ જૈન ગ્રન્થકારો તો આ ગ્રન્થના અભ્યાસી હોઈ, તેની છાયા તેમના ગ્રન્થોમાં દર્શિત કરે તે તો સ્વાભાવિક છે. પરંતુ મહાભારતમાંથી ઉદ્ધૃત શ્રી ભગવદ્-ગીતામાં પણ તેની છાયા ક્યાંક ક્યાંક સ્પષ્ટ જણાય છે.

આ ઉપરથી આ ગ્રન્થ અનેક ધર્મોમાં પ્રસિદ્ધિ પામ્યો લાગે છે.



ઉત્તમ પુરુષો ગમે ત્યાંથી ઉત્તમતા ગ્રહણ કરે છે. શ્રી સર્વજ્ઞ મહાવીરનાં વચનો જેમ અનેક ધર્મોના મૂળ ગ્રન્થોમાં જણાય છે, તેમ તેમના નિકટવર્તી મહાપુરુષોનાં વચનો પણ સર્વજ્ઞને અવલંબીને નીકળેલાં હોવાથી તેની સુગંધી પણ સર્વત્ર પ્રસરી લાગે છે.

ઉત્તમકાળના નિકટવર્તી દુષમ કાળમાં જે વખતે અનેક ઋદ્ધિ-ધારી, અવધિજ્ઞાની મહાત્માઓ વિચરતા હતા, તેમ જ તેમની આજ્ઞામાં જેમણે જીવન સમર્પણ કર્યું છે એવા, સંસારથી વિરક્તચિત્ત, તરવાના કામી જીવાત્માઓ આ ભરત-ભુમિને શોભાવી રહ્યાં હતાં, તેવા વાતાવરણમાં બાહ્યત્યાગને અંતર્ત્યાગ રૂપે પલટાવી, પરમાર્થમાં મગ્ન રહેવામાં મદદરૂપ થાય તે અર્થે, ભવિષ્યમાં પણ મોક્ષમાર્ગમાં દીવા-દાંડી રૂપે માર્ગ-દર્શક નીવડે તેવા વિશાળ આશયથી શ્રી પૂજ્યપાદ સ્વામીએ આ 'સમાધિ-શતક'ની રચના કરી છે તો તેનો સ્વાધ્યાય કર્યા પહેલાં વૈરાધ્યની વૃદ્ધિ થાય તેવું વાચન જીવે કરવા યોગ્ય છે. સામાન્ય વૈરાગ્ય હોય તો પણ તેની વૃદ્ધિને અર્થે 'યોગવાસિષ્ઠનાં પ્રથમ બે પ્રકરણ', 'ઉત્તરાધ્યયન', 'દશવૈકાલિક', 'મોક્ષમાળા', 'પ્રવેશિકા', 'મોહમુદ્ગર' આદિગ્રન્થોનો વૈરાગ્ય-ઉપશમ અર્થે સ્વાધ્યાય કરતા રહેવાની ઘણી જરૂર છે. શ્રીમદ્ રાજચંદ્રે જણાવ્યું છે કે 'મોક્ષમાળા-ભાવનાબોધ' લખતી વખતે અમને શ્રી રામ જેવી વૈરાગ્ય દશા વર્તતી હતી. તે પછીનાં તેમનાં લખાણ ''શ્રીમદ્ રાજચંદ્ર'' ગ્રન્થમાં વિશેષ વૈરાગ્યવાળાં છપાયાં છે, તેનો પણ અભ્યાસ કરવા સાથે શ્રી સમાધિ-શતકનો અભ્યાસ થશે તો વાચકને તે વિશેષ શ્રેયસ્કર નીવડતા સંભવ છે. વેદાંત નાં પુસ્તક પોતાની મેળે વાંચી, કે શ્રી સમયસાર વગર-યોગ્યતાએ વાંચી ઘણા પોતાને પરમાત્મસ્વરૂપ માની 'અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ' થાય છે. તેવી ભૂલથી ભચવા આ ચેતવણી આપી છે કે ઉપદેશ-બોધથી વૈરાગ્ય ઉપશમ રસે ભીનું હૃદય થયું હશે, તો ઉન્મત્તતા કોઈ પણ સિદ્ધાંતગ્રન્થના અભ્યાસથી નહીં આવે. સદ્ ગ્રન્થકાર પ્રત્યે, સદ્ગ્રન્થ પ્રત્યે ભક્તિભાવ સહિત આત્માર્થે અભ્યાસ થશે તો હિતકર છે, નહીં તો 'બધા ગ્રન્થો હું ઘોળીને પી ગયો છું, હવે મારે શાસ્ત્રોની જરૂર નથી, હું પરમાત્મા છું' એવું અભિમાન અ-

પરિપક્વ દશામાં ઉત્પન્ન થવાનો સંભવ છે, તેથી સર્વ પ્રકારના માનને ઝેર, ઝેર અને ઝેર સમજી, તેથી દૂર રહ્યાથી અહંભાવ ટળે છે, સંસારભાવ ટળે છે.

"માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય;
જાતાં સદ્‌ગુરુ-શરણમાં, અલ્પ પ્રયાસે જાય."

શ્રીમદ્ રાજચંદ્રકૃત આત્મસિદ્ધિ

આ 'ગ્રન્થ-યુગલ' ના લખાણમાં જાણે-અજાણે વા અયોગ્યતાને લઈને કોઈ દોષો પ્રવેશ પામ્યા હોય તેની નમ્ર ભાવે પરમાત્મા પ્રત્યે અને વાચક વર્ગ પ્રત્યે ક્ષમા ઇચ્છી, જેના લક્ષમાં તેવા કોઈ દોષો જણાય તે જણાવતા કૃપા કરે એવી વિનંતી સાથે આ પ્રસ્તાવના પૂર્ણ કરું છું.

આ પુસ્તકના પ્રકાશન માટે રૂા. ૧૦૦૧) સ્વ. ગાંડાભાઈ વિઠ્ઠલદાસ કડીવાળાના સ્મરણાર્થે રેવાબેન તરફથી તથા રૂા. ૫૦૧) શ્રી મોતીબહેન તે ફલચંદ છોગાલાલના ધર્મપત્ની તરફથી મળ્યા છે જે માટે તેઓનો આભાર માનીએ છીએ.

પ્ર. આષાઢ સુદ ૧૦, સં. ૨૦૦૬
શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,
અગાસ સ્ટેશન.

**લિ. બ્રહ્મચારી**
**ગોવર્ધનદાસ**



## અનુક્રમણિકા

### ૧. લઘુયોગવાસિષ્ઠ-સાર

### પૂર્વાર્ધ


| પ્રકરણ | નામ: વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | રામપરિચય | ૧ |
| ૨ | આત્મદશાવર્ણન : (૧) | |
| | સંસારના પદાર્થોનો વિચાર, તે પ્રત્યે વૈરાગ્ય | ૬ |
| | લક્ષ્મી, જીવનધન્યતા | ૮ |
| | અહંકાર, મનની ચંચળતા | ૯ |
| ૩ | આત્મદશાવર્ણન : (૨) | |
| | તૃષ્ણા, દેહનું સ્વરૂપ | ૧૧ |
| | દેહની અનિત્યતા, ચંચળતા, કૃતઘ્નતાદિ દોષ | ૧૧, ૧૨ |
| | બાલ્ય | ૧૩ |
| | યૌવન, સ્ત્રીતન | ૧૩, ૧૪ |
| | ઘડપણ | ૧૫ |
| ૪ | આત્મદશાવર્ણન : (૩) | |
| | સંસારની અસારતા, દુષમતા | ૧૬ |
| | ચિત્તનું દૌરાત્મ્ય | ૧૭ |
| | અવિવેકથી મનની મુઝવણ | ૧૭ |
| | વિવેકદુર્લભતા | ૧૮ |
| | સંતસમાગમની દુર્લભતા | ૧૮, ૧૯ |
| | અનિત્યતા | ૧૯, ૨૦ |
| ૫ | ઉપદેશની માગણી : સંવેગ—નિર્વેદ | ૨૧ |
| ૬ | વિશ્વામિત્રની વાણી | ૨૪ |
| ૭ | વસિષ્ઠગુરુનો બોધ : સત્પુરુષાર્થની પ્રેરણા | ૨૫ |
| ૮ | મોક્ષ-દ્વારપાળ : (૧) શમ | ૩૦ |

૯ મોક્ષ-દ્વારપાળ : (૨) વિચાર ૩૨
૧૦ મોક્ષ-દ્વારપાળ : (૩) સંતોષ ૩૫
(૪) સત્સંગ ૩૬


**ઉત્તરાર્ધ**


૧ વૈરાગ્ય ૩૮
૨ ઉપશમ ૪૧
૩ જીવન્મુક્તિદાયક દશા ૪૪
૪ મનોલય ૪૮
૫ વાસના-ઉપશમન ૫૧
૬ આત્મ-મનન ૫૩
૭ આત્મ-નિરૂપણ ૫૫
૮ આત્માર્ચન ૫૭
૯ આત્માનુભવ ૫૯
૧૦ નિર્વાણ ૬૩


**૧. સમાધિશતક-વિવેચન**


(૧) પ્રાસંગિક
મંગલ ગાથા ૬૭
શ્રીમદ્ રાજચંદ્ર-સ્તવન ગાથા ૬૮
‘સમાધિશતક’ - કર્તાને નમસ્કાર ૭૨
(૨) સંસ્કૃત ટીકાકારનું મંગલાચરણ ૭૩
(૩) ગ્રંથ - પ્રારંભ સમાધિશતક વિવેચન
૧ શુદ્ધ સ્વરૂપના આદર્શરૂપ સિદ્ધ ભગવંતને ગ્રંથકારના નમસ્કાર ૭૫
૨ પરમોપકારી શ્રી અરિહંતને અનેક નામે નમસ્કાર ૭૭
૩ શાસ્ત્ર રચવાની પ્રતિજ્ઞા ૭૯





૪ ત્રણ ભેદે આત્માઓની અવસ્થાઓમાં હેયોપાદેયનો બોધ ૮૧
૫ આત્માની ત્રણ દશાનાં લક્ષણ ૮૩
૬ પરમાત્મદશાનાં નામનું સંકીર્તન ૮૫
૭ આત્મજ્ઞાન-વિમુખ બહિરાત્માની ઇંદ્રિય-પ્રવર્તિત દેહમાં આત્મબુદ્ધિ ૮૭
૮ બહિરાત્માને ત્રણ ગતિમાં વર્તતો દેહાધ્યાસ ૮૯
૯ અત્યંત દુઃખદ નરકગતિમાં પણ દેહાધ્યાસ; પોતાનું યથાર્થ સ્વરૂપ ૯૧
૧૦ સ્વ-પરના અજ્ઞાનથી પોતાના દેહમાં આત્મબુદ્ધિની જેમ પરના દેહમાં પરસ્વરૂપની માન્યતા ૯૩
૧૧ સ્વ-પરમાં દેહાત્મબુદ્ધિથી સ્ત્રીપુત્રાદિ સાંસારિક ભાવોની કલ્પના-વિભ્રમ ૯૫
૧૨ વિભ્રમથી મોહની દૃઢતા થતાં ભવોભવ બહિરાત્મપણાની પરંપરા ૯૭
૧૩ દેહબુદ્ધિ અને આત્મબુદ્ધિનાં ભિન્ન પરિણામ ૯૯
૧૪ દેહબુદ્ધિથી સંસારભાવે સમસ્ત જગતની દુઃખાર્ત સ્થિતિ ૧૦૧
૧૫ સંસારદુઃખોનું મૂળ દેહાત્મબુદ્ધિ; તે ટાળવા ભલામણ ૧૦૩
૧૬ બહિરાત્મપણે વિષય-રમણતારૂપ ભૂલનો ખેદપૂર્વક એકરાર ૧૦૪
૧૭ પરમાત્મયોગ : વાણીના સંયમરૂપ મોક્ષમાર્ગ-પ્રકાશક વાર્તા ૧૦૬
૧૮ ચિત્તનિરોધરૂપ સમાધિના કારણરૂપ વચન-સંયમાર્થે દ્રવ્યદૃષ્ટિથી વિચારણા, ભાવના ૧૦૯
૧૯ અંતર્વાચા રોકવા નિર્વિકલ્પ સ્વરૂપની ભાવના ૧૧૧
૨૦ પોતાના ખરા સ્વસંવેદ્ય અસંગ સ્વરૂપની સ્મૃતિ ૧૧૨

૨૧ અંતરાત્માની આત્મભ્રાન્તિની વીતક વાત ૧૧૪
૨૨ આત્મભ્રાંતિ છૂટતાં જીવનપલટો : દેહથી ઉદાસીનપણે સ્વાત્માર્થે પુરુષાર્થ ૧૧૬
૨૩ સ્વરૂપ અનુભવાતાં 'સંઽહમ્' સ્વરૂપની વિચારણા, ભાવના ૧૧૮
૨૪ મોહનિદ્રા ટળતાં અંતરાત્મદશારૂપ જાગૃતિમાં અનુભવસ્વરૂપ આત્મદર્શન ૧૨૦
૨૫ આત્મદર્શનથી ઉદ્‌ભવતી અપૂર્વ વીતરાગ દૃષ્ટિ, દશા ૧૨૨
૨૬ શત્રુમિત્રભાવ ટાળતી દ્રવ્યદૃષ્ટિમય ભાવના ૧૨૪
૨૭ અંતરાત્મદશાસ્થિતિને દ્રવ્યદૃષ્ટિમય દ્વારા પરમાત્મ-દશા ઉપાસવા પ્રેરણા ૧૨૬
૨૮ આત્મસ્થિરતાનો ઉપાય : આત્મભાવનારૂપ સત્પુરુષાર્થ ૧૨૭
૨૯ આત્મસ્થિરતાના કારણરૂપ સત્‌શ્રદ્ધા દૃઢ કરાવવા નિર્ભયપદનું ભાન ૧૨૯
૩૦ અંતરાત્માને પરમાત્મદર્શન થવા દોરવણી અને એંધાણ ૧૩૧
૩૧ પરમાત્મદર્શન પામેલ આત્માની અભેદભાવે પરમાત્મોપાસના ૧૩૩
૩૨ સચ્ચિદાનંદ સ્વરૂપના પરમાનંદની અભિવ્યક્તિ ૧૩૬
૩૩ આત્મજ્ઞાનનું માહાત્મ્ય : પરમતપસ્વીને પણ મોક્ષાર્થે આત્મજ્ઞાનની જરૂર ૧૩૮
૩૪ જ્ઞાનાનંદમસ્તને આત્મસ્થિરતાથી વર્તતું સુખ ૧૪૦
૩૫ આત્મતત્ત્વનું દર્શન ને આત્મસુખ પામવાનો ઉપાય ૧૪૨
૩૬ નિર્વિકલ્પ ચિત્તરૂપ આત્મતત્ત્વ પામવા મનની યથાર્થ ઓળખાણ ૧૪૪





૩૭ મનને આત્મસ્વરૂપમાં સ્થિર કરવાનો ઉપાય ૧૪૬
૩૮ વિક્ષેપી અને અવિક્ષેપી ચિત્તથી પારિણામિક ભેદ ૧૪૮
૩૯ રાગદ્વેષના ઉદયમાં શાંતિ પામવાનો ઉપાય ૧૫૦
૪૦ દેહપ્રેમ દૂર કરવાનો ઉપાય ૧૫૧
૪૧ સર્વ દુઃખની નિવૃત્તિરૂપ મોક્ષનો ઉપાય ૧૫૩
૪૨ બહિરાત્મા અને અંતરાત્માની પ્રવૃત્તિમૂલક ઇચ્છાદશાનો ભેદ ૧૫૫
૪૩ બહિરાત્મબુદ્ધિથી બંધ અને અંતરાત્મબુદ્ધિથી મોક્ષ, બંધ-મોક્ષનું કારણ ૧૫૭
૪૪ અજ્ઞાની-જ્ઞાનીની દૃશ્ય જગત પ્રત્યેની સમજણ અને માન્યતા ૧૫૯
૪૫ અંતરાત્માને પણ સત્તામાં રહેલાં પૂર્વ કર્મના ઉદયની અસર ૧૬૦
૪૬ રાગદ્વેષ તજી મધ્યસ્થ થવાનો ઉપદેશ ૧૬૨
૪૭ ત્રણ આત્મદશાઓમાં ગ્રહણ-ત્યાગની મર્યાદા ૧૬૪
૪૮ આત્મોન્નતિ સાધવા મનને કેમ પ્રવર્તાવવું ? ૧૬૬
૪૯ દેહાત્મદૃષ્ટિ અને અંતરાત્મદૃષ્ટિને મન જગતનું સ્વરૂપ ૧૬૮
૫૦ સતત અંતર્મુખ ઉપયોગ રાખવારૂપ ચારિત્ર આરાધનાની પ્રેરણા : આત્મસ્થિરતા સાધવાનો અભ્યાસ ૧૬૯
૫૧ જ્ઞાનજ્યોતિમય આનંદસ્વરૂપના અનુભવમાં રુચિ ૧૭૨
૫૨ આરબ્ધયોગી અને અભ્યસ્તયોગીની વૃત્તિ ૧૭૩
૫૩ અભ્યસ્ત દશા અર્થે જ્ઞાનદશા-પ્રાપ્તિનો પુરુષાર્થ ૧૭૬
૫૪ ભ્રાંતદશા અને જ્ઞાનદશામાં વર્તતી માન્યતાનો ભેદ ૧૭૭
૫૫ ઇન્દ્રિયવિષયોમાં વર્તતી લુબ્ધતા ટાળવા ઉપદેશ ૧૭૯

૫૬ ભવોભવના ‘હું-મારું’ રૂપ સંસ્કારોની અસર ૧૮૨
૫૭ દેહાત્મબુદ્ધિરૂપ ભૂલ ટાળવા, સમ્યગ્દૃષ્ટિ થવા કરવા યોગ્ય અભ્યાસ ૧૮૪
૫૮-૫૯ વાણીના સંયમનાર્થે વિચારણા, ભાવના:
(૫૮) મૂઢાત્માને બોધની નિષ્ફળતા ૧૮૬
(૫૯) અગ્રાહ્ય અનુભવસ્વરૂપ આત્મા અબોધ્ય ૧૮૮
૬૦ બહિરાત્મા-અંતરાત્માને બાહ્યભ્યન્તર આનંદ ૧૯૦
૬૧ બહિરાત્માની દેહમૂઢતા ૧૯૨
૬૨ દેહાત્મબુદ્ધિથી સંસાર, વિવેકથી મોક્ષ ૧૯૫
૬૩-૬૬ મુમુક્ષુઓ દેહાત્મબુદ્ધિ કેવા વિચારથી છોડે છે ?
૬૭ સંસારમાં શાંતિ કોને પ્રાપ્ત થાય ? ૨૦૬
૬૮ અનાદિકાળથી ભ્રાન્તિ - પરિભ્રમણનું કારણ ૨૦૮
૬૯ દેહને આત્મા માનવાની ભૂલનુંદ પૃથક્કરણ ૨૧૦
૭૦ આત્મસ્વરૂપનો નિર્ણય દૃઢ કરવા પ્રેરણા ૨૧૨
૭૧ સ્વરૂપનિર્ણય થયે સ્વરૂપસ્થિતિરૂપ ધીરજજથી મોક્ષ ૨૧૫
૭૨ યોગીને પ્રબળ પુરુષાર્થમાં વિઘ્નરૂપ લોકસંગ ત્યાજ્ય ૨૧૮
૭૩ આત્મજ્ઞાનીનું સાચું નિવાસસ્થાન ૨૨૧
૭૪ દેહપરંપરા અને મુક્તિનાં બીજ ૨૨૩
૭૫ પરમાર્થથી આત્મા જ આત્માનો ગુરુ ૨૨૬
૭૬ બહિરાત્માની મરણકાળે ભયત્રસ્ત સ્થિતિ ૨૨૮
૭૭ અંતરાત્માની મરણસમયે નિર્ભયતા ૨૩૧
૭૮ જ્ઞાની-અજ્ઞાનીની વ્યવહારપ્રત્યે વર્તતી દશા ૨૩૩
૭૯ ભેદજ્ઞાનના અભ્યાસથી મોક્ષ ૨૩૫
૮૦ આત્મજ્ઞાનીને શરૂઆતે અને અભ્યાસે થતું





વિશ્વદર્શન : આરબ્ધયોગી અને અભ્યસ્તયોગીની દૃષ્ટિએ જગત ૨૩૭
૮૧ આત્મભાવનાના અભ્યાસની જરૂર ૨૪૦
૮૨ ભેદવિજ્ઞાનની ભાવનાનો અભ્યાસ ક્યાં સુધી કર્તવ્ય ? ૨૪૨
૮૩ મોક્ષાર્થે પુણ્ય-પાપના કારણરૂપ શુભાશુભ બન્ને ત્યાજ્ય ૨૪૫
૮૪ વ્રતરૂપ શુભ પ્રવૃત્તિ તજવાનો ક્રમ ૨૪૭
૮૫ દુઃખના મૂળ વિકલ્પોના નાશથી પ્રેરણા ૨૪૯
૮૬ નિર્વિકલ્પ સહજાત્મસ્વરૂપ પરમપદની પ્રાપ્તિનો ક્રમ ૨૫૧
૮૭ વ્રતના વિકલ્પોની જેમ લિંગ-વેષના વિકલ્પ, પ્રવૃત્તિ ત્યાજ્ય ૨૫૩
૮૮ જાતિ આદિનો આગ્રહ ત્યાજ્ય ૨૫૬
૮૯ જાતિવેષના આગ્રહી શાસ્ત્રોનાં શ્રદ્ધા, અભિનિ-વેશ ત્યાજ્ય ૨૫૮
૯૦ મોહના ઉદયે થતી જીવની દશા ૨૬૦
૯૧ મિથ્યાત્વમાં જીવની વિપરીત દૃષ્ટિ : અંધખંધે પંગુનું દૃષ્ટાંત ૨૬૨
૯૨ આત્મજ્ઞાનીને ભેદવિજ્ઞાનથી યથાર્થ દૃષ્ટિ ૨૬૪
૯૩ જ્ઞાનભૂમિકા અને અજ્ઞાનભૂમિક વાળાની દૃષ્ટિએ શામાં વિભ્રમ કે બે માનપણું ? ૨૬૬
૯૪ આત્મજ્ઞાનથી મોક્ષ; તે વિના સર્વ શાસ્ત્ર-જ્ઞાનથી પણ નહીં. ૨૬૮
૯૫ સત્શ્રદ્ધાનું મૂળ સામાર્થ્ય અને ફળ ૨૭૦
૯૬ હિતાહિતની વિવેકબુદ્ધિથી મિથ્યા શ્રદ્ધાનો નાશ ૨૭૨
૯૭ હિતકારી સમાગમથી પરમપદની પ્રાપ્તિ ૨૭૫

| | | |
|---|---|---|
| ૯૮ | જ્ઞાનમાર્ગથી પણ પરમપદની પ્રાપ્તિ : નિરાલંબ પુરુષાર્થની ભાવના નિરંતર કરવા પ્રેરણા | ૨૭૭ |
| ૯૯ | પરમપદની ભાવના નિરંતર કરવા પ્રેરણા | ૨૭૯ |
| ૧૦૦ | સહજ સ્વાભાવે કે યાગરૂપ પ્રયત્નથી નિર્વાણ-પ્રાપ્તિની પ્રેરણા | ૨૮૨ |
| ૧૦૧ | નિર્વાણ પ્રથમ દેહનાશમાં પણ આત્મા અવિનાશી : સ્વપ્નજાગૃતિના દૃષ્ટાંતે | ૨૮૪ |
| ૧૦૨ | જ્ઞાનની સ્થિરતા અર્થે ભેદજ્ઞાનની ભાવના કેવા પ્રકારે કર્તવ્ય ? | ૨૮૬ |
| ૧૦૩ | આત્માથી ભિન્ન દેહની યંત્રરૂપ ક્રિયા | ૨૮૮ |
| ૧૦૪ | શરીરયંત્રમાં આત્મ-આરોપણ કે ભેદવિજ્ઞાનથી મિથ્યા વા યથાર્થ સુખ | ૨૯૦ |
| ૧૦૫ | પરમપદનું વર્ણન, તેનાં સાધન-સાધનાનું ગર્ભિત સૂચન | ૨૯૨ |
| ૧૦૬ | સંસ્કૃત ટીકાકારનું અંત્ય-મંગલ | ૨૯૫ |
| | ઉપસંહાર | ૨૯૭ |
| પરિશિષ્ટ ૧ | સંસ્કૃત समाधिशतक (સળંગ) | ૨૯૮ |
| ૨ | ‘સમાધિશતક’-ગુજરાતી અનુવાદ (સળંગ) | ૩૦૯ |
| ૩ | શ્રી યશોવિજયજીરચિત ‘સમાધિશતક’ | ૩૨૦ |
| ૪ | ‘समाधिशतक’नी वर्णानुक्रमणिका | ૩૩૦ |
| ૫ | ‘સમાધિશતક’-ભાષાંતરની વર્ણાનુક્રમણિકા | ૩૩૩ |
| ૬ | ત્રણ આત્મદશાનાં ગ્રંથમાં જણાવેલાં નામ | ૩૩૬ |
| ૭ | ‘શ્રીમદ્ રાજચંદ્ર’માંથી ઉદ્ધૃત ગદ્ય-અવતરણોની વર્ણાનુક્રમણિકા | ૩૩૮ |
| | શુદ્ધિપત્રક | ૩૪૨ |

* * *

# લઘુયોગવાસિષ્ઠ-સાર

## —પૂર્વાર્ધ—

(ઉપદેશવિભાગ)

## પહેલું પ્રકરણ

## રામ-પરિચય

(દોહરા)

— પ્રાસંગિક —

શ્રીમદ્ રાજ-પદે નમું, જે ગુરુ-વચન-પસાય;
ખરું સ્વરૂપ મારું પ્રગટ, દર્શન માત્રે થાય. ૧

જ્ઞાન માત્રથી મોક્ષ કે ક્રિયા માત્રથી મોક્ષ?
કે બન્ને આધારથી? ઉત્તર દ્યો નિર્દોષ. ૨

પક્ષી બન્ને પાંખથી, ઊડે છે નભમાંહિ;
જ્ઞાન, કર્મ બે યોગથી, મોક્ષ મળે છે આંહિ. ૩

શી રીતે સંસારનાં, બંધન છૂટી જાય?
કહો *આદ્યકવિરાય, તે વીનવું શીર્ષ નમાય. ૪

**વાલ્મીકિ ઋષિ :–**

રામ-કથામાં તત્ત્વ તે, જીવન્મુક્તિ-ઉપાય;
મહાયોગ પણ તે ગણો, શાસ્ત્રસાર દર્શાય. ૫

---

* વાલ્મીકિ ઋષિ સંસ્કૃતમાં આદ્યકવિ ગણાય છે.

ઉત્તર રામકથા કહી, ભરદ્વાજ સન્મુખ;
તેનો સાર સુણો, ટળે—સુખળી-ભૂકે ભૂખ. ૬

અપાર ભવ-જળમાં મળે, સત્સાધન સમ નાવ;
શોક, દીનતા ના નડે, સન્મુખ નિજઘર સાવ. ૭

નીલ વર્ણ નભનો નહીં, ભ્રમથી ભાસે તેમ;
દૃશ્ય જગતને ભૂલતાં, ટળે વાસના એમ. ૮

ચિત્ત—શુદ્ધિથી બોધનું, શ્રવણાદિક જો થાય;
સમૂળ ટળતી વાસના, મોક્ષ-સુખ સમજાય. ૯

મલિન, શુદ્ધ બે વાસના, ભવ-શિવ-હેતુ ગણાય;
ભવકારણ તજવા મથો, સેવો શુદ્ધ સદાય. ૧૦

* * *

— પ્રારંભ —

રામ ભણી વિદ્યા બધી, યાત્રા કરવા જાય;
સંત-સમાગમ બોધથી, બુદ્ધિ નિર્મળ થાય. ૧૧

નરભવ મોક્ષાર્થે મળ્યો, ભોગાર્થે વહી જાય;
એ શિક્ષા હૃદયે વસી, ટાળી નહીં ટળાય. ૧૨

સોળ વર્ષ પૂરાં નથી- થયાં, છતાં વૈરાગ્ય;
જાગ્યો ઉરમાં એકદમ, ધન્ય રામ મહાભાગ્ય. ૧૩

ચિત્રિત નર સમ શૂન્ય-મન, મૌન રહે નિષ્કર્મ;
સેવક વીનવે તોય તે, વીસરે દૈહિક ધર્મ. ૧૪

દશરથ રાજા પૂછતા, વસિષ્ઠ ગુરુને, ''કેમ,
રામ-દશા આવી થઈ?'' ઉત્તર આપે એમ : ૧૫



''અલ્પ કારણે ના થતા, સજ્જન-ચિત્ત-વિકાર;
ફળ ઉત્તમ તે પામશે, નરવર, ખેદ નિવાર.'' ૧૬

વિશ્વામિત્ર પધારિયા, રામ-મદદને કાજ;
સુણી રામની આ દશા, વિચારતા ઈલાજ. ૧૭

દશરથ તેડે રામને, મુનિ-દર્શનને કાજ;
રામસેવકો આવતા, વીનવવા મહારાજ. ૧૮

દશરથ પૂછે તેમને, ''કેમ ન આવે રામ?
કહો દશા સૌ રામની, એ મુજ આશાધામ.'' ૧૯

ખેદ સહિત સેવક કહે, ''રામદેહ કરમાય;
યાત્રાથી આવ્યા પછી, મનમાં બહુ કચવાય.'' ૨૦

સ્નાન, દાન, ભોજન કરે, ઘણા વીનવતાં માંડ;
ચિંતા ચિત્તે તે ધરે, શિર જાણે બ્રહ્માંડ. ૨૧

મનહર દેખી વસ્તુઓ, સાશ્રુ મને મૂંઝાય;
નૃત્ય નિહાળી તે વદે : 'સ્ત્રી-તન ચંચળ, હાય! ૨૨

આપદ કે સંપદ ભલે, ઘરમાં શો છે સાર?
મિથ્યા મનની કલ્પના, આશા સર્વ અસાર.' ૨૩

હરણનયન વનવૃક્ષને, આકર્ષક નહિ જેમ;
આકર્ષે નહિ રામને, લલના-નયનો તે. ૨૪

વિનોદ ગમે ના તેમને, નહિ ભોગે આસક્ત;
કામે ચિત્ત ચળે નહીં, મૌન વિષે તે રક્ત. ૨૫

ખાન-પાન માગે નહીં, અંતર્ત્યાગી રામ;
જાણે સંન્યાસી ખરા, સેવે નિર્જન ધામ. ૨૬

શું કરે, શુંય ચિંતવે, કયા નિયમ ધરનાર;
અમને ખબર પડે નહીં, ઉત્તર નહિ દેનાર. ૨૭

મળે વિવેકી સ્નેહીં કો, દેતા શિક્ષા આમ;
'ભવસુખ સરસ જણાય પણ, માન ન તે અભિરામ.' ૨૮

સૌંદર્યે દેખે મરણ, મધુર સૂૅરે તે ગાય :
'સહજ મળે તે પદ વિના, ગયાં વર્ષ અસહાય.' ૨૯

'નૃપતિ બની મોટાં કરો, કામ' : કહે કોઈ એમ;
તજી અભિમાન, હાસ્યમાં-વદે, 'ગાડિયો જેમ.' ૩૦

કહ્યું કોઈનું ના ગણે, પ્રાપ્તિમાંય ચિડાય;
ના આશ્ચર્ય થતું કદી, રામતણા મનમાંય. ૩૧

કોઈ કરે ધન યાચના, કહે : 'અર્થ જ અનર્થ;
ઇચ્છે શાને દુઃખ તું?' કહીં દે મણિ અનર્ઘ્ય. ૩૨

'સંપદ કે આપદ ગણો, મોહે થતા વિકલ્પ;'
એવાં ગાયન ગાય તે, 'વિષયે સુખ અતિ અલ્પ.' ૩૩

'હાય! અનાથ,' કહે જનો, પણ વૈરાગ ન થાય;
એ આશ્ચર્ય તમે ગણો, સુણજો સર્વ સભાય. ૩૪

વિપ્ર, ભૂપ વાતો કરે, રાજ-કાજની કોય;
મૂર્ખ ગણી હસીં કાઢતા, કાને ધરે ન સોય. ૩૫

પ્રાપ્ત પદાર્થે ના રુચિ, નહિ અપ્રાપ્તે આશ;
ઇચ્છે નહિ કો ચીજને, મળી શાંતિ ના ખાસ. ૩૬

નહીં મૂઢ કે મુક્ત તે, અમને તો સંતાપ;
જુએ વાટ મરવા તણી, હવે વિચારો આપ. ૩૭



ચિંતા-તમ આ રામનું, હરવા કોણ સમર્થ;
મહાભાગ્ય નિજ બોધથી સમજાવી પરમાર્થ? ૩૮

દિનકરનાં કિરણો બને, સફળ હરે તમ તો જ;
તેમ હરે જે રામનો – મોહ સુ-સંત ખરો જ.'' ૩૯

વિશ્વામિત્ર વદે હવે : ''બોલાવો રઘુવીર;
મૃગ મૃગ-વરને લાવતાં, તેમ તમે સૌ ધીર.'' ૪૦

'લઘુયોગવાસિષ્ઠ સાર' – પૂર્વાર્ધનું

પહેલું 'રામપરિચય' પ્રકરણ સમાપ્ત.

* * *

# ‘લઘુયોગવાસિષ્ઠ-સાર’ પૂર્વાર્ધ

## બીજું પ્રકરણ

## આત્મદશા-વર્ણન

(દોહરા)

ભાવમુનિ સદૃશ રામજી, આવે સભા સમક્ષ;
યોગ્ય વિનય સૌનો કરી ભૂમિ પર બેસે દક્ષ. ૧

વિશ્વામિત્ર વદે : “કહો, રામ! તજી વિક્ષેપ;
શા કારણ મૂંઝાય મન? ચિંતા સમજો ચેપ. ૨

પ્રગટ મનોરથ થાય તો, સફળ થવાનો માર્ગ;
ગુરુ-ઉપદેશ વડે જડે, શાંતિ થશે અથાગ.” ૩

તે સુણતાં થઈ રામને, કાર્યસિદ્ધિની આશ;
જેમ ગર્જતા મેઘથી, થતો મોર-ઉલ્લાસ. ૪

ખેદ ખસેડી રામ પણ, વદે : “સુણો ભગવાન;
હું અજ્ઞાની બાળ છું, પૂછ્યે કહું અમાન. ૫

વચન મહાત્માનું નહીં, ઉલ્લંઘનને યોગ્ય;
તેથી અનુભવ વાત આ, કહું હું યથાયોગ્ય. ૬

રઘુકુળમાં જન્મ્યો અને, સાધી વિદ્યા સર્વ;
સદાચાર સહ હું રહું, ગૃહાશ્રમેય અગર્વ. ૭

તીર્થયાત્રા કરી ઘણી, ત્યાં પ્રગટ્યો સુવિવેક;
ભવસુખ-આસ્થા ઊઠતાં, ભોગેચ્છા ગઈ છેક. ૮



વિચારણા આવી ઊગી :— ‘સંસારે શું સુખ;
મરવા જીવો જન્મતા, પગલે પગલે દુઃખ. ૯

મરે વળી તે જન્મવા, જીવન ગણું અસાર;
ભોગ અનિત્ય બધા અરે! પાપરૂપ અપકાર. ૧૦

પુણ્ય લગી દેખાય તે, સુખ કલ્પના ધાર;
મનને લઈને સર્વ વેઠ આ, મોહ તણો વિસ્તાર. ૧૧

ઇંદ્રજાળ જેવું અહા! હૈયાફૂટ્યા ખાસ;
ગુલામ સમ સૌ વેઠ આ, કરતા પણ ના ત્રાસ. ૧૨

લાલચથી ખાડે પડે- મૃગ, તેમ મોહ ખાડ;
ગંધાતી ત્યાં મૂર્ખ જન, પડતાં ભાંગે હાડ. ૧૩

દૃશ્ય બધું શું? કોણ હું? શા કારણ સંયોગ?
રાજ્ય, ભોગ શા કામનાં? મિથ્યા ભાસે ભોગ. ૧૪

એમ વિચારે જાગતી, જગે અરુચિ સર્વત્ર;
મરુભૂમિમાં પથિકને, તાપે જેમ અ-છત્ર. ૧૫

પવને ગિરિતરુ-મૂળની, શક્તિ જેમ વીંખરાય;
તેમ ભોગ-પરિચય થતાં, દેહ જર્જરિત થાય. ૧૬

પવને પોલા વાંસમાં, શબ્દ વેણુ સમ થાય;
તેમ અ-પુરુષાર્થી જનો, શબ્દયંત્ર લેખાય. ૧૭

જીર્ણ તરુ-કોટર વિષે, અગ્નિ મૂક્યે જેમ-
તપે, તેમ હું પણ તપું, ‘દુઃખ ટળે આ કેમ?’ ૧૮

વિના અશ્રુ સાર્યે રડું, સ્વજનાદિકથી ગુપ્ત;
નીરસ વૃત્તિ હૃદયની, માત્ર વિવેકે વ્યક્ત. ૧૯

રાજ્યસંપદ ગણું ઠગે, મુઝવે મન અપાર;
ગુણ-ગણને હરનાર તે, દુઃખ ઉગ્ર દેનાર. ૨૦

દરિદ્રને બહુ છોકરાં, ચિંતા કારણ જેમ;
તેમ જ ધન-વૈભવ ગણું, આપે સુખ તે કેમ? ૨૧

ગજ ગર્તમાં પડી પછી, દુઃખે બહુ પસ્તાય;
તેમ ક્ષણિક દેહાદિમાં, દુર્દશા જ દેખાય. ૨૨

ચતુર વિષય-ચોરો ઘણા, વિવેક-રત્ન હરાય;
જ્ઞાનીસુભટ વિના રણે, કોણે જીત્યા જાય? ૨૩

દીપશિખા સમ લક્ષ્મૉ પણ, અડતાં દેતી દુઃખ;
વિનાશ-કાજળ ઉર ધરે, મૂર્ખ ગણે ત્યાં સુખ. ૨૪

મૂઠી ધૂળ કરે મલિન, ઉત્તમ રત્નો જેમ;
ઉદાર, શૂર, કૃતજ્ઞને, લક્ષ્મી લજવે તેમ. ૨૫

ધનિક ન નિંદાપાત્ર કે, શૂર ન કરે બડાઈ;
સમર્થ પણ સમદૃષ્ટિ-ધર, દુર્લભ તથા નવાઈ. ૨૬

પરધનથી વૃદ્ધિ ચહે, ચિંતા છૂૅપી અનેક;
અભાગણી એ લક્ષ્મૉમાં, દેખું ગુણ ના એક. ૨૭

* * *

સત્પુરુષાર્થ થઈ શકે, પસ્તાવું ના થાય;
જીવન્મુક્તિ સધાય તે, જીવન ધન્ય કહાય. ૨૮

તરુ જીવે, મૃગલાં જીૅવે, જીવે પક્ષી વ્યર્થ;
તત્ત્વજ્ઞાને વશ કરે- મન તે જીવ યથાર્થ. ૨૯



જન્મેલા નરને ફરી, જન્મવું ટળી જાય;
તો જીવ્યું તેનું સફળ, ખર સમ અન્ય મનાય. ૩૦

* * *

શાસ્ત્ર ભાર અવિવેકૉને, ભાર રાગસહ જ્ઞાન;
દેહ-દૃષ્ટિને તન વળી, અશાંતને મન માન. ૩૧

જરા-મરણ-દુઃખ-મિત્ર જે, કાળ ગળે આયુષ્ય;
સુંદર મુખ પર તાકતો, જેવો જાર પુરુષ. ૩૨

વૃથા જન્મૉ મોહે વધ્યું, વૃથા-રિપુ અહંકાર;
મિથ્યા ભય મુજ મન વસે, તે કારણ સંસાર. ૩૩

વિપદ, ચિંતા, ક્રિયા અધમ, અહંકારથી થાય;
અહંભાવ સમ રોગ નહિ, ટળે કેમ, ઋષિરાય? ૩૪

વૈરૉ અનાદિ એ ગણી, તજું ખાન ને પાન;
કેમ ભોગ તો ભોગવું? રહું હું સાવધાન. ૩૫

શાંતિચંદ્રનો રાહુ એ, ગુણકમળો પર હિમ;
[૧]આસો સમતામેઘનો, તેને તજું અસીમ. ૩૬

ન રામ હું, વાંછા નથી, ગમે ન કોઈ ચીજ;
મારા સમ સૌને ગણી, ચહું એક શાંતિ જ. ૩૭

અહંકારથી જે થયું, કર્યું ભોગવ્યું સર્વ;
ફોક ગણી તે હું રહું, નિરહંકાર, અગર્વ. ૩૮

ન અહંકાર જિનેન્દ્રમાં, બનું હું વીતરાગ;
એવી ઇચ્છા મુજ મને, રહે સહિત વૈરાગ્ય. ૩૯

૧ શરદઋતુ, આસો માસ

અહંભાવ જ્યાં થાય છે, આફત પીડા થાય;
નિરહંકારપણે મને, સુખ-અનુભવ વર્તાય. ૪૦

* * *

સત્કાર્ય, આર્ય-સેવથી, ચિત્ત રહે જો દૂર;
ચંચળ મન ભટકે ઘણું, પવને જેવું [1]તૂર. ૪૧

ભવાબ્ધિ તરવા હું ચહું, રોકી રાખે ચિત્ત;
પ્રબળ પાજ નદી-પૂરને, ખાળે જેમ ખચીત. ૪૨

બાળ દીર્ઘ અભ્યાસને, તજે રમકડે જેમ;
વિષયે તજે સુકાર્ય મન, દીર્ઘ કાળનું તેમ. ૪૩

સુલભ ઉદધિને પી જવો, મેરુ થવો ઉન્મૂલ;
અગ્નિ-ભક્ષણ પણ સુલભ, દુષ્કર ટળવી ભૂલ . ૪૪

મન વશ કરવા આ ઊભો, તજી રાજ્યની આશ;
સકળ ગુણ તેથી ફળે, વાદળ ગયે પ્રકાશ.'' ૪૫

'લઘુયોગવાસિષ્ઠ સાર' પૂર્વાર્ધનું
બીજું 'આત્મદશા-વર્ણન' પ્રકરણ સમાપ્ત
તા. ૩૧-૧-૧૯૫૦, મંગળ, સં. ૨૦૦૬, માઘ સુદ ૧૩

* * *

૧ તૂર=આકડાના ફળમાંનો તુચ્છ, હલકો ભાગ.

# 'લઘુયોગવાસિષ્ઠ સાર' પૂર્વાર્ધ

## ત્રીજું પ્રકરણ

## આત્મદશા-વર્ણન

(દોહરા)

**રામ—**

''અનુભવથી આ હું કહું, તૃષ્ણા કરતી અંધ;
ધીર ડરે, આનંદી પણ, ઉદાસ ફરે આફંદ. ૧

અહો ! આશ્ચર્ય, [1]ધી-ધનો, વિવેક ખડ્ગે છેદ;
અકાટ્ય તૃષ્ણા-ગાંઠનો, કરે, વખાણે [2]વેદ. ૨

દૃઢ મેરુ સમ કોઈ હો, હો જ્ઞાને અણમોલ;
શૂર, ધીર નર હો ભલે, તૃષ્ણાવશ તૃણતોલ. ૩

ભાસે દેહાધ્યાસથી, દેહ મુખ્ય જગમાંય;
ઉત્તમ મુક્તિ-સાધને, અધમ કુગતિ દે ત્યાંય. ૪

અહંકાર-ઘર દેહ આ, તૃષ્ણા નારી ત્યાંય;
રાગ-રંગથી શોભતું, ભલે રહે કે જાય. ૫

ચિત્તસેવકો સાચવે, માયામય ઘર-છાજ;
દુઃખબાળકો ત્યાં રડે, ગમે નહીં, મહારાજ. ૬

* * *

સરે શુંય લક્ષ્મી વડે ? રાજ્ય વડે શું થાય ?
કાયા કે ક્રિયા બધાં, અલ્પ કાળમાં જાય. ૭

રક્ત-માંસનું પૂતળું, શરીર સળગે દેખ;
પતંગ સમ ના ભૂલ તું, હે મન ! તજ અવિવેક. ૮

૧ બુદ્ધિમાનો ૨ સત્પુરુષનાં વચનો, શાસ્ત્ર

જીંવ સાથે તન જાય ના, પાળું પોષું તોય;
કૃતઘ્ની ગણું દેહને, તેની આસ્થા હોય? ૯

મદોન્મત્ત ગજ-કાન સમ, ચંચળ તન દેખાય;
તૃણ-અંતે જળબિંદુ સમ, ક્ષણભંગુર લેખાય. ૧૦

તે તન તજું વિચારથી, મને તજે તે [1]મો'ર;
મોહે મમ ગણી ના રહું, અંધ આઠે પહોર. ૧૧

એના એ અનુભવ કરે, સુખ-દુઃખ વારંવાર;
પણ પામર લાજે નહીં, તે તનને ધિક્કાર! ૧૨

બળતણ કાષ્ઠ તણાય બહુ, ભવ-જળ-ભરતી માંય;
કોઈ કાષ્ઠ 'નરદેહ'નું, નામ પામતાં ત્યાંય. ૧૩

મોહ-મદ્ય પી મત્ત જન, કરે અરે! વિશ્વાસ-
જગત-દેહનો, તેમને, હો ધિક્કાર જ ખાસ. ૧૪

'હું દેહના,' 'ન દેહ મુજ,' એમ ગણે જન જેહ;
શાંતચિત્ત એ સમજથી, ઉત્તમ સમજું તેહ. ૧૫

શરીર-વિશ્વાસે વસે, તેને પડતો માર;
માન, અપમાન, લાભના, નીચ વિચાર અપાર. ૧૬

દૃશ્ય જગતમાં માલ શો? સઘળું સ્વપ્ન મનાય;
અહો! દેહના કારણે, લોકો સર્વ ઠગાય. ૧૭

દોષમૂર્તિ આ દેહ પણ, ક્ષણિક શિરોમણિ ખાસ;
જીર્ણ તૃણ સમો તુચ્છ તે, માની રહું ઉદાસ. ૧૮

* * *

૧ પહેલાં.



બાલ્ય દશા રમણીય જે, માને મોહે ત્યાં જ;
વિપરીતતા ગણો ઘણી, વિવેકની ત્યાં સાંજ. ૧૯

સર્વ અવસ્થા લેખતાં, બાળ-દશામાં ચિત્ત;
ચંચળ દેખો દશ ગુણું, શાસ્ત્રે માન્ય ખચીત. ૨૦

જેમ અન્ય જન વર્તતા, ધનિકોને આધાર;
તેમ અધમ ચિંતા, વ્યસન, તણો બાલ્ય છે સાર. ૨૧

નિર્બળ બાળ ન મેળવે, ઇચ્છિત વસ્તુ જરાય;
તો મનમાં એવું તપે, જાણે કપાઈ જાય. ૨૨

સમજે, ટાળી ના શકે- દુઃખ, વૃક્ષ સમ બાળ;
અવિવેકાદિક દોષનું, શરણ પણ બાલ્ય-કાળ. ૨૩

* * *

નરક-બીજ, ભ્રમ-હેતુ જે- યૌવન, વશ ના થાય;
તે પરવશ પડતા નથી, ભલે ગમે ત્યાં જાય. ૨૪

સ્વપ્ન-દોષ સમ સત્ય નહિ, પણ યૌવન ઠગનાર;
સર્વ દોષ શિરોમણિ એ, ગમે ન મને લગાર. ૨૫

પ્રલયકાળ-ઉત્પાત સમ, સમારંભ દુઃખદાય;
યૌવન વયમાં ઊપજે, સાવધાની સુખદાય. ૨૬

વિશાળ, નિર્મળ, પવિત્ર ધીં, યૌવન કરે મલિન;
વર્ષામાં સરિતા બને, ડોળી ભલે *કુલિન. ૨૭

અજ્ઞાને અભિમાનવશ, યૌવન સમજે સાર;
અલ્પ કાળમાં તે કરે, પસ્તાવો નિર્ધાર. ૨૮

* કિનારાવાળી, ઉત્તમ કુળવંત

યૌવન સંકટ જે તરે, સહેજ તે નર પૂજ્ય;
સત્પુરુષ પણ તે ગણું, તેણે જાણ્યું *ગુજ્ય. ૨૯

વિનયયુક્ત, સત્સંગ સહ, દયાદિ ગુણની ખાણ;
યૌવન દુર્લભ આ જગે, નંદનવન ઉદ્યાન. ૩૦

યંત્રયુક્ત પિંજર સમું, સ્ત્રી-તન માંસાકાર;
હાડ, નસો ને ગંદકી, સુંદર શું ત્યાં ધાર ? ૩૧

પૃથક્કરણ કરતાં મળે, વાળ, રુધિર ને ચર્મ;
ઘૃણા યોગ્ય સૌ સ્ત્રી-તને, હે મન ! ભૂલ ન ધર્મ. ૩૨

હાડ-માંસ રુધિરે ભર્યું, અંગ ઊંટનું જેમ-
મરણ પછી વનમાં દીસે, સ્ત્રી-તન દેખું તેમ. ૩૩

મદિરા, સ્ત્રી મદ-મદનથી, દે ઉલ્લાસ અપાર;
પણ તે પ્રેરે પાપમાં, વિકારે નહિ વિચાર. ૩૪

પાપ-આગની ઝોળ સમ, સ્ત્રી-શિર કાજળ-કેશ;
સ્પર્શ યોગ્ય નહિ, બાળતી, નરખડ, સુંદર વેષ. ૩૫

સંસારે સ્ત્રી સ્તંભવત્, દોષ-દાબડી રૂપ;
દુઃખ-શૃંખલા ના ચહું, જાણું એ ભવકૂપ. ૩૬

સ્ત્રીવાળાને ભોગની, ઇચ્છા રહે સદાય;
તેથી તેના ત્યાગથી, ભવ-ત્યાગ, સુખ થાય. ૩૭

* * *

દેખત સુંદર ભોગ તો, ક્ષણિક, દુસ્તર હાય !
જશ રોગ મરણે ડરું, મન પરમપદ ચહાય. ૩૮

* રહસ્ય, તત્ત્વસાર, ગુહ્યજ્ઞાન



જરા જીર્ણ અંગો બધાં, શિથિલ, કરચલીયુક્ત;
તેવા નરને નારીજન, ગણે ઊંટ, આસક્ત. ૩૯

ઘડપણમાં તૃષ્ણા વધે, ખાનપાનની ખૂબ;
ખાઈ શકે નહિ, શું પચે ? વૃદ્ધ હૃદય તપતું જ. ૪૦

ગિરિ-ગુફા સેવે વળી, યુદ્ધે હોય અજેય;
જરા તેનેય જીતતી, પંઝે પકડી લેય. ૪૧

મરણભૂપની આગળે, જરાસૈન્ય દેખાય;
રોગ ઉદ્વેગ પાયદળ, ચામર શ્વેત જણાય. ૪૨

[1]જરા-સુધાના લેપમય, તન-ઘરમાં વસનાર;
અશક્તિ, પીડા, આપદા, રાણી ત્રણ ધરનાર. ૪૩

અજિત જરા નિષ્ફળ કરે, સર્વ મનોરથ તોય;
જીવો ઇચ્છે જીવવા, દુરાગ્રહ કહેવોય.'' ૪૪

'લઘુયોગવાસિષ્ઠ સાર' પૂર્વાર્ધનું
ત્રીજું 'આત્મદશા-વર્ણન' પ્રકરણ સમાપ્ત.

તા. ૩-૨-૧૯૫૦, શુક્ર, માઘ વદ ૧, ૨૦૦૬

* * *

૧ કળી ચૂનો.

# 'લઘુયોગવાસિષ્ઠ સાર' પૂર્વાર્ધ

## ચોથું પ્રકરણ

## આત્મદશા-વર્ણન

(દોહરા)

**રામ–**

"અનલ્પ વિકલ્પ કલ્પતા, અલ્પબુદ્ધિ બકવાદ;
શત્રુ મિત્ર ભેદે રચે, મંડન ખંડન વાદ. ૧

વિષય-જાળ પિંજર સમો, બંધનકારક દેહ;
તેમાં વિશ્વાસે વસે, કેમ વિવેકી જેહ? ૨

અસાર સંસારે ચહે, તુચ્છ સુખ વળી કોય;
આશાદોરી કાતરે,– કાળકોળ, ભય હોય. ૩

અપાર, દારુણ દુઃખ દે, વિષયો ઠામોઠામ;
બચવાનું બળ જીવમાં, દેખું નહીં પ્રકામ. ૪

ક્ષણભંગુર આયુષ્ય છે, મૃત્યુ કઠિન વિશેષ;
યૌવન તો વેગે વહે, બાલ્યે મોહ અશેષ. ૫

વિષયોની ચિંતા બધે, બંધવ બંધન રૂપ;
ભોગ રોગ સમ ફાલતા, તૃષ્ણા મૃગજળ કૂપ. ૬

ઇંદ્રિય-ગણમાં શત્રુતા, નહિ જેવો પરમાર્થ;
પોતે પોતાનો રિપુ, મન સાથે એકાર્થ. ૭

* * *

અહંકાર કરતો મલિન, ન દૃઢ નિષ્ઠા વિચાર;
ક્રિયા દુષ્ટ ફળ આપતી, સ્ત્રીમાં વૃત્તિ, વિકાર. ૮

વિષયોમાં મન રાચતું, નહીં આત્મ-માહાત્મ્ય;
શાસ્ત્ર ઉપર ના પ્રેમ એ, ચિત્ત તણું દૌરાત્મ્ય. ૯

* * *

સાચું ખોટું લાગતું, વિનાશવંત પદાર્થ;
આત્મભાન ના જીવને, આકુળતામય સ્વાર્થ. ૧૦

રાગરોગ વધ્યા કરે, પ્રગટે નહિ વૈરાગ્ય;
સદ્વિચારો હણાય છે, રજો-ગુણે, ના ત્યાગ. ૧૧

મોહ વધે, ના સત્ત્વ ગુણ, સત્ય વસ્તુ અતિ દૂર;
અસ્થિર જીવન સર્વનું, મરણ ઝઝૂમે ક્રૂર. ૧૨

મંદ બુદ્ધિ મેલી થઈ, પરિચય પાપે થાય;
સંત સમાગમ ના મળે, યૌવન વીતી જાય. ૧૩

અવિચળ સુખ દેખાય ના, મળે ન પરમાનંદ;
મન અંદર મૂંઝાય છે, નહિ કરુણા-રસ-કંદ. ૧૪

પ્રમોદભાવ ન ઊગતો, દુર્જન-સંગ સુલભ્ય;
દુર્લભ સજ્જન-સંગ તો, સ્વસ્થપણુંય અલભ્ય. ૧૫

કાળબળે જગજીવ સૌ, તણાય ક્યાંના ક્યાંય;
સદુપદેશ-દાતા નથી, ત્યાં મુજ મન મૂંઝાય. ૧૬

* * *

પ્રેમપાત્ર નારી-નયન, વડે ચિત્ત વશ થાય;
પછી સ્વસ્થ કરવા નહીં, વિવેક પણ સદુપાય. ૧૭

જ્ઞાની જન પરહિત ને, આત્મચિંતને શાંત;
શીતળીભૂત હૃદયથી, સુખ પામે એકાંત. ૧૮

પરિભ્રમણ કરતાં જગે, જીવન ચાલ્યું જાય;
એનાં એ કર્મો કર્યે, ફળ અનુભવ પણ થાય. ૧૯

તૃષ્ણા સરિતા તાણતી, વેગે સર્વ પદાર્થ;
તટ-તરુ સંતોષાદિને, ઉખેડવાય સમર્થ. ૨૦

દેહનાવ ચર્મે મઢી, ઊછળે ભવજળમાંય;
વિવેક નાવિક ના મળે, ઇંદ્રિય ખેંચે ક્યાંય. ૨૧

* * *

સ્ત્રી-લાલચથી ના ચળે, ગર્વે નહિ છલકાય;
આપદમાં નિઃખેદ તે, દુર્લભ સંત સદાય. ૨૨

ગજ-તરંગ રણ-[1]અબ્ધિમાં, તરે તે ન શૂરવીર;
મન-તરંગ ભવજળ તરે, તે માનું રણધીર. ૨૩

સ્વયં અભાગી પામતો, આફત જગમાં જેમ;
સ્વયં ભાગ્યશાળી વરે, સંપત્તિ પણ તેમ. ૨૪

સ્વજન રસાયન સમ ગણે, ભ્રાંતિ વડે નર તોય;
અંતસમય વિષયાદિ સહ, ઝેર સમાં સૌ હોય. ૨૫

શરીર-સુખ, ધન-લાલચે, ધર્મ ધકેલે જાય;
પ્રવૃત્તિમાં ભવ ગાળતાં, કેમ શાંત મન થાય? ૨૬

સત્સમાગમ સુકૃત્ય વિણ, ભમી ઘણું નર કોય;
સાંજે આવીને સૂતાં, ઊંઘ મૂર્ખને હોય. ૨૭

સઘળે ગિરિ પથરા સદા, પૃથ્વી માટી રૂપ;
વૃક્ષ કાષ્ઠમય, જીવ સૌ, ધરે દેહ સ્વરૂપ. ૨૮

૧. સમુદ્ર.



નામ-રૂપ-સંકેતથી, કલ્પે નર બહુ ભેદ;
સ્વરૂપ મૂળ પદાર્થનું, ભૂલી પામે ખેદ. ૨૯

ગુપ્ત ચમત્કારે મનન, સ્વપ્ને પણ ન કરાય;
કલ્પિતનું માહાત્મ્ય આ, લોભે ભવ લૂંટાય. ૩૦

દેહાર્થે જન વાપરે, વિદ્યા, વિનય સમસ્ત;
વનનાં સુંદર પુષ્પ સમ, વ્યર્થ ઉદય ને અસ્ત. ૩૧

કામાસક્ત સુલભ જનો, કળાકુશળ પણ તેમ;
સંત મળે સ્વપ્નેય ના, જીવન ગાળું કેમ? ૩૨

* * *

સ્થાવર જંગમ દૃશ્ય આ, અસ્થિર સર્વ જણાય;
સ્વપ્નસમું સૌ લાગતું, આસ્થા ત્યાં શી થાય? ૩૩

સુંદર વસ્ત્રે શોભતું, આજે આ તન તે જ;
કાલે દેખું કાળવશ, વનમાં ગીધ સમેત. ૩૪

સિંહાસન પર શોભતો, નરપતિ સહ અધિરાજ;
થોડા દિન વીતી ગયે, ભસ્મ-પુંજ ખર કાજ. ૩૫

ભૂત દિવસ, ગત વંશજો, પરાક્રમો પ્રાચીન;
સ્મૃતિ માત્ર આજે જુઓ, તેમ આપણા દિન. ૩૬

ઢોર મરી માણસ બને, દેવ બને ય અદેવ;
બને ઢોર માણસ મરી, સ્થિતિ આવી નિત્યમેવ. ૩૭

સ્મરણ મરણનું ના થતું, ટકે ત્યાં સુધી મોહ;
વિચારવાન ન મરણને, વીસરે, તજી વિમોહ. ૩૮

વધે, ઘટે, પલટે, ટળે, પુનર્જન્મ પણ થાય;
નિશ-દિન સમ પાંચેય આ, ક્રમ જીવે વર્તાય. ૩૯

ક્ષણે ક્ષણે સંસારમાં, ઉદય અસ્ત દેખાય;
સ્થિર નહિ આપદ સંપદા, તો પણ મન ગભરાય. ૪૦

દેખું દોષ અનેક હું, વિષયે જગમાં જેમ;
ભોગ વિષે વિશ્વાસ હું, રાખું ક્ષણ પણ કેમ? ૪૧

ચિંતા-કાંટાનો મુગટ, ધરી બનું હું ભૂપ;
તે કરતાં એકાગ્રતા, નિશ્ચતતા અનુપ. ૪૨

ઉદ્યાને આનંદ નહિ, સ્ત્રી ના દેતી સુખ;
ધન-ઉત્કર્ષ ન હર્ષ દે, શાંત મને ના દુઃખ. ૪૩

ગજ નિજ પદથી છૂંદતા, કોમળ કમળ અનેક;
કામ કામિની-મદદથી, કોમળ મન છૂંદે જ. ૪૪

નિર્મળ મનથી આ વયે, જો ન કરું સદુપાય;
અવસર અન્ય ન આવશે, એ ચિંતા બહુ થાય. ૪૫

વિષ ન જાણું વિષ હું, વિષય-વિષમતા વિષ;
હરી શકે વિષ એક ભવ, વિષયો ભવો અશેષ. ૪૬

'લઘુયોગવાસિષ્ઠ સાર' પૂર્વાર્ધનું

ચોથું 'આત્મદશા-વર્ણન' પ્રકરણ સમાપ્ત.

માઘ વદ ૪, સોમ, સં. ૨૦૦૬

* * *

# 'લઘુયોગવાસિષ્ઠ સાર' પૂર્વાર્ધ

## પાંચમું પ્રકરણ

## આત્મદશા-વર્ણન

## ઉપદેશની માગણી

(દોહરા)

**રામ—**

"સુખદુઃખાદિ દ્વંદ્વ ના, નડે જ્ઞાનીને કાંય;
જ્ઞાનદશા પ્રગટાવવા, બોધ ચહું, ઋષિરાય. ૧

ચંદ્ર વડે જે ના ટળે, તેવું તિમિર ન રાત;
તેમ મહાત્મા-સંગમે, ત્રિતાપની ન વિસાત. ૨

કરવત વેરે દેહ તો, સહી શકું, ગણી વ્યર્થ;
પણ તૃષ્ણાના તાપને, સહેવા નહીં સમર્થ. ૩

આ આયુ વાયુ સમ ચપળ, વૈભવ વિદ્યુત જેમ;
યૌવન જળરેલા સમું, મોક્ષલક્ષ નહિ કેમ? ૪

અનર્થ સંકટ ખાડમાં, જગત જોઈ મુજ ચિત્ત;
અનુકંપાએ કંપતું, ચિંતા પંકે લિપ્ત. ૫

દેવ વિમાન તજે નહીં, તેમ તજે નહિ ચિત્ત-
બળાત્કારે ય ચપળતા, વિના આશ્રય સુતત્ત્વ. ૬

તેથી સત્ય યથાર્થ શું? જન્મ મરણ ના જ્યાંય;
સર્વ ઉપાધિ-ત્યાગ ક્યાં? સ્થાન નિર્ભ્રાંત ક્યાંય? ૭

ભય-કર ભવમાં આપ સૌ, રહો મહાત્મા નિત્ય-
જીવન્મુક્ત, ઉપાય તે, કહો મને તે સત્ય. ૮

ભવે વ્યવહાર સાધતાં, કમળ સમા નિર્લેપ;
રહો, કહો શું ચિંતવી, તજી ચિત્ત-વિક્ષેપ? ૯

ભવસાગરના પારને, પુરુષ પામિયા જેહ;
સ્મરણ-અનુસરણ તેમનું, કેમ કર્યે ભવ [1]છેહ ? ૧૦

શું સાધન કરવું કહો, પ્રાપ્ય ફળ તે જ;
દુર્ઘટ આ સંસારમાં, કયું વર્તન ઘટે જ ? ૧૧

અનિયત સંસારે કહો, રહે ત્રિકાળે શુંય ?
તે જ તત્ત્વને જાણવા, અતિ ઉત્સુક છું હુંય. ૧૨

ચંદ્ર સમા મુજ હૃદયને, નિર્મળ કરવા કાજ;
ઉપાદેય ને હેય શું ? જ્ઞેય કહો, ઋષિરાજ. ૧૩

ચપળ ચિત્ત ગિરિસમ બને-સ્થિર, તેવો ઉપદેશ;
ભારે આ ભવરોગહર, મંત્ર કહો સુવિશેષ. ૧૪

સુતત્ત્વવેત્તા ! દ્યો મને, પરિપૂર્ણ સંતોષ;
શોક કરું હું ના ફરી, તેવો દેજો પોષ. ૧૫

મોહ નિરંતર ગાજતો, લોભ મોર-ઉલ્લાસ;
ચમકે આશા-વીજળી, ભવ-ભય મુજને ખાસ. ૧૬

શો ઉપાય ? સુવિચાર શો ? કયો માર્ગ સુખદાય ?
આશ્રય કોનો હું લઉં ? કહો મને, ઋષિરાય. ૧૭

ત્રણે લોકમાં તુચ્છ ના, વસ્તુ કોઈ જણાય;
નહીં બને રમણીય જે, મળતાં સાધુ-સહાય. ૧૮

[2]ભવ નિરંતર દે દુઃખો, વ્યાકુળ, નીરસ, દુષ્ટ;
મૂઢ જનોને મિષ્ટ પણ, માને સમજુ અનિષ્ટ. ૧૯

વૈભવભોગે રોગ આ, રાગ-દ્વેષ મહાન;
ભવજળ-યાત્રી જન બચે, તેવું શું, ભગવાન ? ૨૦

---

૧. અંત, ૨. સંસાર.



વિષયાધારે મન ટકે, વિષય-વિરેચક બોધ;
મન વશ કરવા દ્યો, પ્રભુ, સતત હવે અવિરોધ. ૨૧

શું કરવાથી મન બને, પાવન ને [1]વિશ્રાંત ?
પૂર્વે કોણે તે કર્યું ? હરો મોહ, [2]નિર્ભ્રાન્ત ! ૨૨

યુક્તિ એવી હોય ના, અથવા કહો ન કાંય;
તો તેના સુવિચાર હું, કર્યા કરીશ મનમાંય. ૨૩

તેમ છતાં જો નહિ મળે, મહા વિશ્રાંતિ-સુખ;
તો વ્યવહાર બધો તજી, સહન કરીશ હું ભૂખ. ૨૪

ખાન, પાન ને સ્નાનને-તજી, શરીર તજીશ;
આશંકા, મમતા તજી, મૌન બની બેસીશ. ૨૫

શ્વાસોચ્છ્વાસ તજી પછી, ભૂલી જગનું ભાન;
અનર્થમય આ દેહને-તજીશ, હે ભગવાન ! ૨૬

નથી હું કોઈનો અને, મારું કોઈ ન થાવ;
એ નિશ્ચય સહ તેલ વણ, દીપ સમ જીવન જાવ.'' ૨૭

'લઘુયોગવાસિષ્ઠ-સાર' પૂર્વાર્ધનું

**પાંચમું 'બોધયાચના' પ્રકરણ સમાપ્ત.**

તા. ૮-૨-૫૦, બુધ, માઘ વ. ૬, સં. ૨૦૦૬

* * *

---

૧. ''વસ્તુ વિચારત ધ્યાવતેં, મન પાવે વિશ્રામ;
રસસ્વાદત સુખ ઊપજે, અનુભવ યાકો નામ.'' -શ્રી બનારસીદાસ

૨. હે ભ્રાંતિરહિત મુનિ !

## 'લઘુયોગવાસિષ્ઠ-સાર' પૂર્વાર્ધ
છઠ્ઠું પ્રકરણ
## વિશ્વામિત્રની વાણી
(દોહરા)

**વિશ્વામિત્ર–**

''ભોગ રોગ સમ ના ગમે, એ જ જણાય નિશાન;
જ્ઞેય વસ્તુ મનમાં વસી, તે સમજો નિજજ્ઞાન. ૧
અજ્ઞાને બંધન થતું, કરે દૃઢ ભોગ-ભાવ;
ભોગ ભાવના મંદ જો, શિથિલ થાય તે સાવ. ૨
નિર્મૂળ થતાં વાસના, મોક્ષ કહે વિદ્વાન;
વિષય-વાસના દૃઢ થતાં, બંધ રચે અજ્ઞાન. ૩
આત્મ-જ્ઞાન ઉપરછલું, અલ્પ યત્નથી થાય;
પણ વૈરાગ્ય સમેત તો, પરિશ્રમે પ્રગટાય. ૪
સહજ અરુચિ જેને રહે, ભોગો પ્રત્યે નિત્ય;
જીવન્મુક્ત દશા કહી, નહિ જન-રંજન રીત. ૫
પરમ તત્ત્વના જ્ઞાનમાં, યથાન્યૂનતા હોય;
તથા-ન્યૂન વૈરાગ્ય પણ, અંતરલક્ષે જોય. ૬
રાગ, રોષ, ભય, મદ રહિત, મહા પુરુષનો બોધ;
થયે વિશ્રાંતિ પામશે, રામ-ચિત્ત અવિરોધ. ૭
હે વસિષ્ઠ મુનિ! રામને, જ્ઞાન તણો ઉપદેશ;
કરો હવે એ વિનતી, મારી આજ વિશેષ.'' ૮
વદે વસિષ્ઠ : ''મહાઋષિ, આપ કહો છો સત્ય;
વચન આપનું કેમ આ, ઉત્થાપાય પ્રશસ્ત?'' ૯
સુ વક્તા મુનિએ શરૂ, કર્યો સુબોધ અગાધ;
પરમ પદ ઉપદેશવા, સભા પ્રત્યે પ્રખ્યાત. ૧૦

'લઘુયોગવાસિષ્ઠ સાર'-પૂર્વાર્ધનું
**છઠ્ઠું 'વિશ્વામિત્રની વાણી' પ્રકરણ સમાપ્ત. તા. ૧૦-૨-૧૯૫૦**

## 'લઘુયોગવાસિષ્ઠ સાર' પૂર્વાર્ધ
સાતમું પ્રકરણ
## વસિષ્ઠગુરુનો બોધ
(દોહરા)

**વસિષ્ઠઋષિ–**

''તરંગમય કે સ્થિર જળે, જળપણે નહીં ભેદ;
જીવન્મુક્ત વિદેહમુક્ત, બન્ને તેમ અભેદ. ૧

જીૅવન્મુક્ત આ વ્યાસજી, દેહરૂપ દેખાય;
પણ તે મિથ્યા કલ્પના, ભાવે નિશ્ચય થાય. ૨

મુક્ત વિદેહી, દેહીૅ કે, બોધરૂપ નહિ ભેદ;
વાયુ સ્થિર કે ચાલતો, વાયુરૂૅપે અભેદ. ૩

અબોધ-તમહર કાનના, આભૂષણ સમ બોધ;
શ્રવણ કરો હે રામજી! કરજો અંતર શોધ. ૪

સદાચાર શાસ્ત્રોક્ત તે, ચિત્તશુદ્ધિ દેનાર;
સદ્ગુરુયોગે જ્ઞાનની, પ્રાપ્તિ પછી થનાર. ૫

જીવન્મુક્ત સુખે રહે, જ્ઞાનોદયે સદાય;
જેમ શશી શીતળ રહે, પુરુષાર્થે સૌ થાય. ૬

પૂર્વકર્મ પુરુષાર્થ [૧]ગત, પૂર્ણ ટળી પણ જાય;
સત્પુરુષાર્થે આ ભવે, જીવન્મુક્ત જ થાય. ૭

---

૧. પૂર્વે કરેલા પુરુષાર્થના ફળરૂપ પૂર્વકર્મ કે પ્રારબ્ધ છે, તેનો આ ભવના સવળા પ્રબળ પુરુષાર્થ વડે ક્ષય કરી જીવ જીવન્મુક્ત બની શકે છે.

[1]જીર્ણ અજીર્ણ થયેલ તે, ઉપવાસોથી જાય;
તેમ પૂર્વભવ દોષ સૌ, ટળે કર્યે સદુપાય. ૮

સત્સંગ તથા સત્શાસ્ત્રથી, સદાચાર સેવાય;
આત્મતત્ત્વને પામવા, સત્પુરુષાર્થ મનાય. ૯

યુવાનીથી ઉપાસતાં, સત્સંગ ને સુશાસ્ત્ર;
ને હિતાહિત વિચારથી, જીવ બને સત્પાત્ર. ૧૦

અજ્ઞાન-જનિત વિષમતા, ટળતાં સુખ અનંત-
પ્રગટે, તે પરમાર્થ છે, સેવ્યે સુશાસ્ત્ર, સંત. ૧૧

સત્પુરુષાર્થ વડે થશે, નરભવ સફળ મહાન;
આત્મોદ્ધાર વિષે સદા, રહો સૌ સાવધાન. ૧૨

નિઃસ્પૃહ ઉત્તમ ગુરુ કને, દવા સહજ પુરુષાર્થ;
લઈ ભવરોગ હવે હરો, ગાળો ભવ ના વ્યર્થ. ૧૩

વ્યાધિ રહિત અલ્પાધિ સહ, પામી નરભવ એમ;
કરો આત્મ-સમાધિ સૌ, ટળે જન્મવું જેમ. ૧૪

મન અશુભ માર્ગો તજી, સત્પુરુષાર્થે લીન-
થાય, એ જ ઉપદેશ મુજ, સર્વ શાસ્ત્ર આધીન. ૧૫

સદ્ગુરુ સૌ ઉપદેશતા, ઉત્તમ સત્ય યથાર્થ;
સ્વરૂપ નિત્ય નિજ પામવા, કરવો સત્પુરુષાર્થ. ૧૬

જમે તે તૃપ્ત થાય છે, ચાલ્યે પામે ગામ;
બોલે જીભ ચલાવતો, સફળ પુરુષાર્થ આમ. ૧૭

શુભ કર્યે જ ફળ શુભ થતું, અશુભતણું પણ તેમ;
વર્તો રામ, હવે તમે, ઇચ્છા વર્તે જેમ. ૧૮

૧ ઘણા કાળનો અજીર્ણ રોગ.



સુમતિ વડે સત્સંગ ને, સત્શાસ્ત્રો સેવાય;
સત્સંગે, સત્શાસ્ત્રથી, તત્ત્વ-બોધ પણ થાય. ૧૯

જેમ વર્ષા વિષે વધે, જળ કમળો સંઘાત;
તેમ પરસ્પર યોગથી, ગુણ-વૃદ્ધિ થતી સાથ. ૨૦

હે સદ્ભાગી રામજી! એમ કરો પુરુષાર્થ;
જેથી તરુ-સર્પાદિ-ભવ- ટળી, ફળે આત્માર્થ. ૨૧

પુરુષાર્થે કશું ના થતું, તો શા માટે બોધ?
શાસ્ત્રો, ધર્મો સૂચવે : કર પુરુષાર્થે શોધ. ૨૨

ચિત્ત અનિર્વચનીય છે, વૃત્તિ, વાસના, કર્મ;
મન, માયા નામે કહો, સર્વે આત્મિક ધર્મ. ૨૩

દૃઢ ભાવે યત્નો કરે, ફળ તેવું દેખાય;
થાય બધું પુરુષાર્થથી, મિથ્યા દૈવ મનાય. ૨૪

કેવળ ચેતન રૂપ છો, રામ! તમે ના દેહ;
જાણે તે જ તમે ગણો, દેહ ન જાણે તેહ. ૨૫

સમતા-સાંત્વન આપતાં, મન બાળક નિર્દોષ;
વળે પુરુષ-પ્રયત્નથી, મોક્ષ-પથે લહી પોષ. ૨૬

આગ્રહપૂર્વક આદરો, દૃઢ અભ્યાસો જેહ;
સિદ્ધ થતી તે ભાવના, જાણો નિઃસંદેહ. ૨૭

દૃઢ પુરુષાર્થ કરી જીતો, વિષય-કષાય સદાય;
આત્માર્થે અભ્યાસ તે, મુક્તિદાયક થાય. ૨૮

સ્વ-રૂપ ન જાણ્યું જ્યાં સુધી, સુગુરુ, સુશાસ્ત્ર-વિચાર;
નિર્ણયનાં આલંબનો, લેવાં તે નિરધાર ૨૯

રાગ-રોષ મળ ટાળતાં, આત્મ-તત્ત્વ-નિર્ધાર-
થયે તજો શુભ વાસના, સથઈ નિશ્ચિંત, ઉદાર. ૩૦

આર્ય-સેવિત સુમાર્ગને, સુંદર ભાવ, વિચાર-
અનુસરતાં વીતરાગ-પદ, પામી સ્થિરતા ધાર. ૩૧

મારે કર્તવ્ય ન કશું, મન રહિત વર્તાય;
શાંત, સુપ્ત મનથી વસું, ક્રિયા માત્ર દેખાય. ૩૨

વિવેકથી ભવદુઃખનો, કરી વિચાર, વૈરાગ્ય-
પામે, તેને માનવો, ઉત્તમ ને સદ્ભાગ્ય. ૩૩

સ્વીકારો જે હું કહું, પકડ કરો મનમાંહિ;
એમ ન કરવું હોય તો, મફત ન પૂછો કાંઈ. ૩૪

જાણે જે ના તત્ત્વને ગ્રાહ્ય ન જેનું વાક્ય;
તેને પૂછે તત્ત્વ જે, તે માનો દુર્ભાગ્ય. ૩૫

આત્મજ્ઞાની સત્ય જે, તેને પૂછી તત્ત્વઃ
પકડ કરી ના વર્તતો, અધમ ગણો તે સત્ત્વ. ૩૬

[૧]શમ, [૨]વિચાર, [૩]સંતોષ ને, [૪]સત્સંગતિ એ ચાર;
દ્વારપાળ માનો ય જ્યાં- મોક્ષનગરનાં દ્વાર. ૩૭

આત્મા એક સદા સુણો, મનન કરો સુધ્યાન;
વ્યર્થ કર્મ ના આદરો, પામો પદ નિર્વાણ. ૩૮

અવિચ્છિન્ન અભ્યાસથી, ગુરુ, અનુભવ ને શાસ્ત્ર;
ત્રણેની એકવાક્યતા, ત્યાં આનંદ વિલાસ. ૩૯

અનાદર શાસ્ત્ર-અર્થમાં, જ્ઞાની ભણી અભાવ;
કરે મૂઢ, સહવાસ તે- તજે મહાજન સાવ. ૪૦



ભવે સુખ તૃણ માત્ર નહિ, સહો દુઃખો અનંત;
દુઃખમાં સુખમાં દૃષ્ટિ ના, દ્યો કદીય મતિમંત. ૪૧

સુ-વિવેકે અભ્યાસ ને, વૈરાગ્યે તરી જાવ;
ભવજળ-સંકટ, રામજી, પરમ સુખી તો થાવ. ૪૨

આત્મવિચાર કરી જુઓ, વિના પરિશ્રમ થાય;
કૈવલ્ય-લાભ નિરંતર, સદા સુખી, અસહાય. ૪૩

શમ, સંતોષે મન જીતો, અનંત પદમાં વાસ;
પરમાનંદ સદા લહો, રાખો દૃઢ વિશ્વાસ.'' ૪૪

'લઘુયોગવાસિષ્ઠ-સાર' પૂર્વાર્ધનું

**સાતમું 'વસિષ્ઠ ગુરુનો બોધ' પ્રકરણ સમાપ્ત.**

તા. ૧૪-૨-૫૦

* * *

# ‘લઘુયોગવાસિષ્ઠ-સાર’ પૂર્વાર્ધ

## આઠમું પ્રકરણ

## મોક્ષદ્વારનો દ્વારપાળ : (૧) શમ

(દોહરા)

**વસિષ્ઠ ઋષિ :–**

“પીડે તૃષ્ણા તરસ સમ, ભવે ત્રિવિધ છે તાપ;
શમરૂપ હોય ચંદ્રમા, ત્યાં શીતળતા-વ્યાપ. ૧

શમથી શોભે સજ્જનો, સૌ પ્રાણીશું સ્નેહ;
પરમ તત્ત્વ ઝળકે સ્વયં, વંદન લાયક તેહ. ૨

આધિ આદિથી ત્રસ્ત મન, તૃષ્ણા વડે તણાય;
શમ અમૃત ઘણું છાંટતાં, સમાધાન વર્તાય. ૩

વજ્ર-શિલાને બાણ પણ, વીંધવા નહિ સમર્થ;
શમ કવચે જો સજ્જ જન, દુઃખો આવે વ્યર્થ. ૪

નિર્મળ મતિથી નીરખતાં, સમ જેને સર્વત્ર;
બાહ્યાંતર ના ક્ષોભ તો, તેને શાંતિ પવિત્ર. ૫

ઉત્સવ, યુદ્ધ, મરણ સમય, નિર્મળશશી સમ ચિત્ત;
રાગદ્વેષ રહિત જો, જાણો તે શમ-વિત્ત. ૬

શીતળીભૂત અંતરે, વિષયે નહિ આસક્ત;
વ્યવહારે વર્તે છતાં, તે જન શાંત, અસક્ત. ૭

દુરંત આફત આવતાં, ધીરજ જે ધરનાર;
નીચ વલણ મન ના લહે, તે જ શાંતિ વરનાર. ૮



વ્યવહારે વર્તે છતાં, નભ સમ નિર્મળ જેહ;
શમ ગુણ સાધ્યો તેમણે, શાંત મહાત્મા તેહ. ૯

ચંદ્ર ચાંદની વરસતો, તેમ ગુણે શોભંત;
શાંત-ચિત્ત-ધર આતમા, પ્રેરે પરમાનંદ. ૧૦

આર્ય-સુરક્ષિત પરમ શમ, અમૃતસમ જે અહાર્ય;[1]
સિદ્ધિ-ક્રમ તે સાધવો, રામ! તમારું કાર્ય.” ૧૧

‘લઘુયોગવાસિષ્ઠ-સાર’ પૂર્વાર્ધનું

**આઠમું ‘શમ’ પ્રકરણ સમાપ્ત.**

તા. ૧૪-૨-૧૯૫૦. માઘ વ. ૧૩, ૨૦૦૬, મંગળ

* * *

૧. હરણ કરી શકાય નહીં તેવું.

## 'લઘુયોગવાસિષ્ઠ-સાર' પૂર્વાર્ધ

### નવમું પ્રકરણ

### મોક્ષ-દ્વારપાળ : (૨) વિચાર

(દોહરા)

**વસિષ્ઠઋષિ :–**

''શાસ્ત્ર-બોધથી સુનિર્મળ, કરી બુદ્ધિ હે ભવ્ય!
જ્ઞાની ગુરુ સાથે સતત, નિજ વિચાર કર્તવ્ય. ૧

તીક્ષ્ણ બને પ્રજ્ઞા મહા, સદ્‌વિચારને યોગ;
તુરત પરમ પદ તે ગ્રહે, ટળે દીર્ઘ ભવરોગ. ૨

બાંધુવિરહ, સંકટસમય, શાંતિસમય ના ભાન;
મોહ મૂંઝવે જીવને, વિચાર અર્પે સાન. ૩

મોહ ટાળવા માર્ગ તો, વિના વિચાર ન કોય;
અશુભ તજી શુભ આદરે, વિચારવાન જે હોય. ૪

મૂઢ જનો પણ પામિયા, ક્યારેક મોક્ષ જેહ;
વિચારદીપના તેજનું, ઉત્તમ ફળ ગણ તેહ. ૫

રાજ્ય, સમૃદ્ધિ મહા મળે, ભોગ, અનશ્વર મોક્ષ;
એ ફળ બેસે, જો ઊગે, સુ-વિચાર કલ્પવૃક્ષ. ૬

અ-વિચાર નિદ્રા ગણાય, કાજળ જેમ મલિન;
ભ્રાંતિ દે મદિરા સમી, તમે તજો નિશદિન. ૭

કોઠી દુઃખની દુષ્ટ જન, વિવેક-વિચાર હીન;
આફત-વેલા ત્યાં ઊગે, તજો દૂર તે દીન. ૮



જીવન્મુક્ત વિચારથી, દીપે સૂર્ય સમ જાણ;
ભય-તિમિર ટાળે દશે દિશા વિષે, સુખખાણ. ૯

આત્માકાર દશા થતાં, ભવ-વિષમતા જાય;
સુખમય, બાધા-રહિત તે, વિવેક-વિચારે થાય. ૧૦

વિસ્તીર્ણ ચંદ્ર-ચાંદની, શીતળતા દે સાર;
પ્રબળ, વિસ્તૃત વિચારથી, સ્થિતિ નિષ્કામ થનાર. ૧૧

છાયા જીવન્મુક્ત-મન, અવલંબે પદ પૂર્ણ;
રાગાદિ વિક્ષેપ વિના, શુકલ દશા, ગત-તૃષ્ણ. ૧૨

વિશ્વ નિષ્પંદ સમ જુએ, સાક્ષી પેઠે જેહ;
જીવન્મુક્ત દશા થયે, વિષય-ઉત્સુક ન તેહ. ૧૩

શાંત છતાં ન સુષુપ્ત તે, સ્વપ્ન સમ નહીં મોહ;
મુઝવણ ના જાગ્રત તણી, લીન ન કર્મે દ્રોહ. ૧૪

શ્રવણ, મનનાદિ સેવતાં, ભવ કોને? હું કોણ?
સંકટમાંય કર્યા કરો, સ્વયં વિચારો [૧]ઓણ. ૧૫

દિવ્ય નયન સુ-વિચાર તે, દેખે તિમિર વિષે ય;
પ્રકાશમાં અંજાય ના, ગિરિ ભૂમિ પાર [૨]લખેય. ૧૬

ચમત્કાર વિચાર રૂપ, પરમાનંદ સુ-કંદ;
પરમાત્મામય માન્ય તે, સેવો સતત અમંદ. ૧૭

પક્વ કેરી સૌને ગમે, તેમ મનનથી પ્રૌઢ;
વિચારશીલને સંત પણ, ગણે પ્રિય જો વિ-મૂઢ. ૧૮

---

૧. આ સાલ, હમણાં (સં. અધુના) ૨ દેખે (વિચારથી)

અવિચારે વિનષ્ટ મૂઢ, રોતો સંકટ જોય;
વિચારવંત આફત પડ્યે, ધરે ધૈર્ય, નહિ રોય. ૧૯

અનર્થ-ઘર અવિચાર છે, ધિક્કારે સૌ સંત;
પરાકાષ્ઠા દુઃસ્થિતિની, આણો તેનો અંત. ૨૦

'હું કોણ ?' 'ભવ શાથી થતા ?' એ અવલોકન સાર;
સત્શાસ્ત્રે, સત્સંગથી, જાગે તે સુ-વિચાર. ૨૧

[1]"જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;'
તે જ્ઞાને આત્મા ઠરે, થાય શાંતિનું ભાન. ૨૨

ટળે દુઃખ સૌ શાંતિથી, મળે મોક્ષ નિરધાર;
વિવેક-વિચાર વડે થતું, તો ન વિચાર વિસાર. ૨૩

સફળ ફળે પુરુષાર્થ સૌ, ઉત્તમ ગતિ પણ થાય;
સ્ફુટ વિચાર-દૃષ્ટિ થયે, વરો વિચારદશા ય." ૨૪

'લઘુયોગવાસિષ્ઠ-સાર' પૂર્વાર્ધનું

**નવમું 'મોક્ષ-દ્વારપાળ : (૨) વિચાર' પ્રકરણ સમાપ્ત.**

તા. ૧૭-૨-૫૦. શુક્ર ફા. સુ. ૧, ૨૦૦૬.

* * *

૧. શ્રીમદ્ રાજચંદ્ર-આત્મસિદ્ધિ.

# 'લઘુયોગવાસિષ્ઠ-સાર' પૂર્વાર્ધ

## દસમું પ્રકરણ

## મોક્ષદ્વાર-દ્વારપાળ : (૩) સંતોષ, (૪) સત્સંગ

(દોહરા)

**વસિષ્ઠ ઋષિ :–**

"સંતોષે સુખ પરમ છે, સંતોષે છે શ્રેય;
સંતોષે શાંતિ પરમ, [1]અરિહંતા! એ ધ્યેય. ૧

સંતોષ-પદ્મિથી સુખી, સ્થિર-મન નર ચિરશાંત;
ગણે ભૂમંડળ-રાજ્યને, જાણે તૃણ કે [2]વાંત. ૨

શાંત પુરુષ સંતોષમય, અમૃત-પાને ધરાય;
તેને વૈભવ વિશ્વના, વિષમય સર્વ ભળાય. ૩

નહીં-પ્રાપ્તને ના ચહે, પ્રાપ્ત અપ્રાપ્ત સમાન;
હર્ષ-શોક તેથી નહીં, તે સંતોષી માન. ૪

શીત શશી-કિરણે કમળ, રવિ-કર અડ્યે પ્રફુલ્લ;
સંતોષે શીત ચિત્તમાં, જ્ઞાનેલ્લાસ અતુલ્ય. ૫

મલિન દર્પણે ના દીસે, નિજ મુખ જેમ યથાર્થ;
અતૃપ્ત, આશાવશ મને, જ્ઞાન ઝળકવું વ્યર્થ. ૬

સત્પુરુષાર્થે પામવી, આત્મપૂર્ણતા સાર;
આત્મતૃપ્તિ પામ્યે ટળે, તૃષ્ણા સર્વ અસાર. ૭

આવે કિંકર નૃપ કને, સ્વયં તેમ સિદ્ધિય;
આત્મતૃપ્ત નરને મળે, સ્વયં સર્વે નિધિય. ૮

ગુણી-જન-સંમત જે વરે, સમતા-રાણી વીર;
પ્રેમે સુર સંતો નમે, તેને હે રઘુવીર! ૯

૧. આ સાલ, હમણાં (સં. અધુના) ૨ દેખે (વિચારથી)

## (૪) સત્સંગ

ઉતારે સંસાર-પાર, ઉપકારક સર્વત્ર;
પ્રણમું તે સત્સંગને, મળજો અત્ર, પરત્ર. ૧૦

સાધુ-સંગ સુરતરુ ગણો, વિવેક અચળ કરાય-
તો તે આપે મોક્ષસુખ-અનંત, અહો! સદાય. ૧૧

સંત-સમાગમ હોય તો, ઉજ્જડ વન સુખદાય;
મરણ મહોત્સવ જો બને, આપદ-સંપદ થાય. ૧૨

વિજયવંત સત્સંગ છે, આપદ-વેલે હિમ;
પવન મોહઝાકળ ભણી, સત્સંગ-બળ *અસીમ. ૧૩

દશા દુઃખદાયી ભલે, પરવશ હો અત્યંત;
તોપણ તજશો ના કદી- સંત-સંગ, મતિમંત. ૧૪

સત્સંગતિ ગંગાજળે, સ્નાન કરે જે ભવ્ય;
તેને તીર્થ-તપાદિનું, રહે નહીં કર્તવ્ય. ૧૫

જિતેંદ્રિય, છિન્ન-સંશયી, દેહાધ્યાસ રહિત;
સંત મળે તેને પછી, તીર્થ-તપે નહિ ચિત્ત. ૧૬

સંતસમાગમ ના તજ્યો, તેને બનતું ધ્યેય;
નિર્મળ-વિચાર-સાધ્ય જે, આત્મ-પદ ઉપાદેય. ૧૭

જ્ઞાની, વિભ્રાન્ત મનહર, ભક્તિ-ભાવથી સેવ્ય;
ભવ-સમુદ્રે જહાજ તે, નરભવ-લા'વો, ભવ્ય. ૧૮

[૧]સંત-સંગ, [૨]સંતોષ ને, [૩]વિચાર, [૪]શમ એ ચાર;
ભવજળ તરવા ભાવ જો, માનો સાધન સાર. ૧૯

૧. અમાપ



પરમ લાભ સંતોષ છે, ઉત્તમ ગતિ સત્સંગ;
વિચાર પરમ જ્ઞાન ગણ, શમ સુખ પરમ અભંગ. ૨૦

નિર્મળ ફળ દેનાર એ, ચારેમાંથી એક;
સાધ્ય થયે, ચારે સધે, ટળે ભવ-દુઃખ છેક. ૨૧

શાંત સમુદ્રે ફરી શકે, નિર્વિઘ્નેય વહાણ;
શમવાળા મનમાં વસે, સાધન ચારે જાણ. ૨૨

મનમાતંગ જીતી ધરે, એકે ગુણ ના કોય;
ઉત્તમ ગતિ તે ના વરે, પુરુષાર્થે સૌ હોય. ૨૩

દાંત પીસી મંડ્યા રહી, કરો એક ગુણ સાધ્ય;
દૃઢ આગ્રહ તે કાજ ના, તો ભવદુઃખ અસાધ્ય. ૨૪

એક ગુણે મન યોજતાં, સફળ થયો પુરુષાર્થ;
તો દોષો સઘળા ટળે, સધાય સૌ આત્માર્થ. ૨૫

ગુણ વધ્યે દોષો ટળે, દોષ વધ્યે ગુણ જાય;
અસત્સંગ આદિક તજો, તો સત્સંગ સધાય. ૨૬

મન મોહક વનમાં વહે, નદી વાસના રૂપ;
શુભ, અશુભ તટ સ્પર્શતી, તેનો વેગ અનુપ. ૨૭

પ્રયત્નથી તટ તે ફરે, અશુભ સદાય તજાય;
તે પુરુષાર્થ કર્યા કરો, સમજી મોક્ષ-ઉપાય.'' ૨૮

'લઘુયોગવાસિષ્ઠ-સાર' પૂર્વાર્ધનું

**દસમું પ્રકરણ 'મોક્ષદ્વાર-દ્વારપાળ :**

**(૩) સંતોષ, (૪) સત્સંગ' સમાપ્ત.**

તા. ૧૯-૨-૧૯૫૦

* * *

# 'લઘુયોગવાસિષ્ઠ-સાર' ઉત્તરાર્ધ

## પહેલું પ્રકરણ

## વૈરાગ્ય

(મધ્ય મંગલ)

લઘુતામાં પ્રભુતા વસે, પરમ કૃપાને યોગ;
પરમ કૃપાળુ દેવને, યોગે સ્મરું અયોગ. ૧

(ગ્રંથકારનું મંગલ)

અમાપ [1]દિક્કાલાદિથી, અનંત જ્ઞાનાકાર;
[2]સ્વાનુભવથી જ સિદ્ધ જે, નમું શાંતિ-કરતાર. ૨

બંધાયેલો જીવ જે, ઇચ્છે છૂટું કેમ?
અધિકારી આ ગ્રંથનો, જ્ઞાની, અજ્ઞ ન તેમ. ૩

પ્રભુ કૃપા સાક્ષાત્ વિના, મળે ન સદ્ગુરુ-યોગ;
તેમ જ સત્શાસ્ત્રાદિનો, રહે સદાય વિયોગ. ૪

ભવ-સાગર ઓળંગવા, મહાપુરુષને યોગ-
શિવ-સાધન દૃઢ નાવ ને, નાવિકનો સંયોગ. ૫

અનાદિ આ ભવરોગનું, ઔષધ છે સુ-વિચાર;
'કોને ભવ?' ને 'કોણ હું?' વિવેકથી ભવ-પાર. ૬

કલ્પવૃક્ષ સમ સંત છે, [3]ફળ સહ, [4]શીતળ છાંય;
સંત વિનાનો દેશ જ્યાં, રહો ન દિન-ભર ત્યાંય. ૭

---

૧. કોઈ દિશા વડે કે કાળ વડે જેનું માપ કાઢી શકાય નહીં તેવા. ૨ આત્માનો અનુભવ એ જ એક પ્રમાણ જેને જાણવા અર્થે છે તેવા, ભગવાન. ૩ મોક્ષના ઉપાયરૂપ ફળ. ૪ સંસારતાપ ટળે તેવી શીતળ છાંય; આનંદદાયી છાંય.



સંત-સમાગમ તો કરો, ભલે ન દે ઉપદેશ;
જે સાંભળવાનું મળે, તે ઉપદેશ અશેષ. ૮

સંત-સમાગમથી થતા, અકિંચન પૂર્ણ-કામ;
મરણ અમરતા આપતું, આપદ સંપદ-ધામ. ૯

આત્મસુખે મન લીન, જો-કરે નિરંતર સંત;
ભવ-તાપે તપતા જનો, કોનું શરણ લહંત? ૧૦

શિષ્ય વિરાગીને થતો, સમ્યક્ જ્યાં ઉપદેશ;
ત્યાં વિજ્ઞાન અખંડ છે, શાસ્ત્ર, જ્ઞાન અશેષ. ૧૧

શુદ્ધ બોધનું બીજ તો, પ્રજ્ઞા શિષ્યની માત્ર;
વ્યવસ્થા ઉપદેશ-ક્રમ, નિમિત્ત કારણ અત્ર. ૧૨

કદી શાસ્ત્ર-ગુરુથી નહીં, પરમેશ્વર દેખાય;
સાત્ત્વિક નિજ બુદ્ધિ બળે, સ્વયં સ્વરૂપી થાય. ૧૩

ના અભ્યાસે તો કળા- બધી વિલય થઈ જાય;
જ્ઞાનકળા પ્રગટ્યા પછી, દિન દિન ચઢતી થાય. ૧૪

નિજ કંઠે કંઠી છતાં, ખોળે આખું ગામ;
ભ્રાંતિ ટળતાં તે મળે, ગુરુ-વચને હે રામ! ૧૫

અભાગિયો જીવ અજ્ઞ જે, વિષયોમાં હરખાય;
વિષ-મિશ્રિત ખોરાક સમ, અંતે દુઃખી થાય. ૧૬

કટુતા અતિ વેઠી છતાં, વળી વળી વિષયે વાસ;
તો નહિ નર પણ મૂઢ તે, ખર સમ સમજો ખાસ. ૧૭

જગ-સંકલ્પો જીવને, દુઃખે દોરી જાય;
નિર્વિકલ્પતા પામતાં, અક્ષય સુખ ઊભરાય. ૧૮

અલ્પકાળના સ્વપ્નમાં, સો વર્ષો દેખાય;
તેમ જ જાગ્રત કાળમાં, ભ્રાંત દશા પરખાય. ૧૯

સાક્ષીભાવે સૌ જુએ, રાગાદિ તજી જેહ;
શીતળ શાંતિ અંતરે, સુંદર જીવન તેહ. ૨૦

મન ઇંદ્રિય સૌ રોકતાં, ઇષ્ટ-અનિષ્ટ તજાય;
પરમાત્મા સમજાય ત્યાં, સુંદર જીવન થાય. ૨૧

દેહ-નાશનો શોચ શો? સંયોગો વીંખરાય;
મૂળ તત્ત્વનો નાશ નહિ, આત્મા નિત્ય સદાય. ૨૨

ઘટ ફૂટ્યે આકાશનો, નાશ કદી ન મનાય;
તેમ જ દેહ-વિનાશથી, આત્મ-વિનાશ ન થાય. ૨૩

આત્મા જન્મે ના કદી, નાશ ન તેનો થાય;
પરિભ્રમણ પણ થાય તે, અશુદ્ધ નિજ પર્યાય. ૨૪

અનંત નભાદિ જે ગ્રહે, નિત્ય અરૂપી, શુદ્ધ;
તે ના જન્મે કે મરે, શિવ-સ્વરૂપે બુદ્ધ. ૨૫

નિજ આત્માને એક જો, અસંગ, શાંત, અમાપ;
નિર્વિકલ્પતા આદરી, ટાળ રામ! સંતાપ. ૨૬

ગ્રહી ભિખારી-ઠીંકરું, ભલી માગવી ભીખ-
નીચ કને; પણ મૂર્ખનું, જીવન અજ્ઞ, અઠીક. ૨૭

વ્યાધિ, વિષ કે આપદા, દુઃખ ન એવું કોય;
અજ્ઞાને જે જન્મતું, બહિરાત્માને હોય. ૨૮

'લઘુયોગવાસિષ્ઠ-સાર' ઉત્તરાર્ધનું

**પ્રથમ વૈરાગ્ય પ્રકરણ સમાપ્ત.**

પોષ શુદ ૧૪, સં. ૨૦૦૬, મંગલવાર.

* * *

# 'લઘુયોગવાસિષ્ઠ-સાર' ઉત્તરાર્ધ

## બીજું પ્રકરણ

## ઉપશમ

(દોહરા)

શાંત થતો ક્ષીરોદધિ, મંથન પડતાં શાંત;
મનમેરુ દૂર થાય જ્યાં, [1]સંયમ ટાળે [2]ભ્રાંત. ૧

ભવ-ઉદય-ક્ષય ચિત્ત વશ, રોક વાસના-પ્રાણ;
અવિક્ષિપ્ત મન થાય તે, સત્પુરુષાર્થ જ જાણ. ૨

ઊઠે આત્મ-વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
વિકલ્પ-ક્ષયથી તે ટળે : કલ્પિતમાં શું સાર? ૩

ચિત્ર સર્પનું દેખાતાં, ભયથી કંપે બાળ;
ભવ-ભય તેવો અજ્ઞને, જ્ઞાને ભ્રમ, ભય ટાળ. ૪

નિજ મન-મોહ-તરંગથી, કલ્પિત આ સંસાર;
પ્રેત સમો પીડે ઘણો, ટળે વિચારે, ધાર. ૫

અકળ માયા સ્વભાવ જો, નીરખે કે લય થાય;
નાશ થતાં આનંદ દે, સૂક્ષ્મ વિચાર ઉપાય. ૬

માયા અહો! વિચિત્ર આ, વિશ્વ-વિમોહક ખેલ;
સ્વરૂપ જીવ જાણે નહીં, સર્વાંગે વ્યાપેલ. ૭

મૃગજળ કે ગંધર્વ-પુર, જેવું જગ દેખાય;
ધ્રુવ તેને ના માનવું, સંતજન-અભિપ્રાય. ૮

---

૧. મનનું નિયમન, ''સર્વભાવથી વિરામ પામવારૂપ સંયમ.''
—શ્રીમદ્ રાજચંદ્ર  ૨. સંસાર—ભ્રમ, મોહ-વિકલ્પો.

સમીપ પણ દેખાય ના, અવિનાશી નિજ રૂપ;
ત્રણે કાળ ટકનાર તે, આત્મા તત્ત્વ અનુપ. ૯

તટ-તરુ નિર્મળ સર વિષે, આબેહૂબ જણાય;
જગ તેવું દેખાય છે, જ્ઞાન અરીસા માંય. ૧૦

દોરી સર્પ સમી બને, ભ્રમથી સાંજે જેમ;
જ્ઞાન થતાં તે ભ્રમ ટળે, ભવ-ભ્રમણ પણ તેમ. ૧૧

ભોગ-વાસનાથી થતો, પ્રબળ નકામો બંધ;
ઉપશમ ભાવે તે ટળે, આવે ભવનો અંત. ૧૨

ગંભીર ઉદધિમાં ઊઠે, તરંગમાળા જેમ;
અસંગ આત્મામાં અહો! મન-કલ્લોલો તેમ. ૧૩

સંતત સંકલ્પો કરી, મન રચતું જગ-જાળ;
સ્વપ્ન સમો સંસાર આ, જ્ઞાન-દૃષ્ટિએ ભાળ. ૧૪

મૂઢમતિને જગ-દુઃખનો, આવે કદી ન અંત;
ભૂત બાળને પીડતું, જેમ જીવન પર્યંત. ૧૫

કનક-કડામાં અજ્ઞને, દૃશ્ય-દૃષ્ટિનો ભાસ;
નામ-રૂપમાં લીન તે, હેમ ન દેખે ખાસ. ૧૬

તેમ જ અણસમજુ જનો, નગર-ઘર-દૃષ્ટિવંત;
દ્રવ્ય-દૃષ્ટિ પામે નહીં, તે પરમાર્થે અંધ. ૧૭

ઘોર દુઃખમય અજ્ઞને, વિશ્વ સર્વ દેખાય;
જ્ઞાનીને આનંદમય, સૃષ્ટિ દૃષ્ટિ-મય થાય. ૧૮

ઘનથી નભ ઘેરાય જો, વળી વિલય ઝટ થાય;
તેમ વિકલ્પો જીવને—ઘેરે પણ વીખરાય. ૧૯



ઘટ-જ્ઞાન તે જ્ઞાનમય, જગ-જ્ઞાન પણ તેમ;
રવિ-કિરણો રવિરૂપ છે, ત્રિલોક-વૈભવ એમ. ૨૦

તંતુથી પટ ભિન્ન ના, પ્રતિબિંબિત આદર્શ;
આત્મજ્ઞાન વિચારતાં, આત્મા [૧]જગ-નિષ્કર્ષ. ૨૧

ચૈતન્યજલધિમાં લસે, વિશ્વ તરંગ-વિલાસ;
નિજ મન લય થાતાં નહીં, વિકલ્પનો આભાસ. ૨૨

ફીણ, વીચિ, જળ, બાફ સૌ, જળનાં જુદાં નામ;
વિશ્વાભાસ વિકલ્પનું, આત્મા જાણો ધામ. ૨૩

જળે ઊર્મિ, કનકે કડું, ઘટ માટીમાં માય;
તેમ જ આત્મામાં, ખરે! વિશ્વ-વિલાસ સમાય. ૨૪

આત્મ-અજ્ઞાનથી ટકે, જ્ઞાને જગ લય થાય;
દોરીના અજ્ઞાનથી, સર્પ સમજતાં જાય. ૨૫

અરૂપી આત્મ-અજ્ઞતા, વડે ટકે જગ-ભાવ;
સર્પ દીસે દોરી વિષે, એવો ભ્રમ-પ્રભાવ. ૨૬

સ્વપ્નદશા નહિ જાગતાં, ના જાગ્રત સ્મૃતિમાંય;
જન્મે મરણ ન, મૃત્યુમાં—જન્મ કલ્પના નો'ય. ૨૭

સત્-અસત્ તણી કલ્પના, ભ્રાંતિ વિષે કલ્પાય;
મૂળ તત્ત્વ અનુભવ થતાં, મિથ્યાભાવ [૨]વિલાય. ૨૮

'લઘુયોગવાસિષ્ઠ-સાર' ઉત્તરાર્ધનું

**બાહ્યદૃષ્ટિના સંયમરૂપ'ઉપશમ' નામનું**

**બીજું પ્રકરણ સમાપ્ત**

* * *

---

૧. ત્રણે લોકના સારરૂપ; આત્મામાં ભાસ્યમાન જગ—જ્ઞાન તે આત્માથી ભિન્ન નથી. ૨. નાશ પામે.

# ‘લઘુયોગવાસિષ્ઠ-સાર’ ઉત્તરાર્ધ

## ત્રીજું પ્રકરણ

## જીવન્મુક્તિદાયક દશા

(દોહરા)

સૌ આશા-તૃણ બાળતો, આત્મ-બોધ [1]દવસાર;
તેનું નામ સમાધિ છે, આસન, મૌન અસાર. ૧

ચિદાકાર જગ ભાવતાં, ઉપશમ ભાવે સ્થિત;
સદા સુખી જન તે રહે, બ્રહ્મ-કવચ રક્ષિત. ૨

સર્વોત્તમ પદ આશ્રયી, શશીસમ શીતલ ચિત્ત;
સદા સાધતા યોગ આ, પરમેશ્વર જ ખચીત. ૩

અંતર આત્મા જે થઈ, ભાવે શાસ્ત્ર-રહસ્ય;
તજે રાગ ને દ્વેષ તે, સંસારે અસ્પર્શ્ય. ૪

પશુ-પક્ષી ત્યાં ના જતાં, પર્વત બળતો જ્યાંય;
તેમ ન દોષો સ્પર્શતા, બ્રહ્મજ્ઞાને ક્યાંય. ૫

અ-સજ્જનો સમ ખીજવે, પરને કોઈ સંત;
ક્ષમા હૃદયમાં રાખતાં, પૂર્વ કર્મ પરખંત. ૬

દર્શનમોહ ગયા છતાં, મોહ-કાર્ય દેખાય;
સર્પ-ભ્રમ ટળવા છતાં, કંપ હજી વર્તાય. ૭

સ્ફટિક રંગ-સંગે રહે, પણ ના તે રંગાય;
જ્ઞાની કર્મોદય વિષે-દીસે, ના રંજાય. ૮

૧. લીલું સૂકું બધું બાળી નાખે તેવો પ્રબળ અગ્નિ.



અંતવૃત્તિ ધરી કરે, જ્ઞાની સૌ વ્યવહાર;
થાકેલાવત્ કામમાં,–ઝોકાં ખાતો ધાર. ૯

સ્વપ્ન સમા જગ-કાજમાં, જ્ઞાની વર્તે માંડ;
હૃદય સ્વરૂપે રાચતું, કીડી સમ જ્યાં ખાંડ. ૧૦

કાટ કનકને ના ચઢે, કલ્પ સુધી હો પંક;
તેમ મરણ પર્યંત છે, જ્ઞાની જન અ-કલંક. ૧૧

તીર્થ વિષે દેહાંત હો, કે હરિજનને ઘેર;
પૂર્ણ જ્ઞાની મુક્ત છે, જ્ઞાન થયે શિવ લે’ર. ૧૨

નિર્મોહી નર પૃથ્વીને, [1]ગો-પદ જાણે, સુણ;
[2]વ્યોમમુદ્રિકા, [3]મેરુથડ, [4]ત્રિલોક-પતિતા તૃણ. ૧૩

[5]જ્ઞાનીમાં જગ-શૂન્યતા, નભઘટ શૂન્યાકાર;
જ્ઞાન-પૂર્ણતા પૂર્ણ ઘટ, સાગર-જળમાં ધાર. ૧૪

૧. ગાયનું પગલું કાદવમાં પડ્યું હોય તેટલી જમીન સમાન આખી પૃથ્વીના દાનને નિર્મોહી જન માને છે.
૨. આખા આકાશને વીંટીના પોલાણ જેટલું તુચ્છ સમજે છે.
૩. મેરુપર્વત લાખ યોજનની ઊંચાઈનો અને સાવ સોનાનો ગણાય છે તે પણ ઝાડના થડ સમાન નિઃસ્પૃહી પુરુષને લાગે છે.
૪. ત્રણ લોકનું રાજ્ય પણ નિર્મોહીને તરણા તુલ્ય ભાસે છે.
૫. બાહ્યાભ્યંતર ગ્રન્થિ રહિત નિર્ગ્રંન્થજ્ઞાની પરવસ્તુથી શૂન્ય-રહિત છે, જેમ ખાલી ઊંધો ઘડો આકાશમાં હોય તેમ જ્ઞાનથી કેવળજ્ઞાની વિશ્વવ્યાપી છે; બાહ્ય અને અભ્યંતર સર્વત્ર જ્ઞાને કરી વ્યાપ્ત છે. સાગરમાં ઘડો ડૂબેલો હોય તેની અંદર જળ છે અને બહાર પણ જળ છે, તેમ જ્ઞાની બાહ્ય અને અંતરમાં જ્ઞાનપૂર્ણ છે.

જગ જોતાં જેને નહીં, ઇષ્ટ-અનિષ્ટ જણાય;
જાણે ઊંઘે, જાગતો- તે નર મુક્ત મનાય. ૧૫

નિઃશક્તિ નિર્ગ્રંથ જે, દેહ છતાં નિર્વાણ;
ચિત્ર-દીપ સમ શાંત તે, જીવન્-મુક્ત વખાણ. ૧૬

અહંકારમય વાસના સહજ તજી કૃતકૃત્ય;
સ્થિર સ્વરૂપે જે રહે, જીવન્મુક્ત તે [1]મર્ત્ય. ૧૭

તજે અંધ સમ બંધુઓ, સંગ ભુજંગ સમાન;
ભોગ રોગ સમ જાણતા, સ્ત્રીમાં ઘૃણા પ્રમાણ. ૧૮

મિત્ર-શત્રુ સમ માનતા, તે જનનું કલ્યાણ-
આ ભવ પરભવમાં થતું, સત્ય વચન આ જાણ. ૧૯

દૃશ્ય જગત મનથી તજી, અંતર ભાવે શાંત;
નિર્મળ નભ સમ ક્ષોભ ના, તે પરમેશ્વર કાંત. ૨૦

કરે સમાધિ કે નહીં, ઉપાધિ સમાધિ માન;
અંતરથી તૃષ્ણા તજે, તે નર સિદ્ધ સમાન. ૨૧

દેહાદિમાં સ્વબુદ્ધિથી, બંધ જીવને થાય;
બંધ તણો ક્ષય મોક્ષ છે, આત્મા શુદ્ધ સદાય. ૨૨

દૃશ્ય થકી મન માંજીને, કરે અદૃશ્ય સુદૃશ્ય;
નર નિર્વાણ સમીપ તે, ગુરુ-ગમ લહી અવશ્ય. ૨૩

નભ-અંતે ના મોક્ષ કે, ના ભૂતળ, પાતાળ;
મન-લય તૃષ્ણા નાશથી, ત્યાં જ મોક્ષ તું ભાળ. ૨૪

૧. મનુષ્ય



મન-લયની સંપૂર્ણતા, વિલય થતાં આભાસ;
પૂર્ણ તત્ત્વ પ્રકાશતી, અડોલ દીવો [1]ખાસ. ૨૫

સ્પંદન મનનું બંધ છે, મનના લયથી મોક્ષ;
નિર્મળ નિજ સ્વભાવમાં, નહીં સંભવે દોષ. ૨૬

'લઘુયોગવાસિષ્ઠ-સાર' ઉત્તરાર્ધનું
**'જીવન્મુક્તિદાયક દશા' નામનું**
**ત્રીજું પ્રકરણ સમાપ્ત.**

* * *

૧. ''अनंते चिद्घनानंदे निर्विकल्पैक रूपिणि ।
उदेति निष्फलं तत्त्वं निर्वात-स्थिर-दीपवत् ।। श्री हेमचंद्र
નિર્વિકલ્પી સમાધિમાં, અનંત ચિદ્ઘન સૌખ્ય;
અસંગ એક દશા વિષે, બંધન-મુક્તિ અમુખ્ય.
શ્રી હેમચંદ્રાચાર્યના શ્લોક ઉપરથી.

# 'લઘુયોગવાસિષ્ઠ-સાર' ઉત્તરાર્ધ

## ચોથું પ્રકરણ

## **મનોલય**

(દોહરા)

સંત-સમાગમ-બોધમાં, સર્વે ઇચ્છે વાસ;
જેમ રસાયન શક્તિ દે, દે તેવો ઉલ્લાસ. ૧

આત્મા મન-રૂપે રમે, રચી કલ્પના પાંખ;
સ્વચ્છંદે પોતે ભમે, જાણે મીંચી આંખ. ૨

અચિંત્ય શક્તિ મહાન જે, વૈભાવિક વખણાય;
વિશ્વ-વિભાગો તે રચે, જેમ ઉદધિ લહરાય. ૩

જ્વાળા પવને ઊપજે, પવને તે ઓલાય;
સંકલ્પે ભવ ઊપજે, સંકલ્પે જ શમાય. ૪

ધન, વિષયાદિ વિકલ્પથી, ભવ-પરંપરા થાય;
આત્મ-વિચારે મન રહે, તો ભવ ઊઠી જાય. ૫

અવિચારે મન કલ્પના, ઊઠે સહજ અપાર;
સ્વપ્ન-મરણ સમ તે ટળે, જાગ્યે આત્મવિચાર. ૬

દેહાદિમાં સ્વબુદ્ધિ તે, મિથ્યાદર્શન માન;
સાર ગણે સંસારમાં, મર્કટ મન તે જાણ. ૭

પરમાં 'હું' 'મારું' કરે, મન જે તે અજ્ઞાન;
'હું-મારું' ટાળે તદા, સુ-વિચારે તે જ્ઞાન. ૮

ગમે જ્યાં, ત્યાં જ દોડતું, અનિષ્ટ તજવા જાય;
આવું મન બંધન કરે, સુ-વિચારે લય થાય. ૯



ભવ ઊભા કરનાર મન, મનરસ પુરુષ વખાણ;
મને કર્યું તે કૃત્ય છે, ન દેહ તણું પ્રમાણ. ૧૦

મનને લઈને આ બધું, તેથી વિશ્વ જણાય;
મન વશ કરવા બોધ લ્યો, ધ્યાને મન-લય થાય. ૧૧

મનોવાસના બંધ છે, નિર્મોહી મન મોક્ષ;
વિવેક ને વૈરાગ્યથી, ટાળ વાસના-દોષ. ૧૨

વાદળ ઢાંકે ચંદ્રને, ધૂમ્ર ચૂંનાનો લેપ;
અંતર દુષ્ટ અરે! કરે, આશાનો વિક્ષેપ. ૧૩

અંતર્મુખ-જ્ઞાનાગ્નિમાં, ત્રિલોક તૃણ હોમાય;
ભ્રાંતિ ત્યાં અટકી જતી, પ્રત્યાહાર પમાય. ૧૪

ઇષ્ટ અનિષ્ટ પદાર્થની, સ્મૃતિ સંપૂર્ણ ભલાય;
નિર્વિકલ્પ સમાધિમાં, મન-લય યથાર્થ થાય. ૧૫

જાગૃતિમાં મન દુઃખ દે, સ્વપ્ને મૂઢ સમાન;
સુષુપ્તિમાં મડદાલ મન, તુર્યામાં મૃત માન. ૧૬

[1]પંક કતકફળ ટાળતાં, જળે ઓગળી જાય;
તેમ અશુદ્ધિ ટળી જતાં, મન આત્મામય થાય. ૧૭

ક્લેશિત મન સંસાર છે, તે જ બંધમય માન;
ચિત્ત ચલાવે દેહને, તરુને વાયુ સમાન. ૧૮

બાંયે બાંય ચઢાવીંને, દાંતે પીસી દાંત;
અંગે અંગ અફાળીંને, પ્રથમ કરો મન શાંત. ૧૯

---

૧. કાદવ, કચરો

સ્વચ્છન્દે મન વર્તતું, રોકે જે ના મૂઢ;
લજ્જા પામે કેમ ના, વદતાં વાતો ગૂઢ? ૨૦

મનોદેવને સાધતાં, સર્વે અર્થ સધાય;
તેના જય વણ સાધનો, ક્લેશદ, નિષ્ફળ થાય. ૨૧

અનુદ્વેગ દે સંપદા, અનુદ્વેગથી મોક્ષ;
ત્રિલોકજય તૃણવત્ ગણો, મન-જય વિના સદોષ. ૨૨

[1]સત્સંગ, [2]નાશ આશનો, [3]અધ્યાત્મ-શાસ્ત્ર-વિચાર;
[4]ભાવ પ્રાણમાય એ, મન-જય ઉપાય ચાર. ૨૩

પગરખાં પહેરેલને ચર્મે ભૂમિ મઢાય;
તેમ તૃપ્તિ મનની થતાં, જગત અમૃતમય થાય. ૨૪

અનાત્મભાવે બંધ છે, આત્મભાવથી મોક્ષ;
બંધ-મોક્ષનાં કારણો, મન સદોષ-નિર્દોષ. ૨૫

મન-જયથી ભવ-નાશ છે, વીતરાગતા થાય;
શાંત, પૂર્ણ સુખરૂપ આ, આત્મા મુક્ત સદાય. ૨૬

આત્મ-ભાવ-સંપૂર્ણતા, પરમાનંદે પૂર્ણ;
અનુપમ અવસ્થા પૂર્ણની, ઉપમા સર્વ અપૂર્ણ. ૨૭

'લઘુયોગવાસિષ્ઠ-સાર' ઉત્તરાર્ધનું
**ચોથું 'મનોલય' પ્રકરણ સમાપ્ત.**
પોષ વદ ૯, સં. ૨૦૦૬, તા. ૧૨-૧-૧૯૫૦

* * *

# 'લઘુયોગવાસિષ્ઠ-સાર' ઉત્તરાર્ધ

## પાંચમું પ્રકરણ

## વાસના-ઉપશમન

(દોહરા)

'હું કોણ?' એ સ્મૃતિ રહે, એવો સ્વાત્મ-વિચાર;
અગ્નિ ગણો વિષ-તરુ રૂપ, [1]મનબીજને દહનાર. ૧

ચિત્ર-લતાને ના નડે, વાયુ પ્રબળ લગાર;
વિચાર-[2]મુકુરે ધીર-ધી, આધિ વશ ન થનાર. ૨

અધ્યાત્મ-શાસ્ત્ર-વિચારજ-[3]જ્ઞાન, [4]શ્રુતિમાં એમઃ-
જ્ઞેય દીસે છે જ્ઞાનમાં, દૂધે મીઠાશ જેમ. ૩

આત્મ-વિચારે સુજ્ઞને, શિવ, બ્રહ્માદિક રંક;
પ્રગટ આત્મ-સ્વભાવના, મહિમાનો નહિ અંક. ૪

'વિશ્વ બધું શું?' 'કોણ હું?' એ જ વિચારે લીન;
કલ્પિત સમજાશે અસત્-જગત, થશે સ્વાધીન. ૫

આત્મ-ભાવનાથી થયો, મૂઢ દશાનો નાશ;
તેની ટળતી વાસના, મૃગજળની શી આશ? ૬

ભાવ-પ્રાણાયામથી, થશે વાસના-નાશ;
વાસના-ક્ષય થતાં થશે, મન અનન્ય પ્રકાશ. ૭

તત્પર થા હે સન્મતિ! સુ-સંગ આગમમાંય;
આત્મનિષ્ઠા ઉપાર્જશે, ન્યૂન માસ-દિન જ્યાંય. ૮

---

૧ વાસના ૨ દર્પણ; આરસી ૩ ''ઇંદ્રિયાર્થગત બુદ્ધિ છેજી, જ્ઞાન છે આગમહેત'' —શ્રી યશોવિજયજી ૪ આગમ, સત્શાસ્ત્ર; પ્રત્યક્ષ પુરુષનાં વચન.

સત્સંગ, વ્યવહાર સત્, ઉદાસીન ભવ-ભાવ;
દેહ વિનશ્વર’ ભાવના, હણે વાસના સાવ. ૯

આત્મ-ભાવ દૃઢ ભાવતાં, મૂઢ જનો ય અભાગ્ય;
અમૃત રૂપ આત્મા કરે, વૈભવ વિષ વૈરાગ્ય. ૧૦

આત્મ-દૃષ્ટિ દેહે થતાં, વપુ-પરંપરા હોય;
અનાત્મ-ભાવ શરીરમાં, થયે વિદેહી જોય. ૧૧

સુખ-શય્યા-ગત સ્વપ્નમાં, જે દેહે ભટકાય;
અત્યારે તે દેહ ક્યાં? સમજી સુજ્ઞ શમાય. ૧૨

‘દેહ હું’ એમ સર્વથા, દેહાંતે ય ન ધાર;
જેમ સદાચારી ન લે, માંસ તણો આહાર. ૧૩

અહંભાવ સહજે જશે, ગુરુ ભજતાં અદ્રોહ;
આત્મ-ભાવમાં લીન જે, શાંત સુખી નિર્મોહ. ૧૪

અંતરમાં શીતળ રહે, આત્મદૃષ્ટિ ધરનાર;
નિર્મળ નભ સમ તે રહે, સ્વરૂપને ભજનાર. ૧૫

અંતર-શીતળતા વડે, જગ શીતળ સમજાય;
અંતર-તાપે જો બળે, જગ દવ સમ દેખાય. ૧૬

‘લઘુયોગવાસિષ્ઠ-સાર’ ઉત્તરાર્ધનું
**પાંચમું ‘લોકવાસના-ઉપશમન’ પ્રકરણ સમાપ્ત.**
પોષ વદ ૧૧, સંક્રાંતિ, તા. ૧૪-૧-૫૦.

* * *

# ‘લઘુયોગવાસિષ્ઠ-સાર’ ઉત્તરાર્ધ

## છઠ્ઠું પ્રકરણ

## આત્મ-મનન

(દોહરા)

સ્થિરમનવાળા ભક્તજન, સમજાવી નરસિંહ-
પરમાનંદે લીન તે, સદ્ગુરુ નમું નિરીહ. ૧

શુદ્ધ નિરંજન હું સદા, જ્ઞાની, કર્માતીત;
અન્ય દેહ સમ દેહ આ, દેખું જ્ઞાન-રહિત. ૨

મન, બુદ્ધિ, ઇંદ્રિયો બધાં, સ્વાનુભવે નહિ હોય;
અજ્ઞાને જે ભાસતાં, મારાં ગણું ન કોય. ૩

આફતમાં મન છે અચલ, સંપદમાં જગ-મિત્ર;
દ્વંદ્વાતીત દશા ધરી, જીવું દુઃખ - રહિત. ૪

નિરીહ અને નિરાશ હું, નિર્મલ નભ સમ નિત્ય;
નિઃસ્પૃહ, શાંત, અરૂપી છું, અડોલ ને કૃતકૃત્ય. ૫

સ્થાવર જીવ-સંશ્રિત છે, પંચ ભૂત સર્વત્ર;
ચિન્મય લોક બધો, ખરે! હું પણ ચિન્મય અત્ર. ૬

દૃશ્યાતીત રહેલ હું, નભ સમ વ્યાપી જ્ઞાન;
તદ્રૂપ મારા ભાવનું, વર્ણન અનન્ય માન. ૭

કેવલજ્ઞાનોદધિ વિષે, જીવ વીચિ સમ જાણ;
ઉત્પાદ આદિ અનુભવે, એ આશ્ચર્ય પ્રમાણ. ૮

કેવલજ્ઞાન મહોદધિ, વિશ્વ વીચિ કલ્પાય;
ઉત્પાદાદિ થયા કરે, હાનિ-વૃદ્ધિ નહિ થાય. ૯

સ્વાનુભવના અભાવથી, દૃશ્ય માનતો ભજ્ય;
સત્ય, અપરોક્ષ દર્શને, પામ્યો નિજ સામ્રાજ્ય. ૧૦

સર્વવ્યાપી, જ્ઞાનમય, નિત્ય-મુક્ત મુજ રૂપ;
પ્રત્યક્-ચેતન સર્વ સમ, નમું સ્વરૂપ અનુપ. ૧૧

'લઘુયોગવાસિષ્ઠ-સાર' ઉત્તરાર્ધનું

**છઠ્ઠું 'આત્મ મનન' પ્રકરણ સમાપ્ત.**

પોષ વદ ૧૨, ૨૦૦૬, તા. ૧૫-૧-૫૦.

* * *

# 'લઘુયોગવાસિષ્ઠ-સાર' ઉત્તરાર્ધ

## સાતમું પ્રકરણ

## આત્મ-નિરૂપણ

(દોહરા)

કૃત્રિમ વર્તન બાહ્ય હો, અંતર્ - ત્યાગે વાસ;
કર્તા દેખે લોક તો, ઉરે અકર્તા ખાસ. ૧

આશા ત્યાગી અંતરે, વીતરાગ, [1]નિર્વાસ;
વર્તો વ્યવહારે તમે, રાઘવ! રહી ઉદાસ. ૨

અંતર્-ત્યાગે શોભતી, દૃષ્ટિ પૂર્ણ ધરનાર;
જીવન્મુક્ત બની કરો, સ્વસ્થપણે વ્યવહાર. ૩

શુદ્ધ, બુદ્ધ, હું એક છું, એ નિશ્ચયમય આગ;
દ્વંદ્વ સકલ વન બાળતી, દે સુખમય વૈરાગ્ય. ૪

દેહાભિમાન પાશથી, દૃઢ રીતે બંધાય;
જ્ઞાન-ભાવ આસિ તું ગ્રહી, છેદ બંધ, સુખ થાય. ૫

અનાસક્ત દેહાદિમાં, આત્મ-નિષ્ઠ અનન્ય;
સત્-ચિત્-આનંદે રહો, તો જીવન આ ધન્ય! ૬

સ્વપ્ન, નીંદ, જાગૃત દશા-રહિત, સનાતન રૂપ;
શુદ્ધ સચેતન ભાવમાં, સદા રહો તદ્રૂપ. ૭

ગ્રાહ્ય ગ્રાહક ભાવ તજ, તજ સઘળા પરભાવ;
સ્વાત્મ-સ્વરૂપ ઓળખી, છો તેવો થા સાવ. ૮

---

૧. વાસના રહિત

ઉઠાવ નહિ સંકલ્પ તું, હણ મન થઈ નિર્વાસ;
સ્વાત્મામાં સ્થિર તું રહે, દુષ્કર એ નહિ ખાસ. ૯

જડ મડદું આ દેહ તો, તારે શો સંબંધ?
સુખ-દુઃખ તેને કારણે- પરવશ, રામ! લહંત. ૧૦

માંસ, રુધિર આ દેહમાં, તું ચૈતન્ય શરીર;
તજ દેહે તું આત્મધી, સમજ, સમજ, રઘુવીર. ૧૧

દેહ કાષ્ઠ, તૃણ તુલ્ય જો, પરમાત્મા અવશેષ;
ભ્રાંતિ આમ સહજે ટળે, દુઃખ રહે નહિ લેશ. ૧૨

સ્વાત્મા સત્ય વિસારિયો, જગમાં એ જ વિચિત્ર;
અસત્ય અવિદ્યા પ્રિય થઈ, ગણે શત્રુને મિત્ર. ૧૩

સ્વાત્મ-ધન ના ખોળતા, જગજન એ આશ્ચર્ય;
મિથ્યા મમતા સાધતા, વિસારી બ્રહ્મચર્ય. ૧૪

જગ વીસરી આત્મા જુઓ, એ ઉત્તમ છે ધ્યેય;
આપે મુક્તિ સહજ તે, પર્યાયદૃષ્ટિ હેય. ૧૫

'લઘુયોગવાસિષ્ઠ-સાર' ઉત્તરાર્ધનું
**સાતમું 'આત્મ-નિરૂપણ' પ્રકરણ સમાપ્ત.**
તા. ૧૬-૧-૧૯૫૦, પોષ વદ ૧૩, ૨૦૦૬

* * *

# 'લઘુયોગવાસિષ્ઠ-સાર' ઉત્તરાર્ધ

## આઠમું પ્રકરણ

## આત્માર્ચન

(દોહરા)

ભૂલી દેહધારીપણું, ચૈતન્યે વિશ્રાંત;
તૃણવત્ જગને દેખતાં, તુરત જ બનશો શાંત. ૧

જેથી સર્વ જણાય છે, તેમાં મન જો જાય;
પ્રગટરૂપ ચૈતન્યમય, જ્ઞાનદીપ દેખાય. ૨

શબ્દ, રૂપ, રસ, ગંધને, જે જાણે છે, રામ!
તે આત્માને જાણ તું- પરમેશ્વર, સુખ-ધામ. ૩

જ્યાં ઝળકે છે વિશ્વ આ, ઉત્પાદાદિક થાય;
તે આત્મા આત્મારૂપે—જાણો, રામ! સદાય. ૪

આ જે જ્ઞેય જણાય તે, 'નેતિ' 'નેતિ' કર બાદ;
વિવેકથી અંતે રહે, આત્મા અવ્યાબાધ. ૫

માત્ર ચૈતન્ય રૂપ તે, આત્મા નિજ સમજાય;
તેની કર તું ભાવના, વારંવાર સદાય. ૬

જ્ઞાન ન તારાથી જુદું, જ્ઞાન વિના શું જોય?
અનાત્મા સર્વ વિસારતાં, આત્મ-લીનતા હોય. ૭

સ્થિતિ, ઉત્પાદ, વિનાશમાં, કારણ કોઈ ન માન;
આત્મા એક વિચારવો, આત્મા પ્રભુ પ્રમાણ. ૮

'પ્રભુ પ્રભુ' જ્યાં લય લાગતી, અવિનાશી શિવ થાય;
જીવ-જગત-ભાવો ટળે, એક અસંગ ભળાય. ૯

'ચિન્મય એક, અખંડ હું, અડોલ, પૂર્ણ, અમાપ,'
આત્મભાવના આ કરો, એક લક્ષથી આપ. ૧૦

અહંભાવ સૌ ટાળ તું, પરમાનંદે પૂર્ણ;
અનુદ્વેગતા ધાર તું, ઉપાસતાં પરિપૂર્ણ. ૧૧

ગ્રાહ્ય-ગ્રાહક ભાવ તો, પ્રાકૃત જન સામાન્ય;
સાવધાન આત્મા વિષે, યોગી અર્ચન માન. ૧૨

'લઘુયોગવાસિષ્ઠ-સાર' ઉત્તરાર્ધનું

**આઠમું આત્મ-અર્ચન પ્રકરણ સમાપ્ત.**

તા. ૧૭-૧-૧૯૫૦

* * *

# 'લઘુયોગવાસિષ્ઠ-સાર' ઉત્તરાર્ધ

## નવમું પ્રકરણ

## આત્માનુભવ

(દોહરા)

દેહેન્દ્રિયાદિ યોગમાં, 'આ હું' એવો ભાવ-
સ્ફુરે સહજ તેને કહ્યો, જીવ સંસારી સાવ. ૧

દૃઢ નિશ્ચય ચૈતન્યનો, સ્થિર થઈ શુદ્ધિ થાય;
તો [1]નિઃસ્નેહ દીવો [2]બુઝે, તેવી શાંતિ સદાય. ૨

અવગણતો સ્વ-મહત્ત્વ કો, ઉદ્દુર્વાસી ભૂ-દેવ;
બને શૂદ્ર નીચ સેવતાં, તેમજ જીવ અદેવ. ૩

પળ પળ પલટે દેહ તે, સત્ય ગણે છે જીવ;
મિથ્યા ભૂત ગણી ડરે, બાળક જેમ અતીવ. ૪

કાદવના ગજ પર કરે, બાળ સવારી જેમ;
આરોપે દેહાદિમાં– આત્મા અજ્ઞ જ તેમ. ૫

સર્પ ચિત્રિત જાણતાં, સર્પ તણો ડર જાય;
તેમ જીવ શિવ જાણતાં, દુઃખે દુઃખ ન થાય. ૬

[4]માળામાં ભ્રમ સર્પનો, માળા જાણ્યે જાય;
દેહે આત્મ-ભ્રાંતિ તે, જ્ઞાન થતાં લય થાય. ૭

કંકણ આદિ અનેક પણ, કનક સર્વમાં એક;
અનેક દેહ ધરે છતાં, જીવ ન પલટે છેક. ૮

---

૧. તેલ વિનાનો ૨ ઓલવાઈ જાય ૩ દુષ્ટ વાસનાવાળો ૪ ફૂલનો હાર.

મણિ, પાણી, ઘી, કાચમાં, વિવિધપણે મુખ જોય;
વિવિધ શરીરે તેમ જો, જીવ-ભિન્નતા હોય. ૯

દેહ એક અવયવ ઘણા, માટી એક બહુ ઠામ;
તેમ જ ત્રસ સ્થાવર ભવે, એક જીવ બહુ નામ. ૯અ

ધૂળ, ધૂમ્ર, વાદળ વડે, વ્યોમ મલિન લખાય;
તેમ કર્મ - પ્રકારથી જીવ - ભેદ દેખાય. ૧૦

અગ્નિ-સંગથી લોહ પણ, અગ્નિ રૂપે જણાય;
આત્મયોગથી ઇંદ્રિયો, આત્મારૂપ મનાય. ૧૧

શશી ગ્રહણ કાળે દીસે રાહુ જેમ અદૃશ્ય;
તેમ દેહ સહ અનુભવી, યોગે આત્મા દૃશ્ય. ૧૨

અહો! સંગનો રંગ આડ, જડના સંગે દેખ;
જડતા ભાસે જીવમાં, જળે ઉષ્ણતા પેખ. ૧૩

અગ્નિ મહાજળમાં તજે, ઉષ્ણ, ઉગ્ર સ્વરૂપ;
તેમ વિકલ્પો ચિત્તના, ટાળે મુનિવર ભૂપ. ૧૪

દ્રવ્ય ચિત્તનું કામ જે, સંકલ્પે સહકાર;
શુકલધ્યાને છેદતાં, શિવપદ તે દેનાર. ૧૫

ઘી ગૌથી, અગ્નિ કાષ્ઠથી, તલથી તેલ પમાય;
આત્મ-લાભ નર-દેહથી, જો યોજે સદુપાય. ૧૬

અછિદ્ર સ્ફટિકે વસતું, વ્યોમ જેમ દેખાય;
જ્ઞેયો તેમ જણાવતા, જ્ઞાનપૂર્ણ શિવ-રાય. ૧૭

ફાનસની અંદર તથા, બહિર્ પ્રકાશક દીવ;
તેમજ અંતઃકરણ ને, જગત પ્રકાશે જીવ. ૧૮



દર્પણમાં રવિબિંબ જે, પ્રસરાવતું પ્રકાશ;
તેમજ નિર્મળ હૃદયમાં, આત્મજ્ઞાન વિકાસ. ૧૯

જગત્સૌંદર્ય ઝળકતું, અજ્ઞાને મતિમાંય;
સર્પારોપ સમાન તે, દોરીમાં ભ્રમ જ્યાંય. ૨૦

સદ્ગુરુ-બોધે ભ્રમ ટળે, તો આત્મા ત્યાં નિત્ય;
મિથ્યાભાવ ભૂલી રહે, સ્વરૂપ સદા-ઉદિત. ૨૧

આદિ, અંત ના દ્રવ્યથી, આત્મા નિર્વિકલ્પ;
અધિષ્ઠાન છે જ્ઞાન જે, પર્યાયે સવિકલ્પ. ૨૨

સ્વયંપ્રકાશી રવિ સમો, આત્મા શુદ્ધ સદાય;
કેવળજ્ઞાન વિકાર-વણ, વિશ્વ સકળ જ્યાં માય. ૨૩

આત્મા અનુભવ માત્ર છે, જે જાણ્યે સર્વજ્ઞ;
અનન્ય જે ચૈતન્યમય, અગ્નિ તે જે ઉષ્ણ. ૨૪

ચિત્ત-રહિત, ચિન્માત્ર જે, પરમાત્મામય આપ;
અખંડ, દૃઢ આધાર તે, અધિષ્ઠાન ગત પાપ. ૨૫

સ્વચ્છ, બુદ્ધ, ચૈતન્યમય, નિર્મળ, અન્ય-અસંગ;
ગ્રાહ્ય-હેય-વણ આતમા, સ્વભાવ મૂળ અભંગ. ૨૬

વાયુ સર્વત્ર વિશ્વમાં, વ્યાપે તોય અસંગ;
તેમ દેહમાં વ્યાપતો, આત્મા અતનુ, અભંગ. ૨૭

ચિદંબર સર્વમાં રહે, સમાન નિશ્ચય જાણ;
હાથી કે કીડી વિષે, પ્રદેશ અસંખ્ય પ્રમાણ. ૨૮

બંધ-મોક્ષની કલ્પના, એક-અનેક ન કાંય;
અનંત-જ્ઞાન-વિલાસમય, ચેતન ચમકે જ્યાંય. ૨૯

આત્મદૃષ્ટિને જ્ઞાન કે, વિશ્વ, જીવનાં સ્થાન;
'હું-તું', શત્રુ-સહાય કે, બાંધવ આત્મ-સમાન. ૩૦

જ્ઞાન-જ્ઞેયની કલ્પના બંધહેતુ જ્યાં જાય;
મોક્ષ અનંતર માન, ત્યાં- સૌ સિદ્ધાંત સમાય. ૩૧

સત્, ચિત્, ચિન્માત્ર, ચિન્મય, હું-તું, ચેતન સર્વ;
આત્મદૃષ્ટિએ દેખતાં, ચેતન ભૂલે ગર્વ. ૩૨

જે છે, જ્ઞાને જાણિયે, આત્મા તે અવિનાશ;
પર રૂપે નાસ્તિત્વમય, સ્વ-સંવેદને ભાસ. ૩૩

સર્વ સિદ્ધાંત-સાર આ, તજવા ચિત્ત-વિકલ્પ;
આત્મામય નિજ શુદ્ધતા, એ મોક્ષ-સુખ અનલ્પ. ૩૪

'લઘુયોગવાસિષ્ઠ-સાર' ઉત્તરાર્ધનું
**નવમું 'આત્માનુભવ' પ્રકરણ સમાપ્ત.**
તા. ૨૦-૧-૧૯૫૦, મહા સુદ ૨, ૨૦૦૬, શુક્ર.

* * *

# 'લઘુયોગવાસિષ્ઠ-સાર' ઉત્તરાર્ધ

## દસમું પ્રકરણ

## નિર્વાણ

(દોહરા)

ઇંદ્રિય વિષય થકી થતું, સુખ ના પરમ ગણાય;
'આત્મા હું' એ જ્ઞાનથી, સર્વ વિકલ્પ હણાય. ૧

વિષયે સુખની વાસના, બંધ-હેતુ પ્રમાણ;
વિષય-સુખે શ્રદ્ધા ગયે, મુક્તિ-હેતુ તું જાણ. ૨

ભાવ શુભાશુભથી રહિત, પદ શુદ્ધાત્મ વસંત;
તેને અવલંબી તરો, ત્યાગાદિથી ન અંત. ૩

અનેકાંત પરમાર્થ સત્, ગુરુગમથી અવધાર;
હૃદયાકાશે સ્થિર કરી, આરાધ્યે ભવ-પાર. ૪

દ્રષ્ટા દૃશ્યે રાચતાં, કરે બંધ, સિદ્ધાંત;
દૃશ્યે રાગ થતો હણે મુકાય તે એકાંત. ૫

દ્રષ્ટા, દર્શન, દૃશ્ય એ, ત્રણે તજી નિર્વાસ;
પ્રથમાભાસ *સુદર્શને, આત્મા સમજ, ઉપાસ. ૬

અસ્તિ-નાસ્તિતા જે ધરે, કરે સમસ્ત પ્રકાશ;
તેવા આત્માને સદા, ઉપાસજે તું ખાસ. ૭

---

૧. દર્શન ઉપયોગ, એક જ્ઞેય તજી અન્ય જ્ઞેયના ગ્રહણ પહેલાંની નિર્વિકલ્પ સ્થિતિ.

जं सामण्णं गहणं, भावाणं णेव कट्टुमायारं ।
अविसेसिदूण अट्ठे, दंसणमिदि भण्णए समये ॥४४।
—द्रव्यसंग्रह

નહિ નિદ્રાની મૂઢતા, જાગ્રત ભાન અચિંત;
દશા અલૌકિક ભાવતાં, પામો સુખ અત્યંત. ૮

તુરીયાવસ્થામાં નહીં, જાગ્રત, સ્વપ્ન, સુષુપ્ત;
નિર્વિકલ્પક દશા કહી, ચૈતન્ય—મૂર્તિ ગુપ્ત. ૯

જડતા-રહિત શિલા સમી, ઉત્તમ દશા સદાય;
મનોવિકલ્પ તજી ભજો, તન્મય થઈ, રઘુરાય. ૧૦

મૃત્પાત્રોમાં મૃત્તિકા, જો તન્મય સર્વત્ર;
તેમજ જો ચૈતન્ય તું, ચિદાનંદ દેહસ્થ. ૧૧

કેવળ જ્ઞાન-મહોદધિ, પ્રસરે નભે અનંત;
સર્વ દિશા ભરપૂર તે, ચિન્મય જ્ઞાનાનંદ. ૧૨

અખંડ અવિનાશીપણે, નભ ને કેવળજ્ઞાન;
વિભુ, સરખાં બન્ને છતાં, જડ નભમાં અજ્ઞાન. ૧૩

અક્ષુબ્ધ, ગંભીર, મધુર, આત્મ-સુધાર્ણવ જાણ;
અપાર, ઘન આનંદમય, અકલિત-કળા પ્રમાણ. ૧૪

અખંડ આત્મા નિશ્ચયે, એક અને સુખરૂપ;
'હું' 'મારું' માની નહીં, ખંડિત કરો, અરૂપ. ૧૫

આત્મા જાણ્યો શુદ્ધ તો, મોહ-વિકલ્પ શમાય;
સૌ સંસાર વિસારતાં, જીવ શિવરૂપ થાય. ૧૬

આત્મ-ભાવમાં મસ્ત તે, ભૂલે વિશ્વ વિશાળ;
કોણ અમૃત પીનાર ના, [1]અમર બને, [2]ગતકાળ? ૧૭

૧. 'અબ હમ અમર ભયે, ન મરેંગે,...સો હમ કાળ હરેંગે'—
શ્રી આનંદઘનજી. ૨. મરણના ભય વિનાના.



ભવ્ય જીવ જે હોય તે, લહે સુણી આ સર્વ;
નહિ તો નિશ્ચય ના લહે, ધરે ઊલટો ગર્વ. ૧૮

પાત્ર-દાન શિવ-હેતુ છે, બન્નેને ઉપકાર;
અપાત્રને ઉપકાર શો! ભસ્મ વિષે ઘી-ધાર. ૧૯

તત્ત્વ-વેદી ય સર્વદા, કરે તત્ત્વ-અભ્યાસ;
માત્ર કતક-ફળ ઓળખ્યે, નીર ન નિર્મળ ખાસ. ૨૦

કૃષ્ણાદિકે કહેલ જે, શુદ્ધ આત્મ-સ્વરૂપ;
માની અવ્યય મોક્ષ લે, નહિ તો ફર ભવ કૂપ. ૨૧

'નેતિ નેતિ' કરતાં બચે, પરમ આત્મપદ એ જ;
અબાધ્ય અનુભવ ભાવતાં, સુખી રહું છું સ્હેજ. ૨૨

સતત એક હું શુદ્ધ છું, ભાવ નિરંતર એમ;
ધ્યાતા ધ્યેય ગણી જુદા, અખંડ ખંડે કેમ? ૨૩

'સોઽહં' ચિંતન માત્ર જે, આત્માનું તે ધ્યાન;
ધ્યાન તણી વિસ્મૃતિ તે, સમાધિ સમ્યક્ જાણ. ૨૪

જ્ઞાનાભ્યાસ વધારતાં, અહંકાર કર દૂર;
સં પ્રજ્ઞાત સમાધિ તે બ્રહ્મ-ભાવ ભરપૂર. ૨૫

મન-રહિત આત્મા તણી, હાનિ થતી ન જરાય;
પ્રલય-વાયુ-રવિ-જળ વડે, નિર્વિકલ્પ દશાય. ૨૬

ઉત્પત્તિ-વ્યય સર્વનાં, સાક્ષી રૂપે જાણ;
પૂર્ણાનંદમયી સદા, અપૂર્વતા એ માણ. ૨૭

સચરાચર આ દૃશ્ય તે, મનને લઈને માન;
ઉન્મનીભાવ આવતાં, આત્મા-ઐક્યનું ભાન. ૨૮

અચળ, શાંત, શિવ આતમા, જેમાં સર્વ જણાય;
સ્પંદાસ્પંદ વિલાસમય, ચિન્મય, એક ગણાય. ૨૯

સર્પ કાંચળી ના તજે, ત્યાં લગી ગણે સ્વરૂપ;
તજે પછી ના નિજ ગણે, સમજ દેહ ભવરૂપ. ૩૦

અવ્રત તજે, વ્રતો ભજે, જ્ઞાની ઉદયાધીન;
શુભાશુભ ભવ-ભાવમાં, બાળ સમ ઉદાસીન. ૩૧

કેવળજ્ઞાને વિશ્વ આ, દર્પણમાં પ્રતિબિંબ;
સ્વભાવમય જાણો સદા, ગણો ન તેથી નિંદ્ય. ૩૨

સ્ફટિક થાંભલે પૂતળી, અણકોરી સમજાય;
પૂતળી વિનાનો નથી- સ્તંભ, એ આતમછાંય. ૩૩

સ્વચ્છ જળે મોજાં દીસે, અસ્તિ-નાસ્તિ સમજાય;
કેવળજ્ઞાને વિશ્વ પણ, શૂન્ય-અશૂન્ય મનાય. ૩૪

'લઘુયોગવાસિષ્ઠ-સાર' ઉત્તરાર્ધનું
**દસમું 'નિર્વાણ' પ્રકરણ સમાપ્ત.**

**'લઘુયોગવાસિષ્ઠ-સાર'**
**સમાપ્ત.**

ૐ

પરમ કૃપાળુ દેવને નમોનમઃ

# સમાધિશતક-વિવેચન

## (૧) પ્રાસંગિક

अनुष्टुप्-**नमोऽस्तु पूज्यपादाय समाधिस्वामिने त्रि धा ।**
**राजचंद्राय याचेऽहं, समाधिबोधि-साधनम् ॥१॥**

દોહરો—બોધિ-સમાધિ જ યાચતો, પ્રણમું શ્રી ગુરુરાજ;
પૂજ્યપાદ-શરણે ફળો, સફળ જીવન મુજ કાજ. ૧

**ભાવાર્થ :—** ''જેના વચનબળે જીવ નિર્વાણમાર્ગને પામે છે, એવી સજીવન મૂર્તિ'' રૂપ, પરમ પૂજ્ય જેના ચરણારવિંદ છે, સહજ સમાધિને જે વર્યા છે, તથા સહજ સમાધિનું જેણે દાન દીધું છે એવા પરમોપકારી પરમ ગુરુ શ્રીમદ્ રાજચંદ્ર દેવને મન, વચન, કાયાના યોગે નમસ્કાર હો! ''તન, મન, વચન અને આત્માથી અર્પણબુદ્ધિ'' કરી, સમાધિ-મરણના સાધનરૂપ સમાધિ-બોધિમય પાથેય (ભાથું) મોક્ષ પ્રાપ્ત થતાં સુધી ચાલે તેવી યાચના ગુર્જર અનુવાદકે મંગલ ગાથામાં પ્રદર્શિત કરી છે.

બોધિ એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે આત્મ-સ્વભાવની એકતા; અને તે તે દ્વારા આત્મપરિણામની ટકી રહેતી સ્વસ્થતાને સમાધિ કહી છે. એ દશા જેમને સહજ સ્વરૂપે રહ્યા કરે છે એવા મંગલમૂર્તિ પૂજ્ય ગુરુવર્ય શ્રીમદ્ રાજચંદ્રના પુનિત ચરણાવિંદમાં વંદન કરી તે જ દશાની પ્રાપ્તિ ઇચ્છી છે; તે જ જીવનની સફળતા માની છે.

"તેની (સદ્ઉપદેષ્ટાની) નિષ્કારણ કરુણાને નિત્યપ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે." —શ્રીમદ્ રાજચંદ્ર

એ લક્ષે સદ્ગુરુની નિષ્કારણ કરુણાના સ્તવનરૂપ નીચેનો શ્લોક અનુવાદક જણાવે છે :—

**कलिकालानले दग्धान् जीवांस्त्र तुं समुद्यतः ।**
**राजचंद्रसुद्यासिंधुर्नमस्तस्मै स्मराम्यहम् ।।२।।**

દોહરો—કળિયુગ-ઝાળે દાઝતા, જીવ બચાવા કાજ;
સુધોદધિ સમ રાજચંદ્ર, નમું, સ્મરું, સુખ-સાજ. ૨

**ભાવાર્થ :—** "શાસ્ત્રોને વિષે આ કાળને અનુક્રમે ક્ષીણપણાયોગ્ય કહ્યો છે; અને તે પ્રકારે અનુક્રમે થયા કરે છે. એ ક્ષીણપણું મુખ્ય કરીને પરમાર્થ સંબંધીનું કહ્યું છે. જે કાળમાં અત્યંત દુર્લભપણે પરમાર્થની પ્રાપ્તિ થાય તે કાળ દુષમ કહેવા યોગ્ય છે. જો કે સર્વ કાળને વિષે પરમાર્થપ્રાપ્તિ જેનાથી થાય છે, એવા પુરુષોનો જોગ દુર્લભ જ છે, તથાપિ આવા કાળને વિષે તો અત્યંત દુર્લભ હોય છે. જીવોની પરમાર્થવૃત્તિ ક્ષીણપરિણામને પામતી જતી હોવાથી તે પ્રત્યે જ્ઞાની પુરુષોના ઉપદેશનું બળ ઓછું થાય છે, અને તેથી પરંપરાએ તે ઉપદેશ પણ ક્ષીણપણાને પામે છે, એટલે પરમાર્થમાર્ગ અનુક્રમે વ્યવચ્છેદ થવા જોગ કાળ આવે છે.

આ કાળને વિષે અને તેમાં પણ હમણા લગભગના સેંકડાથી મનુષ્યની પરમાર્થવૃત્તિ બહુ ક્ષીણપણાને પામી છે, અને એ વાત પ્રત્યક્ષ છે. સહજાનંદ સ્વામીના વખત સુધી મનુષ્યોમાં જે સરળવૃત્તિ હતી, તે અને આજની સરળવૃત્તિ



એમાં મોટો તફાવત થઈ ગયો છે. ત્યાં સુધી મનુષ્યોની વૃત્તિને વિષે કંઈ કંઈ આજ્ઞાંકિતપણું, પરમાર્થની ઇચ્છા, અને તે સંબંધી નિશ્ચયમાં દૃઢતા એ જેવાં હતાં તેવાં આજે નથી; તેથી તો આજે ઘણું ક્ષીણપણું થયું છે, જો કે હજુ આ કાળમાં પરમાર્થવૃત્તિ કેવળ વ્યવચ્છેદપ્રાપ્ત થઈ નથી, તેમ સત્પુરુષ-રહિત ભૂમિ થઈ નથી, તો પણ કાળ તે કરતાં વધારે વિષમ છે, બહુ વિષમ છે, એમ જાણીએ છીએ.

આવું કાળનું સ્વરૂપ જોઈને મોટી અનુકંપા હૃદયને વિષે અખડપણે વર્તે છે. જીવોને વિષે કોઈ પણ પ્રકારે અત્યંત દુઃખની નિવૃત્તિનો ઉપાય એવો જે સર્વોત્તમ પરમાર્થ, તે સંબંધી વૃત્તિ કંઈ પણ વર્ધમાનપણાને પ્રાપ્ત થાય, તો જ તેને સત્પુરુષનું ઓળખાણ થાય છે, નહીં તો થતું નથી. તે વૃત્તિ સજીવન થાય અને કોઈ પણ જીવોને-ઘણા જીવોને— પરમાર્થ સંબંધી જે માર્ગ, તે પ્રાપ્ત થાય તેવી અનુકંપા અખંડપણે રહ્યા કરે છે; તથાપિ તેમ થવું બહુ દુર્લભ જાણીએ છીએ. અને તેનાં કારણો પણ ઉપર જણાવ્યાં છે. જે પુરુષનું દુર્લભપણું ચોથા કાળને વિષે હતું, તેવા પુરુષનો જોગ આ કાળમાં થાય એમ થયું છે; તથાપિ પરમાર્થ સંબંધી ચિંતા જીવોને અત્યંત ક્ષીણ થઈ ગઈ છે, એટલે તે પુરુષનું ઓળખાણ થવું અત્યંત વિકટ છે. તેમાં પણ જે ગૃહવાસાદિ પ્રસંગમાં તે પુરુષની સ્થિતિ છે, તે જોઈ જીવને પ્રતીતિ આવવી દુર્લભ છે, અત્યંત દુર્લભ છે, અને કદાપિ પ્રતીતિ આવી તો તેમનો જે પ્રારબ્ધ-પ્રકાર હાલ વર્તે છે, તે જોઈ નિશ્ચય રહેવો દુર્લભ છે, અને કદાપિ નિશ્ચય થાય તો પણ તેનો સત્સંગ રહેવો દુર્લભ છે, અને જે પરમાર્થનું મુખ્ય

કારણ, તે તો તે છે. તે આવી સ્થિતિમાં જોઈ ઉપર જણાવ્યાં છે જે કારણો, તેને વધારે બળવાનપણે દેખીએ છીએ, અને એ વાત જોઈ ફરી ફરી અનુકંપા ઉત્પન્ન થાય છે.

'ઈશ્વરેચ્છાથી' જે કોઈ પણ જીવોનું કલ્યાણ વર્તમાનમાં પણ થવું સર્જિત હશે તે તો તેમ થશે, અને તે બીજેથી નહીં પણ **અમ થકી**, એમ પણ અત્ર માનીએ છીએ.''

શ્રીમદ્ રાજચંદ્ર. શ્રાવણ વદ ૧૪, સં. ૧૯૪૮

ઉપર પ્રમાણે આ કાળના જીવોને પરમાર્થની પ્રાપ્તિના અનન્ય ઉપાયરૂપ નિષ્કારણકરુણાસિંધુ એવા શ્રીમદ્ રાજચંદ્ર, કળિકાળરૂપ દાવાનલથી બળતા જીવોને પરમ શાંતિ અર્પનાર અમૃત-સાગર સમાન છે; નમસ્કાર કરવા યોગ્ય અને સ્મરણ કરવા યોગ્ય છે.

કળિકાળનું ભયંકર સ્વરૂપ જ્ઞાની ભગવંતોએ ભાળ્યું છે. શ્રી પદ્મનંદી મુનિ દુષ્કાળની ઉપમા આપી વર્ણવે છે કે જ્યાં મોટાં સરોવર સુકાઈ જાય અને ખાબોચિયાં બની જાય, ત્યાં મત્સ્ય આદિ પ્રાણીઓને ત્રાસનો પાર ન હોય તેવો આ કાળ છે, તેમાં વળી મોટી ચાંચોવાળા બગલા મત્સ્યને પકડવા પાણી ન હાલે તેમ ધ્યાન ધરી ઊભા હોય, તેમ મહાપુરુષોના સમાગમ આદિ સત્સંગ-સામગ્રી સુકાઈ જતી હોય અને મુમુક્ષુ જીવો મૂંઝાતા હોય, તે વખતે અનેક મતમતાંતર પોષતા ઢોંગી કુગુરુઓ પોતાની કુમતિરૂપી લાંબી ચાંચથી અધોગતિમાં જીવોને લઈ જવાની તૈયારી કરી તેમના પ્રાણ લૂંટી રહ્યા છે તે જોઈ કોઈ રડ્યાખડ્યા શ્રીમદ્ રાજચંદ્ર જેવા દયાળુ પુરુષો આ કાળમાં આવી પડ્યા હોય તેમને ''કરુણા ઊપજે, જોઈ.''



એક વખતે શ્રીમદ્ રાજચંદ્રે મહાત્મા ગાંધીજીને કહેલું કે કોઈ મને ચારે બાજુથી બરછીઓ ભોંકે તો તે દુઃખ સહન કરું પણ આ કુગુરુઓના પંજામાં સપડાયેલા જીવોને જોઈને થતું દુઃખ સહન થતું નથી.

શ્રી ''આત્મસિદ્ધિ'' શાસ્ત્રમાં તેઓશ્રીએ શરૂઆતમાં જ જણાવ્યું છે :-

''વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય.
કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક-જ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો, કરૂણા ઊપજે જોઈ.''

એક સ્થાનકવાસી સાધુ શ્રી લલ્લુજી (શ્રીમદ્ લઘુરાજ સ્વામી) શ્રીમદ્ રાજચંદ્રના સમાગમમાં આવેલા, તેમનો સમાગમ વિશેષ થાય તે અર્થે સંવત ૧૯૪૯માં તે મુંબઈમાં ચાતુર્માસ રહેલા. તેમની યોગ્યતા જાણી શ્રીમદ્ રાજચન્દ્રે તેમને ''સમાધિ-શતક'' શાસ્ત્રનું ગુજરાતી ભાષાંતર સાક્ષર મણિલાલ નભુભાઈ દ્વારા થયેલું, અભ્યાસ કરવા અર્થે ભેટ આપ્યું હતું. તે પુસ્તકના મુખપૃષ્ઠ ઉપર સ્વહસ્તે લખી આપેલું : ''આતમભાવના ભાવતાં, જીવ લહે કેવળજ્ઞાન રે.'' ત્રણ વર્ષ સુધી મુખ્યપણે મૌન સેવી તે પુસ્તકનો શ્રી લઘુરાજ સ્વામીજીએ અભ્યાસ કરી, તે ભાવો પચાવ્યા; અનેક પરિષહના પ્રસંગોમાં તે અધ્યાત્મભાવો ટકાવી આત્મસિદ્ધિને પામ્યા.

આમ અનેક જીવોને કળિકાળની ઝાળથી બચાવવા જેમનું હૃદય સદાય તત્પર હતું એવા એ અધ્યાત્મવીરને નમસ્કાર કરી, સ્મરણ અંજલિ અર્પી, આ ''સમાધિ શતક''ની

સરળ ટીકાનો પ્રારંભ કરતાં પહેલાં સમાધિશતકના કર્તાને અનુવાદક નમસ્કાર કરે છે :—

**नमोऽस्तु पूज्यपादाय, समाधिस्वामिने सदा ।**
**समाधितंत्रकर्तारं, नमामि समताधरम् ॥३॥**

દોહરો—પૂજ્યપાદ પ્રભુને નમું, આત્મ-સ્વરૂપ મહંત;
વરી સમતા સ્વામી થયા, સમાધિમય ભગવંત. ૩

**ભાવાર્થ :—** ''શ્રી સમાધિ-શતકરૂપ સત્શાસ્ત્રના રચનાર મુનિવર શ્રી દેવસેન અથવા પૂજ્યપાદ સ્વામીનો ઉપકાર જણાવી નમસ્કાર કરું છું. જેમના ચરણકમળ પૂજવાયોગ્ય છે એવા પૂજ્યપાદ ભગવાનને પૂજું છું, કારણ કે મહા અપૂર્વ આત્મસ્વરૂપની તેમણે પ્રાપ્તિ કરી છે. તેમણે જેવું સ્વરૂપ પ્રગટ કર્યું છે, તેવું જ યથાર્થ સ્વરૂપ મારું હોવાથી, હું તે સ્વરૂપ પ્રત્યે આકર્ષાઈ તન્મય થવાની ભાવનાએ નમસ્કાર કરું છું.

''સકલ સિદ્ધતા તાહરી રે, માહરે સાધનરૂપ, જિનવર પૂજો;
એકવાર પ્રભુ વંદના રે, આગમ રીતે થાય; જિનવર પૂજો;
કારણ સત્યે કાર્યની રે, સિદ્ધિ પ્રતીત કરાય; જિનવર પૂજો.''
—શ્રી દેવચન્દ્રજીકૃત શ્રી સંભવજિનસ્તુતિ

સમતારૂપી સુંદરી વરીને તે સ્વામી થયા વા સમાધિ પામ્યા; વીતરાગ થયા. તેમણે ચિત્તવિક્ષેપ કે આત્મભ્રાંતિનાં કારણ અહંભાવ, મમત્વભાવ તેથી નિવૃત્તિ થઈને આ સમાધિશાસ્ત્ર રચ્યું.

હવે સંસ્કૃત ટીકાના કર્તા નિત્ય, નિરંજન, નિરાકર પરમપદની પ્રાપ્તિના અર્થી હોવાથી સિદ્ધ ભગવંતને તથા જિનેન્દ્ર ભગવંતને સમાધિ-શતકની શરૂઆતમાં નમસ્કાર કરે છે :—



(૨) સંસ્કૃત-ટીકાકારનું મંગલાચરણ

वसंततिलका—**सिद्धं जिनेन्द्रमलमप्रतिमप्रबोधं,**
**निर्वाणमार्गममलं विबुधेन्द्रवंद्यम् ।**
**संसारसागरसमुत्तरणप्रपोतम्**
**वक्ष्ये समाधि-शतकं प्रणिपत्य वीरम् ॥**

હરિગીત

પરિપૂર્ણ, સિદ્ધ , જિનેંદ્ર અનુપમ જ્ઞાનજ્યોતિ ઝળહળે,
નિર્વાણ-માર્ગ સમાન નિર્મળ, જ્યાં સુરેન્દ્ર-શિરો ઢળે;
સંસારસાગર તારવા સફરી જહાજ સમાન જે,
વ્યાખ્યા સમાધિ-શતકની કરું વીર ગુરુને પ્રણમીને.

**ભાવાર્થ :—** ''શ્રી પ્રભાચંદ્ર નામના સંસ્કૃત ટીકાકાર શરૂઆતમાં શ્રી મહાવીર ભગવંતને નમસ્કાર કરીને આ 'સમાધિ-શતક' સંબંધી કહીશ એવી પ્રતિજ્ઞા કરે છે. શ્રી વીર ભગવાન કેવા છે, તે જણાવવા જે જે વિશેષણો ટીકાકાર યોજે છે, તે એવાં છે કે 'સમાધિ-શતક' શાસ્ત્રને પણ તે લાગુ પડે છે. પ્રથમ ભગવાન પોતાની સાધના પૂર્ણ કરી 'સિદ્ધ' સ્વરૂપ બન્યા છે, તેમ જ સત્શાસ્ત્ર પણ 'પ્રસિદ્ધ' છે તથા જે સમાધિ સંબંધી તેમાં કહેલું છે, તે સાધના કરી સિદ્ધ કરેલું જ કહેલું છે. વળી પૂજ્યપાદ-સ્વામીએ પ્રથમ શ્લોકમાં સિદ્ધ ભગવંતને ઇષ્ટદેવરૂપે પ્રથમ નમસ્કાર કરી મંગલાચરણમાં અલૌકિકતા દાખવી છે; ''સાધુને સિદ્ધ દશા સમું'' શ્રી યશોવિજયજીએ 'યોગદૃષ્ટિ'માં જણાવ્યું છે, તેમ ટીકાકારે તેનું અનુકરણ કરી 'સિદ્ધ' અને 'જિનેન્દ્ર' બન્ને પરમેષ્ઠીરૂપ શ્રી વીરને નમસ્કાર કર્યો છે. કર્મમલનો નાશ કરવાથી ભગવાન 'અમલ' એટલે નિર્દોષ છે, તેમ આ શાસ્ત્ર પણ વ્યાકરણ,

કાવ્ય, સિદ્ધાંત આદિના દોષોથી રહિત છે. 'અપ્રતિમપ્રબોધ' એટલે સાતિશય દિવ્ય ધ્વનિથી ખરતા સર્વોત્તમ બોધવાળા વીર ભગવંત છે; આ શાસ્ત્રમાં પણ અજોડ ઉત્તમ બોધ છે. નિર્મળ મોક્ષમાર્ગરૂપ વીર ભગવંત છે; તેમજ આ શાસ્ત્ર પણ નિર્મળ મોક્ષમાર્ગ જેમાં સંગ્રહેલો છે એવું પવિત્ર છે. દેવોને વંદ્ય ભગવાન છે, તેમ આ શાસ્ત્ર પણ દેવો તેમ જ વિદ્વાનોને માન્ય છે. સંસાર-સાગર તરવામાં ઉત્કૃષ્ટ વહાણ સમાન વીર ભગવાન છે, તેમ આ શાસ્ત્ર પણ સંસાર-સાગર તરવામાં વહાણ સમાન આધારરૂપ છે. આમ ભગવંતના વિનય સાથે સાથે ભગવાનની વાણી પ્રત્યે બહુમાન ભક્તિ ટીકાકારે દર્શાવી છે; કારણ કે જીવને ઉપકારકારક તો સત્શ્રુત છે, તેથી દર્શન મોહરૂપ મળ દૂર થઈ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે, પછી સમ્યગ્દર્શનના પ્રભાવે ચારિત્રમોહ પણ પ્રક્ષીણ થાય છે :

''દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?''

—શ્રીમદ્ રાજચંદ્ર

''કર્મ મોહનીય ભેદ બે, દર્શન, ચારિત્ર નામ;
હણે બોધ, વીતરાગતા, અચૂક ઉપાય આમ.''

—શ્રીમદ્ રાજચંદ્ર-રચિત આત્મસિદ્ધિશાસ્ત્ર

હવે ગ્રંથકર્તા નિત્ય, નિરંજન, નિરાકાર પરમપદની પ્રાપ્તિના ધ્યાનમાં રહેતા હોવાથી સિદ્ધ ભગવંતને પ્રથમ સ્મરીને આ સમાધિ-શતકની શરૂઆત કરે છે.

*

## (૩) ગ્રંથ પ્રારંભ

## સમાધિશતક-વિવેચન

શ્લોક :

**येनात्माऽबुद्ध्यतात्मैव परत्वेनैव चापरम् ।**
**अक्षयानंतबोधाय तस्मै सिद्धात्मने नमः ॥१॥**

અનુષ્ટુપ

જેણે જાણ્યો ખરો આત્મા-આત્માને, અન્ય અન્યને;
અક્ષય-પૂર્ણ જ્ઞાની તે, સિદ્ધને ધન્ય, ધન્ય છે. ૧

**ભાવાર્થ :**—સર્વ કર્મથી રહિત, અક્ષય એટલે જેનો કદી નાશ થવાનો નથી એવું અપ્રતિપાતી જ્ઞાન તથા જે જ્ઞાનને કોઈ સીમા નથી કે આટલી હદથી આગળ ન જાણી શકે એવા કેવળજ્ઞાનસ્વરૂપ સિદ્ધ પરમાત્માને પરમ આશ્ચર્યભાવથી પૂજ્યપાદ સ્વામી નમસ્કાર કરે છે.

તેમણે એવું આશ્ચર્યકારી શું જાણ્યું કે તમે તેમને નમસ્કાર કરો છો? એમ કોઈ પૂછે તે પહેલાં જ કહે છે : જગતમાં જાણવા યોગ્ય તો એક આત્મા જ છે, તેને જેણે અનંત કલ્પનાઓ ટાળીને માત્ર યથાર્થ આત્મારૂપે જ જાણ્યો, તે મહત્તા અલૌકિક છે. દેહાદિક અન્ય પદાર્થોના મોહમાં અનાદિકાળથી આત્મા આત્મારૂપે જણાતો નહોતો, તેથી પરને પરના જ સ્વરૂપે જેણે જાણ્યું અને આત્માને આત્મસ્વરૂપે જ જાણ્યો એવો વિવેક જેને પ્રથમ પ્રગટ થયો અને તેના ફળરૂપે જ્ઞાન આદિ અનંત આત્મગુણો ઉપર જે કર્મરૂપે આવરણ હતાં તે સર્વ જેણે ટાળ્યાં તે સિદ્ધ ભગવંત આપણા શુદ્ધ સ્વરૂપના આદર્શ હોવાથી તેમને નમસ્કાર કર્યો છે.

મોક્ષપ્રાપ્તિનો ઉપાય પ્રથમ પંક્તિમાં જણાવ્યો કે :—

"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ;
એમ જાણે સદ્‌ગુરુ-ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ.
મૂળ મારગ સાંભળો જિનનો રે."

—શ્રીમદ્ રાજચંદ્ર

બીજી પંક્તિમાં તે જ્ઞાનની પૂર્ણતારૂપ મોક્ષસ્વરૂપ દર્શાવ્યું. આત્મા અને અનાત્માનું યથાર્થ સ્વરૂપ જણાવવા વડે વિશ્વનું સ્વરૂપ જે કેવળજ્ઞાનથી જણાય છે તે પણ પ્રગટ કહ્યું; તથા જીવ અજીવના જ્ઞાન દ્વારા નવ તત્ત્વ, છ દ્રવ્ય આદિ પણ સૂચવ્યાં. એક આત્માને જાણતાં સર્વ જણાય છે, એમ પણ સાબિત કર્યું. જેને જાણવા માટે બધાં શાસ્ત્રો છે એવો આત્મા જેણે આત્મારૂપે જે જાણ્યો તે સિદ્ધપદ પામશે એવી પણ આશીર્વાદ-ઉક્તિ પ્રથમ શ્લોકમાં ગર્ભિત છે. આત્માને આત્મારૂપે જ જાણે અને પરને પરરૂપે જ જાણે તો વચમાં મોહને સ્થાન મળતું નથી; તેથી પરરૂપે જ જાણે તો વચમાં મોહને સ્થાન મળતું નથી; તેથી નિર્મોહી દશાનું પણ પ્રથમ પંક્તિમાં સૂચવન છે.

કોઈ શંકા કરે કે પચ પરમેષ્ઠીમંત્રમાં તો અરિહંત દેવ પ્રથમ છે, તો તેમને બદલે સિદ્ધ ભગવાનને પ્રથમ કેમ નમસ્કાર કર્યો? તેના ઉત્તરમાં સંસ્કૃત ટીકાકાર જણાવે છે કે જેમ ધનુર્વિદ્યા શીખનાર ધનુર્વેદમાં પ્રવીણ હોય તેને નમસ્કાર કરે છે, તેમ ગ્રંથકર્તા, ટીકાકર્તા, શ્રોતા અને અર્થ સમજીને તે પ્રમાણે પ્રવર્તનાર એ સર્વને સિદ્ધસ્વરૂપ પ્રાપ્ત કરવું છે, તેથી સિદ્ધ ભગવંતને પ્રથમ નમસ્કાર કર્યો છે; અથવા સિદ્ધ શબ્દથી અર્હંતાદિનું સ્વરૂપ ગ્રહણ કરવું, કારણ કે અંશે તે સર્વ પણ અવિનાશી, સિદ્ધસ્વરૂપધારી છે.



"અંશે હોય ઈહાં અવિનાશી, પુદ્‌ગલજાલ તમાસી રે;
ચિદાનન્દઘન સુયશ વિલાસી, કેમ હોય જગનો આશી રે-
એ ગુણ વીરતણો ન વિસારું, સંભારું દિનરાત રે."

—શ્રી યશોવિજયજી કૃત આઠ દૃષ્ટિની સજ્ઝાય.

હવે દેહ સહિત, પરમ ઉપકારકારક શ્રી અરિહંત ભગવાનને અનેક નામે નમસ્કાર ગ્રંથકર્તા કરે છે :—

વંશસ્થછંદઃ

**जयन्ति यस्यावदतोऽपि भारतीविभूतयस्ते थेकृतोऽप्यनीहितुः ।
शिवाय धात्रे सुगताय विष्णवे, जिनाय तस्मै सकलात्मने नमः ।।२।।**

ન બોલતા તોય સુણાય ભારતી-;
વિભૂતિ નિઃસ્પૃહ અહો! સદેહીની;
મનાય બ્રહ્મા, શિવ, બુદ્ધ, વિષ્ણુ કે,
જિનેન્દ્ર રૂપે સરખા ભજું ભલે. ૨

**ભાવાર્થ** :—ભગવાન તીર્થંકર કેવળજ્ઞાન પામી અનેક ધર્મેચ્છક જીવોને ધર્મબોધ દિવ્યધ્વનિથી કરે છે. પૂર્વ કર્મના ઉદયે વચન વર્ગણા અનેક અતિશયયુક્ત આત્માના સકળ પ્રદેશોથી ખરે છે. સકળ હાજર રહેલા જીવો તે સાંભળે છે, સમજે છે, અને ઉલ્લાસ પામી આત્મોન્નતિ સાધે છે. છતાં શ્રી તીર્થંકરને મોહનો ક્ષય થયેલો હોવાથી બોલવાની ઇચ્છા સરખી હોતી નથી, તેથી તેમને નહીં બોલતા છતાં તેમની વાણીવિભૂતિ જયવંત વર્તે છે, એમ કહ્યું છે. વચનાતિશય ઉપરાંત જ્ઞાનાતિશય, અપાયઅપગમ અતિશય અને પૂજા અતિશય આદિ અનેક આશ્ચર્યકારી ગુણો તીર્થંકરનામકર્મના ઉદયે વિરાજમાન હોવાથી વિભૂતિ શબ્દમાં તે સર્વનો સમાવેશ

થાય છે. અનેક સાર્થક નામોથી ગ્રંથકર્તા પોતાનો અદ્વેષભાવ અન્ય ધર્મો પ્રત્યે પણ વ્યક્ત કરે છે. જેણે રાગ, દ્વેષ અને મોહ આદિ સમસ્ત અંતરંગ શત્રુઓને જીત્યા છે એવા દેહધારી જિન ભગવંતને નમસ્કાર કરતાં તે કહે છે કે કલ્યાણ (શિવ)— મૂર્તિ મહાદેવ જે મોક્ષસ્વરૂપ છે, તેને પણ નમસ્કાર હો! જે મોક્ષદર્શક અને મોક્ષના સાધનરૂપ સત્શાસ્ત્રના મૂળ ઉત્પાદક છે, તે વેદના રચનાર બ્રહ્મારૂપ સંદેહી ભગવાનને પણ નમસ્કાર કરવા યોગ્ય છે. તથાગત તથા સર્વજ્ઞને નામે પ્રસિધ્ધ બુદ્ધ ભગવાન પણ દેહધારી તીર્થંકરરૂપે હોવાથી જેનાં ચાર કર્મો ક્ષય થયાં છે અને અક્ષય, અનંત જ્ઞાન પામ્યા છે, તે જ સાચા તથાગત છે અને નમસ્કાર કરવા યોગ્ય છે. વિષ્ણુ એટલે સર્વ-વ્યાપી, જેનું જ્ઞાન લોકાલોકમાં વ્યાપ્ત છે એવા તીર્થંકર ભગવાન જ સાચા વિષ્ણુ તથા નમસ્કાર કરવા યોગ્ય દેહધારી વિદ્યમાન મૂર્તિ છે.

બોલતા નથી છતાં જેમની વાણી-વિભૂતિ જયવંત વર્તે છે તથા નિઃસ્પૃહ છતાં તીર્થંના સ્થાપનાર છે : આવા વર્ણનથી કાવ્યમાં વિરોધાલંકાર નામની ચમત્કૃતિ ગ્રંથકારે દર્શાવી છે. તીર્થંકર થયા તે પહેલાંના ત્રીજે ભવે અત્યંત કરુણાના આવેશમાં આવી, 'સવિ જીવ કરું શાસન-રસી' એવી પ્રબળ ભાવના ભાવી, અનેક જીવોના ઉદ્ધારમાં પ્રબળ નિમિત્તભૂત જિન-નામકર્મ તેમણે બાંધેલું હોવાથી, તે પુણ્ય વિભૂતિના ઉદય વખતે આ ભવમાં તો ઇચ્છા સરખી જેના અંતરમાં પ્રવેશ કરી શકતી નથી એવી સંપૂર્ણ દશા પામ્યા છે, છતાં તેમની વિદ્યમાનતામાં અનેક જીવોનું અનેકવિધ કલ્યાણ આપોઆપ થયા કરે છે; એવા આશ્ચર્યમૂર્તિ તીર્થંકર ભગવાન



પરમ વીતરાગ અને મોક્ષમાર્ગદર્શક પરમ ઉપકારી હોવાથી તે દેહધારી ભગવંતને પણ ગ્રંથકાર નમસ્કાર કરે છે.

હવે તે શાસ્ત્ર રચવાની પ્રતિજ્ઞા કરે છે :

उपेन्द्रवज्रा

**श्रुतेन लिंगेन यथात्मशक्ति- समाहितांतःकरणेन सम्यक् ।**
**समीक्ष्य कंवल्यसुखस्पृहाणां विविक्तमात्मानमथाभिधास्ये ॥३॥**

ઉપજાતિ

શક્તિ પ્રમાણે અનુમાન, શાસ્ત્રે;
સમ્યક્ પ્રકારે સ્થિરતા સ્વરૂપે-
અનુભવીને કહું સજ્જનોને,
સ્વરૂપ જે શુદ્ધ જિજ્ઞાસુઓને. ૩

**ભાવાર્થ :**—કોઈ પણ શાસ્ત્ર લખનારે લક્ષમાં રાખવા યોગ્ય ત્રણ પ્રકાર, ગ્રંથની રચનાની સત્યતામાં પ્રમાણભૂત હોય છે, તે જણાવે છે. એક તો શ્રુત એટલે સર્વજ્ઞ ભગવાને કેવળજ્ઞાનથી વિશ્વનું સ્વરૂપ જાણી શબ્દો દ્વારા કહી શકાય તે પ્રકારે પ્રદર્શિત કર્યું છે તે સત્શ્રુત છે; તેનો આધાર ગ્રંથને પ્રમાણભૂત બનાવે છે; તેથી વિપરીતપણે કલ્પના કરનાર, નથી પોતાનું હિત કરી શકતો કે નથી બીજાને સત્ય માર્ગ દર્શાવી શકતો. બીજું અનુમાનશાસ્ત્ર પણ બુદ્ધિ-પૂર્વક સત્યની તુલના કરનાર છે; જેમાં પૂર્વાપર વિરોધ ન આવે તેવું વચન અનુમાનશાસ્ત્રની કસોટીએ પ્રમાણભૂત મનાય છે. ત્રીજું યથાશક્તિ શાંત અંતઃકરણે જે અનુભવમાં આવ્યું હોય તે પણ સત્યફ સંભવે છે. છેલ્લી કસોટી અનુભવની છે. સત્શાસ્ત્ર અને નિર્દોષ અનુમાનથી નક્કી કરેલો પોતાનો સમાધિદશાનો અનુભવ શુદ્ધ આત્માના વ્યાખ્યાનમાં પરમ

પ્રમાણભૂત સમજી, ગ્રંથકાર કહે છે : જેને શુદ્ધ આત્માના સુખનો અનુભવ કરવાની ગરજ જાગી છે, તેવા જિજ્ઞાસુ જીવોને હું સત્શાસ્ત્રના આધારે, અનુમાનશાસ્ત્રના અવલંબને, બીજાની બુદ્ધિમાં અવિરોધપણે સત્ય સમજાય તેમ, મને સમાધિપૂર્વક શુદ્ધ આત્માનું સ્વરૂપ સમ્યક્ પ્રકારે અનુભવમાં આવ્યું છે તેનો વિચાર આ શાસ્ત્રમાં કહીશ.

શાસ્ત્ર કર્તાની યોગ્યતા, સાંભળનાર કે અભ્યાસ કરનારની યોગ્યતા તથા જે કહેવાનું છે તેની સત્યતા સંબંધી આ શ્લોકમાં સ્પષ્ટ વર્ણન છે.

अनुष्टुप्

''एगो मे सस्सदो अप्पा, णाणदंसणलक्खणो ।
सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा ।।''

દોહરો

આત્મા જ્ઞાન દર્શન ગુણી, મારો એક જ નિત્ય;
શેષ બાહ્ય ભાવો બધા, સંયોગી જ અનિત્ય.

એ આદિ શાસ્ત્રપ્રમાણ; પાણીનો ગુણ શીતળતા છે, અગ્નિનો ગુણ ઉષ્ણતા છે; આમ ભિન્ન લક્ષણથી ઓળખાતા પદાર્થ ભિન્ન હોય છે; તેથી પાણી અને અગ્નિ બન્ને પદાર્થ સ્પષ્ટ ભિન્ન છે; તેમ દેહ રૂપ, રસ, ગંધ, સ્પર્શ લક્ષણવંત છે અને દેહમાં રહેલો આત્મા જ્ઞાનલક્ષણવાળો છે; માટે દેહ અને આત્મા બન્ને ભિન્ન પદાર્થો છે, એ આદિ અનુમાન પ્રમાણ છે. સદ્‌ગુરુના બોધથી પોતાને પોતાનું સ્વરૂપ સમજાયે, પોતામાં પોતાની સ્થિરતા થતાં સ્પષ્ટ પરમ આનંદરૂપ પોતાનું સ્વરૂપ અનુભવાય છે. એ ત્રણે પ્રકારે શાસ્ત્રકર્તાએ પોતાની યોગ્યતા જણાવી છે. પાંચ ઇંદ્રિયોનાં સુખ



નાશવંત, પરાધીન, કર્મબંધના કારણ અને વિષમભાવ પ્રેરનાર જાણી, મોહાસક્તિથી મૂંઝાયેલો જન્મ-મરણથી ત્રાસ પામેલો મુમુક્ષુ આત્માના અનંત સુખની સ્પૃહાવાળો બન્યો હોય તે આ ગ્રંથનો અભ્યાસ કરવાને યોગ્ય અધિકારી ગણ્યો છે.

સોળ વર્ષની નાની વયથી દિગંબર મુનિપણામાં જેણે ઘણાં વર્ષો ગાળી, સદ્‌ગુરુયોગે સત્શાસ્ત્રનો દીર્ઘ પરિચય સાધી, આત્મશાંતિ પોતે અનુભવી દ્રવ્યાનુયોગના સારરૂપ આ સમાધિશતક શાસ્ત્ર જેમણે જગતજીવોના કલ્યાણ અર્થે નિષ્કારણ કરૂણાથી રચ્યું છે તે સર્વ પ્રકારે પ્રમાણભૂત છે.

હવે ત્રણ ભેદે આત્માની અવસ્થાઓનું નિરૂપણ ગ્રંથકાર કરે છે :—

**बहिरन्तः परश्चेति त्रिधाऽऽत्मा सर्वदेहिषु ।**
**उपेयात्तत्र परमं मध्योपायाद् बहिस्त्यजेत् ।।४।।**

બાહ્ય, અંતર, પરાત્મા એ, ત્રિભેદે સર્વ જીવ છે;
તજો બાહ્ય બની અંતર્, પરમાત્મા થવું હવે. ૪

**ભાવાર્થ :—**સર્વ પ્રાણીઓમાં બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એમ ત્રણ પ્રકારે દેહથી ભિન્ન એવો આત્મા હોય છે. તેમાં અંતરાત્મા વડે પરમાત્માને પ્રાપ્ત કરવો, તથા અંતરાત્મા થઈને બહિરાત્માને તજવો. શ્રી આનંદઘનજી મહારાજે પણ શ્રી સુમતિનાથ ભગવાનની સ્તુતિમાં આ જ વાત ગાઈ છે :—

''ત્રિવિધ સકલ તનુધરગત આતમા, બહિરાતમ ધુરી ભેદ, સુજ્ઞાની;
બીજો અંતર આતમ, તીસરો, પરમાતમ અવિચ્છેદ, સુજ્ઞાની. ૨
આતમબુદ્ધે હો કાયાદિકે ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ, સુજ્ઞાની;
કાયાદિકનો હો સાખીધર રહ્યો, અંતર આતમરૂપ, સુજ્ઞાની. ૩

જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો વર્જિત સકળ ઉપાધિ, સુજ્ઞાની;
અતીન્દ્રિય ગુણગણમણિ આગરુ, એમ પરમાતમ સાધ, સુજ્ઞાની. ૪

બહિરાતમ તજી અંતર આતમા-રૂપ થઈ સ્થિર ભાવ, સુજ્ઞાની;
પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણ દાવ, સુજ્ઞાની.'' ૫

કોઈને શંકા થવાનો સંભવ છે કે અભવ્ય જીવોમાં તો બહિરાત્મા જ હોય, ત્રણે આત્મદશાઓ કેમ ઘટે ? ઉત્તર :- દ્રવ્યરૂપે ત્રણે છે. નહીં તો જ્ઞાનાવરણીય કર્મ તેને પાંચ ભેદે ન હોય. કેવળજ્ઞાનાવરણીય કર્મનું પ્રયોજન કેવળજ્ઞાનને આવરણ કરવાનું છે, તો પરમાત્મપણું જેને મુદ્દે ન હોય તો પછી કેવળજ્ઞાનાવરણ કર્મ નિષ્ફળ ઠરે, કેવળજ્ઞાનાદિ પ્રગટે તેવી સામગ્રી-ભાવ આદિની તેને કદી પ્રાપ્તિ થવાની નથી, તેથી તેને અભવ્ય કહ્યો છે; પરંતુ કેવળજ્ઞાનને યોગ્ય દ્રવ્યનો અભાવ છે એમ નથી. આસન્નભવ્ય, દૂરભવ્ય, દૂરતરભવ્ય અને અભવ્ય એ સર્વમાં ત્રણ ભેદે આત્મા છે. વળી સર્વજ્ઞમાં પરમાત્મા જ હોવાથી બહિરાત્મા અને અંતરાત્મા નથી, એમ કોઈ શંકા કરે તેને ઉત્તર દે છે :— ભૂતપ્રજ્ઞાપન નયની અપેક્ષાએ તે વિરોધ ટળી જાય છે. સર્વજ્ઞ પહેલાં તો બહિરાત્મા તથા અંતરાત્મા પણ હતા; તેથી ઘીના ઘડાની પેઠે ઘી ભરેલું ન હોય તો પણ ઘીનો ઘડો કહેવાય છે, તેમ જ સર્વજ્ઞ કે અંતરાત્માને, બહિરાત્મા કહેવાય. તેમ જ ભાવિપ્રજ્ઞાપન નયની અપેક્ષાએ, પરમાત્મા થનાર છે તેથી અંતરાત્માપણું પણ કહેવાય. આ પ્રકારે સર્વ પ્રાણીઓમાં ત્રણ પ્રકારે આત્મા કહી શકાય છે.

આખા ગ્રંથમાં ત્રણ ભેદે આત્માનું સ્વરૂપ વર્ણવ્યું છે. પણ કુશળ કારીગરની પેઠે બહિરાત્માના વર્ણન વખતે અન્ય શક્તિરૂપે રહ્યા છે તે લક્ષ રાખી, તથા અભ્યાસ કરનારને



પણ તેનો લક્ષ ન ચુકાય તેવી ભેગી ભેગી સૂચના મળતી રહે તેમ વર્ણન કર્યું છે. પરમાત્મસ્વરૂપ કે અંતરાત્મસ્વરૂપના વર્ણનમાં પણ તેવો જ લક્ષ વાંચનારને રહે અને પૂર્વના દોષથી કે પ્રમાદથી અંતરાત્મપણું છૂટી જઈ બહિરાત્મપણું જીવ પામી જાય તેવો સંભવ જણાવી ગ્રંથકાર અભ્યાસીને ચેતાવતા રહે છે.

હવે આત્માની ત્રણે દશાનાં લક્ષણ ગ્રંથકાર પ્રકાશે છે :—

**બહિરાત્મા શરીરાદી જાતાત્મભ્રાન્તિરાન્તરઃ ।**
**ચિત્તદોષાત્મવિભ્રાંન્તિઃ પરમાત્માऽતિનિર્મલઃ ॥૫॥**

બહિરાત્મા ગણે આત્મા, દેહાદિને જ ભ્રાંતિથી;
અંતરાત્મા તજે ભ્રાંતિ, ચિત્ત દોષ સ્વરૂપની. ૫

**ભાવાર્થ :—**અનાદિકાળથી જીવને કર્મનો સંબંધ છે, કર્મના યોગે દેહનો સંબંધ પ્રાપ્ત થાય છે, દેહ ઇંદ્રિય સહિત હોય છે, તથા ઐહિક સુખ દુઃખ ભોગવવાનું તે સાધન છે. દેહ આદિ રૂપી પદાર્થ હોવાથી, ઇન્દ્રિય દ્વારા પ્રગટ થતા હોવાથી, જીવ તે રૂપ પોતાને અનાદિકાળથી માનતો આવ્યો છે. શ્રીમદ્ રાજચંદ્ર જણાવે છે : ''પણ સ્વપ્નદશામાં જેમ ન બનવા યોગ્ય એવું પોતાનું મૃત્યુ પણ જીવ જુએ છે, તેમ અજ્ઞાનદશારૂપ સ્વપ્નરૂપ યોગે આ જીવ પોતાને, પોતાનાં નહીં એવાં બીજાં દ્રવ્યને વિષે સ્વપણે માને છે; અને એ જ માન્યતા તે સંસાર છે, તે જ અજ્ઞાન છે, નરકાદિ ગતિનો હેતુ તે જ છે, તે જ જન્મ છે, મરણ છે, અને તે જ દેહ છે, દેહના વિકાર છે, તે જ પુત્ર, તે જ પિતા, તે જ શત્રુ, તે જ મિત્રાદિ ભાવકલ્પનાના હેતુ છે, અને તેની નિવૃત્તિ થઈ ત્યાં સહજ મોક્ષ છે; અને એ જ નિવૃત્તિને

અર્થે સત્સંગ, સત્પુરુષાદિ સાધન કહ્યાં છે; અને તે સાધન પણ જીવ જો પોતાના પુરુષાર્થને તેમાં ગોપવ્યા સિવાય પ્રવર્તાવે તો જ સિદ્ધ છે. વધારે શું કહીએ? આટલો જ સંક્ષેપ જીવમાં પરિણામ પામે તો તે સર્વ વ્રત, યમ, નિયમ, જપ, યાત્રા, ભક્તિ શાસ્ત્રજ્ઞાન આદિ કરી છૂટ્યો એમાં કંઈ સંશય નથી.''

આમ શરીરાદિને પોતાનું સ્વરૂપ માનવાની ભ્રાંતિ જ્યાં સુધી જીવમાં વર્તે છે, ત્યાં સુધી તે બહિરાત્મદશાવાળો જીવ ગણાય છે.

''આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ-આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.''

—શ્રીમદ્ રાજચંદ્ર

સદ્‌ગુરુયોગે મુમુક્ષુ જીવને પર વસ્તુને પોતાનું સ્વરૂપ માનવારૂપ ભૂલ, ઘણા બોધના પ્રભાવે, સમજાય છે. સાથે સાથે અતીન્દ્રિય આત્મા(પોતાના સ્વરૂપ)નો બોધ સાંભળવાનો મળે છે, તેથી આત્મા વિષેની ભ્રાંતિ ટળી જાય છે, દેહને પર માને છે, વચનને ઇન્દ્રિયથી ગ્રાહ્ય પરદ્રવ્ય માને છે, ઇન્દ્રિયોને અને મનને પણ પર વસ્તુના પરિણામરૂપ માને છે; રાગદ્વેષ આદિ કર્મપરિણામને પરરૂપ, દોષરૂપ જાણે છે; આમ પરથી ભિન્ન પોતાનું શુદ્ધ સ્વરૂપ સદ્‌ગુરુબોધથી સમજી, તે સ્વીકારે છે અને સદ્‌ગુરુ બોધે જેવું શુદ્ધસ્વરૂપ સમજાયું, તેની ભાવના કરતાં તે અનુભવમાં આવે છે, ત્યારે જીવને અંતરાત્મ-દશા પ્રગટે છે અને બહિરાત્મદશા છૂટે છે.

''દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો;



તેથી પ્રક્ષીણ ચારિત્ર મોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો,
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?''

—શ્રીમદ્ રાજચંદ્ર

અંતરાત્મા ક્રોધ, માન, માયા, લોભારૂપ કષાય નિવારવાનો પુરુષાર્થ કરે છે અને શુદ્ધ સ્વરૂપના ધ્યાનના બળે ચાર ઘાતીકર્મોનો ક્ષય કરી તે કેવળી ભગવાન અત્યંત નિર્મળ બને છે. તે સદેહી પરમાત્મા કહેવાય છે અને આયુષ્ય પૂર્ણ થયે બાકીનાં ચાર કર્મો છૂટી જતાં વિદેહી, સિદ્ધ પરમાત્મા મોક્ષમાં વિરાજે છે.

આમ ત્રણે આત્માની દશાઓ વર્ણવી, આગળની ગાથામાં પરમાત્મદશાના નામનું કીર્ત્તન કરે છે :—

**निर्मलः केवलः शुद्धो विविक्तः प्रभुरव्ययः ।**
**परमेष्ठी परात्मेति परमात्मेश्वरो जिनः ॥६॥**

પરમાત્મા, પ્રભુ શુદ્ધ, નિર્મલ કેવલ વળી;
વિવિક્ત અવ્યય જિન, પરાત્મા પરમેશ્વરી. ૬

**ભાવાર્થ** :—જેના અંતરંગમલરૂપ ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યાત્વ, રતિ અરતિ, અવિરતિ આદિ દૂર થયાં છે, તથા કર્મ, દેહ આદિ બાહ્યમલ ટળ્યા છે એવા ભગવાન નિર્મળ કહેવાય છે.

માત્ર આત્મસ્વરૂપે રહેલા, પરદ્રવ્ય અને પરભાવોથી ભિન્ન એકલા સ્વ-સ્વરૂપમાં અખંડપણે રમણ કરતા ભગવાન કૈવલ્ય દશાવાળા કેવળી ગણાય છે.

વિભાવરૂપી અશુદ્ધતા જેની ટળી છે; દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત થયા છે તે પરમ શુદ્ધ છે.

અનાદિ કર્મનો સંયોગ જેનો ટળી ગયો છે, શરીરથી પણ જે ભિન્ન, અસંગ સ્વરૂપે મોક્ષમાં બિરાજે છે એવા વિવિક્ત ભગવંત છે.

પ્રભુ એટલે સામર્થ્યવાળા, ઇંદ્રાદિના સ્વામી, સંસારદશામાં જે ચાર ગતિ ઊભી કરતા હતા, તે હવે સર્વ શક્તિ પોતામાં શમાવી, કેવળ જ્ઞાન, કેવળ દર્શન, અનંત સુખ, અનંત વીર્ય આદિ સામર્થ્યના સ્વામી બન્યા છે.

અવ્યય એટલે અવિનાશી; અનંત ગુણો જેના પ્રગટ થયા છે તે તેમ જ ત્રણે કાળ રહેવાના હોવાથી તે સંપૂર્ણ પદ અવ્યય રૂપ ગણાય છે. શરીર આદિ નાશવંત વસ્તુઓનો આત્યતિક વિયોગ થયેલો હોવાથી વ્યવહારે પણ તે નાશ પામવાના નથી; જન્મ, જરા, મરણની દશા હવે તેમને નહીં અવ્યય કે અક્ષય ભગવંત તે ગણાય છે.

પરમપદ જે મોક્ષ તેમાં જેની સ્થિતિ થઈ છે તે પરમેષ્ઠી ભગવંત છે; ખરી રીતે તો સિદ્ધ ભગવાન જ પરમેષ્ઠી છે, છતાં અરિહંત આદિ જે મોક્ષ-માર્ગમાં ઊભેલા છે, તે ભાવ-અપેક્ષાએ પરમેષ્ઠી વ્યવહારથી કહેવાય છે.

પરાત્મા એટલે ઉત્કૃષ્ટ આત્મા; બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એ ત્રણે દશાઓમાં પરમાત્મદશા ઉત્તમ છે.

પરમાત્મા—સંસારી સર્વ જીવોથી જે ઉત્તમ આત્મા બન્યા છે; જેથી બીજી કોઈ ઉત્તમ દશા નથી એવી પરમ દશાને પામેલા આત્મા પરમાત્મા છે.

ઇંદ્રે કે અહમિન્દ્રો કરતાં જેનું ઐશ્વર્ય સર્વોપરી છે; જેનાથી ચઢિયાતો કોઈ નથી એવા ઐશ્વર્યના ધારી સંપૂર્ણ દશાના ભોક્તા ઈશ્વર છે.



સર્વ કર્મરૂપ શત્રુઓને જે જીતે તે જિન :

''સર્વ શત્રુક્ષય સર્વ વ્યાધિલય, પૂરણ સર્વ સમીહાજી,
સર્વ અરથ યોગે સુખ તેહથી, અનંત ગુણ નિરીહાજી.''

યોગદૃષ્ટિ આઠમી, શ્રી યશોવિજયજી

આ પ્રકારે એક શ્લોકથી સિદ્ધ-ભક્તિ કરી, બહિરાત્મા-દશા મુખ્યપણે દશ શ્લોક દ્વારા વર્ણવે છે :—

**બહિરાત્મેન્દ્રિયદ્વારૈરાત્મજ્ઞાન—પરાઙ્મુખઃ ।**
**સ્ફુરિતશ્ચાત્મનો દેહમાત્મત્વેનાધ્યવસ્યતિ ॥૭॥**

ઇંદ્રિયોથી પ્રવર્તે આ, પોતાનો દેહ તે જ હું;
બહિરાત્મા ગણે એવું, આત્મજ્ઞાન ન તે કહ્યું. ૭

**ભાવાર્થ :—** બહિરાત્મા આત્મજ્ઞાનથી વિમુખ હોય છે. ''હું કોણ છું?'' એવો વિચાર જીવને આત્મજ્ઞાનની સન્મુખ કરે છે. પરંતુ જેને અનાદિ વિપર્યાસબુદ્ધિને લીધે શોધકવૃત્તિ રહી નથી, પણ વિપરીત નિશ્ચય થઈ ગયો છે કે જ્ઞાનનાં સાધન જે ઇંદ્રિયદ્વાર, તેથી પ્રવર્તતો પોતાનો દેહ તે જ હું છું. એમ દેહને જ પોતાનું સ્વરૂપ માની દેહને અર્થે જીવે છે તે બહિરાત્મા છે. ભવોભવની આ ભૂલ, ભૂલરૂપે સમજાતી નથી; તેથી તે ભૂલ જેમની ટળી છે, તથા તે ભૂલ ટાળે તેવો ઉપદેશ જેના દ્વારા પ્રાપ્ત થઈ શકે એમ છે, એવા સત્પુરુષની તેને ગરજ નથી, તેની શોધ કરતો નથી, પૂર્વપુણ્યે વખતે યોગ થાય તો તે પ્રત્યે અનાદરબુદ્ધિવાળો રહે છે. આમ ભૂલનું જ પોષણ કરનાર બહિરાત્માનું સ્વરૂપ ગ્રંથકાર વર્ણવે છે. કારણ કે તે દયાળુ હોવાથી, જીવ જે જે દેહાર્થે પુરુષાર્થ કરે છે, તેથી દૈહિક સુખોની ઇચ્છા રાખે છે, પરંતુ યથાર્થતાનું ભાન નહીં હોવાથી, નથી તે દૈહિક સુખોની પરંપરા પામી

શકતો કે નથી આત્મિક સુખ તરફ તેની દૃષ્ટિ પણ થતી; તે જોઈ નિષ્કારણ કરુણાશીલ ગ્રંથકાર તેની (બહિરાત્માની) સમક્ષ તેની દશા વર્ણવે છે.

જેમ કોઈ કુશળ વૈદ્ય દરદીને દેખતાં તેનું દરદ પરખી લઈ તેને કહે કે જેને તાવ આવતો હોય તેનું શરીર ફાટે, કમર દુઃખે, માથું દુઃખે, અશક્તિ રહ્યા કરે, ખોરાક ઉપર રુચિ થાય નહીં, આદિ સાંભળતાં દરદીને થાય કે મને આ કહે છે તેવું થયા કરે છે તેથી વૈદ્યો જેને તાવ કહે છે તેવું દરદ મને છે, તો મારે તેવા કુશળ વૈદ્યની દવા લેવી ઘટે છે. તેમ આ ગ્રંથમાં પ્રથમ બહિરાત્મદશા ગ્રંથકાર પોતે વર્ણવે છે.

તે સાંભળી વિચારવાનને લાગે કે આ લક્ષણો તો મારામાં વર્તે છે; તેથી આત્માની ત્રણ દશામાંથી અધમ દશામાં હું છું તો મારે તે દશા તજી ઉપરની દશા પ્રાપ્ત કરવા યોગ્ય છે. આમ આત્મોન્નતિનો માર્ગ બતાવનારી આ કડીનો વિચાર પોતાને માટે કરવા યોગ્ય છે, અને પોતે ભ્રાંત દશામાં હોય તો તે દશા શાથી મટે એવો વિચાર જાગૃત કરી, સદ્ગુરુની શોધ કરી તેની આજ્ઞા આરાધી વિચારદશા પ્રગટાવવા યોગ્ય છે.

> ''આત્મ-ભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ;
> ગુરુ-આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.''
>
> —શ્રીમદ્ રાજચંદ્ર-કૃત આત્મસિદ્ધિ

> ''ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
> પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન.
> ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
> પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન.''
>
> —શ્રીમદ્ રાજચંદ્રકૃત આત્મસિદ્ધિ



દેહને જ પોતાનું સ્વરૂપ માનવારૂપ દેહાધ્યાસ સ્પષ્ટ કરવા ગ્રંથકાર આગળની ગાથામાં જણાવે છે કે જે જે ગતિનો દેહ જીવને પ્રાપ્ત થયો હોય છે તે રૂપ જ પોતે છે, તેમ માને છે :—

**नरदेहस्थमात्मानमविद्वान् मन्यते नरम् ।**
**तिर्यञ्चं तिर्यगङ्गस्थं सुरंङ्गस्थं सुरं तथा ॥८॥**

નરદેહે રહે તો તે, આત્માને નર માનતો;
તિર્યંચદેહમાં ઢોર, દેવાંગે સુર જાણતો. ૮

**ભાવાર્થ :—** જે ગામમાં જન્મે તેનો વતની જીવ પોતાને માને છે, તેમ નરદેહમાં રહેલો બહિરાત્મા પોતાને નર કે મનુષ્ય માને છે; નરને બદલે ખર કહે તો તેને ખોટું લાગે છે; ખર કે ગધેડાના ઘણા ભવ જીવે કર્યાં છે, પણ જે દેહ મળ્યો તે જ રૂપે પોતાને માનવાની ભૂલ જીવની નહીં ટળે ત્યાં સુધી ખર કહેતાં ખોટું લાગે છે, તોપણ તેવા ભવ હજી ઘણી વાર ધરવા પડશે અને દુઃખનો પાર આવશે નહીં. આનું કારણ અજ્ઞાન, અવિદ્વત્તા કે બહિરાત્મપણું છે.

તિર્યંચ એટલે મનુષ્ય, દેવ કે નારકી સિવાયના જળચર, સ્થળચર, નભચર પ્રાણીઓ; તે ગતિમાં કીડી, મકોડી, કાગડા, કૂતરા, સાપ, ઘો આદિ સ્થૂલ, સૂક્ષ્મ દેહધારી જીવો પોતાને તે દેહરૂપ જ માને છે. તેમાંનાં મોટી સંખ્યાવાળાં પ્રાણીઓ તો મન વગરનાં જ હોય છે. એટલે માત્ર પૂર્વના સંસ્કારોને લઈને સુખ દુઃખ વેદતાં દેહમાં જ પોતાપણાના ભાવ રાખ્યા કરે છે અને તે જ ભાવ લઈને બીજી ગતિમાં પણ જાય છે. જેમને મન હોય છે, તેમનામાં

મનનો પ્રાયે તેવો વિકાસ નથી હોતો કે મનુષ્યની પેઠે દુઃખનાં કારણો શોધી તેને દૂર કરવાના અનેક ઉપાયો યોજે, તથા બીજા પાસેથી બોધ પામવાનો શોધ કરી, તેને વિચારી અનાદિની ભૂલ ટાળી આત્મભાનમાં આવે. તેથી તિર્યંચ દેહમાં રહેલો બહિરાત્મા પોતાને તિર્યંચરૂપ જ માને છે એમ કહ્યું.

નરદેહધારી કે તિર્યંચદેહધારી જીવોને શુભ વાતાવરણ અને સારા સંસ્કારનો યોગ બનતાં પુણ્ય ઉપાર્જન થાય તેવો ધર્મ કે પરોપકારનો પ્રસંગ બનતાં તથા ઘણાં દુઃખ ભોગવતાં અકામ નિર્જરા થયે પણ દેવ-ગતિ પ્રાપ્ત થાય તો ત્યાં પણ બહિરાત્મા દેવના દેહને જ પોતાનું સ્વરૂપ માને છે. સુંદર કાંતિ, કળા, રૂપ આદિ પોતાનું સ્વરૂપ માની જીવ દેહ-ભાવમાં જ મગ્ન રહે છે. દેવનો દેહ પ્રાપ્ત થયે ઋદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત થાય છે પણ અનાદિની ભૂલ જે દેહને આત્મા માનવાની, તે તો આત્મજ્ઞાની ગુરુની ઉપાસના વિના ત્યાં પણ ટળતી નથી. એ ભૂલ ન ટળે ત્યાં સુધી જન્મ-મરણ પણ ટળે નહીં. તેથી ચક્રની વાટની પેઠે ઊંચી ગતિ પલટાઈ, પાછું નીચી ગતિમાં પરિભ્રમણ થયા કરે છે. પુણ્યને લઈને દેવ-ગતિ ઉચ્ચ કહેવાય છે, પરંતુ મોક્ષમાર્ગની અપેક્ષાએ મનુષ્ય- ગતિ ઉત્તમ છે. કારણ કે મનુષ્યદેહ પ્રાપ્ત કરી મોક્ષ-માર્ગનું આરાધન કરનાર જ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે, બીજી કોઈ ગતિથી બારોબાર મોક્ષે જવાતું નથી. મનુષ્ય થઈને જ મોક્ષે જવાય છે, તો જેને મનુષ્યભવ મળ્યો છે, તેણે મોક્ષ પ્રાપ્ત કરવાનું જ મુખ્ય કાર્ય આરાધવા યોગ્ય છે. બીજી ગતિમાં મોક્ષ-પ્રાપ્તિ થશે નહીં, એમ વિચારી, અપ્રમત્તપણે પ્રાપ્ત સંયોગોનો ઉત્તમ ઉપયોગ કર્તવ્ય છે.



હવે અત્યંત દુઃખ દેનાર નરક ગતિનો દેહ મળતાં પણ દેહને જ જીવ પોતાનું સ્વરૂપ માને છે, પણ પોતાનું સ્વરૂપ કેવું છે તે વિષે ગ્રંથકાર જણાવે છે :–

**नारकं नारकाङ्गस्थं न स्वयं तत्त्वतस्तथा ।**
**अनन्तानन्तधीशक्तिः स्वसंवेद्योऽचलस्थितिः ॥९॥**

નારકી નરકે જાણે-અજ્ઞાની, તેમ તે નથી;
અનંત-જ્ઞાન-શક્તિમાન્, સ્વગમ્ય, અચલસ્થિતિ. ૯

**ભાવાર્થ :–** આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની જેને જિજ્ઞાસા છે, તેને ત્યાગ-વૈરાગ્યની ભાવના જરૂરની છે. શ્રીમદ્ રાજચંદ્રે શ્રી 'આત્મસિદ્ધિ' શાસ્ત્રમાં જણાવ્યું છે કે—

"ત્યાગ-વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ-વિરાગમાં, તો ભૂલે નિજ ભાન."

ચારે ગતિમાં દુઃખ છે, દુઃખનું કારણ અજ્ઞાન છે, એમ જાણ્યા વિના આત્મજ્ઞાન પ્રત્યે જીવ વળતો નથી; તે જણાવવા ગ્રંથકારે ચારે ગતિમાં દેહાધ્યાસ જીવ પોષે છે એ બતાવવા બહિરાત્મ-દશાનું વર્ણન કરતાં નરદેહ, તિર્યંચદેહ અને દેવના દેહને પોતાનું સ્વરૂપ માની જીવ દુઃખી થાય છે એમ વર્ણવ્યું. હવે ચારે ગતિમાં જ્યાં ઘણું દુઃખ આખો ભવ ભોગવવું પડે તેવી નરક ગતિ છે, ત્યાં જે દેહ પ્રાપ્ત થાય છે તે વૈક્રિય દેહ કહેવાય છે, એટલે દેવની પેઠે દેહને અનેક આકારે પલટાવી શકે; પરંતુ નરકમાં અશુભ વિક્રિયા જ બને છે, કારણ કે ત્યાં માત્ર પાપનો જ ઉદય મુખ્યપણે હોય છે. એટલે પોતાની શક્તિ બીજાને દુઃખ દેવામાં જ વાપરે છે; દેવોની પેઠે આત્માથી પ્રત્યક્ષપણે અમુક મર્યાદામાં ભૂત, ભાવિ અને વર્તમાન જાણવાની શક્તિ-

રૂપ કુઅવધિજ્ઞાન (વિભંગ) બધા બહિરાત્માઓને ત્યાં હોય છે, તે પણ પોતાના પૂર્વના શત્રુઓને શોધી કાઢી વૈર લેવામાં જ વપરાય છે. આમ બધા જ આવી ભાવનાવાળા હોવાથી કોઈને ત્યાં સુખ સંભવતું નથી. આવી દુઃખદ દશામાં પણ જીવને 'દેહ તે જ હું છું, અને બીજાનો દેહ દેખાય છે, તે જ એનું સ્વરૂપ છે' એવી ભ્રાંતિ કાયમ રહે છે. કોઈક ભાગ્યશાળી જીવને જ, તેવા વિભંગ જ્ઞાનને પ્રભાવે પોતાના પૂર્વભવ સાંભરતાં, વાસુદેવ આદિ પદવીની પ્રાપ્તિ કરી માત્ર ભોગ ભોગવવામાં જ આયુષ્ય વ્યતીત કર્યું અને આત્માનું કલ્યાણ ન કર્યું તો આવા દુઃખદ દેહ અને સ્થાનની પ્રાપ્તિ થઈ છે એવા પશ્ચાત્તાપે પોતે દેહથી ભિન્ન છે એવું મહાપુરુષોએ ઉપદેશેલું યાદ આવતાં ભ્રાંતિ ટળી આત્મજ્ઞાનની પ્રાપ્તિ નરક જેવા સ્થાનમાં પણ થાય છે. ત્યારે તેને દેહથી ભિન્ન પોતાનું ખરું સ્વરૂપ શું છે તેના વિચારે સંપૂર્ણ પદનું સ્મરણ થાય છે.

અનંતાનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ ગુણસંપન્ન, પોતાને પોતાનો અનુભવ થાય તેવો તથા સંપૂર્ણપણે સર્વ કાળ રહી શકે તેવો અચળ આત્મા પોતે છે, છતાં બહિરાત્મ-દશામાં તેને આત્માનું માહાત્મ્ય કંઈ ભાસતું નથી. દેહ જ કોઈ અપૂર્વ વસ્તુ લાગવાથી મૂઢપણે તેની સંભાળ આખો ભવ જીવ કર્યા કરે છે, છતાં તે નાખી દઈ એકલા જવું પડે છે તેનું તેને સચોટ ભાન થતું નથી. અંધકારને ડાંગ મારવાથી, વાળી કાઢવાથી કે તેવા અયથાર્થ ઉપાયથી દૂર કરાતો નથી; માત્ર પ્રકાશથી જ તે દૂર થાય છે, તેમ દેહાધ્યાસ ટાળવા માટે માત્ર સદ્‌ગુરુનો યોગ, તેનો નિશ્ચય અને



તેના માર્ગનું આરાધન એ જ એક ઉપાય છે, તે મૂકીને બીજા ઉપાય કરતાં તે પુષ્ટ થયા કરે છે.

પોતાના દેહને પોતાનું સ્વરૂપ માનવાની ભૂલના પરિણામે, અન્ય સાથે વર્તતાં અન્યનું સ્વરૂપ નથી સમજાતું પણ અન્યનો દેહ તે જ અન્યનું સ્વરૂપ મનાય છે, તેનું વર્ણન ગ્રંથકાર હવે આગળની ગાથામાં પ્રદર્શિત કરે છે; અથવા દેહાધ્યાસનો આધાર સ્વ અને પરના સ્વરૂપની માન્યતામાં થતી ભૂલ છે, તે જ બહિરાત્મપણું છે, તે જણાવવા હવે ગ્રંથકાર વિસ્તાર કરે છે :—

**स्वदेहसदृशं दृष्ट्वा परदेहमचेतनम् ।**
**परात्माधिष्ठितं मूढः परत्वेनाध्यवस्यति ॥१०॥**

મૂઢ સ્વદેહ શો દેખી, પરના જડ દેહને,
પર આત્મા જુદો તોયે, દેહરૂપે પર ગણે. ૧૦

**ભાવાર્થ :—** સંસારનું સ્વરૂપ 'હું' અને 'તું'ની કલ્પનાનું ફળ છે. 'હું' કોણ છું? એનો યથાર્થ નિર્ણય ન હોવાથી 'દેહ તે હું' એવી ભૂલ ચાલતી આવી છે તે જણાવી, હવે જેને જીવ 'તું' કહે છે કે 'બીજો' કે 'સામો' માણસ માને છે તેના સ્વરૂપમાં તે જ ભૂલનો વિસ્તાર પોતે કરે છે, તે આ શ્લોકમાં ગ્રંથકાર કહે છે.

પોતાનો દેહ તે જ હું એમ બહિરાત્માની માન્યતા હોવાથી, બીજા કોઈને જુએ છે, ત્યારે બીજાના આત્માને રહેવાનું જે અચેતન સ્થાન એવો તેનો દેહ તે જ બીજાનું સ્વરૂપ છે, એવો બહિરાત્મા નિર્ણય કરે છે, માને છે. આવું માનનારને મૂઢ કહ્યો છે, કારણ કે દર્શનમોહ નામની મદિરા

તે આત્માએ પીધી છે તેના કેફથી બીજાના આત્માને ભૂલી તેના દેહને જ બીજાનું સ્વરૂપ કલ્પી, તેમ જ બકે છે.

જેમ કોઈ સ્ત્રીને તેના પતિનો શત્રુ મરી ગયેલો ભૂત થઈને વળગે, ત્યારે તેને કોઈ પૂછે કે 'તું કોણ છે?' તો તે બાઈ બોલે કે 'હું ફલાણો છું.' 'ક્યાં રહે છે?' એમ પૂછે તો કે 'પીંપળે' તેના પતિને બતાવીને પૂછે કે 'આ કોણ છે?' તો કહે કે 'એ મારો શત્રુ છે.'

આમ દેહભાવરૂપ શત્રુ આ જીવને વળગ્યો છે. તેથી દેહને હું માને છે; અન્યના દેહને અન્યનું સ્વરૂપ માને છે, કહે છે અને પ્રવર્તે છે. પણ આ મૂઢ દશા છે એમ ગ્રંથકાર કહે છે. તે ઉન્મત્ત દશા તજી જ્ઞાનીપુરુષોએ જે આત્માનું યથાર્થ સ્વરૂપ જાણ્યું છે, અનુભવ્યું છે અને નિષ્કારણ કરુણાથી પ્રકાશ્યું છે, તે જાણવા, માનવા અને પોતાનું સ્વરૂપ અનુભવી અનાદિકાળની ભૂલથી રહિત થઈ, સુખી થવા ગ્રંથકાર ઉપદેશ કરે છે.

"જ્યારથી એમ સમજાયું કે ભ્રાંતિમાં જ પરિભ્રમણ કર્યું, ત્યારથી હવે ઘણી થઈ, અરે! જીવ, હવે થોભ, એ નિર્વેદ."

આમ પોતાને સમજાવી, બહિરાત્મપણાનું ફળ પરિભ્રમણ, જન્મમરણરૂપ સંસાર છે એમ નિર્ણય કરી, જીવે પાછું હઠવું ઘટે છે.

"માહાત્મ્ય જેનું પરમ છે, એવા નિઃસ્પૃહી પુરુષોનાં વચનમાં જ તલ્લીનતા તે શ્રદ્ધા-આસ્થા." —શ્રીમદ્ રાજચંદ્ર

આવી 'પરમ દુર્લભ' શ્રદ્ધા જીવને પ્રાપ્ત થયે બહિરાત્મ-દશા ટળે છે અને પોતે પોતાના ભાનમાં આવે છે, ત્યારે



દેહને દેહરૂપે જાણે છે અને પોતાના આત્માને પોતાનું સ્વરૂપ માને છે; તેથી પરના દેહને પણ અચેતન દેહરૂપે માને છે અને પરના આત્માને જ તેના આત્મારૂપે સ્વીકારે છે. ભૂલની ગંભીરતા અને તેનું ભયંકર સ્વરૂપ ન સમજાય ત્યાં સુધી જૂને ચીલે જ પ્રવર્તતાં જીવ આનંદ માને છે. પણ સત્પુરુષ અને તેનાં વચનોમાં શ્રદ્ધા આવતાં ભૂલ કે બહિરાત્મપણું તેને ભયંકર ભાસે છે, પછી તેનો ત્યાગ કરવા તે પ્રેરાય છે.

એ જ ભૂલના વિસ્તારને ગાંડપણરૂપે ગ્રંથકાર વર્ણવે છે :—

**स्वपराध्यवसायेन देहष्वविदितात्मनाम् ।**
**वर्तते विभ्रमः पुंसां पुत्रभार्यादिगोचरः ॥११॥**

સ્વ-પર-દેહમાં આત્મા, અજ્ઞાની આમ માનતો;
પડી વિભ્રમમાં પોતે, પુત્ર ભાર્યાદિ ભાવતો. ૧૧

**ભાવાર્થ :—** આત્માનું જેમને જ્ઞાન, ઓળખાણ નથી થયું, તેવા બહિરાત્મા પોતાના દેહને પોતાનું સ્વરૂપ માને છે અને પરના દેહને પરનું સ્વરૂપ માને છે; આને આધારે તેની બધી પ્રવૃત્તિ છે. આ માન્યતાને ગ્રંથકાર વિભ્રમ કહે છે એટલે તે વિપરીત નિશ્ચય, અસત્ય નિશ્ચય અથવા અવિદ્યા કે ગાંડપણ ગણાય છે.

જેમ કોઈ પુરુષનું ચિત્ત પરસ્ત્રીમાં ચોંટ્યું હોય તો તે અન્યાય, દુરાચારને જ સુખરૂપ ઉત્તમ માર્ગ, કર્તવ્યરૂપ સમજે છે, તેનું સમર્થન પણ કરે છે; લોકોની નિંદાને ગણે નહીં, નિંદનારને દુશ્મન ગણે; પણ પોતાનું વર્તન ખરાબ છે, એમ રાવણની પેઠે તેને સમજાતું નથી. આવી દશાને વિભ્રમ, ઉન્મત્તપણું કે વિપરીતપણું કહે છે. જ્ઞાની પુરુષની

દૃષ્ટિમાં દેહને પોતાનું સ્વરૂપ, કે પરના દેહને પરનું સ્વરૂપ માનનાર બધા રાવણરૂપ છે; બહિરાત્મા છે.

એ વિભ્રમ ક્યાં વર્તે છે? તો કહે પુત્ર, સ્ત્રી, પિતા આદિ કલ્પના પ્રત્યે પ્રવર્તે છે. પુત્રના દેહને તેનું સ્વરૂપ માનવાથી જીવ પુત્રનો દેહ જોઈને પ્રસન્ન થાય છે, તેને રમાડે છે, તેને માટે ઘરેણાં, કપડાં, રમકડાં આદિની ચિંતા કરે છે, તેના રોગની દવા વગેરે કરે છે, તેના દુઃખે દુઃખી થાય છે, તેના વિયોગે અતિ દુઃખી થાય છે. તેને માટે ઘર, વેપાર, પૈસા કે સગપણના વિચાર કરે છે, પણ તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય કે તેનાં જન્મમરણ મટે તેના વિચાર તેને નથી આવતા; કારણ કે આત્માના અસ્તિત્વની પ્રતીતિ નહીં હોવાથી આત્મા સંબંધી વિચાર આવવા મુશ્કેલ છે.

શ્રીમદ્ રાજચંદ્ર એક પત્રમાં આ વિષે જણાવે છે :—

"પુત્રાદિ સંપત્તિમાં જે પ્રકારે આ જીવને મોહ થાય છે તે પ્રકાર કેવળ નીરસ અને નિંદવા યોગ્ય છે. જીવ જો જરાય વિચાર કરે તો સ્પષ્ટ દેખાય એવું છે કે, કોઈને વિષે પુત્રપણું ભાવી આ જીવે માઠું કર્યામાં મણા રાખી નથી, અને કોઈને વિષે પિતાપણું માનીને પણ તેમ જ કર્યું છે, અને કોઈ જીવ હજુ સુધી તો પિતાપુત્ર થઈ શક્યા દીઠા નથી. સૌ કહેતા આવે છે કે આનો આ પુત્ર અથવા આનો આ પિતા, પણ વિતારતાં આ વાત કોઈ પણ કાળે ન બની શકે તેવી સ્પષ્ટ લાગે છે. અનુત્પન્ન એવો આ જીવ તેને પુત્રપણે ગણવો, કે ગણાવવાનું ચિત્ત રહેવું, એ સૌ જીવની મૂઢતા છે, અને તે મૂઢતા કોઈ પણ પ્રકારે સત્સંગની ઇચ્છાવાળા જીવને ઘટતી નથી." અસાડ સુદ ૬, રવિ, સં. ૧૯૫૦



પુત્રની પેઠે સ્ત્રી, પિતા, માતા આદિ સર્વ પર દેહોને દેખી બહિરાત્મા રાગ-દ્વેષ કરી કર્મ બાંધે છે તથા નવા દેહ ધારણ કરવાનાં કારણો સેવે છે.

આ વિભ્રમથી અવિદ્યારૂપ સંસ્કાર બળવાન બની પરભવમાં પણ સાથે જાય છે અને બહિરાત્મપણું ભવોભવ જીવ અનુભવે છે તે વાત આગળની ગાથામાં ગ્રંથકાર મહાત્મા પ્રગટ કરે છે :—

**अविद्यासंज्ञितस्तस्मात्संस्कारो जायते दृढः ।**
**येन लोकोऽङ्गमेव स्वं पुनरप्यभिमन्यते ॥१२॥**

અવિદ્યારૂપ સંસ્કાર, તેથી તો દૃઢ જામતો;
તેથી પુનર્ભવે જીવ, પોતાને દેહ માનતો. ૧૨

**ભાવાર્થ :—** આ દૃશ્ય જગતમાં અહંભાવ, મમત્વભાવ-રૂપ વિભ્રમ બહિરાત્મ-જીવને વર્તે છે; જગતની મહત્તા તેણે સાંભળી છે, વિચારી છે, માની છે અને અન્યને તેવી જ પ્રેરણા કરી છે; આ વિભ્રમના સંસ્કારો જીવ પરભવથી લાવ્યો છે, અહીં પોષે છે એટલે પરભવમાં પાછા બાળવાનપણે સ્ફુરી આવે તેવા ગાઢ કરે છે; પુત્ર, સ્ત્રી, ધન, ધાન્યાદિ પોતાનાં છે, દેહરૂપ પોતાને ઉપકારી છે, એમ માની તેમના સમાગમમાં સુખની કલ્પના દૃઢ કરે છે, સંતોષ પામે છે; તેમના વિયોગમાં મહા સંતાપ પામે છે, અસહ્ય વિયોગ થઈ પડે ત્યારે આત્મઘાત પણ આદરે છે.

આવી વિચારણામાં જીવનારને દૃઢ સંસ્કાર એટલે અવિચળ વાસના જામે છે, તેનું નામ અવિદ્યા શાસ્ત્રકારોએ પાડ્યું છે તેના પ્રભાવે જીવ અનાત્મા એવા દેહને જ આત્મા માને

છે, પોતાનાં નહીં એવાં બીજાં દ્રવ્યોને—પુત્ર, મિત્ર, ક્લત્ર, ધન, ધાન્યાદિને— પોતાનાં માને છે, તથા મળમૂત્રથી ભરેલા વાસણ જેવા સ્વ અને પરના દેહાદિ અશુચિ પદાર્થોને શુચિ, પ્રીતિ કરવા લાયક, પ્રાપ્ત કરવા યોગ્ય માને છે; સ્વપ્ન જેવા થોડી મુદત ટકનાર આ અનિત્ય સંયોગોને સદાય આમ ને આમ રહેનાર કે સાથે આવનાર નિત્યરૂપે માને છે; જે નાશ પામનાર છે કે આપણે તેને મૂકીને ચાલ્યા જવાનું છે તો તેનો મોહ કરી મૂંઝવણ શા માટે ઊભી કરવી એવો વિચાર અવિદ્યાને લીધે આવતો નથી કે ટકતો નથી; પણ મમતા વધ્યા જ કરે છે.

અનિત્ય પદાર્થો પ્રત્યેના મોહને લીધે જીવને સાચો વિચાર જાગતો નથી; કોઈ જ્ઞાની પુરુષનાં વચનો સાંભળે, કે વાંચે તો તેથી જેવી જોઈએ તેવી જાગૃતિ પ્રગટતી નથી, પોતાની ભૂલ સમજાતી નથી; દેહમાં વિચાર કરનાર વસે છે, તેનો વિચાર આવતો નથી.

“શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?
પોતે શું? ક્યાંથી છે આપ? એનો માગો શીઘ્ર જવાપ.
જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તહાં શંકા નહિ સ્થાપ;
પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન.
ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય, તે ઊપજવા પૂર્વિક ભાગ્ય;
તેમ નહીં તો કંઈ સત્સંગ, તેમ નહીં તો કંઈ દુઃખરંગ.”

—શ્રીમદ્ રાજચંદ્ર

દુર્લભ મનુષ્યભવ મળ્યો છે, તેમાં આત્મહિત સાધી શકાય, અવિદ્યા છેદી આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકાય તેમ છે; ત્યાં પણ જીવ જો નહીં ચેતે તો આ દેહ તજી જીવ જ્યાં જશે, અને જે દેહ પ્રાપ્ત કરશે ત્યાં પાછો દેહને જ પોતાનું



સ્વરૂપ માની અનાદિનો વિપરીત માર્ગ આરાધી દુઃખી, દુઃખી રહ્યા કરશે, માટે આ જ ભવમાં ચેતવા યોગ્ય છે એમ કરુણા કરી ગ્રંથકાર ઉપદેશે છે.

દેહબુદ્ધિ અને આત્મબુદ્ધિનાં પરિણામ કેવાં ભિન્ન આવે છે તે હવે ગ્રંથકાર જણાવે છે :—

**देहे स्वबुद्धिरात्मानं युनक्त्येतेन निश्चयात् ।**
**स्वात्मन्येवात्मधीस्तस्माद्वियोजयति देहिनम् ॥१३॥**

દેહાત્મબુદ્ધિ દેહોનાં, કારણો મેળવે નકી;
આત્મામાં આત્મબુદ્ધિમાન્, દેહની કેદ દે મૂકી. ૧૩

**ભાવાર્થ** :— ‘દેહ તે જ હું છું’ એવી દેહાત્મબુદ્ધિ જન્મમરણનું કારણ છે, માટે તજવા યોગ્ય છે, નહીં તો પરભવમાં પણ તે સાથે જાય છે અને દીર્ઘ સંસારનું કારણ થાય છે એમ જણાવી, હવે આ ભવની પ્રવૃત્તિ પણ કેવા કારણને આધારે વર્તે છે તે ગ્રંથકાર કહે છે.

જેને દેહમાં પ્રીતિ વર્તે છે તે દેહના વિચારો કરે છે, દેહને પોષવાને, સુંદર બનાવવાને, લોકોમાં દેહ પ્રશંસાપાત્ર બને તે અર્થે પ્રવર્તે છે. પરભવના કદી વિચારો આવે તો દેવ આદિનો દેહ મળે કે રાજકુટુંબમાં જન્મ થાય અને ત્યાં વિશેષ દૈહિક સુખો મળે તે અર્થે દાન, પુણ્ય, તપ આદિમાં પ્રવર્તે છે. જેવી જેની માન્યતા તે આધારે આ ભવની પ્રવૃત્તિ પણ થાય છે. માટે યમ, નિયમ, જપ, તપ આદિ પ્રયત્નો કર્યા કરવા કરતાં પ્રથમ યથાર્થ માન્યતા થાય તે અર્થે જીવે સત્સંગ, સત્શાસ્ત્ર અને સદ્વિચાર દ્વારા લૌકિક ભાવો દૂર કરી, અલૌકિક ભાવો સમજવાનો અને સ્વીકારવાનો પુરુષાર્થ કર્તવ્ય છે.

દેહ દેહરૂપે ત્રણે કાળ રહી શકે તેમ નથી કારણ કે તે સંયોગી પદાર્થ છે. સર્વ સંયોગોનો વિયોગ નિશ્ચયે થવાનો છે. તો અનિત્ય એવા દેહનો મોહ યથાર્થ નથી, એમ વિચારી, આત્મા આત્મારૂપે ત્રણે કાળ રહી શકે તેવો, વિશ્વની શાશ્વત વસ્તુઓમાંનો એક પદાર્થ છે, તેનો સત્સંગ, સત્શાસ્ત્રના આધારે વિચાર કરી, નિર્ણય કરી તેનું સંપૂર્ણ સ્વરૂપ પ્રગટ કરી, પરમપદની પ્રાપ્તિ કરવી ઘટે છે. અને અજ્ઞાનદશા કે બહિરાત્મપણાને લીધે જન્મ-મરણ આદિ અનંત દુઃખો અનંતકાળથી ભોગવતા આ જીવની દયા લાવી, તેને અનંત સુખનો ભોક્તા સર્વ કાળ માટે કરી, કૃતકૃત્ય થવા યોગ્ય છે.

આમ આ દેહદેવળમાં રહેલો આત્મા તે હું છું એવી આત્મબુદ્ધિ જેને પ્રગટે છે, તેને ફરી દેહ ધારણ કરવો ન પડે; દેહાદિ સંયોગોનો આત્યાંતિક અભાવ કે મોક્ષ થાય તે અર્થે આ ભવમાં સત્ય પુરુષાર્થ તે સતત કરે છે.

શ્રીમદ્ રાજચંદ્ર દ્વાદશાંગીનું સળંગ સૂત્ર નીચે પ્રમાણે પ્રગટ કરે છે :— ‘‘સર્વ દુઃખથી મુક્ત થવાનો અભિપ્રાય જેનો થયો હોય તે પુરુષે આત્માને ગવેષવો અને આત્મા ગવેષવો હોય તેણે યમ, નિયમાદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન કરી સત્સંગને ગવેષવો, તેમ જ ઉપાસવો. સત્સંગની ઉપાસના કરવી હોય તેણે સંસારને ઉપાસવાનો આત્મભાવ સર્વથા ત્યાગવો પોતાના સર્વ અભિપ્રાયનો ત્યાગ કરી, પોતાની સર્વ શક્તિએ તે સત્સંગની આજ્ઞાને ઉપાસવી. તીર્થંકર એમ કહે છે કે જે કોઈ તે આજ્ઞા ઉપાસે છે તે અવશ્ય સત્સંગને ઉપાસે છે; એમ જે સત્સંગને ઉપાસે છે તે અવશ્ય આત્માને



ઉપાસે છે, અને આત્માને ઉપાસનાર સર્વ દુઃખથી મુક્ત થાય છે.’’

બહિરાત્મદશાથી સંસારમાં જીવની જે દુઃખદ દશા થઈ પડી છે તે જોઈ આ ગ્રંથકારને ખેદ થાય છે તે હવેના શ્લોકમાં વર્ણવે છે :—

**देहेष्वात्मधिया जाताः पुत्रभार्यादिकल्पनाः ।**
**संपत्तिमात्मनस्ताभिर्मन्यते हा हतं जगत् ॥१४॥**

દેહમાં આત્મબુદ્ધિથી, પુત્રાદિ નિજ કલ્પતો;
મહત્તા માની પોતાની તેમાં, હા! જગ-હાણ જો. ૧૪

**ભાવાર્થ :—** દેહને જ આત્મા માનવાની કુટેવ પડી ગયેલી હોવાથી બહિરાત્મા પુત્રના દેહને જ પુત્ર, પત્નીના દેહને જ પત્ની, પિતાના દેહને જ પિતા, માતાના દેહને જ માતા કલ્પી, હું પુત્રવાળો છું, હું પત્નીવાળો છું, હું માબાપવાળો છું, મોટા કુટુંબવાળો છું, સ-બાંધવ છું, એમ માની કલ્પનાને સંપત્તિ માને છે અને જ્યારે તે તે કલ્પિત સંબંધ મરણ, અણબનાવ વગેરે પ્રસંગે છૂટે છે ત્યારે કલ્પાંત કરે છે. પુત્ર ઉપરના મોહને લઈને તેના જન્મથી જ પ્રસન્ન બની રાગભાવની વૃદ્ધિ કરે છે અને સંસારના કારણરૂપ કર્મ કમાવાનો ધંધો ચલાવ્યા કરે છે. તેના શરીરને અનુકૂળ ખાન, પાન, વસ્ત્ર, અલંકાર આદિ એકત્ર કરે છે, તેની ચિંતા કરે છે; તેને રોગ થાય તો ખેદ કરે છે, એને બદલે મને દુઃખ આવ્યું હોત તો સારું એમ ઇચ્છે છે, દવા આદિની ગોઠવણ, ખર્ચ વગેરે વડે તેનો રોગ ટાળવા આતુર રહે છે તે ચિડાય, પજવે, દુઃખ દે તેને તે ગણતો નથી, મારે તો માર

પણ સહન કરે અને પુત્રને ઉછેરવાનો લહાવો મળ્યો માને છે. ઘણી વાર તો પુત્રનાં અપલક્ષણને, બીજાને મારવાની, અપશબ્દોથી અપમાન કરવાની, ચોરી કરવાની આદિ ટેવોને લાડમાં પોષે છે. નિશાળમાં જવાનું તેને ન ગમે કે શિક્ષકનો ત્રાસ લાગે તો તેને અભણ પણ રાખે છે; આવો આંધળો મોહ પુત્રનું અહિત અને પોતાનું અહિત સાધે છે. પુત્રના દેહને જ પુત્ર માનેલો હોવાથી તેને સારું સારું ખાવાપીવાનું આપી ગધેડાની પેઠે જાડો કરવા ઇચ્છે છે; પચે, ન પચે તોપણ ભારે ખોરાક ખવારી ખવારી માંદો પણ કરે છે. મોટો થાય ત્યારે તેને પરણાવવાનો લહાવો લેવા ઇચ્છે છે અને પરણાવીને ઘણી વાર તો પસ્તાય જ છે, ક્લેશનાં કારણો ઊભાં થાય છે કે માબાપ ઉપરનો પુત્રનો ભાવ પલટાઈ અભાવ પ્રગટવા લાગે છે. આ બધા પ્રસંગો દુઃખના હોવા છતાં પુત્રને પોતાની સંપત્તિ માની બહિરાત્મા પોતાને ભાગ્યશાળી માને છે. ઓછું આયુષ્ય હોય તો પુત્રના મરણનું દુઃખ અકથ્ય થઈ પડે છે. જો પુત્ર સારો, કમાતો, અને લોકોમાં વખણાતો હોય તો તો તેના મરણથી દુઃખનો પાર રહેતો નથી. એક પુત્ર-સંપત્તિની કલ્પનાથી કેટલાં કર્મ બાંધી બહિરાત્મા જીવ ભારે કર્મી બને છે તે જણાવવા આટલું લખ્યું તે ઉપરથી અન્ય સંબંધો અને સંયોગોનો વિચાર કરતાં સંસારમાં જીવના દુઃખનો પાર નથી એમ આચાર્યને લાગતાં, આખું જગત બહિરાત્મભાવથી હણાઈ રહ્યું છે એમ લાગી આવતાં, આ શ્લોકમાં તેને માટે ખેદ પ્રદર્શિત કર્યો છે— તે એવા ભાવથી કે બિચારા જીવોનાં આવાં દુઃખો તેમને બહિરાત્મદશા છૂટ્યે જ મટે તેમ છે. તેથી સંસારદશામાં જે જે દુઃખો છે તેનું



મૂળ શોધી કાઢી, તે ઉખેડી નાખવા આચાર્ય, અત્યંત દુઃખી બહિરાત્માઓને, ભલામણ આગળના શ્લોકમાં કરે છે :—

**मूलं संसारदुःखस्य देह एवात्मधीस्ततः ।**
**त्यक्त्वैनां प्रविशेदंतर्बहिरव्यापृतेन्द्रियः ॥१५॥**

મૂળ સંસાર—દુઃખોનું દેહમાં આત્મબુદ્ધિ તે-
તજી ઇંદ્રિય વ્યાપાર-બાહ્ય, અંતર પેસજે. ૧૫

**ભાવાર્થ :—**સંસારચક્ર કેમ પ્રવર્તે છે તેનો ખ્યાલ આપવા જ્ઞાની ગ્રંથકાર જણાવે છે કે 'દેહ એ જ હું છું' આવી બુદ્ધિ બહિરાત્માની હોવાથી તેને દેહદૃષ્ટિ કહેવાય છે. પૂર્વનાં બાંધેલાં કર્મ ભોગવવા આ દેહ ધરવો પડ્યો. દેહની સાથે જ ઇંદ્રિયોની રચના કર્માનુસાર થાય છે અને તે ઇંદ્રિયો બાહ્ય પદાર્થોના રૂપ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શ ગ્રહણ કરવાની શક્તિવાળી હોવાથી, બાહ્ય પદાર્થોમાં પ્રવર્તે છે. તે નિમિત્તે મન ઇષ્ટ-અનિષ્ટપણું, સુખ-દુઃખની કલ્પના કરી કર્મ બાંધે છે. આમ ઇંદ્રિય અને મનની મદદથી નવો દેહ પ્રાપ્ત થાય તેવાં કર્મો જીવ કમાય છે. તેના ફળરૂપે આ દેહ છૂટે એટલે સંચિત કર્મો ભોગવાય તેવો દેહ જ્યાં પ્રાપ્ત થાય તેવી અનુકૂળતા હોય, ત્યાં જીવ જાય છે; ત્યાં દેહની રચના કરી તે દેહને પોતાનું સ્વરૂપ માને છે, જે ઇંદ્રિયોની રચના કરી તેથી બાહ્ય જગતને જાણી સુખ- દુઃખ, ઇષ્ટ-અનિષ્ટની કલ્પના કરી ફરી કર્મ બાંધે છે. તેના ફળરૂપે વળી બીજો દેહ ધારણ કરવો પડે છે, ત્યાં પણ સંસારચક્ર અખંડિતપણે ચલાવ્યા કરે છે. આવો ધંધો બહિરાત્માનો ઇંદ્રિયોની બાહ્ય વિષયોમાં પ્રવૃત્તિ થતાં ચાલ્યા કરે છે.

આમ આચાર્યને સમજાયાથી નિષ્કારણ કરુણાશીલ સ્વભાવવાળા ભગવંત આચાર્ય બહિરાત્મદશાવાળા જીવને સમજાવે છે : ''હે જીવ! આમ તો ઘણી થઈ; હવે થોભ. 'દેહ તે જ હું' એવી બુદ્ધિ આ બધાં સંસારનાં દુઃખોનું મૂળ છે, માટે તે બુદ્ધિ હવે ભલો થઈને છોડ એટલે બહિરાત્મપણું પણ છૂટશે. હવે અંતરમાં પ્રવેશ કર; આ દેહમાં વિચાર કરનાર બેઠો છે, તે દેહથી ભિન્ન છે, એમ માન; તે સુખી છે કે દુઃખી તેનો વિચાર, સદ્‌ગુરુનો ઉપદેશ પ્રાપ્ત કરી, કર. વિચાર કરતાં તે દુઃખી છે એમ સમજાશે. દુઃખનું કારણ 'હું દેહ છું' એ બુદ્ધિ પ્રતીત થશે. તે તજી દેહથી હું ભિન્ન છું અને ઇંદ્રિયોની પ્રવૃત્તિ કરનાર હું છું એમ તને સમજાશે. ઇંદ્રિયોની બાહ્ય પ્રવૃત્તિ ઓછી કરી, દેહ અને ઇંદ્રિયોના સ્વામીરૂપ પોતાના સ્વરૂપ તરફ અંતરમાં વૃત્તિ વારંવાર વાળવા પુરુષાર્થ કર.'' આવા ભાવાર્થનો ઉપદેશ, આટલો ઉપદેશ ધ્યાનપૂર્વક સાંભળનાર બહિરાત્મા પ્રત્યે, દયાળુ આચાર્ય કરે છે. તે ઉપદેશ પોતાને કરે છે, દેહને તો ઉપદેશ, આચાર્ય જેવા જ્ઞાની પુરુષ કરે નહીં, કેમકે દેહ તો જડ છે, દેહમાં જાણનાર તો હું છું; માટે મારે મારો વિચાર હવે કરવો, એમ બહિરાત્માને આચાર્યના ઉપદેશથી જાણે લાગ્યું હોય તેમ પોતાને પોતાનું ઓળખાણ આટલા કાળ સુધી ન થયું તેનો ખેદ આશ્ચર્ય સહિત બહિરાત્માને થાય છે, તે જણાવવા, બહિરાત્માના મુખમાં પોતાની ભૂલ દર્શાવતાં વચનો ગ્રંથકાર મૂકે છે :—

**मत्तश्च्युत्वेन्द्रियद्वारैः पतितो विषयेष्वहम् ।**
**तान्प्रपद्याहमिति मां पुरा-वेद न तत्त्वतः ॥१६॥**



ઇંદ્રિયદ્વારથી ચૂકી, પડ્યો હું વિષયો વિષે;
ભોગો પામી ન મેં પૂર્વે- જાણ્યું રૂપ યથાર્થ જે. ૧૬

**ભાવાર્થ :—** જ્ઞાનીપુરુષ આટલો બધો ઉપદેશ મારા હિતને અર્થે કરે છે એમ જાણી, બહિરાત્માને જે પાંચ ઇન્દ્રિયોના વિષયમાં પોતાની રમણતા વર્તે છે, તે જ પોતાને આવરણરૂપ છે એમ સમજાતાં તે બોલી ઊઠ્યો : અહો! આ ઇન્દ્રિયોરૂપી બારીઓમાં રહી વિષયોની રમતમાં હું એટલો બધો રાચી રહ્યો કે આટલો બધો લાંબો કાળ, અનંત ભવનાં પરિભ્રમણમાં મેં મારું યથાર્થ સ્વરૂપ ન ઓળખ્યું; પોતે પોતાને ભૂલીને જ મેં માત્ર બહિરાત્મપણે વિષયોમાં જ રમણતા કરી!

જેમ કોઈ બાળક બારીમાં બેસીને જોયા કરે, તો તેને દૂરદૂરનાં ખેતર, રસ્તા, નદી, તળાવ, પશુ, પક્ષી, માણસો જતાં આવતાં નજરે ચઢે, તેમનાં કપડાં, ચેષ્ટા આદિ દેખાવોમાં ચિત્ત રાખે તો બારીની નજીક બેઠેલા તેના મિત્રને પણ તે જોઈ ન શકે. ઘણો વખત રાહ જોઈ જ્યારે તે બાળકને બોલાવે, તેને પકડીને ઢઢોળે, ત્યારે તે તેની બાહ્ય નાટક જોવા જેવી નજર ફેરવી તેના મિત્રને દેખે, ત્યારે તેનો ઉપકાર માને કે મેં કેટલાય કલાક આ બારીમાં ગાળ્યા અને હજી તે જ જોવામાં ખોટી થયા કરત, પણ તમે મને જગાડ્યો ત્યારે જ આટલો બધો વખત હું નકામો ખોટી થયો એમ મને લાગ્યું; તેમ બહિરાત્મા સદ્‌ગુરુના બોધથી પોતાની ભૂલ કબૂલ કરે છે કે (मत्तः) મારા સ્વરૂપથી હું ઇંદ્રિયો દ્વારા ચૂક્યો અથવા ઇંદ્રિયોના વિષયોના મોહથી ઉન્મત્ત થયેલો હું (मत्तः) ઉન્મત્ત પાંચ ઇંદ્રિયોના વિષય જે શબ્દ, સ્પર્શ, રસ, ગંધ, અને

રૂપમાં પડ્યો પડ્યો 'હું કોણ છું?' તેનો વિચાર કરી મેં મારું ઓળખાણ ન કર્યું.

પોતાનું સ્વરૂપ જેણે જાણવું હોય, બહિરાત્મપણું ત્યાગવું હોય તેણે પાંચ ઇંદ્રિયદ્વારા ભોગવાતા ભોગો પ્રત્યે અનાસક્તિરૂપ વૈરાગ્યનો અભ્યાસ પ્રથમ કર્તવ્ય છે. ભોગોની જે મીઠાશ જીવને વર્તે છે, તે ટાળવા માટે સદ્‌ગુરુનો બોધ, સત્શાસ્ત્રનું શ્રવણ, વાચન, વિચાર, સત્સંગ આદિ સામગ્રી મેળવવી. વિષયોથી જન્મતી પરાધીનતા, તેની ક્ષણિકતા, તૃષ્ણા ઉત્પન્ન કરાવી જીવને દુઃખસમુદ્રમાં ગબડાવી પાડવાની શક્તિ, કર્મબંધ કરાવી જન્મમરણ ઊભા થવાનું કારણ તથા સર્વથી મોટી હાનિ પોતાનો વિચાર જ ન થવા દે તેવી વિષયોની નવી નવી રમત છે. આ બધાનો વિચાર, ચર્ચા અનેક વાર થતાં જીવને પંચેન્દ્રિયના વિષયો અપ્રિય, બાધકર્તા, આત્મરોધક સમજાય છે, ત્યારે તે પ્રત્યે અભાવ થઈ, વિષયોના આનંદને બદલે સત્સંગ, સત્પુરૂષ, સત્શાસ્ત્ર, સદ્ વિચાર એ આનંદનાં સાધન સમજાય છે; તેની રુચિ, પ્રીતિ, ઉત્સુકતા જાગે છે. સત્સંગે આજ્ઞા કે સત્સાધનની પ્રાપ્તિ થાય, તેની ઉપાસનામાં જીવને આનંદ આવે છે. આમ બહિરાત્મતા ટળી, અંતરાત્મદશાનો પ્રભાતકાળ પ્રગટે છે; ત્યારે પરમાત્મદશા પ્રગટાવવાની જીવને મહેચ્છા ઊગે છે, તે સંતોષવા સદ્‌ગુરુ અંતરાત્માને યોગમાર્ગ કે મોક્ષમાર્ગ પ્રકાશક વાર્તા કહે છે :—

**एवं त्यक्त्वा बहिर्वाचं त्यजेदन्तरशेषतः ।**
**एष योगः समासेन प्रदीपः परमात्मनः ॥१७॥**

બાહ્ય વાણી તજી આવી, અંતર્વાચા તજો પૂરી;
સમાસે યોગ-વાર્તા આ, પરમાત્મા પ્રકાશતી. ૧૭



**ભાવાર્થ :—** ઇંદ્રિયવિષયના ભોગો પ્રત્યે જેને વૈરાગ્ય જાગ્યો છે, તેવા મુમુક્ષુ જીવને ગ્રંથકાર આગળની તૈયારી દર્શાવવા હવે કહે છે : ઇંદ્રિયના સંયમ સાથે વાણીના સંયમની પણ જરૂર છે. તે વાણી બે પ્રકારની છે. એક તો બીજાને સમજાવવા માટે વાક્યાદિનો ઉચ્ચાર થાય છે તે અથવા બીજા આપણને સમજાવવા જે શબ્દો ઉચ્ચારે છે તે; આને બાહ્ય વાણી કહેવાય છે. આ વાણીના કારણરૂપ મનની વચનરચનારૂપે પ્રવૃત્તિ; કોઈને કહેતા પહેલાં આ વાત કરવી છે, આવી રીતે કરવી છે, આમ શંકા કરે તો તેનો આવો ઉત્તર આપવો; આવી અંતર્ ગડમથલ અંતર્વાચારૂપે ગણાય છે. શાંત એકલા બેસીને કોઈ પાઠ બોલીએ, વિચારીએ તેમાં જે વાણીની પ્રવૃત્તિ અંતરમાં થાય છે, તે પણ અંતર્વાચા છે. બાહ્ય વાચા કરતાં અંતર્વાચાની પ્રવૃત્તિ લાંબી હોય છે. બાહ્ય બોલવાના પ્રસંગો થોડા હોય છે, પણ અંતરંગ કલ્પના-જલ્પના તો નદીના પ્રવાહની પેઠે ચાલ્યા જ કરે છે.

''જહાં કલપના-જલપના, તહાં માનું દુઃખ છાંઈ;
મિટે કલપના-જલપના, તબ વસ્તુ તિન પાઈ.''
—શ્રીમદ્ રાજચંદ્ર

આમ બાહ્ય વાચા તથા અંતર્વાચા સંપૂર્ણ તજવી તે પરમાત્મપદરૂપી દીવો પ્રગટાવવાનો ટૂંકો રસ્તો છે. આ પરમાત્મયોગની ઝાંખી કરાવી. વિષયભોગોનું બહિરાત્માને આકર્ષણ છે, તેટલું જ કે તેથી વિશેષ વચનચાતુરીનો મોહ જીવને વર્તે છે. શ્રીમદ્ રાજચંદ્રે પ્રભુપ્રાર્થનામાં જણાવ્યું છે :

''તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન-નયન-યમ નાંહિ;
નહિ ઉદાસ અન-ભક્તથી, તેમ ગૃહાદિક માંહિ.''

એક મહાત્માએ વચનથી પોપટ પાંજરે પુરાય છે, અને સત્શિક્ષા પ્રાપ્ત થયે મુક્ત થાય છે તે જણાવવા કથા કહી છે : એક જ્ઞાનીપુરુષના યોગે સર્વસંગ પરિત્યાગ કરી બાળ શિષ્ય તેમની સેવામાં રહેતો હતો. વિહાર કરતાં એક ગામડામાં બન્ને જઈ ચઢ્યા. ધર્મશાળામાં ઊતર્યા. પંથનો શ્રમ ગુરુને લાગેલો દૂર કરવા થોડી સેવા કરી. ગોચરીનો વખત થતાં વસ્તીમાં જતા શિષ્યે આજ્ઞા માગી. ગુરુની રજા મળતાં ભિક્ષાએ જવાની તૈયારી કરી એક લત્તામાં શિષ્ય જતો હતો, ત્યારે પાંજરામાં રહેલા એક પોપટે કહ્યું : ‘‘મહારાજ, પધારો.’’ શિષ્યને નવાઈ લાગી, પાંજરા પાસે ગયો; ત્યાં પોપટે કહ્યું : ‘‘માજી, મહારાજ વહોરવા પધાર્યા છે.’’ ત્યાં તો ઘરમાંથી એક વૃદ્ધ બાઈ અને બે ત્રણ છોકરાં બહાર આવ્યાં, વિનય સહ મહારાજને ભિક્ષા લેવા અંદર લઈ ગયાં. મહારાજ જોઈતી યોગ્ય ભિક્ષા લઈ બહાર આવ્યા, ત્યારે પોપટે પૂછ્યું : ‘‘મહારાજ, તમારી સાથે કોઈ મોટા સાધુ છે?’’ શિષ્યે કહ્યું : ‘‘હા, મારા ગુરુજી છે.’’ પોપટે પૂછ્યું : ‘‘તો મારી એક વાત તેમને પૂછી કાલે જવાબ મને જણાવશો?’’ શિષ્યે હા પાડી એટલે કહ્યું : ‘‘હું આ પાંજરામાંથી કેવી રીતે મુક્ત થાઉં? એટલું પૂછી લાવજો.’’ બીજેથી થોડી થોડી ભિક્ષા લઈ શિષ્ય ગુરુ પાસે ગયો ત્યાં તેણે પોપટની વાત તથા પ્રશ્ન ગુરુને જણાવ્યાં. જ્ઞાની ગુરુ એકદમ જમીન પર ગબડી પડ્યા. થોડી વાર હાથપગ હલાવી, મુખથી કંઈ અવાજ કરી, શાંત પા કલાક પડી રહ્યા. શિષ્ય ગભરાયો શીત ઉપચાર કરવા લાગ્યો પછી ભાનમાં આવ્યા હોય તેમ બેઠા થયા. બન્નેએ ભોજન કર્યું. બીજે દિવસે ગોચરીનો



વખત થયો ત્યારે શિષ્ય ગુરુની આજ્ઞા લઈ ભિક્ષા માટે વસ્તીમાં ગયો; પોપટને બધી બીના કહી. પોપટ સમજી ગયો. મહારાજ ગયા પછી ‘ચીં ચીં’ શબ્દ કરી, પાંખો ફફડાવી, તે સળિયા પરથી પાંજરામાં પડી ગયો. છોકરાં આવીને જુએ તો પોપટ બેભાન જણાયો, તેથી પાંજરું છોડી અગાશીમાં વાવાશ ખુલ્લું કરીને બધાં જમવા ગયાં. પોપટ પાંજરામાંથી નીકળી ઊડી ગયો. આ [1]રહસ્યમય કથા બહુ વિચારવા યોગ્ય છે, તેમાં મુક્તિમાર્ગ દશાવ્યો છે.

વચનસંયમ કેવા વિચારે સાધ્ય થાય તે જણાવવા ગ્રંથકાર મૂળ દ્રવ્યોનું સ્વરૂપ સમજાવતાં કહે છે :—

**यन्मया दृश्यते रूपं तन्न जानाति सर्वथा ।**
**जानन्न दृश्यते रूपं ततः केन ब्रवीम्यहम् ।।१८।।**

જે મને રૂપ દેખાય, તે તો જાણે ન સર્વથા;
જાણે તે તો ન દેખાય, કોની સાથે કરું કથા? ૧૮

**ભાવાર્થ :—**બાહ્ય વાણી અને અંતર્જલ્પરૂપ અંતર્વાચા સંપૂર્ણપણે તજવી, તે ચિત્તનિરોધરૂપ સમાધિ કે સ્વસ્વરૂપે સ્થિતિ કરવારૂપ યોગ જણાવી, તેના સાધનરૂપ ઉપદેશ પ્રદર્શિત કરે છે કે જે જે રૂપી પદાર્થો, દેહાદિ શબ્દોથી ઓળખાતા મને નજરે ચઢે છે, તે કોઈ જાણવાની શક્તિવાળા નથી. જેમ ભીંત સમજી શકતી નથી, તેની સાથે કોઈ વાત કરતું નથી, તેમ દેહાદિ દૃશ્ય જગત તો કંઈ જાણતું નથી. તો કોની સાથે વાત કરવી? જે જાણે તેની સાથે વચન વડે વ્યવહાર કરવો ઘટે. આમ રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ ગુણો જે પદાર્થમાં હોય છે તે પુદ્ગલ કે રૂપી પદાર્થ કહેવાય છે. તે

૧ રહસ્યાર્થ માટે જાુઓ પત્રસુધા પત્ર નં. ૨૩૫.

પદાર્થમાં જાણવાનો, સમજવાનો, સુખદુઃખ વેદવાનો ધર્મ નથી; એમ વિચારી દૃશ્ય જગતથી ઉદાસીન વૃત્તિ કરી અંતરમાં વૃત્તિ વાળવી ઘટે છે. ગમે તેવી સુંદર રસોઈ હોય તે એમ સમજતી નથી કે ઇચ્છતી નથી કે મને કોઈ ખાય, મારી વાત કરે, મારી માગણી કરે; ગમે તેવાં સુંદર વસ્ત્ર-અલંકાર હોય તે પણ અજીવ હોવાથી મારા તરફ કોઈ જુએ, મને ભોગવે કે મારાં વખાણ કરે એમ કહેતાં, સમજતાં નથી, તો મારે શા માટે તેમાં ચિત્ત દેવું? શા માટે તે વિષે શબ્દો વાપરી મારું સ્વરૂપ ભૂલી, પારકી પંચાતમાં પડવું? આમ વારંવાર ઇન્દ્રિયોના વિષયો વિષે વચનપ્રવૃત્તિ કરતાં પહેલાં વિચારવું તેથી ઇન્દ્રિયજય અને વચનસંયમ સધાશે.

કોઈ પ્રશ્ન કરે કે જડપદાર્થો સાથે કોઈ વાત કરતું નથી પણ ચેતન સાંભળે છે એમ માનીને કહીએ છીએ, પૂછીએ છીએ.

તેના ઉત્તરમાં શ્લોકની બીજી લીટીથી ગ્રંથકાર દર્શાવે છે કે જે જાણનાર છે તે તો દેખાતો નથી; તે અરૂપી પદાર્થ હોવાથી ઇન્દ્રિયો વડે તે ગ્રહણ થાય તેવો નથી. તો દેખાય નહીં તેની સાથે વાત શી કરવી? સામે દેખાય તેને બોલાવીએ; પણ દેખાય નહીં, તો તે છે કે નહીં? એમ પણ ખબર ન પડે; તો તેની સાથે વાત કરવી એ ગાંડા માણસની ચેષ્ટા જેવું છે. આકાશની સાથે કોઈ વાત કરતું નથી, તેમ આકાશ જેવા અરૂપી જીવ સાથે શી વાત કરવી? તેમાં શો રસ આવે? એમ વિચારી બોલવાની વૃત્તિ શમાવી દેવી. બોલવાની વૃત્તિ નહીં થાય તો ચિત્તને શાંતિ થશે, વિકલ્પોનાં મોજાં મટતાં જશે અને મન સ્વરૂપમાં શમાશે, આમ રૂપી પુદ્ગલના ધર્મ વિચારી તથા અરૂપી ચૈતન્યના ગુણો વિચારી, આત્મા



આત્મારૂપે રહે તો પરપદાર્થોનો મોહ મટી, સ્વરૂપસુખ પ્રગટે એવો આ નિર્વિકલ્પ દશા સાધવાનો યોગ કહ્યો. બાહ્ય વાણી રોકવાનો અલ્પ વિચાર આ શ્લોકમાં મુખ્યપણે કહ્યો છે.

હવે ધર્મ સંબંધી, બોધ વિષે ઊઠતા વિકલ્પો શમાવી, અંતર્વાચા રોકવાનો ઉપાય દર્શાવતાં જ્ઞાની મહાત્મા જણાવે છે :

**यत्परैः प्रतिपाद्योऽहं यत्परान् प्रतिपादये ।**
**उन्मत्तचेष्टितं तन्मे यदहं निर्विकल्पकः ॥१९॥**

'સ્વરૂપ સમજાવું હું,' 'મને હો ઉપદેશક,'
ઉન્મત્ત મત એ મારો, આત્મા તો નિર્વિકલ્પક. ૧૯

**ભાવાર્થ :–** જે જીવને સદ્ગુરુયોગે તેના બોધે આ સંસાર અસાર સમજાયો છે, જન્મ-મરણાદિ ક્લેશવાળા સંસારને ત્યાગવાની ભાવના જાગી છે, અનિત્યભાવના જેના હૃદયમાં રહ્યા કરે છે, માતા-પિતા આદિનો મોહ મટ્યો છે, તેમના સ્વાર્થરૂપ સંબંધ પ્રત્યે ઉદાસીનતા રહ્યા કરે છે, ત્રિવિધ તાપનાં દુઃખ જેને અસહ્ય થઈ પડ્યાં છે, પરિગ્રહ, આરંભ અને સર્વ સંગ જેને મહા આસ્રવરૂપ સમજાયા છે એવા જીવને ઉપદેશબોધ પરિણમ્યો ગણાય. તેને સિદ્ધાંત-બોધની યોગ્યતા આવી ગણાય. સદ્ગુરુકૃપાથી વસ્તુસ્વરૂપ યથાર્થ સમજાય, ત્યારે તે સ્વરૂપમાં સ્થિતિ થવાને અર્થે બાહ્ય અને અંતર્વાચનો ત્યાગ ઉપદેશ્યો છે. તે જો જીવને યથાર્થ ન સમજાય તો પ્રથમથી જ સદ્ગુરુ-યોગ અને તેની આજ્ઞા વિના એકાંતમાં વાણી તજવા પ્રયત્ન કરે તેથી જીવના સ્વરૂપનું ભાન થવું જ અશક્ય છે તો સ્થિરતા તો ક્યાંથી પ્રાપ્ત થાય? જીવને રખડી મરવાનું થાય, તેમ ન બને માટે આટલી ચેતવણી આપી છે.

જેને હવે ઉપદેશબોધની જરૂર નથી; વાણીનો વિક્ષેપ ટાળતાં પરમાત્મપદ પ્રગટે એવી જેની ઉચ્ચ આત્મભૂમિકા બની છે, તેમ છતાં ઉપદેશગ્રંથો કે ઉપદેશકોના ઉપદેશો સાંભળવાની વૃત્તિ કંઈ રહ્યા કરતી હોય તેમને ગ્રંથકાર ઉપદેશે છે કે, કોઈ મહાત્મા મને આત્મસ્વરૂપનું પ્રતિપાદન કરે અને હું તે ઉપદેશ એકાગ્રભાવે સાંભળ્યા કરું એવી અંતરંગમાં ભાવનારૂપ વાણીની પ્રવૃત્તિ પણ યોગ્ય નથી, તેમ જ જગતના જીવોનું અજ્ઞાન દૂર થાય તે અર્થે તેમને આત્માનું સ્વરૂપ સમજાવી તેમને અનંત સુખના માર્ગે ચઢાવું એવી ભાવનારૂપ અંતર્વાચા પણ રોકવી ઘટે છે; કેમકે શુભભાવ પણ પુણ્યબંધનું કારણ તથા શાંત પરિણામમાં વિક્ષેપરૂપ છે. કારણ કે અંતરાત્મરાએ એમ વિચારવું ઘટે છે કે આત્મા તો નિર્વિકલ્પરૂપ છે તો મારા નિર્વિકલ્પ સ્વરૂપમાં ધર્મને નામે 'બોધ મળે' કે 'બોધ દઉં' એવા વિચારો કર્યા કરું તે એક પ્રકારનું ગાંડપણ છે. જે ભૂમિકામાં જે ન ઘટે તે કર્યા કરવું તે યથાર્થ સમજ નથી, પણ ઉન્મત્તતા છે. આવી સમજણ રાખી અંતર્વાચા પણ રોકે તો શ્રી આનંદઘનજીના શ્રી મહાવીરસ્તવનમાં છેવટે જણાવી છે તે દશા પ્રગટે.

''આલંબન સાધન જે ત્યાગે, પરપરિણતિને ભાગે રે,
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગ્યે, આનંદઘન પ્રભુ જાગે રે;
વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું રે''

પોતાનું ખરું સ્વરૂપ શું છે, તેની સ્મૃતિ આપવા ગ્રંથકાર અંતરત્માના મુખમાં નીચેની ગાથા મૂકે છે : —

**यदग्राह्यं न गृह्णाति गृहीतं नापि मुञ्चति ।**
**जानाति सर्वथा सर्व तत्स्वसंवेद्यमस्म्यहम् ॥२०॥**



અગ્રાહ્યને ગ્રહે ના જે, ગ્રહેલું, મૂકતો નથી;
સર્વથા સર્વને જાણે, તે સ્વ-સંવેદ્ય હું નકી. ૨૦

**ભાવાર્થ :—**''શું સ્વરૂપ છે મારું ખરું?'' શ્રીમદ્ રાજચંદ્ર-'અમૂલ્ય તત્ત્વવિચાર.'

સિદ્ધાંતબોધના સારરૂપ આ નિર્ણય અંતરાત્મા હૃદયમાં લખી રાખે છે કે આત્મા અકર્તા છે. પરપદાર્થોને, પરપદાર્થના ગુણોને, પરપદાર્થ સંબંધી વિકલ્પોને કે પોતા વિષેના વિકલ્પોને પણ શુદ્ધ આત્મા ગ્રહણ કરતો નથી, કારણ કે તે અગાહ્ય એટલે ગ્રહણ કરવાને અયોગ્ય છે. શુદ્ધ આત્માને તે ગ્રહણ કરવાથી કંઈ લાભ નથી, તે તેનો સ્વભાવ પણ નથી. પરંતુ પર વિષે વિકલ્પમાં પડતાં પોતાની શુદ્ધતા ગુમાવે છે. માટે જ્ઞાની અકર્તવ્ય કેમ આચરે ?

તો કોઈ પૂછે કે જ્ઞાની નિઃસ્પૃહ હોવાથી ગ્રહણ ન કરે, પણ ત્યાગ કરે કે નહીં ? તેનો ઉત્તર : ત્યાગ કરવાની બુદ્ધિ પણ જ્ઞાનીને નથી. જેણે પરને પોતાનું માન્યું જ નથી, તો તે પરને ત્યાગી પણ કેમ શકે ? પરને લેવાનો વિકલ્પ જેમ વિક્ષેપરૂપ છે, તેમ જ પરના ત્યાગનો વિકલ્પ પણ વિક્ષેપ વા ભ્રાંતિરૂપ છે. પર તે પરરૂપ જેની સમજણમાં દૃઢ થયું છે, તેને પરનો સહજ ત્યાગ જ વર્તે છે. લેવા-દેવાના વિકલ્પથી તે મુક્ત છે.

સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર આદિ સ્વભાવનો તો ત્યાગ થઈ શકે તેમ નથી. તેથી આત્મગુણો ગૃહીત છે, તેને આત્મા તજતો નથી.

જો આત્મા અગ્રાહ્યને ગ્રહતો નથી, ગૃહીતને મૂકતો નથી, તો તે શું કરે છે ? તેનો ઉત્તર ગ્રંથકર્તા દે છે : આત્મા

સર્વ પ્રકારે સર્વને જાણે છે એ જ એની ક્રિયા છે. આવું પોતાને પોતાનું સ્વરૂપ અનુભવમાં આવે તેવું છે. બીજાના કહ્યાથી કે દેખાડ્યાથી તે દેખાય તેવો નથી. હું સ્વ-સંવેદ્ય છું એમ અંતરાત્મા માને છે.

શ્રી બનારસીદાસ આ જ અદ્ભુત દશાની વાત શ્રી સમયસાર નાટકમાં જણાવે છે :—

[1]"जबहीतें चेतन विभावसों उलटि आपु,
समै पाई अपनो सुभाव गहि लीनो है;
तबहीतें जो जो लेनेजोग सो सो सब लीनो,
जो जो त्यागजोग सो सो सब छांडी दीनो है.
लेवेकों न रही ठोर, त्यागीवेकों नाहीं और,
बाकी कहा उबर्यो जु, कारज नवीनी है,
संगत्यागी, अंगत्यागी, वचन-तरंगत्यागी,
मनत्यागी, बुद्धित्यागी, आपा शुद्ध कीनो है."

અંતરાત્મા, પોતાની ભ્રાંતિ ટળી તે પહેલાં કેવી રીતે પ્રવર્તતો હતો તે દૃષ્ટાંતપૂર્વક વીતક વાર્તા જણાવે છે :—

**उत्पन्नपुरुषभ्रान्तेः स्थाणौ यद्वद्विचेष्टितम् ।**
**तद्वन्मे चेष्टितं पूर्व देहादिष्वात्मविभ्रमात् ॥२१॥**

ઠૂંઠાને ભૂલથી માની- મનુષ્ય, જેમ વર્તતો;
પ્રવર્ત્યો તેમ પૂર્વે હું, દેહાદિ નિજ માનતો. ૨૧

૧. અર્થ : જ્યારથી ચેતન, એવો કોઈ જોગ પ્રાપ્ત થયે, વિભાવથી વિમુખ થઈ પોતાના સ્વભાવમાં આવી ગયો, ત્યારથી તેણે જે જે લેવા યોગ્ય હતું તે સર્વ લઈ લીધું, જે જે તજવાયોગ્ય હતું તે બધું ત્યાગી દીધું હવે ક્યાંયથી કંઈ લેવા યોગ્ય રહ્યુ નથી, અને તજવાયોગ્ય પણ કંઈ રહ્યું નથી; તો હવે શું બાકી રહ્યું કે કંઈ નવું કરે ? સંગ, અંગ કે વચન- વિલાસ, મન, બુદ્ધિ આદિનો ત્યાગી બનીને પોતે શુદ્ધ આત્મા થયો છે.



**ભાવાર્થ :—** કરમસદ ગામના કોઈ એક ગૃહસ્થ ગંભીરા ગામે જવા પાસે પૈસા લઈ ત્રણ-ચાર વાગ્યે રાત્રે નીકળેલા. થોડે દૂર ગયા પછી તેમને વાડમાં કોઈ છુપાઈ રહ્યું હોય તેમ લાગ્યું. મનમાં વહેમ પડ્યો કે કોઈને બાતમી મળી હોય કે આ રાત્રે પૈસા લઈને જવાના છે, તેથી તે રાહ જોઈને છુપાઈ રહ્યો લાગે છે. તેથી મારે પણ તેને ખબર પડે તે પહેલાં સંતાઈ જવું ઠીક છે, એમ જાણી, તે એક બાજુ ઝાડવામાં લપાઈ રહ્યા અને નિર્ણય કર્યો કે તે દેખાતો બંધ થાય એટલે થાકીને જતો રહે, ત્યાર પછી આગળ જવું એમ કરતાં સવાર થયું, ત્યારે પ્રકાશમાં જણાયું કે ત્યાં કોઈ માણસ નહોતું પણ હરેરાનું થડ ધોળું માણસ જેવું અંધારામાં લાગતું હતું થડ છે એમ નિર્ણય થયો નહોતો ત્યાં સુધી અનેક વિકલ્પો ઊઠતા કે જો હવે ન ખસે તો પાછા જઈ પોલીસને ખબર આપી તેને પકડાવવો, કે બીજા ગામ ઉપર થઈ લાંબે રસ્તે જવું; તે એકદમ દોડી આવે કે બીજાં માણસોને લઈને આવે તો શું કરવું આદિ અનેક ભય અને બચાવના વિકલ્પો તે કરતા હતા. આ બનેલા બનાવ જેવું ગ્રંથકારે દૃષ્ટાંત આપ્યું છે કે ઝાડના ઠૂંઠાને પુરુષ માનવારૂપ ભ્રતિ જેને ઉત્પન્ન થઈ છે તે જેમ અનેક વિકલ્પો કરી શત્રુ-મિત્ર આદિ તરીકે તેને માને છે; તેથી તેને જીતવાની કે પ્રયત્ન આદિ કરવાની ફિકર કર્યા કરે છે; તેમ બહિરાત્મા થડ જેવા આ દેહને પોતાનું સ્વરૂપ માનવાની ભ્રાંતિમાં પડ્યો હતો, ત્યારે દેહને ઉપકારક જે જે સામગ્રી મળે તે પ્રત્યે રાગ કરતો, તેવી તેવી સામગ્રી મેળવવા મથતો, કષ્ટ વેઠતો, ખર્ચ કરતો; દેહને પ્રતિકૂળ જણાય તે પ્રત્ય દ્વેષ કરતો, તેનું અપમાન કરતો, યુદ્ધો કરતો

અને તે ટાળવા ઇચ્છા રાખતો, પુરુષાર્થ કરતો અને દુઃખી પણ થતો. અનંત કાળથી જીવની આ પ્રકારની ચેષ્ટા હતી; તેથી જીવ દુઃખી દુઃખી થઈ રહ્યો હતો.

"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત."

—શ્રીમદ્ રાજચંદ્ર—આત્મસિદ્ધિ

નળ રાજાના વિરહથી ઉન્મત્ત થયેલી દમયંતી સતી જેમ ઝાડના ઠૂંઠાને નળ રાજા માનીને પ્રેમપૂર્વક તેના તરફ જતી હતી, તેમ આત્મભ્રાંતિથી દેહને પોતાનું સ્વરૂપ જાણી આ અજ્ઞાની જીવે રત્ન-ચિંતામણિ જેવો આ દુર્લભ માનવભવ અત્યાર સુધી દેહને અર્થે વૃથા પરિશ્રમ કરવામાં ગાળ્યો, એમ આત્મજ્ઞાન થાય ત્યારે અંતરાત્માને સમજાય છે. બહિરાત્મદશા છૂટતાં જીવનપલટો થાય છે અને મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ થાય છે તથા માનવદેહને મોક્ષના સાધનરૂપે વાપરે છે.

તેનું તે દૃષ્ટાંત લંબાવી ઠૂંઠાને પુરુષ માનવાની ભ્રાંતિ ટળવાની કેવી ચેષ્ટા થાય છે તે ગ્રંથકાર આગળની ગાથામાં ગાય છે :—

**यथाऽसौ चेष्टते स्थाणौ निवृते पुरुषाग्रहे ।**
**तथा चेष्टाऽसिम देहादौ विनिवृत्तात्मविभ्रमः ॥२२॥**

મનુષ્ય-માન્યતા ટાળી, ઠૂંઠા પ્રત્યે પ્રવર્તતો;
તેમ ભ્રાન્તિ ટળી ત્યારે, દેહાદિ ભિન્ન માનતો. ૨૨

**ભાવાર્થ :—** પંદરમી ગાથામાં "દેહ તે હું છું" એ માન્યતા સંસારનું મૂળ છે એમ જણાવ્યું હતું; તે માન્યતા તજવાનો ઉપદેશ આપ્યો હતો. આ ગાથામાં પણ દૃષ્ટાંતપૂર્વક એ જ વાત સ્પષ્ટ કરી છે કે દેહને આત્મા માનવાનો આગ્રહ



અનાદિ કાળથી જીવને હતો તે સદ્ગુરુના ઉપદેશે દુઃખરૂપ માનવાથી બહિરાત્માએ મૂકી દીધો. તેનું ફળ શું આવ્યું તે વિષે કહે છે. ઠૂંઠાને પુરુષ માની તેથી ભય પામતો હતો કે મને લૂંટી લેશે, તે ભય જેમ દૂર થવાથી તે નિર્ભય બને છે; તેમ આત્મા નિઃશંકપણે સત્ છે, પરમાનંદરૂપ છે એવો નિશ્ચય થતાં દેહને આધારે દુઃખી કે સુખી થવાની કલ્પના છૂટી જવાથી આખા સંસારની ઉપાધિ તેના મનમાંથી ખસી જાય છે. પૂર્વના પ્રારબ્ધકર્મયોગે સંસારમાં પ્રવર્તવું પડે, તોપણ તેનો બોજો તેના મન ઉપર રહેતો નથી. પોતાપણું ટળી જવાથી શેઠની દુકાન ચલાવનાર નોકરને નફા-તોટાના વિકલ્પો નથી રહેતા; તેમ બધાં કામ કરવા છતાં, તેને મારાપણાનો બોજો નથી હોતો.

દેહની માતા, દેહના પિતા, દેહનો પુત્ર, દેહ, દેહનાં સગાં-સંબંધી, દેહને નામે મિલકત, વેપાર, આબરૂ, માન-અપમાન, ઓળખાણ-પિછાન, દેહનો દેશ, દેહનાં સુખ, દેહનાં દુઃખ, દેહનો સંસાર અને દેહના ક્લેશો મનાતાં, તે બધા પ્રત્યે ઉદાસીનતા, વૈરાગ્ય વર્તે છે; તે પ્રવૃત્તિ ટાળી આત્મહિતનાં સાધન, સત્દેવ, સદ્ગુરુ, સદ્ધર્મ, સત્સંગ, સદ્વાચન, સદ્વિચાર, આત્મભાવના, આત્મશુદ્ધિ, સર્વસંગ-પરિત્યાગ, મહાપુરુષોની આચરણા, મોક્ષમાર્ગમાં પ્રયાણ આ પોતાનાં લાગે છે, તેને શોધે છે, તેને અર્થે પુરુષાર્થ કરે છે, અને તેમાં તન્મય બને છે.

પ્રથમ દેહને અર્થે જે ઇચ્છતો, ગ્રહણ કરતો, સંતોષ પામતો તેને બદલે આત્માર્થી થવાથી તેની ઇચ્છા, તેનો પુરુષાર્થ, પ્રવર્તન અને સુખની માન્યતાનો ધ્યેય શુદ્ધ આત્મા

બને છે. ટૂંકામાં તે મોક્ષમાર્ગી બને છે, આત્મભાવે સંસારને ઉપાસતો નથી, પણ સંસારપરિભ્રમણ પૂરું કરી, અનંત કાળ માટે આત્માના અનંત સુખમાં બિરાજમાન થવા તત્પર બને છે.

'यादृशी भावना यस्य, सिद्धिर्भवति तादृशी' જેવી જેની ભાવના હોય તેવી તેને સિદ્ધિ પ્રાપ્ત થાય છે; તે પ્રમાણે આત્મભાવના જેની સદાય રહે છે તેને આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે. દેહને અર્થે જીવનારને અન્ય દેહ જરૂર પ્રાપ્ત થાય છે. દેહને પોતાનું સ્વરૂપ માન્યું હતું ત્યારે દેહ જ આત્માનો સ્વામી બની, તેની પાસે દેહનાં કામ કરાવતો; હવે આત્માને પોતાનું સ્વરૂપ માનનાર અંતરાત્મા આત્માનાં કામ અર્થે દેહને વાપરે છે; જરૂર પડ્યે આહાર-પાણી, દવા, વગેરે વડે સંભાળ દેહની કરે છે, પણ તેને મોક્ષના સાધનમાં ઉપયોગી માની કરે છે.

હવે પોતાનું સ્વરૂપ અનુભવાયાથી અંતરાત્મા 'सोऽहम्' સ્વરૂપ વિચારે છે :–

**येनात्मनाऽनुभूयेऽहमात्मनैवात्मनाऽऽत्मनि ।**
**सोऽहं न तन्न सा नासौ नैको न द्वौ न वा बहुः ॥२३॥**

આત્મા જે આત્મભાવે હું, આત્માનંદે અનુભવું;
તે હું , ના સ્ત્રી નપુંસક, ના નર, એક કે બહુ. ૨૩

**ભાવાર્થ :–**"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ."
—શ્રીમદ્ રાજચંદ્ર

અંતરાત્માને દેહને આત્મા માનવાની ભ્રાંતિ છૂટી ગઈ હોવાથી, સદ્ગુરુ-ઉપદેશથી ઉપયોગસ્વરૂપ અવિનાશી આત્માને આત્મા માને છે અને ઉપયોગ પ્રત્યે ઉપયોગને વાળીને



પોતાનો અનુભવ કરે છે તે દશાની સ્મૃતિ લાવી અંતરાત્મા જણાવે છે કે જે ઉપયોગસ્વરૂપ આત્માથી મને મારો આત્મા અનુભવાય છે, સાક્ષાત્ ભાસે છે, તેમાં આત્મા જ સાધનરૂપ છે, તથા આત્મામાં જ આત્માના આધારે અનુભવ થાય છે; 'આ હું' એમ દેહથી ભિન્ન પોતાનું સ્વરૂપ સ્પષ્ટ અનુભવાય છે.

"वस्तु विचारत ध्यावतें मन पावै विश्राम,
रस स्वादत सुख उपजें, अनुभव याको नाम."
—શ્રી બનારસીદાસ

દેહભાવથી ભિન્ન, નિર્વિકલ્પ, અવાચ્ય અનુભાવદશા તે હું છું 'सोऽहम्'. દેહને આધારે સ્ત્રીજાતિ, નરજાતિ કે નાન્યતરજાતિ કહેવાય છે, તે હું નથી; એક, બે કે બહુ-વચનને આધારે જેની ગણતરી કરાય છે તેવો પદાર્થ હું નથી. વાણીથી જેનું વર્ણન થાય તેવું અનુભવ-સ્વરૂપ નથી.

બાહ્ય અને અંતર્વાચા રોકાયા પછી જે અનુભવ થાય તે વાચાગોચર નથી એમ જણાવવા માટે કહ્યું કે હું સ્ત્રી નથી, પુરુષ નથી કે નપુંસક નથી. દેહભાવ છૂટ્યા વિના આત્મ-અનુભવ થાય નહીં, તે અર્થે સદ્ગુરુ વારંવાર આ ઘણા ભવના આગ્રહ મુકાવવા ઉપદેશે છે કે તું બ્રાહ્મણ નથી, વાણિયો નથી, ક્ષત્રિય નથી, પાટીદાર નથી, સેવક નથી, સ્વામી નથી, સાધુ નથી, ગૃહસ્થ નથી, સ્ત્રી નથી, પુરુષ નથી, નપુંસક નથી, દેહ નથી, કાળો નથી, રૂપાળો નથી, ગરીબ નથી, ધનવાન નથી, તું શ્વેતાંબર નથી, દિગંબર નથી, રક્તાંબર નથી, પીતાંબર નથી, વૈષ્ણવ નથી, વેદાંતી નથી, શૈવ નથી, સ્થાનકવાસી નથી, દેરાવાસી નથી, તેરાપંથી નથી, વીસપથી નથી, મૂળસંઘી નથી, કાષ્ઠસંઘી નથી, હિંદુ નથી,

મુસલમાન નથી, દાદુપથી નથી, કબીરપથી નથી, નાનકપંથી નથી; આમ અનેક વેષ અને પંથની જાળમાં ફસાઈ તું તને જેવો માને છે તેવો તું નથી. પરંતુ સદ્ગુરુએ જાણ્યો છે, અનુભવ્યો છે અને વાણીથી બને તેટલો તેનો પ્રકાશ કર્યો છે તેવો તું છે. આમ વારંવાર નિષેધાત્મક તેમ જ વિધિરૂપે સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર અને અનંત સુખ-સ્વરૂપ આત્મા છે એવી સદ્ગુરુના ઉપદેશને અનુસારે નિરાગ્રહપણે જીવને માન્યતા થાય તો આગ્રહ ભુલાતાં પ્રત્યક્ષપણે સદ્ગુરુ-કૃપાએ પોતાનું સ્વરૂપ અનુભવાય તેવું છે.

''માટે જેની (સત્) પ્રાપ્ત કરવાની દૃઢ મતિ થઈ છે તેણે પોતે કંઈ જ જાણતો નથી એવો દૃઢ નિશ્ચયવાળો પ્રથમ વિચાર કરવો અને પછી 'સત્'ની પ્રાપ્તિ માટે જ્ઞાનીને શરણે જવું, તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય.''
—શ્રીમદ્ રાજચંદ્ર

પોતાના સ્વરૂપનો નિર્ણય અંતરાત્મા વિશેષ સ્પષ્ટપણે દર્શાવે છે :—

**यदभावे सुषुप्तोऽहं यद्भावे व्युत्थितः पुनः ।**
**अतीन्द्रियमनिर्देश्यं तत्स्वसंवेद्यमस्म्यहम् ॥२४॥**

જે વિના નીંદમાં ડૂબ્યો, જાગ્યો જે રૂપ જાણીંને;
અતીંદ્રિય, અકથ્ય હું, સ્વસંવેદન સાધ્ય તે. ૨૪

**ભાવાર્થ :—** જે નિદ્રામાં સ્વપ્ન પણ ન આવે તેને સુષુપ્તિ કહે છે. ત્યાં પોતાનું ભાન હોતું નથી, આત્માની ઘણીખરી શક્તિ અવરાઈ જાય છે. બહિરાત્મદશામાં પણ જીવને 'હું કોણ છું?' તેનો યથાર્થ નિર્ણય હોતો નથી; બેભાન અવસ્થા તે કહેવા યોગ્ય છે. તેથી અંતરાત્મા પોતાની વીતેલી



બહિરાત્મદશાને સુષુપ્તિ સાથે સરખાવતાં કહે છે કે આત્મભાન વિના હું બહિરાત્મદશામાં ઊંઘતો હતો, આત્મભાન થતાં હું જાગ્યો. શ્રીમદ્ રાજચંદ્ર 'પુષ્પમાળા'ના પ્રથમ પુષ્પમાં આ વાત સુંદર રીતે દર્શાવે છે :

''રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું; નિદ્રાથી મુક્ત થયા. ભાવનિદ્રા ટળવાનો પ્રયત્ન કરજો.''

જેના અભાવે હું ઊંઘતો હતો, જે થવાથી હું જાગી ઊઠ્યો, તે આત્મભાન કેવું છે, તેનું વર્ણન શ્લોકની બીજી પંક્તિમાં કર્યું છે. 'सोऽहम्' નું વર્ણન ગયા શ્લોકમાં હતું તે જ, આમાં ઊંઘનું દૃષ્ટાંત આપી અંતરાત્મદશારૂપ જાગૃતિ જણાવી છે. જાગીને જોતાં હું અતીન્દ્રિય સ્વરૂપ છું એમ મને અનુભવાયું. ગમે તેટલા કાળ સુધી, અનેક શોધ-ખોળના આધારે, આત્માનો નિર્ણય ઇન્દ્રિયો દ્વારા કરવા ધારું, તો તે સર્વ પ્રયત્નો નિષ્ફળ નીવડે એવું મારું સ્વરૂપ છે, એમ મને નિશ્ચિતપણે અનુભવાયું. કારણ કે ઇન્દ્રિયો, પુદ્ગલ દ્રવ્યના ગુણો જે રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ છે, તેને જ ગ્રહણ કરવાની શક્તિ ધરાવે છે. પણ અરૂપી પદાર્થ ઇન્દ્રિયોથી ગ્રહણ થઈ શકતા નથી. અને આત્મા ચૈતન્ય લક્ષણવાળો અરૂપી પદાર્થ છે, તે ઇન્દ્રિયોનો વિષય નથી, માટે ઇન્દ્રિયો દ્વારા આત્માની શોધ કરવા ઇચ્છે તે નિષ્ફળ જ નીવડે.

ગાય પાસે કોઈને લઈ જઈ, તેનું શિંગડું પકડી 'આ ગાય' એમ બતાવી ઓળખાવીએ, તેમ તીર્થંકર જેવા સર્વ-લબ્ધિધારી જ્ઞાની પણ આત્માને 'આ આત્મા' એમ બતાવી શક્યા નથી; તેથી આત્મા અનિર્દેશય છે એટલે આત્મા બતાવી શકાય તેવો પદાર્થ નથી. તેથી આત્મા અનિર્દેશ્ય છે એટલે આત્મા બતાવી શકાય તેવો પદાર્થ નથી. તેથી આત્મા બતાવવાનો

દંભ કરનારા મિથ્યાત્વી અને માયાવી ઠરે છે. તેવી વાગ્જાળમાં મુમુક્ષુ જીવે ન ફસાવું.

તો કોઈને પૂછવાનું મન થાય કે આત્માનો અનુભવ કેમ થતો હશે? તેનો ઉત્તર, 'હું સ્વ-સંવેદ્યસ્વરૂપ છું' એમ, અંતરાત્મા આપે છે. પોતાને પોતાનો અનુભવ થઈ શકે છે; અનુભવકાળમાં નિઃશંકપણે 'આ હું' એમ ભાસે છે; તેથી આત્માને 'સ્વયંજ્યોતિ' વિશેષણ પણ અપાય છે. બીજાના પ્રકાશથી આત્મા પ્રકાશે તેવો પદાર્થ નથી. શ્રીમદ્ રાજચંદ્ર લખે છે :–

''સ્પષ્ટ પ્રકાશપણું, અનંત અનંત કોટી તેજસ્વી દીપક, મણિ, ચંદ્ર, સૂર્યાદિની કાંતિ જેના પ્રકાશ વિના પ્રગટવા સમર્થ નથી, અર્થાત્ તે સર્વ પોતે પોતાને જણાવવા અથવા જાણવા યોગ્ય નથી. જે પદાર્થના પ્રકાશને વિષે ચૈતન્યપણાથી તે પદાર્થો જાણ્યા જાય છે, તે પદાર્થો પ્રકાશ પામે છે, સ્પષ્ટ ભાસે છે, તે પદાર્થ જે કોઈ છે તે જીવ છે. અર્થાત્ તે લક્ષણ પ્રગટપણે સ્પષ્ટ પ્રકાશમાન, અચળ એવું નિરાબાધ પ્રકાશ્યમાન ચૈતન્ય, તે જીવનું તે જીવ પ્રત્યે ઉપયોગ વાળતાં પ્રગટ દેખાય છે.''

આત્માને દેખનારને શો લાભ થાય છે, તે આગળના શ્લોકમાં ગ્રંથકાર હવે કહે છે :–

**ક્ષીયન્તેऽત્રૈવ રાગાદ્યાસ્તત્ત્વતો માં પ્રપશ્યતઃ ।**
**બોધાત્માનં તતઃ કશ્ચિન્ન શત્રુર્ન ચ પ્રિયઃ ॥૨૫॥**

રાગાદિ આ ભવે જાયે, ઓળખ્યે તત્ત્વથી મને;
જ્ઞાનરૂપે મને જાણ્યે, શત્રુ-મિત્ર ન કો બને. ૨૫



**ભાવાર્થ :–** વરસાદનું પાણી જેમ શેરડીનો છોડ પીએ તો તે ગળ્યું બને છે, લીમડાના ઝાડમાં જતાં તે કડવું બને છે, આંબલીના ઝાડમાં જઈ ખાટું બને છે, છતાં પાણી તો પાણીરૂપે જ રહે છે; તેમ આત્મા વિવિધ કર્મના યોગે અનેક વિચિત્રતા ધારણ કરે છે, છતાં આત્મા તો આત્મારૂપે જ છે. આવી દૃષ્ટિ અંતરાત્માની હોવાથી તે દરેક આત્માને તેના મૂળ સ્વરૂપે જોવાની ટેવ પાડે છે.

''સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્ગુરુઆજ્ઞા, જિનદશા, નિમિત્ત કારણમાંય.''

—શ્રીમદ્ રાજચંદ્રકૃત—આત્મસિદ્ધિ

આત્મદૃષ્ટિથી જોનારને કોઈ શત્રુ કે મિત્ર જણાય નહીં. કર્મના ઉદયે ક્રોધાદિને વશ થઈ શત્રુને આકારે કોઈ ભાસે કે પ્રેમ-આધીન કોઈ મિત્રાદિ સંબંધે વર્તે તોપણ કોઈ પ્રત્યે રાગ-દ્વેષ અંતરાત્મા કરતો નથી.

અંતરાત્મા જ્ઞાનસ્વરૂપ છે, તે યથાર્થ તત્ત્વને દેખનાર એવો હું (सोऽहम्) તેને આ ભવમાં જ રાગદ્વેષનો ક્ષય થઈ કેવળજ્ઞાન પ્રગટે છે. પછી તેને કોઈ શત્રુ કે મિત્ર રહેતો નથી.

શત્રુતા કે મિત્રતાનું કારણ તો રાગદ્વેષ ભાવો જ છે. જેના રાગદ્વેષનો ક્ષય થયો તેને સર્વ પ્રત્યે સમભાવ સદાય રહે છે.

શ્રી પાર્શ્વનાથ પ્રભુ ધ્યાનમાં હતા તે વખતે કમઠના જીવે દેવ-અવસ્થામાં, ધ્યાનમૂર્તિ શ્રી પાર્શ્વનાથને દેખ્યા કે તરત જ પૂર્વના સંસ્કારે વૈરભાવ પ્રગટ થયો. અનેક ઉપસર્ગો કરી દુઃખ દીધું, આખરે ડુબાડી દેવા ભારે વૃષ્ટિ વરસાવી, નાકમાં પાણી પેસી જાય તેવું પૂર ચઢ્યું; તેવામાં ધરણેન્દ્રે અવધિજ્ઞાને, ભગવાનને ઉપસર્ગ થાય છે એમ જાણ્યું

કે તરત તે ઇંદ્રાણી સહિત આવી પહોંચ્યોઅને ધ્યાનસ્થ ભગવાનને પાણીથી ઊંચે લઈ તેમની ભક્તિ કરવા લાગ્યો. આમ એક દેવ શત્રુપણું દર્શાવે છે, એક દેવ મિત્રપણું આચરે છે, પરંતુ શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં પરિણામ બન્ને પ્રત્યે એકધારાં સમભાવનાં વર્તતાં હતાં. યથાર્થ સ્વરૂપના દર્શનનું આ ફળ છે કે આ ભવમાં જ તેના રાગદ્વેષ ક્ષય થાય છે, તેથી કોઈને શત્રુ-મિત્ર દૃષ્ટિથી તે દેખતા નથી; એટલે કર્મ બંધાતા નથી, તેથી તે ભોગવવા ફરી જન્મવું પણ પડતું નથી.

આવો ચમત્કાર આત્મદૃષ્ટિનો છે, તેથી તે જ પ્રાપ્ત કરી જન્મમરણનાં અસહ્ય દુઃખોથી રિબાતા આ આત્માનો ઉદ્ધાર કરવાનો નિર્ણય કરી સત્પુરુષાર્થમાં નિરંતર વર્તવા યોગ્ય છે.

એ જ વાત એટલે શત્રુ-મિત્રતા ટળી જાય છે તે અલંકારિત કાવ્યથી ગ્રંથકાર વિશેષ સ્પષ્ટ કરે છે :—

**मामपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रियः ।**
**मां प्रपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रिय ॥२६॥**

મને ના દેખતા લોકો, શત્રુ-મિત્ર ન થાય, જો;
મને જે દેખનારા તે, શત્રુ-મિત્ર ન થાય કો. ૨૬

**ભાવાર્થ :—** અંતરાત્મા જણાવે છે કે હું દેહસ્વરૂપ નથી, જે લોકો મારા આત્માને જાણતા નથી કે દેખતા નથી, તે મારા આત્માના શત્રુ કે મિત્ર ક્યાંથી થાય? જેને ઓળખતા જ ન હોઈએ તે વિષે 'આ શત્રુ છે' એવી કલ્પના કેમ કરી થાય? એટલે પ્રથમ જેને દેખીએ તેની સાથે બનાવ અણબનાવ થતાં મિત્ર કે શત્રુની કલ્પના થાય છે, તેથી મને ન દેખનારા મારા શત્રુ કે મિત્ર બનવાનો સંભવ જ નથી.



તેમજ હું તો આત્મા છું, તેથી જે મને આત્મારૂપે દેખે છે તે તો આત્મજ્ઞાની હોવા જોઈએ. એટલે આત્મજ્ઞાની તો શત્રુ-મિત્રની કલ્પના કરતા નથી; બાહ્ય ચેષ્ટાનું તેને મહત્ત્વ નથી. ''આત્માથી સૌ હીન'' એમ માનનારા મારા પ્રત્યે શત્રુપણું કે મિત્રપણું રાખતા નથી. કર્મબંધથી છૂટી મોક્ષ પ્રાપ્ત કરવાની ભાવનાવાળા આત્મજ્ઞાની રાગદ્વેષ કરી, શત્રુ-મિત્રતા જે સંસારનું કારણ છે, તે આરાધવા ઇચ્છતા નથી.

અજ્ઞાની જીવ દેહને દેખતા હોવાથી મને દેખતા નથી. તેથી દેહના શત્રુ-મિત્ર ગણાય; પણ મારા આત્માને જાણતા ન હોવાથી તે મારા આત્માના શત્રુ-મિત્ર નથી.

જ્ઞાની મહાત્માના રાગ-દ્વેષ ટળેલા હોવાથી તે મારા આત્માને દેખે છે, છતાં રાગદ્વેષ ન હોવાથી શત્રુ-મિત્રની કલ્પના તેમને થતી નથી. તેથી જ્ઞાની કે અજ્ઞાની કોઈ આ જગતમાં મારા શત્રુ-મિત્ર નથી. અંતરાત્મા થવાથી આમ જીવને અંતર્શાંતિ રહે છે.

સમ્યક્દૃષ્ટિ અંતરાત્માને વીતરાગતા પ્રગટી છે, તેથી શત્રુ-મિત્ર ભાવો તેને હોતા નથી; ભૂતકાળની વાતોનું સ્મરણ કરીને પણ વૈર વધારતા નથી પણ ભૂલી જાય છે; ભવિષ્યમાં આમ કરી તેનું ભૂડું કરું એવું તેને ઊગતું નથી; તથા નિઃસ્પૃહતા હોવાથી બીજાને રાજી કરવા કે બીજાથી રાજી થવા અર્થે રાગભાવ પોષતા નથી. આવી અલૌકિક દશા પામેલા અંતરાત્મા પરમાત્મદશા સાધવાના પુરુષાર્થમાં જ પ્રવર્તે છે; કષાય ઘટાડવા મથે છે.

અંતરાત્મા પરમાત્મદશાની ઉપાસના કેવી રીતે કરે છે, તે દર્શાવતા આગળની ગાથા ગ્રંથકાર પ્રકાશે છે :—

**त्यक्त्वैवं बहिरात्मानमन्तरात्मव्यवस्थितः ।**
**भावयेत्परमात्मानं सर्वसङ्कल्पवर्जितम् ॥२७॥**

બહિરાત્મા તજી આમ, અંતરાત્મા બની અહો!
સર્વ સંકલ્પથી મુક્ત, પરમાત્માપણું લહો. ૨૭

**ભાવાર્થ :—** ગાથા ૧૫ થી ૨૬ સુધી અંતરાત્માને બહિરાત્મદશાથી ચેતતા રહેવાની, તેવા ભાવમાં તણાઈ ન જવાય તેની ભલામણ કરી છે. હવે બહિરાત્મા તજી અંતરાત્મામાં સ્થિરતા કરનાર સર્વ સંકલ્પો તજી, નિર્વિકલ્પ પરમાત્માની ભાવના કરે, એવો ઉપદેશ કરે છે.

ઇન્દ્રિયના વિષયો, બાહ્ય-અંતર્વાચા, દેહાધ્યાસ, રાગ-દ્વેષ અને શત્રુ-મિત્રપણું આ બધાં બહિરાત્મદશાને પોષનારાં કારણો વર્ણવી, અંતરાત્મા તેથી રહિત થાય છે એમ જણાવી, આત્માના અનુભવ દ્વારા આત્મામાં આત્મભાવના કરવી એમ જણાવ્યું. હવે તે દશાની વૃદ્ધિ કરવા સંપૂર્ણ પદ પરમાત્મદશા જે નિર્વિકલ્પ છે તેના અવલંબને સંકલ્પ-વિકલ્પરૂપ બંધન દૂર કરવા અંતરાત્માને ગ્રંથકાર પ્રેરણા કરે છે.

બહિરાત્મા બાહ્ય ઉપાધિ, શરીર, ધન-ધાન્યાદિ પ્રત્યક્ષ દેખાય તેવા પદાર્થોના માહાત્મ્યને લીધે પોતાનો વિચાર કરી શકતો નહોતો. સદ્ગુરુયોગે, સત્ય બોધના પ્રતાપે તથા સત્શાસ્ત્રના સદ્વિચારે બાહ્ય ભાવો અસાર લાગવાથી, બંધનકારક ભાસવાથી, પોતાને પોતાનું ભાન નથી તે મહાઅનર્થકારક ભૂલ છે એમ સમજાવાથી, આત્મવિચાર જાગ્યો, ત્યારે પોતાનું સ્વરૂપ દેહાદિથી ભિન્ન ભાસ્યું, તે જ અવિનાશી, પરમાનંદરૂપ અને ઉપાસવા યોગ્ય લાગવાથી આત્મરુચિ વર્ધમાન થઈ. પોતાને હાનિકારક ખરા શત્રુ કોણ છે તે



સમજાયું કે પરને પોતાનું માનવાનો મોહ, દેહને આત્મા માનવાની ભૂલ, ક્રોધ, માન, માયા, લોભ આ બધાનો જય કરી તેમને નિર્મૂળ કર્યા વિના પરમ શાંતિ પ્રાપ્ત થાય તેમ નથી. તેમાં મદદ કરનાર ભેદજ્ઞાન કે વિવેકજ્ઞાન અને પરમપદ કે પરમાત્મસ્વરૂપની ઉપાસના એ બે સાધનો છે, એમ લાગવાથી બીજા ભાવો તજી, પોતાનું ખરું સ્વરૂપ તો પરમાત્મપણું જ છે માટે તેનો અભ્યાસ કરવો એમ અંતરાત્માને ખાતરી થયે, તે જ મુખ્ય લક્ષ રાખી, તે અર્થે હવે પુરુષાર્થ કરે છે.

જેવા થવું હોય તેની ભાવના નિરંતર કર્તવ્ય છે. ‘‘આત્મા અર્હંતપદ વિચારે તો અર્હંત થાય. સિદ્ધપદ વિચારે તો સિદ્ધ થાય. આચાર્યપદ વિચારે તો આચાર્ય થાય. ઉપાધ્યાયનો વિચાર કરે તો ઉપાધ્યાય થાય. સ્ત્રીરૂપ વિચારે તો આત્મા સ્ત્રી, અર્થાત્ જે સ્વરૂપને વિચારે તે રૂપ ભાવાત્મા થાય.’’ શ્રીમદ્ રાજચંદ્ર-‘ઉપદેશછાયા.’

હવે આત્મામાં સ્થિરતા કેમ થાય તેનો માર્ગ ગ્રંથકાર દર્શાવે છે :—

**सोऽहमित्यात्तसंस्कारस्तस्मिन् भावनया पुनः ।**
**तत्रैव दृढसंस्काराल्लभते ह्यात्मनि स्थितिम् ॥२८॥**

‘સોઽહં’ સંસ્કાર પામીને, ભાવના કરવી અતિ;
દૃઢ સંસ્કાર જામીને, આત્મામાં સ્થિરતા થતી. ૨૮

**ભાવાર્થ :—** ‘‘ગમે તે ક્રિયા, જપ, તપ કે શાસ્ત્ર-વાંચન કરીને પણ એક જ કાર્ય સિદ્ધ કરવાનું છે; તે એ કે જગતની વિસ્મૃતિ કરવી અને સત્ના ચરણમાં રહેવું.’’ —શ્રીમદ્ રાજચંદ્ર

પરમાત્મસ્વરૂપ કે સત્ એ પોતાનું યથાર્થ સ્વરૂપ છે, તેની જેને માન્યતા થઈ છે એવા સંસ્કારી અંતરાત્માએ તો તે પૂર્ણપદની વારંવાર ભાવના કરી તે પરમાત્મપદના સંસ્કાર અચળ કરવા યોગ્ય છે. તેથી આત્મ-સ્થિરતા કે સમ્યક્-ચારિત્ર પ્રાપ્ત થાય છે.

"જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ-
મૂળ મારગ સાંભળો જિનનો રે,
તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ-મૂળ૦"

—શ્રીમદ્ રાજચંદ્ર

આગળ ૨૭ મા શ્લોકમાં કહ્યું તેમ સર્વ સંકલ્પ તજવાથી પરમાત્મપદની ભાવના થાય છે. આ દૃશ્ય જગતનું વિસ્મરણ થયા વિના સંકલ્પ-વિકલ્પો ટળે નહીં. તે અર્થે ભક્તિમાર્ગ એ ટૂંકો રસ્તો છે. ભક્તિથી વિકલ્પો, વિક્ષેપ મટે છે. "સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે; અને એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે; જેથી સર્વ પ્રાણી વિષે પોતાનું દાસત્વ મનાય છે અને પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે." —શ્રીમદ્ રાજચંદ્ર

પ્રથમ ભક્તિની શરૂઆતમાં 'दासोऽहम्' હું સત્પુરુષરૂપ પરમાત્માનો દાસ છું, એ ભાવના રહે છે; પછી પરમેશ્વર તે જ હું છું -'सोऽहम्' એ બીજી ભૂમિકા કે 'મધ્યપાત્ર મહાભાગ્ય'-દશા છે; 'अहम्' એ પરાભક્તિ, પરમાત્મા સાથે અભેદદશા-સૂચક છે, તે ઉત્તમ ભૂમિકા છે. તે જ આત્મસ્થિરતા કે સ્થિતપ્રજ્ઞદશા છે.

સદ્ગુરુના શુદ્ધ સ્વરૂપને હૃદયમાં સ્થિર સ્થાપી ઉપાસના કરવાનો ક્રમ સૂચવતી ઉપનિષદ્માં એક કથા છે :



એક વૃક્ષ ઉપર બે પક્ષીઓ વસે છે. એક નિર્લેપ, અસંગ-સ્વરૂપ છે; બીજું પક્ષી વૃક્ષનાં ફળ ખાય છે, આ ડાળથી આ ડાળ જાય છે, ગાય છે, અને કલ્લોલ કરે છે; પણ પ્રથમ પક્ષી તરફ તેનો લક્ષ, દૃષ્ટિ રહે છે.

આમ જીવ અથવા અંતરાત્મા શિવપદની ભાવના ભાવતાં દેહાદિ ક્રિયાઓમાં પ્રવર્તે તો તે ભાવના તેના ભવનો નાશ કરનાર બને છે. "આતમભાવના ભાવતાં જીવ લહે કેવળ જ્ઞાન રે."

—શ્રીમદ્ રાજચંદ્ર

મોક્ષમાર્ગમાં આત્મભાવના એ જ સત્ય પુરુષાર્થ છે. તેથી જ આ અમૂલ્ય અવસર, મોક્ષ મેળવવાની મોસમ, સફળ થાય તેમ છે. સર્વ બીજી બાબતો ગૌણ કરી એક આત્મભાવના પોષાય તેમ વર્તનાર પરમ પુરુષાર્થી, પરમ પૂજ્ય, અનુકરણીય છે.

"રુચિ અનુયાયી વીર્ય, ચરણ ધારા સધે."

—શ્રીમદ્ દેવચંદ્રજી

ચારિત્ર કે આત્મસ્થિરતાનું કારણ સત્શ્રદ્ધા છે. તેથી ગ્રંથકાર બહિરાત્માનો વિશ્વાસ ભયંકર સમજાવી, તેને નિર્ભયપદ દર્શાવવા આગળની ગાથા પ્રકાશે છે :—

**मूढात्मा यत्र विश्वस्तस्ततो नान्यद्भय स्पदम् ।**
**यतो भीतस्ततो नान्यदभयस्थानमात्मनः ॥२९॥**

મૂઢ વિશ્વાસ રાખે તે-વસ્તુથી વધુ ભીતિ ક્યાં?
ડરે જેથી, વધુ ના કો, અભય સ્થાન આત્માનાં. ૨૯

**ભાવાર્થ :—** પરમાત્મપદની ભાવનામાં સંકલ્પ-વિકલ્પ વિઘ્નરૂપ છે અને સંકલ્પ-વિકલ્પનું કારણ બાહ્ય જગતનું માહાત્મ્ય કે તેનો વિશ્વાસ એ છે. તે વિશ્વાસ કેવો ભયંકર

છે તે જણાવવા ગ્રંથકાર કહે છે કે જ્યાં જ્યાં આ અજ્ઞાની જીવે વિશ્વાસ રાખ્યો છે, પ્રેમ કર્યો છે, તે જ તેને પરિભ્રમણનાં કારણરૂપ કર્મના હેતુ છે.

વાઘ, સિંહ, સાપ, શત્રુ, શસ્ત્ર, વિષ આદિ પદાર્થોને અજ્ઞાની જીવો મહાભયનાં કારણ માને છે, પણ તે તો કારણવશાત્ હાનિકારક બને, નહીં તો ન પણ બને; જંગલમાં કે દૂર હોય ત્યારે તેને તે મરણનાં કે દુઃખનાં કારણ બનતાં નથી. પરંતુ પુત્ર, મિત્ર, સ્ત્રી, માતા, પિતા, ધન, વૈભવ આદિ વગર કારણે સદા કર્મબંધનાં કારણો બને છે, તેથી જન્મમરણ ઊભાં થાય છે; તેમના સંયોગમાં કે વિયોગમાં પણ કર્મ બંધાય તેવા ભાવ તે નિમિત્તે જીવ કર્યા કરે છે. તેથી અજ્ઞાની જીવે જ્યાં જ્યાં વિશ્વાસ, પ્રેમ, માહાત્મ્ય હૃદયમાં રાખેલ છે તેથી વિશેષ ભયનાં સ્થાન બીજાં કોઈ નથી.

તે જ પ્રમાણે જીવે નિર્ભય બનવું હોય તો ભયનાં સ્થાનકથી મન ઉદાસ કર્યા વિના નિર્ભય કેમ બનાય? જ્ઞાની પુરુષો નિર્ભય થયા છે, નિર્ભયતાનો માર્ગ બતાવે છે; ભયનાં નિમિત્તોથી બચવાનો ઉપદેશ આપે છે. પરંતુ અજ્ઞાનને કારણે બહિરાત્મ દશામાં જીવ જ્ઞાની અને જ્ઞાનીના ઉપદેશથી જ ડરતો રહે છે. તેમનું કહેલું કરીશું તો તે ભીખ માગતા કરશે; પરિગ્રહ, પ્રિયજનો આદિને તજવાનું કહેશે; ભોગો છોડાવશે, વ્રત નિયમો પળાશે, આવો ડર જીવને અંતરમાં ઊંડો રહ્યા કરે છે. તેથી જ્ઞાની પાસે જાય, ઉપદેશ સાંભળે તોપણ એ તો સંતમહાત્માઓનું કામ, આપણાથી ન બને, કહી તે ઉપદેશને નથી વિચારતો કે નથી આચારમાં મૂકતો. મોક્ષ મને મળે તો સારું એમ અજ્ઞાની જીવો પણ



કહે છે. પરંતુ તેનું હૃદય તપાસીએ તો સંસારમાં, તથા સંસારના કારણોમાં તેને પ્રીતિ છે, ત્યાં સુધી મોક્ષ પ્રત્યે દ્વેષ કે ભય જ વર્તે છે, એમ કહેવું યોગ્ય છે. શ્રી ભર્તૃ-હરિએ એ જ ભાવ નીચેના શ્લોકમાં પ્રગટ કર્યો છે :—

''भोगे रोगभयं, कुले च्युतिभयं, वित्ते नृपालाद्भयम्  
माने दैन्यभयं, बले रिपु-भयं, रूपे तरुण्या भयम् ।

शास्त्रे वादभयं, गुणे खलभयं, काये कृतांताद्भयम्  
सर्वं वस्तु भयान्वितं भुवि नृणां, वैराग्यमेवाभयम् ॥

**ભાવાર્થ :—** ભોગમાં રોગનો ભય છે; કુળને પડવાનો ભય છે; લક્ષ્મીમાં રાજાનો ભય છે; માનમાં દીનતાનો ભય છે; બળમાં શત્રુનો ભય છે; રૂપથી સ્ત્રીને ભય છે; શાસ્ત્રમાં વાદનો ભય છે; ગુણમાં ખળનો ભય છે; અને કાયા પર કાળનો ભય છે; એમ સર્વ વસ્તુ ભયવાળી છે; માત્ર એક વૈરાગ્ય જ અભય છે!'' —ભાવનાબોધ

અંતરાત્માને પરમાત્મતત્ત્વ ઓળખાવવા હવે ગ્રંથકાર આગળની ગાથા પ્રકાશે છે :—

**सर्वेन्द्रियाणि संयम्य स्तिमितेनांतरात्मना ।**  
**यत् क्षणं पश्यतो भाति तत्तत्त्वं परमात्मनः ॥३०॥**

ઇંદ્રિયો સર્વ રોકીને, કરીને સ્થિર ચિત્તને;  
જોતાં જે ક્ષણમાં ભાસે, પરમાત્મસ્વરૂપ તે. ૩૦

**ભાવાર્થ :—** જેને સંસાર પ્રત્યે વૈરાગ્ય જાગ્યો છે અને દેહાદિ પદાર્થો પ્રત્યેથી સુખબુદ્ધિ દૂર થઈ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અને તે પ્રગટ થવાનાં કારણો પ્રત્યે વિશ્વાસ પ્રગટ્યો છે એવા અંતરાત્માને ગ્રંથકાર તત્ત્વજ્ઞાનની ઊંડી ગુફાનાં દર્શન કરવા પ્રેરે છે.

ઇંદ્રિયના વિષયભોગો પ્રત્યે વૈરાગ્યવાળા આત્માને ઇંદ્રિયોનો સંયમ સુલભ છે; તથા અંતરાત્મા કે મન જગતના સંકલ્પ-વિકલ્પોને અસાર જાણી આત્મા ભણી વળ્યું છે તથા આત્મા પરમાનંદરૂપ પ્રતીત થયો છે તેને જગતનું વિસ્મરણ થવું સુલભ છે. આવી અંતરાત્માની યોગ્યતા આવતાં, જ્ઞાની સદ્‌ગુરુ પોતાની સમક્ષ તેને સમજાવે છે કે સિદ્ધ સમાન પરમાત્મસ્વરૂપ એ જ તારું ખરું સ્વરૂપ છે; તેથી હવે સર્વ ઇંદ્રિયોમાંથી ઉપયોગ પાછો વાળી અંતર્મુખ ઉપયોગ કર અને જગત જે ઇંદ્રિયો દ્વારા આત્માને બહિર્મુખ બનાવે છે તે ભૂલી જા. બારણાં વાસવાથી બહારનો કોલાહલ બંધ થાય છે, તેમ તું ઉપયોગને ઇંદ્રિયો તરફ ઢળતા ન દે; એટલે શાંત થઈશ.

"ઉપયોગ શુદ્ધ કરવા આ જગતના સંકલ્પ-વિકલ્પને ભૂલી જજો; પાર્શ્વનાથાદિક યોગીશ્વરની દશાની સ્મૃતિ કરજો."

—શ્રીમદ્ રાજચંદ્ર

હવે મનમાં ઊઠતાં સંકલ્પ-વિકલ્પને શમાવવા ને વિસ્મૃત કરવા તત્પર થા. આમ કરતાં કરતાં સર્વ ઇંદ્રિયો અક્રિય બને, અને મન વિશ્રામ પામે, તે ક્ષણે ઉપયોગસ્વરૂપ એટલે જાણનાર દેખનાર એવું તારું પોતાનું સ્વરૂપ અસંગપણે ભાસશે, તે પરમાત્મતત્ત્વ છે.

આમ ૧૭મી ગાથામાં પરમાત્મદર્શક યોગની પ્રસ્તાવના કરી શિષ્યને યોગ્યતા અર્થે જે આશા આપી હતી, તે પરમાત્મ-દર્શનની સફળતા થાય તેવી ગુપ્ત વાત આ ૩૦ મી ગાથામાં ગુરુએ ગુરુગમરૂપે સુશિષ્યને સમજાવી.



આ ઉપદેશને અનુસરીને ઇંદ્રિય અને મનને વશ કરશ તો જરૂર તને પરમાત્મદર્શન થશે, એવી વિશ્વાસપાત્ર શિષ્યને સદ્ ગુરુએ દોરવણી આ ગાથામાં આપી છે.

શ્રીમદ્ રાજચંદ્ર મનને વશ કરવાનો સર્વથી મુખ્ય ઉપાય દર્શાવતાં લખે છે :

" 'મનને લઈને આ બધું છે' એવો જે અત્યાર સુધીનો થયેલો નિર્ણય લખ્યો, તે સામાન્ય પ્રકારે તો યથાતથ્ય છે. તથાપિ 'મન', 'તેને લઈને', અને 'આ બધું', અને તેનો નિર્ણય', એવા જે ચાર ભાગ એ વાક્યના થાય છે, તે ઘણા કાળના બોધે જેમ છે તેમ સમજાય એમ જાણીએ છીએ. જેને તે સમજાય છે તેને મન વશ વર્તે છે; વર્તે છે, એ વાત નિશ્ચયરૂપ છે; તથાપિ ન વર્તતું હોય તો પણ તે આત્મસ્વરૂપને વિષે જ વર્તે છે. એ મન વશ થવાનો ઉત્તર ઉપર લખ્યો છે, તે સર્વથી મુખ્ય એવો લખ્યો છે. જે વાક્ય લખવામાં આવ્યાં છે તે ઘણા પ્રકારે વિચારવાને યોગ્ય છે."

હવે જેને પરમાત્મદર્શન થયું છે તેણે તે પરમાત્મસ્વરૂપની અભેદભાવે ઉપાસના કરવી એમ ઉપદેશ ગ્રંથકાર કરે છે :—

**यः परात्मा स एवाहं योऽहं स परमस्ततः ।**
**अहमेव मयोपास्यो नान्यः कश्चिदिति स्थितिः ॥३१॥**

હું પરાત્મારૂપે છું ને, પરાત્મા તે જ હું નકી;
તેથી ઉપાસના મારી, મારે કર્તવ્ય, એ સ્થિતિ. ૩૧

**ભાવાર્થ** :— સદ્‌ગુરુની ઉપાસના કરી, સદ્ ગુરુ કૃપા રૂપ છેવટની પરમાત્મદશા પ્રાપ્ત કરવાની કુંચી જેણે પ્રાપ્ત કરી તથા તેને આધારે પરમાત્મદર્શન પ્રાપ્ત કર્યું, તેને હવે

સ્વાવલંબનથી આગળ વધવાનો માર્ગ કે પરમાત્મપદમાં અભેદભાવની ઉપાસના કેમ કરવી તે કહે છે.

સદ્‌ગુરુની આજ્ઞા આરાધતાં આરાધતાં આટલી હદ સુધી જે સુશિષ્ય આવ્યો છે તે જ પરમાત્મા સાથે અભેદ ભાવ આરાધે છે; 'હું પરમાત્મા છું' એમ માનવામાં, પ્રકાશવામાં તેને માનની પ્રેરણા નથી. કારણ કે ભક્તિ-માર્ગ માન મૂકવાનો માર્ગ છે, ત્યાં અહંભાવનું દર્શન થતું નથી પણ સાચા સ્વરૂપનું જ દર્શન અટળ રહે છે.

જે પરમાત્મા છે તે જ હું છું અને જે હું છું તે જપરમાત્મા છે. હવે મારે મારી જ ઉપાસના કર્તવ્ય છે. બીજાની ઉપાસનાની જરૂર નથી. આવી સ્થિતિ કે દશા જે મહાત્માની પ્રગટ થઈ છે તે વંદનીય છે, સત્કારવા યોગ્ય છે, ભક્તિ કરવા યોગ્ય છે.

શ્રીમદ્ રાજચંદ્ર, સં. ૧૯૫૨ ચૈત્ર સુદ ત્રયોદશી શ્રી મહાવીર-જયંતીને દિવસે અંગત લેખમાં લખે છે :—

''જેની મોક્ષ સિવાય કોઈ પણ વસ્તુની ઇચ્છા કે સ્પૃહા નહોતી અને અખંડ સ્વરૂપમાં રમણતા થવાથી મોક્ષની ઇચ્છા પણ નિવૃત્ત થઈ છે, તેને હે નાથ! તું તુષ્ટમાન થઈને પણ બીજું શું આપવાનો હતો?

હે કૃપાળુ! તારા અભેદ સ્વરૂપમાં જ મારો નિવાસ છે ત્યાં હવે તો લેવા દેવાની પણ કડાકૂટથી છૂટા થયા છીએ અને એ જ અમારો પરમાનંદ છે.

કલ્યાણના માર્ગને અને પરમાર્થ સ્વરૂપને યથાર્થ રીતે નહીં સમજનારા અજ્ઞાની જીવો, પોતાની મતિ કલ્પનાથી મોક્ષમાર્ગને કલ્પી, વિવિધ ઉપાયોમાં પ્રવર્તન કરતા છતાં મોક્ષ પામવાનો બદલે સંસાર-પરિભ્રમણ કરતા જાણી નિષ્કારણ કરુણાશીલ એવું અમારું હૃદય રડે છે.



વર્તમાને વિદ્યમાન વીરને ભૂલી જઈ, ભૂતકાળની ભ્રમણામાં વીરને શોધવા માટે અથડાતા જીવોને શ્રી મહાવીરનું દર્શન ક્યાંથી થાય?

ઓ દુષમ કાળના દુર્ભાગી જીવો! ભૂતકાળની ભ્રમણાને છોડીને વર્તમાને વિદ્યમાન એવા મહાવીરને શરણે આવો એટલે તમારું શ્રેય જ છે.

સંસારના તાપથી ત્રાસ પામેલા અને કર્મબંધનથી મુક્ત થવા ઇચ્છતા પરમાર્થપ્રેમી જિજ્ઞાસુ જીવોની ત્રિવિધ તાપાગ્નિને શાંત કરવાને અમે અમૃતસાગર છીએ.

મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરવાને માટે અમે કલ્પવૃક્ષ જ છીએ.

વધારે શું કહેવું? આ વિષમ કાળમાં પરમ શાંતિના ધામરૂપ અમે બીજા શ્રી રામ અથવા શ્રી મહાવીર જ છીએ, કેમકે અમે પરમાત્મસ્વરૂપ થયા છીએ.

આ અંતરઅનુભવ પરમાત્મપણાની માન્યતાના અભિમાનથી ઉદ્‌ભવેલો લખ્યો નથી, પણ કર્મબંધનથી દુ:ખી થતા જગતના જીવોની પરમ કારુણ્યવૃત્તિ થવાથી તેમનું કલ્યાણ કરવાની તથા તેમનો ઉદ્ધાર કરવાની નિષ્કારણ કરુણા એ જ આ હૃદયચિતાર પ્રદર્શિત કરવાની પ્રેરણા કરે છે. ૐ શ્રી મહાવીર.''

હવે જ્ઞાનસ્વરૂપની પ્રાપ્તિથી પરમ આનંદ થયો તે ઉલ્લાસ-પૂર્વક પરમાત્મદશા પ્રાપ્ત કરેલ આત્મા પ્રદર્શિત કરે છે :—

**प्रच्याव्य विषयेभ्योऽहं मां मयैव मयि स्थितम् ।**
**बोधात्मानं प्रपन्नोऽस्मि परमानन्दनिर्वृतम् ॥३२॥**

વિષયોથી કરી મુક્ત, મને મેં આત્મભાવથી;
પરમાનંદથી પૂર્ણ—બોધ રૂપે કરી સ્થિતિ. ૩૨

**ભાવાર્થ :—** શ્રી શુકદેવજીની કથા એવી સંભળાય છે કે તે સંસ્કારી જીવ આજન્મ વૈરાગી હતા. વિચારણા જાગતાં તેમને આત્મનિર્ણય થયો અને સર્વોત્તમ વસ્તુ આત્મા છે એમ સમજાતાં, તેમણે આત્મા વિષે તેમના પિતા વેદ-વ્યાસજીને પ્રશ્ન કર્યો. શ્રી વ્યાસજીએ આત્માનું સ્વરૂપ સમજાવ્યું. તે સાંભળી શુકદેવજીને લાગ્યું કે આ તો જાણતો હતો. તેથી તેમને સામાન્યપણું લાગ્યું, કંઈ બોધ સાંભળી પ્રફુલ્લિતતા થઈ જણાઈ નહીં. તેથી શ્રી વ્યાસજી સમજી ગયા અને શુકદેવજીને કહ્યું કે શ્રી જનક વિદેહી વિશેષ જ્ઞાની છે તેમની ઉપાસના કરવાથી તમને સંતોષ થશે. તે સાંભળી શુકદેવજી મિથિલા નગરી પહોંચ્યા. શ્રી જનક વિદેહીને ખબર પડી કે શુકદેવજી આત્મજ્ઞાન અર્થે આવ્યા છે. પણ તેમને લેવા તે સામા ગયા નહીં. દ્વારપાળ દ્વારા શુકદેવજીએ શ્રી જનક રાજાને મળવા વિનંતી કરી, ત્યારે તેમણે કહેવરાવ્યું કે ચોખ્ખા થઈને આવો. શુકદેવજી સ્નાન કરીને આવ્યા અને ફરી ખબર મોકલાવી, તો પણ તેનો તે ઉત્તર ફરી મળ્યો, તેથી તે ફરી નાહી આવ્યા; પરંતુ ત્રીજી વખત પણ ચોખ્ખા થઈને આવવા શ્રી જનકે જણાવ્યું. તેથી તે વિચારમાં પડી ગયા કે શું કરવાથી ચોખ્ખા થવાતું હશે? ઊંડા ઊતરી વિચારતાં તેમને સમજાયું કે આત્મજ્ઞાન અર્થે હું આવ્યો છું અને દેહને પવિત્ર કરવા નાહી આવ્યો એ મને યોગ્ય જ નહોતું.



આત્માને મલિન કરનાર તો પાંચ ઇંદ્રિયના વિષયો છે, આત્મા સિવાય બીજે મન ભટકે છે અને મલિનતાનો સંચય કર્યા કરે છે. સદ્ગુરુના બોધથી આ મલિનતા ટળશે એમ એમને સમજાયું, તેથી શાંત વૃત્તિ કરી ત્યાં જ એકાગ્ર ચિત્તે ઊભા રહ્યા. શ્રી જનક રાજાને સમજાયું કે તે ઉપદેશને યોગ્ય હવે થયા છે એટલે તેમને બોલાવી, તેમની પૂજા કરી; તેમની સાથે પ્રેમથી વાત કરી. શ્રી વ્યાસજી સંબંધી સમાચાર પૂછ્યા. શ્રી વ્યાસજીના કહેવાથી આત્મજ્ઞાન અર્થે આપની પાસે આવ્યો છું એમ શુકદેવજીએ કહ્યું એટલે તેમને કહ્યું કે તમે જે નિર્ણય આત્મા સંબંધી કર્યો છે તે યથાર્થ છે. શ્રી વ્યાસજીએ તમને કહ્યું હતું, તે જ મને પણ તેમણે જણાવ્યું હતું, તેની ઉપાસના કરવાથી મને જ્ઞાન પ્રગટ્યું છે. તમે ત્યાગી છો, મારાથી તો ત્યાગ બની શકતો નથી, પણ ભાવ તો વનમાં રહેવાના જ રહે છે. તમારી દશા બહુ સારી છે. હવે નિઃશંક થઈ, પાંચ ઇંદ્રિયો રોકી આત્મામાં સ્થિર થશો તો આનંદપૂર્ણ બનશો. તે જાણી શ્રી શુકદેવજી પરમપ્રેમે આત્મધ્યાન કરવા ચાલ્યા ગયા.

આવો મર્મ આ ગાથામાં છે. ૩૧ મી ગાથામાં જે માર્ગ સદ્ગુરુએ દર્શાવ્યો તે સુશિષ્ય કેવી રીતે આરાધ્યો તે વિષે પોતે જ આરાધક કહે છે :- મેં મારા આત્માને, પાંચ ઇંદ્રિયોના વિષયોમાં રમણ કરવાની ટેવ હતી, તેથી છોડાવી તેને મારામાં જ (આત્મામાં જ) આત્મવીર્ય વડે સ્થિર કર્યો કે જ્ઞાનસ્વરૂપ પરમ આનંદથી ભરપૂર હું બન્યો.

“જીવ પોતાને ભૂલી ગયો છે અને તેથી સત્સુખનો તેને વિયોગ છે, એમ સર્વધર્મસમ્મત કહ્યું છે.” શ્રીમદ્ રાજચંદ્ર

હવે જ્ઞાન સિવાય ઉત્કૃષ્ટ તપ કરનારનો પણ મોક્ષ થતો નથી એમ ગ્રંથકાર પ્રગટ કરે છે :—

**यो न वेत्ति परं देहादेवमात्मानमव्ययम् ।**
**लभते न स निर्वाणं तप्त्वाऽपि परमं तपः ।।३३।।**

દેહથી ભિન્ન ને નિત્ય, આત્મા આમ ન જાણતાં;
ભારે તપો તપે તોયે, મોક્ષ-સુખ ન માણતાં. ૩૩

**ભાવાર્થ :—** બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારનાં તપ છે. બાહ્ય તપ લોક જાણે તેવું હોય છે. તેથી ધર્મ આરાધન કરવાની જેને જિજ્ઞાસા જાગે છે તે પોતાની આજુબાજુના લોકો જે પ્રકારે જપ, તપ, દાનાદિ કરતા હોય તે કરવા મંડી પડે છે. પણ હું કોણ છું ? દેહ આદિ સાથે મારે શો સંબંધ છે ? કેવી રીતે જીવન ગાળું તો જન્મમરણ ટળે ? એ વિચારો સત્સંગ, સદ્‌ગુરુના યોગ વિના ઊગવા મુશ્કેલ છે. તેવો યોગ ન મળે અને પૂર્વના સંસ્કારે વૈરાગ્યવૃત્તિનો ઉદ્‌ભવ થયો હોય, તો લોકોમાં મોટા મનાતા તપસ્વી, યોગી થઈ પૂજાવાની વૃત્તિ જીવને રહ્યા કરે છે. માન મૂકવાથી ખરું અભ્યંતર તપ થાય છે, તેને બદલે બાહ્ય તપથી માનની વૃદ્ધિ કરવા જીવ મોહનો પ્રેર્યો મથે છે.

શ્રી ઋષભદેવના બળવાન પુત્ર બાહુબલીજીએ ભરત ચક્રવર્તીને મારવા મુષ્ટિ ઉગામી હતી, ત્યાં વિચાર આવ્યો કે આ અલ્પ જીવન માં અલ્પ સુખ અર્થે આવું ઘોર કૃત્ય કર્તવ્ય નથી; આનું પરિણામ બહુ દુઃખદાયક છે. ભલે ભરતેશ્વર રાજ્ય ભોગવો. આ મુષ્ટિ મારવી યોગ્ય નથી; તેમ ઉગામી તે હવે પાછી વાળવી પણ યોગ્ય નથી. એમ વિચારી તેણે પંચમુષ્ટિ કેશ-લુંચન કર્યું અને મુનિત્વ ભાવે શ્રી



ઋષભદેવને શરણે જવા પ્રયાણ કર્યું રસ્તામાં વળી વિચાર આવ્યો કે શ્રી ઋષભદેવ ભગવાન પાસે મારા નાના ભાઈઓ મુનિપણે રહ્યા છે, તેમને મારે વંદન કરવું પડશે; જો કેવળ-જ્ઞાન પ્રગટાવી ત્યાં જાઉં, તો વંદન કરવું પડે નહીં, એમ વિચારી વનમાં જ કાયોત્સર્ગ ધ્યાને તે ઊભા રહ્યા. શિયાળાની સખત ઠંડી નગ્ન દેહે સહન કરી, ઉનાળાનો સખત તાપ તે જ જગાએ ઊભા ઊભા સહન કર્યો, ચોમાસાનો ધોધમાર વરસાદ, સખત શરદી થાય તેવાં ઝાપટાં શરીર હલાવ્યા વિના સહ્યાં, માસ ભૂખ્યે પેટે એક આસને ઊભા ઊભા શરીરની કંઈ કાળજી રાખ્યા વિના અનેક પ્રાણીઓના ઉપસર્ગ સહન કર્યા; આવું ઉત્કૃષ્ટ બાહ્ય તપ કર્યા છતાં માનથી થતી મલિનતા ટળી નહીં; કેવળજ્ઞાન પ્રગટ થયું નહીં. લોકોમાં મુનિ ભારે તપ કરે છે એમ પ્રસિદ્ધિ થઈ. શ્રી ઋષભદેવજીને બાહુબલીજીનાં બહેન શ્રી બ્રાહ્મી અને શ્રી સુંદરી આર્યાઓએ પૂછ્યું કે શ્રી બાહુબલી મુનિને કેવળજ્ઞાન ક્યારે પ્રગટશે ? ભગવાને કહ્યું કે જ્યારે તમે જઈને કહેશો કે 'વીરા મારા, ગજ થકી હેઠે ઊતરો' ત્યારે પોતાની ભૂલ જોઈ તે ટાળશે, પછી કેવળજ્ઞાન પ્રગટશે. બન્નેએ શ્રી બાહુબલીજી પાસે જઈ તેમ કહ્યું એટલે તે વિચારમાં પડી ગયા કે મેં તો રાજ્યપાટ તજ્યું છે અને આ આર્યાઓ ગજથી ઊતરવાનું કહે છે. તે જૂઠું બોલે નહીં. ત્યાં વિચાર સ્ફુર્યો કે હું ભગવાન પાસે કેમ ન ગયો ? માનને લીધે, એમ ઉત્તર મળતાં તે માનશત્રુને હણવા બાહુબલીજીએ વિચાર્યું. જઈને નાના ભાઈઓને પણ વંદન કરું એમ ધારી પગ ઉપાડે છે, ત્યાં કેવળજ્ઞાન પ્રગટ્યું !

આમ સત્સંગ કે સત્સંગે થયેલી આજ્ઞા ઉપાસ્યા વિના દોષ ટળતા નથી; મોક્ષ થતો નથી. તેથી ગાથામાં કહ્યું કે દેહથી ભિન્ન, અવિનાશી, ઉપયોગસ્વરૂપ પરમાનંદમય આત્માને,ઇંદ્રિયો અને મનને રોકીને, જાણતો નથી, તે ગમે તેવાં ભારે તપ તપે તોપણ મોક્ષ પામે નહીં.

હવે આત્મજ્ઞાની ભારે તપ તપે તોપણ ખેદ કેમ પામતા નથી તે વિષે કહે છે :—

**आत्मदेहान्तरज्ञानजनिताह्लादनिर्वृतः ।**
**तपसा दुष्कृतं घोरं भुञ्जानोऽपि न खिद्यते ॥३४॥**

દેહથી ભિન્ન આત્માના, જ્ઞાનાનંદે પૂૅરા સુખી;
તપ-તાપો દહે પાપો-ઉગ્ર, તોયે ન તે દુઃખી. ૩૪

**ભાવાર્થ :—** પરમાત્મસ્વરૂપનાં જેને દર્શન થયાં છે, તેનો આનંદ જેણે અનુભવ્યો છે, તેને ત્રણે લોકનું રાજ્ય પણ જીર્ણ તૃણ તુલ્ય લાગે છે. જગતના જીવોની પેઠે તે દેહના દુઃખે દુઃખી અને દેહના સુખે સુખી પોતાને માનતો નથી. સુખ દુઃખની સમજણ તેની જુદી જાતની હોય છે. પરમાત્માતત્ત્વ પરમાનંદથી ભરપૂર છે એવો અપરોક્ષ અનુભવ જેને થયો છે, તેને સુખ-દુઃખનો આધાર પરવસ્તુ લાગતી નથી. આત્માનો સુખ ગુણ વિપરીતપણે પરિણમે છે તે જ દુઃખ છે, એટલે સત્સુખની ઓળખાણ જેને થઈ છે તે તપને દુઃખનું કારણ કદી કલ્પે નહીં.

''સઘળું પરવશ તે દુઃખલક્ષણ, નિજવશ તે સુખ લહિયે;
એ દૃષ્ટે આતમ-ગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહિયે રે-
ભવિકા, વીર-વચન ચિત્ત ધરિયે.''

—શ્રી યશોવિજયજીકૃત આઠ દૃષ્ટિ



આ ભાવ આ ગાથામાં ગ્રંથકાર પ્રગટ કરે છે કે જે મહા મુનિને આત્મા અને દેહ ભિન્ન છે એવા વિવેકજ્ઞાનથી પરમાનંદમય સુખ પ્રગટ્યું છે, તેમને પૂર્વનાં પાપની ઉદીરણા તપ દ્વારા થયે અસહ્ય દુઃખ ઉત્પન્ન થયેલું બીજા જીવો જુએ છે; પરંતુ તે મહા મુનિના અંતરમાં, તપથી મને દુઃખ આવી પડ્યું એમ માની કોઈ પ્રકારે ખેદ થતો નથી. પરમાનંદ જ્યાં વેદાતો હોય, ત્યાં ખેદનો સંભવ નથી. તપ એ ઐચ્છિક પ્રવૃત્તિ છે. યથાશક્તિ તપ કરવાનું ભગવાને કહેલ છે. તેમ છતાં અજ્ઞાન દશામાં તપ માર્ગે પ્રવર્તનારા જીવો, પૂર્વનાં પાપ યથાકાળ પહેલાં ઉદીરણા પામી વહેલાં ઉદયમાં તપ નિમિત્તે આવે તેથી દુઃખ થાય તેને તપનું ફળ માની તપ પ્રત્યે ઉદાસ થાય છે, ખેદ કરે છે, તે માર્ગે બીજા પ્રવર્તે તો દુઃખી થશે એમ માની તેવી વિપરીત વાતો પણ લોકોમાં કરે છે. આંબેલ કરવાથી લોક માંદા પડે છે, ગરમ પાણી પીવાથી ગરમી વધે છે—આવી વાતો કરનારા તપનું સ્વરૂપ કે પુણ્ય-પાપનું સ્વરૂપ કંઈ પણ સમજતા નથી. માત્ર નિમિ-ત્તને જ વળગી પડે છે. કોઈ થાપણ મૂકી ગયો હોય તે પૈસા માગે તેને દુશ્મન જેવો ગણે તેના જેવી આ વાત છે.

શ્રી ગજસુકુમાર સ્મશાનમાં પરમકૃપાળુ શ્રી નેમિનાથ ભગવાનની આજ્ઞા લઈ મોક્ષ અર્થે કાયોત્સર્ગ-ધ્યાનમાં ઊભા છે, તે વખતે સોમલ બ્રાહ્મણને વૈર વાળવાનું સૂઝી આવ્યું. તેથી તેણે પાસેની તળાવડીમાંથી કાદવ લાવી શ્રી ગજસુકુમારને માથે સગડી જેવી પાળ બાંધી. મડદું બળતું હતું તેની ચિતામાંથી અંગારા લઈ શ્રી ગજસુકુમારને માથે ભર્યા. તોપણ તે સોળ વર્ષના મહામુનિ પોતાના ધ્યાનમાંથી ચળ્યા

નહીં. આત્માના પરમાનંદને તજી દેહની સંભાળ લેવાનો વિકલ્પ તેમને ઊગ્યો જ નહીં. દેહમાં વૃત્તિ હોય તો દુઃખ લાગ્યા વિના રહે નહીં, દુઃખ માને તો આર્ત્તધ્યાન જરૂર થાય, આર્ત્તધ્યાન થાય ત્યાં ધર્મધ્યાન કે શુક્લધ્યાન કે શુક્લધ્યાન હોય નહીં, શુક્લધ્યાન ન હોય તો કેવળજ્ઞાન થાય નહીં, કેવળજ્ઞાન ન થાય તો મોક્ષ થાય નહીં. પણ તેમનો મોક્ષ થયો એમ શ્રી નેમિનાથે કહ્યું છે; તો તેમને દુઃખ નહોતું, ખેદ નહોતો એ સાવ સ્પષ્ટ સમજાય તેમ છે.

એ જ વાત વિશેષ સ્પષ્ટ કરવા ગ્રંથકાર કહે છે કે રાગ દ્વેષ ન થાય તો આત્મતત્ત્વ તથા આત્મસુખનો અનુભવ થાય છે :—

**रागद्वेषादिकल्लोलैरलोलं यन्मनोजलम् ।**
**स पश्यत्यात्मनस्तत्त्वं तत्तत्त्वं नेतरो जनः ॥३५॥**

રાગ-દ્વેષાદિ મોજાંથી, હાલે જો ના મનોજળ;
તો આત્મતત્ત્વ તે દેખે, તે તત્ત્વે અન્ય નિષ્ફળ. ૩૫

**ભાવાર્થ :—** કોઈ માણસને મોજાં વગરનો દરિયો જોવાની ઇચ્છા થાય અને દરિયા કિનારે જઈને ઊભો રહે, તો તેને કોઈ દિવસ મોજાં વગરનો દરિયો જોવાનો પ્રસંગ પ્રાપ્ત થવાનો સંભવ નથી. કેમકે પવન, ભરતી, ઓટ આદિ કારણે દરિયો થોડો ઘણો તો ઊછળતો જ રહે છે. એવું જ સંસારનું સ્વરૂપ છે. રાગ-દ્વેષનાં નિમિત્તોથી સંસાર ભરપૂર છે. ત્યાં વીતરાગતાનું દર્શન દુર્લભ છે. તેથી જેણે રાગ-દ્વેષ જીત્યા છે તેના બોધથી, સંગથી, તેની આજ્ઞા ઉપાસવાથી જીવ રાગ-દ્વેષ રહિત થઈ પોતાનું સ્વરૂપ અનુભવી શકે.



જ્યાં સુધી રાગદ્વેષરૂપ પવનથી જીવનું મનરૂપી સરોવર મોજાં ઉછાળી રહ્યું છે, ત્યાં સુધી આત્માના યથાર્થ સ્વરૂપનું દર્શન પોતાને થતું નથી; જેનું મનરૂપી સરોવર રાગદ્વેષથી થતાં મોજાંથી અડોલ રહે છે, નિશ્ચળ બને છે, તે જ આત્મ-સાક્ષાત્કાર કરી શકે છે; બીજાનું ગજું નથી કે તે આત્મ-દર્શન પામે. આ દૃશ્ય જગતનું માહાત્મ્ય જેના હૃદયમાં રહેલું છે, તેને નિમિત્તે જીવને રાગદ્વેષરૂપ ભાવો સ્ફુરે છે, ઇષ્ટ અનિષ્ટપણું થયા કરે છે; તે આસ્રવનું, એટલે કર્મવર્ગણાઓને આવવાનું, કારણ છે; બંધનું કારણ છે. આમ આત્માને આવરણ થયા કરે ત્યાં પોતાનું ભાન પ્રગટ્યું દુર્લભ છે.

તેથી જેને આત્મ દર્શનની પ્રબળ અભિલાષા હોય, તેણે આ દૃશ્ય જગતનો વિશ્વાસ, સદ્ગુરુના બોધે સત્સંગ-સત્શાસ્ત્ર દ્વારા સુવિચારણા પ્રગટાવી, ઘટાડવો, મટાડવો ઘટે છે. લૌકિક માહાત્મ્ય તજી, જ્ઞાનીનું, જ્ઞાનીના બોધનું, આત્માનું, આત્મગુણોનું માહાત્મ્ય જ્યારે જાગશે ત્યારે આત્મદૃષ્ટિ, આત્મ-વિશ્વાસને યોગ્ય જીવ થશે. કર્મ અને કર્મની રચના-રૂપ દેહ, સ્ત્રી, પુત્ર, ધન, વૈભવ, સુખ-સામગ્રી કે દુઃખનાં નિમિત્તોને જોનારને રાગ-દ્વેષ થયા વિના રહે નહીં,

લીલથી ઢંકાઈ ગયેલું, ગંધાતું તળાવ જોનારને ત્યાં કપડાં ધોવા જવાનું મન ન થાય; પણ જેને જરા ઊંડી દૃષ્ટિ છે કે લીલ આઘી પાછી કરવાથી પાણી જણાશે, તો તે પાણીથી કપડાંનો મેલ દૂર કરશે, તે કપડાં ધોઈ આવશે; તેમ કર્મથી ભિન્ન આત્મા છે, એવો વિશ્વાસ જેને સદ્ગુરુ યોગે આવે છે, તે આત્મા જોતો થાય છે; તેના રાગ-દ્વેષ ટળે છે (જુઓ ગાથા ૨૫ મી).

"જગત આત્મરૂપ માનવામાં આવે; જે થાય તે યોગ્ય જ માનવામાં આવે; પરના દોષ જોવામાં ન આવે; પોતાના ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે, બીજી રીતે નહીં." —શ્રીમદ્ રાજચંદ્ર

હવે મન રાગ-દ્વેષથી ક્ષોભ ન પામે તેવી દશા કરવા ગ્રંથકાર ભલામણ કરે છે :—

**अविक्षिप्तं मनस्तत्त्वं विक्षिप्तं भ्रान्तिरात्मनः ।**
**धारयेत्तदविक्षिप्तं विक्षिप्तं नाश्रयेत्ततः ॥३६॥**

અવિક્ષેપી મન આત્મા, વિક્ષેપી આત્મભ્રાંતિ જો;
અવિક્ષેપી કરો ચિત્ત, તેથી વિક્ષેપી ના રહો. ૩૬

**ભાવાર્થ :—** આત્મતત્ત્વની વ્યાખ્યા ગ્રંથકાર પ્રથમ જણાવે છે. આત્મા અને મન એ બે તત્ત્વો જુદાં છે એમ ઘણા દર્શનકારો જણાવે છે, તે ભ્રાંતિ દૂર કરવા અનુભવી યોગી શ્રી પૂજ્યપાદ સ્વામી દર્શાવે છે કે શાંત એટલે રાગ-દ્વેષનાં મોજાં કે સંકલ્પ-વિકલ્પો જેમાંથી દૂર થઈ ગયા છે એવું મન તે જ આત્મતત્ત્વ છે. જ્યારે રાગ-દ્વેષને નિમિત્તે આત્મામાં સંકલ્પ વિકલ્પો ઊઠે છે, ત્યારે તેને વિક્ષેપવાળું મન કે આત્માની ભ્રાંતિ કહી છે; આત્માનું શુદ્ધ ઉપયોગમય સ્વરૂપ, સંકલ્પ-વિકલ્પ દશામાં, દેખાતું નથી, પણ જગતના સંકલ્પ-વિકલ્પો રૂપે આત્મા દેખાય છે તે જ ભ્રાંતિ છે.

"આત્માનો ઉપયોગ મનન કરે તે મન છે. વળગણા છે તેથી મન જુદું કહેવાય. સંકલ્પ-વિકલ્પ મૂકી દેવો તે ઉપયોગ' (શુદ્ધ આત્મા)." —શ્રીમદ્ રાજચંદ્ર



આંખ એ પુદ્ગલ-વર્ગણાથી બનેલી બાહ્ય ઇંદ્રિય છે, તેમાં આત્માનો ઉપયોગ જોવાનું કામ કરે છે તે અંતરંગ કે ભાવ ઇંદ્રિય છે; તેમ જ મન પણ નોઇંદ્રિય છે (અંતઃકરણ) તે પુદ્ગલ-વર્ગણાની મદદથી મનન એટલે વિચાર કરવાનું, સંકલ્પ-વિકલ્પ કરવાનું કામ કરે છે. આત્માનો ઉપયોગ, જે પુદ્ગલ વર્ગણાઓની મદદથી મનન કરવાનું કામ કરે છે, તે દ્રવ્ય મન કહેવાય છે, અને આત્માનો મનન કરનાર ઉપયોગ તે ભાવમન કહેવાય છે. સંકલ્પ-વિકલ્પનું કામ ન કરે તે વખતે આત્માનો ઉપયોગ, ઉપયોગ સ્વરૂપે પોતા સ્વરૂપે રહે છે; તે આત્મતત્ત્વ છે. પુદ્ગલ-વળગણા એ જડ છે તેથી દ્રવ્ય મનને જડ પણ કહેવાય છે. પણ તે દ્વારા પ્રવર્તતો આત્માનો ઉપયોગ ચેતન રૂપ છે.

"ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતનરૂપ."
—શ્રીમદ્ રાજચંદ્ર

માટે આત્માર્થી જીવે મનને વિક્ષેપ રહિત કરવું એટલે જગતના સંકલ્પ-વિકલ્પો શમાવી દેવા; પરંતુ જગતના સંકલ્પ-વિકલ્પવાળા મનનો આશ્રય કરવો નહીં.

ભક્તિમાર્ગમાં આ રહસ્ય નીચે પ્રમાણે દર્શાવ્યું છે :

"માટે જ્ઞાનીપુરુષનો આશ્રય કરવા રૂપ ભક્તિમાર્ગ જિને નિરૂપણ કર્યો છે, કે જે માર્ગ આરાધવાથી સુલભપણે જ્ઞાનદશા ઉત્પન્ન થાય છે.

જ્ઞાનીપુરુષના ચરણને વિષે મન સ્થાપ્યા વિના એ ભક્તિમાર્ગ સિદ્ધ થતો નથી, જેથી ફરી ફરી જ્ઞાનીની આજ્ઞા આરાધવાનું જિનાગમમાં ઠેકાણે ઠેકાણે કથન કર્યું છે.

જ્ઞાનીપુરુષના ચરણમાં મનનું સ્થાપન થવું પ્રથમ કઠણ પડે છે, પણ વચનની અપૂર્વતાથી, તે વચનનો વિચાર કરવાથી, તથા જ્ઞાની પ્રત્યે અપૂર્વ દૃષ્ટિએ જોવાથી, મનનું સ્થાપન થવું સુલભ થાય છે.''
—શ્રીમદ્ રાજચંદ્ર

અનાદિકાળથી મિથ્યાત્વના સંસ્કારો જીવે ગ્રેહેલા હોવાથી મન વિક્ષેપ કે સંકલ્પ-વિકલ્પોમાં તણાઈ જાય છે, તેને આત્મ સ્વરૂપમાં સ્થિર કરવાનો ઉપાય ગ્રંથકાર હવે દર્શાવે છે :—

**अविद्याभ्याससंस्कारैरवशं क्षिप्यते मनः ।**
**तदेव ज्ञानसंस्कारैः स्वतस्तत्त्वेऽवतिष्ठते ॥३७॥**

અવિદ્યા બહુ અભ્યાસી, તે સંસ્કારે મન ચળે;
જ્ઞાનસંસ્કારથી ચિત્ત, આત્મ-તત્ત્વે સ્વયં વળે. ૩૭

**ભાવાર્થ** :—અવિદ્યા એટલે જડ એવા દેહને ચેતન એવા પોતાના સ્વરૂપ જેવો ગણવો, દેહાદિ અનિત્ય પદાર્થોમાં નિત્ય બુદ્ધિ થવી, અશુચિમય અને અશુચિ (મલિન) ભાવનાં કારણ દેહ, ધન, સ્ત્રી-પુત્રાદિને પવિત્ર, ગ્રહણ કરવા યોગ્ય માનવાં; આવી વિપરીત સમજણને અજ્ઞાન કે અવિદ્યા કહે છે. તેવા સંસ્કારોનો દીર્ઘ કાળથી પરિચય હોવાથી મન રાગ-દ્વેષ કરી વિક્ષેપ પામે છે. તે જ મન જ્યારે જ્ઞાની પુરુષોના બોધનો વિચાર કરે છે, દેહનું સ્વરૂપ પુદ્ગલ પરમાણુના સંયોગરૂપ, જડ અને દૃશ્ય માને છે તથા આત્મા અસંયોગી, અવિનાશી, ચૈતન્યમય અને દ્રષ્ટારૂપે દેહથી ભિન્ન સમજાય છે; તથા વારંવાર તેવી ભાવના ભાવવાથી પોતાના શુદ્ધ સ્વરૂપના સંસ્કારો જાગ્રત થાય છે; સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્રમય પોતાના સ્વરૂપમાં વૃત્તિ ઠરવાથી આત્મા આત્મારૂપે વર્તે છે ત્યારે રાગદ્વેષ દૂર થાય છે, ''આત્માથી સૌ હીન''



સમજાય છે; તેથી બાહ્ય આકર્ષણ દૂર થતાં સ્વભાવ-સ્થિતિ થાય છે.

''હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા;
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં.
તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું.
રે! આત્મ તારો! આત્મ તારો! શીઘ્ર એને ઓળખો;
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો.''
—'અમૂલ્ય તત્ત્વવિચાર' શ્રીમદ્ રાજચંદ્ર

''જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ.''
—શ્રીમદ્ રાજચંદ્ર

આવાં જ્ઞાનીપુરુષોનાં ઉત્તમ આત્મપ્રેરક વચનોના વિચાર, સંસ્કાર ચિત્ત-વિક્ષેપ ટાળી, આત્મશાંતિ અર્પે છે.

માન-અપમાનના પ્રસંગોમાં પરવશપણે ચિત્ત તણાઈ જાય છે, તેને પાછું વાળતાં વાળતાં, વળી પાછું તેના તે પ્રવાહોમાં વારંવાર ઊછળ્યા કરે છે. તેવે પ્રસંગે મહાપુરુષોએ ઉપસર્ગ-પરિષહના પ્રસંગોમાં જે દેહાદિથી ભિન્ન નિજ સ્વરૂપનો અખંડ નિશ્ચય ટકાવી રાખ્યો છે, તેની સ્મૃતિ પણ જીવને બળવાન બનાવે છે. હૃદયને વિષે વારંવાર આત્માને નિત્ય, અછેદ્ય, જરામરણાદિ ધર્મથી રહિત વિચારતાં, ભાવતાં આત્મા વિક્ષેપ તજી સ્વ-સ્વભાવને ભજે છે. બાર ભાવનાઓના વિચારો પણ પોતાના સ્વરૂપમાં આવવા અર્થે કરવાના છે.

હવે વિક્ષેપવાળું અને વિક્ષેપ વગરનું ચિત્ત કેવું ફળ દે છે, તે વિષે ગ્રંથકાર કહે છે :–

**अपमानादयस्तस्य विक्षेपो यस्य चेतसः ।**
**नापमानादयस्तस्य न क्षेपो यस्य चेतसः ॥३८॥**

અપમાનાદિ તે માને, વિક્ષેપી મન જેમનું;
અપમાનાદિ ના લેખે, અક્ષુબ્ધ મન જેમનું. ૩૮

**ભાવાર્થ :–** જગતના સંકલ્પ-વિકલ્પોથી જેનું મન ભરપૂર છે, જે દેહને જ આત્મા માન્યા કરે છે, બીજાના દેહને જ બીજાનું સ્વરૂપ માને છે. દેહને અનુકૂળ થનારને મિત્ર માને છે, દેહ પ્રત્યે પ્રતિકૂળ વર્તનારને શત્રુ માને છે, જે માન, અપમાન, તિરસ્કાર, ગર્વ, ઈર્ષા, ખુશામત, સાહસ, યુદ્ધ, ઉત્સવ આદિ ભાવોમાં તણાય છે, તે બહિરાત્મા છે; કારણ કે તેનું મન અજ્ઞાન કે અવિદ્યાના સંસ્કારોથી વિક્ષેપવાળું છે. વિક્ષેપને વશ થઈ વૈર-વિરોધ, શત્રુ-મિત્ર આદિનાં ફળ જે કર્મ, તેનો કર્તા બની જીવ ચારે ગતિમાં પરિભ્રમણ કર્યા કરે છે.

સદ્‌ગુરુ-યોગે જીવની દેહદૃષ્ટિ ટળી આત્મદૃષ્ટિ થાય, તો તે શત્રુ-મિત્ર, માન-અપમાન, લાભ-અલાભ આદિ સાંસારિક ભાવોથી વિક્ષેપ પામતો નથી. કારણ કે આત્માને હાનિ કરનાર ભાવોને ઓળખી, તેથી દૂર રહેવાનો પુરુષાર્થ કરે છે. પોતાને દેહથી ભિન્ન જ્ઞાતા, દ્રષ્ટા, અવિનાશી, અસંગ સ્વરૂપે જે માને છે, તેને દેહનાં સગાં, શત્રુ, મિત્ર આદિનું માહાત્મ્ય મનમાં રહેતું નથી; તે ગમે તેમ બોલે કે વર્તે તે પ્રત્યે તે આકર્ષાતો નથી, અપમાન માનતો નથી, અહંકાર કરતો નથી, કીર્તિની મધ-લાલસામાં લપટાતો નથી,



કારણ કે જેનું માહાત્મ્ય મનમાંથી ટળી ગયું તેને માટે તે આત્માને ક્લેશિત કરવા ઇચ્છતો નથી.

"સંસારી પદાર્થોને વિષે જીવને તીવ્ર સ્નેહ વિના એવાં ક્રોધ, માન, માયા અને લોભ હોય નહીં, કે જે કારણે તેને અનંત સંસારનો અનુબંધ થાય. જે જીવને સંસારી પદાર્થો વિષે તીવ્ર સ્નેહ વર્તતો હોય તેને કોઈ પ્રસંગે પણ અનંતાનુંબંધી ચતુષ્કમાંથી કોઈ પણ ઉદય થવા સંભવે છે, અને જ્યાં સુધી તીવ્ર સ્નેહ તે પદાર્થોમાં હોય ત્યાં સુધી અવશ્ય પરમાર્થમાર્ગવાળો જીવ તે ન હોય. પરમાર્થમાર્ગનું લક્ષણ એ છે કે અપરમાર્થને ભજતાં જીવ બધા પ્રકારે કાયર થયા કરે, સુખે અથવા દુઃખે. દુઃખમાં કાયરપણું કદાપિ બીજા જીવોનું પણ સંભવે છે, પણ સંસારસુખની પ્રાપ્તિમાં પણ કાયરપણું, તે સુખનું અણગમવાપણું, નીરસપણું, પરમાર્થ-માર્ગી પુરુષને હોય છે.

તેવું નીરસપણું જીવને પરમાર્થજ્ઞાને અથવા પરમાર્થજ્ઞાની પુરુષના નિશ્ચયે થવું સંભવે છે; બીજા પ્રકારે થવું સંભવતું નથી. પરમાર્થજ્ઞાને અપરમાર્થરૂપ એવો આ સંસાર જાણી પછી તે પ્રત્યે તીવ્ર એવો ક્રોધ, માન, માયા કે લોભ કોણ કરે? કે ક્યાંથી થાય? જે વસ્તુનું મહાત્મ્ય દૃષ્ટિમાંથી ગયું તે વસ્તુને અર્થે અત્યંત ક્લેશ થતો નથી. સંસારને વિષે ભ્રાંતિપણે જાણેલું સુખ, તે પરમાર્થજ્ઞાને ભ્રાંતિ જ ભાસે છે, અને જેને ભ્રાંતિ ભાસી છે તેને પછી તેનું માહાત્મ્ય શું લાગે? એવી માહાત્મ્યદૃષ્ટિ પરમાર્થજ્ઞાની-પુરુષના નિશ્ચયવાળા જીવને હોય છે, તેનું કારણ પણ એ જ છે. કોઈ જ્ઞાનના આવરણને કારણે જીવને વ્યવચ્છેદક જ્ઞાન થાય

નહીં, તથાપિ સામાન્ય એવું જ્ઞાન, જ્ઞાનીપુરુષની શ્રદ્ધારૂપે થાય છે. વડનાં બીજની પેઠે પરમાર્થ વડનું બીજ એ છે.'' —શ્રીમદ્ રાજચંદ્ર

હવે કર્મના ઉદયે રાગદ્વેષ થઈ આવે ત્યારે આત્માર્થીએ કેમ વર્તવું તે દર્શાવવા ગ્રંથકાર શાંતિનો ઉપાય દર્શાવે છે :—

**यदा मोहात्प्रजायेते रागद्वेषौ तपस्विनः ।**
**तदैव भावयेत्स्वस्थमात्मानं शाम्यतः क्षणात् ॥३९॥**

તપસ્વીને કદી મોહે, રાગદ્વેષ જણાય જો;
ભાવજો સ્વસ્થ આત્મા તો, ક્ષણમાં શાંતિ પામશો. ૩૯

**ભાવાર્થ :—** બધા તપસ્વી કે મુનિ આત્મજ્ઞાની હોતા નથી. પરંતુ ત્યાગદશા નિવૃત્તમય હોવાથી, સત્સંગ-સત્પુરુષનો યોગ તે દશામાં સુલભ હોવાથી, સત્શાસ્ત્ર આદિનો પરિચય વિશેષપણે સંભવતો જાણી ગ્રંથકાર ભલામણ કરે છે કે તપસ્વી વા ત્યાગીને મોહના ઉદયે રાગ-દ્વેષ સ્ફુરે કે તરત જ જો સ્વસ્થ આત્મા અથવા સ્થિતપ્રજ્ઞ દશાની ભાવના તે કરે, તો ક્ષણવારમાં રાગ-દ્વેષ શમાઈ જાય છે એવો અનુભવ ગ્રંથકાર પ્રગટ કરે છે.

''જે જે સમજ્યા, તેણે તેણે 'મારું તારું' એ આદિ અહંત્વ, મમત્વ શમાવી દીધું; કેમકે કોઈ પણ નિજ સ્વભાવ તેવો દીઠો નહીં; અને નિજ સ્વભાવ તો અચિંત્ય અવ્યાબાધસ્વરૂપ, કેવળ ન્યારો જોયો એટલે તેમાં જ સમાવેશ પામી ગયા.

આત્મા સિવાય અન્યમાં સ્વમાન્યતા હતી તે ટાળી પરમાર્થે મૌન થયા; વાણીએ કરી 'આ આનું છે' એ આદિ કહેવાનું બનવારૂપ વ્યવહાર, વચનાદિ યોગ સુધી ક્વચિત્



રહ્યો, તથાપિ આત્માથી 'આ મારું છે' એ વિકલ્પ કેવળ શમાઈ ગયો; જેમ છે તેમ અચિંત્ય સ્વાનુભવગોચર પદમાં લીનતા થઈ....

અનંત કાળથી યમ, નિયમ, શાસ્ત્રાવલોકનાદિ કાર્ય કર્યા છતાં, સમજાવું અને શમાવું એ પ્રકાર આત્મામાં આવ્યો નહીં, અને તેથી પરિભ્રમણનિવૃત્તિ ન થઈ.

સમજાવા અને શમાવાનું જે કોઈ ઐક્ય કરે, તે સ્વાનુભવ-પદમાં વર્તે; તેનું પરિભ્રમણ નિવૃત્ત થાય. સદ્ગુરુની આજ્ઞા વિચાર્યા વિના જીવે તે પરમાર્થ જાણ્યો નહીં; જાણવાને પ્રતિબંધક અસત્સંગ, સ્વચ્છંદ અને અવિચાર તેનો રોધ કર્યો નહીં જેથી સમજાતું અને શમાવું તથા બેયનું ઐક્ય ન બન્યું એવો નિશ્ચય પ્રસિદ્ધ છે.

અત્રેથી આરંભી ઉપર ઉપરની ભૂમિકા ઉપાસે તો જીવ સમજીને શમાય, એ નિઃસંદેહ છે.

અનંત જ્ઞાની પુરુષે અનુભવ કરેલો એવો આ શાશ્વત સુગમ મોક્ષમાર્ગ જીવને લક્ષમાં નથી આવતો, એથી ઉત્પન્ન થયેલું ખેદ સહિત આશ્ચર્ય તે પણ અત્રે શમાવીએ છીએ સત્સંગ, સદ્ વિચારથી શમાવા સુધીનાં સર્વ પદ અત્યંત સાચાં છે, સુગમ છે, સુગોચર છે, સહજ છે અને નિઃસંદેહ છે.'' —શ્રીમદ્ રાજચંદ્ર

મુનિને દેહ પ્રત્યે પ્રેમ વર્તતો હોય તે કેમ દૂર થાય, તેનો ઉપાય અનુભવી યોગી પુરુષ પ્રદર્શિત કરે છે :—

**यत्र कार्यं मुनेः प्रेम ततः प्रच्याव्य देहिनम् ।**
**बुद्ध्या तदुत्तमे काये योजयेत्प्रेम नश्यति ॥४०॥**

જ્યાં દેહે પ્રેમ મુનિને, ત્યાંથી ચિત્ત ખસેડીને;
બુદ્ધિથી બોધમૂર્તિમાં, બાંધતાં પ્રેમ જાય તે. ૪૦

**ભાવાર્થ :—** દેહ અને આત્મા ભિન્ન છે એમ વારંવાર ઉપદેશમાં સાંભળ્યા છતાં, શાસ્ત્ર દ્વારા ભણ્યા છતાં, વિચાર્યા છતાં, ઉપદેશ આપ્યા છતાં તથા આચાર્ય થઈ શિષ્યોને 'દેહથી આત્મા ભિન્ન છે' એમ ઠસાવવા પ્રયત્નપૂર્વક દેખાડ્યા છતાં દેહ ઉપરનો પ્રેમ હૃદયમાંથી ખાસવો અત્યંત વિકટ છે. અનંતાનુંબંધી ક્રોધ, માન, માયા અને લોભરૂપ આદ્ય કષાય તથા દર્શનમોહનીયરૂપી કર્મગ્રંથિ અંતરથી ભેદાય નહીં ત્યાં સુધી દેહાધ્યાસ ટળતો નથી; સત્શ્રદ્ધા કે સમ્યક્દર્શન પ્રગટે નહીં, મોક્ષમાર્ગ હાથ લાગે નહીં. જે દશામાં (મુનિ મનાતા) જીવને દેહ ઉપર વહાલપ વર્ત્યા કરે છે તે દશાથી, જીવને સદ્‌બોધથી જાગેલી બુદ્ધિ વડે સમજાવી, છોડાવીને, તે જ પ્રેમ પરમાત્મસ્વરૂપ, જ્ઞાનમૂર્તિ એવા સદ્‌ગુરુના આત્મા પ્રત્યે ઢોળવો યોગ્ય છે; તો જ પોતાના દેહ ઉપરનો મોહ ટળે એમ ગ્રંથકાર પોતાના અનુભવને આધારે પ્રદર્શિત કરે છે, તે સત્ય છે. એ જ માર્ગ મહાપુરુષોએ લીધો છે અને ઉપદેશ્યો છે.

"જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!"

"હે જી! સ્થિર દૃષ્ટિથી કરીને તું અંતરંગમાં જો, તો સર્વ પરદ્રવ્યથી મુક્ત એવું તારું સ્વરૂપ તને પરમ પ્રસિદ્ધ અનુભવાશે.



હે જીવ! અસમ્યક્દર્શનને લીધે તે સ્વરૂપ તને ભાસતું નથી. તે સ્વરૂપમાં તને શંકા છે, વ્યામોહ અને ભય છે.

સમ્યક્દર્શનનો યોગ પ્રાપ્ત કરવાથી તે અભાસનાદિની નિવૃત્તિ થશે.

હે સમ્યક્દર્શની! સમ્યક્ચારિત્ર જ સમ્યક્દર્શનનું ફળ ઘટે છે, માટે તેમાં અપ્રમત્ત થા.

જે પ્રમત્ત ભાવ ઉત્પન્ન કરે છે તે કર્મબંધની તને સુપ્રતીતિનો હેતુ છે.

હે સમ્યક્ચારિત્રી! હવે શિથિલપણું ઘટતું નથી. ઘણો અંતરાય હતો તે નિવૃત્ત થયો, તો હવે નિરંતરાય પદમાં શિથિલતા શા માટે કરે છે?" —શ્રીમદ્ રાજચંદ્ર

૩૩ મી ગાથામાં દેહથી ભિન્ન અને નિત્ય આત્મા ન જાણે તો ભારે તપ પણ મોક્ષ દઈ શકે નહીં એમ કહ્યું હતું; હવે નિદાનપૂર્વક દુઃખ ટાળવાનો ઉપાય આત્મજ્ઞાન છે, માત્ર તપ નથી તે ફરી સ્પષ્ટપણે ગ્રંથકાર પ્રકાશે છે : —

**आत्मविभ्रमजं दुःखमात्मज्ञानात्प्रशाम्यति ।**
**नायतास्तत्र निर्वान्तिकृत्वाऽपि परमं तपः ॥४१॥**

આત્મભ્રાંતિ જણે દુઃખો, આત્મજ્ઞાન હણે, અહા!
જ્ઞાન અર્થે મથે ના તો, મોક્ષ દે ના તપો મહા. ૪૧

**ભાવાર્થ :—** બુદ્ધધર્મમાં ચાર આર્ય સત્ય કહેવાય છે : દુઃખ, દુઃખનાં કારણ, સુખ, સુખનાં કારણ. તે જ વિચારણા પ્રેરતી આ ગાથા છે. દુઃખ શું? એમ કોઈ પૂછે

તો ગ્રંથકાર કહે છે કે આત્મ-અભાન અથવા આત્મા સંબંધી અયથાર્થ કલ્પના કે ભ્રાંતિ.

''આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ-આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.''

—શ્રીમદ્ રાજચંદ્ર

જ્ઞાન વિના તપ આદિ અન્યથા ઉપાયો કરવાથી આત્મ-અભાન કે ભ્રાંતિરૂપ રોગ, દુઃખ ટળે તેમ નથી. જે દોષથી રોગ ઉત્પન્ન થાય તે દોષ સમજાય નહીં ત્યાં સુધીના બધા ઉપાયો વ્યર્થ થાય છે, તેમ દુઃખની ઉત્પત્તિનું કારણ આત્મ-ભ્રાંતિ છે એમ સમજાય, તો તેથી છૂટી સુખ કે મોક્ષની ભાવના થાય અને મોક્ષના ઉપાયરૂપ દવા પણ થાય.

''કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;
અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાન પ્રકાશ.''

—શ્રીમદ્ રાજચંદ્ર

આત્મ-ભ્રાંતિથી ઉત્પન્ન થયેલું દુઃખ તીવ્ર તપથી પણ ન જાય, પણ આત્મજ્ઞાનરૂપ અચૂક ઉપાયથી તે ટળે છે.

''ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર''

—શ્રી યશોવિજયજી

''સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે. વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં, અને અસત્સંગ તથા અસત્પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી, એમાં કિંચિત્-માત્ર સંશય નથી.

આરંભ-પરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્પ્રસંગનું બળ ઘટે છે; સત્સંગના આશ્રયથી અસત્સંગનું બળ ઘટે છે. અસત્સંગનું બળ ઘટે છે; અસત્સંગનું બળ ઘટવાથી આત્મવિચાર થવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. આત્મવિચાર થવાથી આત્મજ્ઞાન થાય છે;



અને આત્મજ્ઞાનથી નિજસ્વભાવસ્વરૂપ, સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે; એ વાત કેવળ સત્ય છે...

જેટલું આત્મજ્ઞાન થાય તેટલી આત્મસમાધિ પ્રગટે.

કોઈ પણ તથારૂપ જોગને પામીને જીવને એક ક્ષણ પણ અંતર્ભેદજાગૃતિ થાય તો તેને મોક્ષ વિશેષ દૂર નથી.

અન્ય પરિણામમાં જેટલી તાદાત્મ્યવૃત્તિ છે, તેટલો જીવથી મોક્ષ દૂર છે.

જો કોઈ આત્મજોગ બને તો આ મનુષ્યપણાનું મૂલ્ય કોઈ રીતે ન થઈ શકે તેવું છે. પ્રાયે મનુષ્યદેહ વિના આત્મજોગ બનતો નથી એમ જાણી, અત્યં નિશ્ચય કરી, આ જ દેહમાં આત્મજોગ ઉત્પન્ન કરવો ઘટે.

વિચારની નિર્મળતાએ કરી જો આ જીવ અન્યપરિચયથી પાછો વળે, તો સહજમાં હમણાં જ તેને આત્મજોગ પ્રગટે.'' —શ્રીમદ્ રાજચંદ્ર

હવે બહિરાત્મા અને અંતરાત્મા શું શું ઇચ્છે છે તે જણાવે છે :—

**શુભં શરીરં દિવ્યાંશ્ચ વિષયાનભિવાંચ્છતિ ।**
**ઉત્પન્નાત્મમતિર્દેહે તત્ત્વજ્ઞાની તતશ્ચ્યુતિમ્ ॥૪૨॥**

દેહાત્મબુદ્ધિની ઇચ્છા, દિવ્ય દેહ-સુભોગની;
તત્ત્વજ્ઞાની તણી ઇચ્છા, દેહ-ભોગ-વિયોગની. ૪૨

**ભાવાર્થ :—** આગળની ગાથામાં પરમ તપ તપવા છતાં બહિરાત્મા, આત્મજ્ઞાન નહીં હોવાથી, સર્વ દુઃખના આત્યંતિક વિયોગરૂપ મોક્ષ પામી શકતો નથી એમ કહ્યું. તો તેવા જીવો તપ કરીને શું ઇચ્છતા હશે, એમ પ્રશ્ન કોઈને થાય તેનો ઉત્તર આ ગાથામાં ગ્રંથકાર જણાવે છે કે બહિરાત્માને

દેહમાં જ આત્મબુદ્ધિ હોવાથી તે દેવનાં શુભ શરીર અને દિવ્ય વિષય-ભોગોને નિરંતર ભોગવવા ઇચ્છે છે. ધર્મ આરાધીને, તપ કરીને પણ લૌકિક દૃષ્ટિ હોવાથી લૌકિક સુખની કલ્પના તેને છૂટતી નથી. મોક્ષને અર્થે હું તપ કરું છું એમ મોઢે બોલે છતાં તેના હૃદયમાંથી વિષયભોગોની પ્રિયતા ઓછી થઈ હોતી નથી. મોક્ષમાં અનંત, અપાર સુખ છે એમ શ્રવણ થવાથી પોતે માનેલું સુખ અખૂટપણે મળે તે અર્થે અહીંના સુખ, રાજપાટ, વૈભવવિલાસ છોડે છે. પણ કોઈ વેપારમાં પૈસા રોકવાથી કે બીજાને ધીરવાથી ધનની વૃદ્ધિ થાય છે એમ માની હાલ હાથમાં પૈસા છે, તે ત્યાગે છે પણ તેની વૃદ્ધિને ઇચ્છે છે, એવી રીતે મોક્ષમાર્ગને પણ વેપારરૂપ બહિરાત્મા બનાવે છે.

હવે તત્ત્વજ્ઞાની પણ તપ આદિ પ્રવૃત્તિ કરે છે, પણ તેણે આત્માને આત્મારૂપે ઓળખ્યો છે અને દેહાદિ પરપદાર્થને પરરૂપે જાણેલ છે; તેથી પારકી માગી આણેલી વસ્તુને શાહુકાર તો પાછી સોંપી દેવાને જ ઇચ્છે છે, તેમ અંતરાત્માને નિષ્કાંક્ષિત અંગ પ્રગટ થયેલું હોવાથી જગતના સુખની તેને આકાંશ કે મહત્તા હોતી નથી; તેથી તે ધર્મ કે તપ કરીને દેવલોક આદિના ભોગને ઇચ્છતા નથી, પણ પ્રશસ્ત રાગથી પુણ્ય બંધાયું હોય તેના ફળરૂપે તેવી સુખસામગ્રી મળી હોય તે તેને ગમતી પણ નથી. શ્રી યશોવિજયજી યોગદૃષ્ટિની સજ્ઝાયમાં લખે છે :

‘‘શીતળ ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનને રે,
ધર્મ-જનિત પણ ભોગ ઈહાં તેમ, લાગે અનિષ્ટ તે મનને રે-
એ ગુણ વીર તણો ન વિસારું, સંભારું દિનરાત રે’’



બહિરાત્મા ધર્મના ફળરૂપે જે જે ઇચ્છે છે, તે સર્વને અંતરાત્મા તજવા ઇચ્છે છે; કારણ કે યથાર્થ મોક્ષ તો આત્મ-શુદ્ધિ જ છે તે અર્થે, નિર્જરા થાય તે લક્ષે, અંતરાત્મા તપ-ધર્મનું આરાધન કરે છે. અંતરાત્માને ઇચ્છાનો નિરોધ હોવાથી કર્મની નિર્જરા થાય તેવું, સંવર સહિત તપ થાય છે અને બહિરાત્માનું તપ હસ્તિસ્નાનવત્ મલિનતાનું કારણ છે.

બહિરાત્મા બંધાય છે અને અંતરાત્મા છૂટે છે એ વાત વિશેષ સ્પષ્ટ ગ્રંથકાર હવે કરે છે :–

**परत्राहंमतिः स्वस्माच्च्युतो बध्नात्यसंशयम् ।**
**स्वस्मिन्नहंमतिश्च्युत्वा परस्मान्मुच्यते बुधः ॥४३॥**

પોતાને પરમાં માની, બંધાય સ્વચૂકી નકી,
આત્મામાં આત્મબુદ્ધિમાન્, મુકાય પરને મૂકી. ૪૩

**ભાવાર્થ :–** પરદ્રવ્યમાં કે પરગુણમાં અહંભાવ જેને વર્તે છે, તેની દૃષ્ટિ આત્મા પ્રત્યે હોતી જ નથી; તેથી તે બહિરાત્મા છે. પોતાનું ભાન ચૂકી જવાથી, પરનું માહાત્મ્ય જીવને લાગે છે અને દેહ, ધન આદિ પરમાં માહાત્મ્ય જેને હોય, તે તેવા પદાર્થો અર્થે આર્ત્તધ્યાન કે રૌદ્રધ્યાન કરી કર્મ બાંધ્યા કરે છે. ધર્મનું ભાન ન હોવાથી ધર્મધ્યાન તો તેનાથી ક્યાંથી થાય? ધર્મ કરે તો પણ સાંસારિક વાસનાઓ હૃદયમાં રાખીને કરે છે, તેથી અવશ્ય કર્મબંધ થયા જ કરે છે. ‘દેહ તે હું’ એ ભાવ છૂટ્યા વિના કર્મવૃદ્ધિ કેમ અટકે? સંસાર-પરિભ્રમણ કેમ મટે? આત્મા તરફ વૃત્તિ ક્યાંથી વળે?

આ દેહમાં વિચાર કરનાર બેઠો છે, તે દેહથી ભિન્ન છે, અરૂપી, અવિનાશી, અજર, અમર, પરમ આનંદસ્વરૂપ

છે એવી જેની દૃઢ માન્યતા થઈ છે એવો અંતરાત્મા ‘આત્માથી સૌ હીન’ માનતો હોવાથી પરથી આત્માને મુક્ત કરવા પ્રયત્ન કરે છે. દેહ પ્રત્યે તેને વૈરાગ્ય વર્તતો હોય છે. સંસાર-પરિભ્રમણથી તે થાકેલો હોવાથી ફરી આવા ક્લેશમય સંસારમાં જન્મવું ન પડે તેવો માર્ગ તે આરાધે છે; ઇંદ્રિયોના વિષયભોગ તેને એંઠવાડા જેવા અરુચિકર લાગે છે, તેથી તેની વાસના તેના હૃદયમાંથી નીકળી ગઈ હોય છે. પોતાના કે પરના દેહમાં આસક્તિ કરવાથી કર્મ બંધાય છે, એમ અંતરાત્મા જાણતો હોવાથી તેની દૃષ્ટિ દેહ ઉપરથી ઊઠી જાય છે. સદ્ગુરુ-બોધે સુવિચારણા પ્રગટેલી હોવાથી આત્મા તથા તેના ગુણો ઉપર દૃષ્ટિ રાખી જે દેહાદિ દેખાય છે તેને અદૃશ્ય કરે છે; અને આત્મા અરૂપી હોવાથી ઇંદ્રિયોથી ન દેખાય તેમ છતાં જ્ઞાનદૃષ્ટિથી, સદ્ગુરુના બોધથી અને સત્શાસ્ત્રના અવલંબને આત્મભાવમાં વૃત્તિ રાખી, તેના માહાત્મ્ય આગળ આ સંસાર સ્વપ્ન જેવો વિચારી, સિદ્ધ સમાન સમૃદ્ધિની સ્મૃતિ કરી, અદૃશ્યને દૃશ્ય કરે છે—એ કોઈ અંતરાત્માનું અલૌકિક સામર્થ્ય છે. આમ અંતરાત્મા સદ્ગુરુના યોગને અને બોધને સફળ કરે છે, કર્મબંધનાં કારણોથી દૂર રહે છે, ઉદાસ રહે છે કે આત્મભાવમાં તલ્લીન બની જગતનું વિસ્મરણ કરે છે. તેના પ્રભાવે તે જ્ઞાની મહાત્મા પરથી છૂટે છે અને આત્માને મુક્ત કરે છે.

“સુખકી સહેલી હૈ અકેલી ઉદસીનતા;
અધ્યાત્મની જનની તે ઉદાસીનતા.”

—શ્રીમદ્ રાજચંદ્ર

હવે અજ્ઞાની અને જ્ઞાનીની આ દૃશ્ય જગત પ્રત્ય કેવી સમજણ, માન્યતા હોય છે તે વિષે ગ્રંથકાર કહે છે :—



**दृश्यमानमिदं मूढस्त्रिलिङ्गमवबुद्ध्यते ।**
**इदमित्यवबुद्धस्तु निष्पन्नं शब्दवर्जितम् ॥४४॥**

ત્રિલિંગ દૃશ્ય કાયા હું, એટલું મૂઢ માનતો;
અનાદિસિદ્ધ, અવાચ્ય, આત્મા, જો મત જ્ઞાનીનો . ૪૪

**ભાવાર્થ :—** જેને આ દૃશ્ય જગતની જ શ્રદ્ધા છે, અતીન્દ્રિય જ્ઞાન કે અતીન્દ્રિય સુખના અસ્તિત્વની જેને શ્રદ્ધા જ નથી એવા મૂઢ અથવા બહિરાત્માને ઇંદ્રિયોથી જણાતું જગત ત્રણ લિંગ રૂપે જણાય છે, એટલે નરજાતિ, નારીજાતિ અને નાન્યતર જાતિ રૂપે જેનું વર્ણન થાય છે, ભાસે છે તે સિવાય જગતમાં કાંઈ નથી એમ એને લાગે છે.

અંતરાત્મા જેને આત્માનુભવ થયો છે, તેને નિઃશંકપણે દૃઢ થયું છે કે આ આત્માસ્વરૂપ છે તે સ્વભાવસિદ્ધ છે, શબ્દરહિત એટલે અવાચ્ય છે, સ્વાનુભવગમ્ય છે. શબ્દ એ આત્માનો ગુણ નથી, પરંતુ પુદ્ગલનો ગુણ છે અને પુદ્ગલના એક પરમાણુમાં તે હોતો નથી, તેથી પુદ્ગલના સ્કંધથી ઉત્પન્ન થનાર શબ્દ વૈભાવિક ગુણ છે. આત્મા મૂળ દ્રવ્યરૂપે સ્વભાવસિદ્ધ છે. તેથી જ્ઞાની પુરુષને, પોતે કહેલું બીજો ન માને તો, ખોટું ન લાગે, કારણ કે શબ્દને પર રૂપે જાણેલ હોવાથી, મારાપણાનો આગ્રહ નહીં હોવાથી, શબ્દ મનાય કે ન મનાય તે સંબંધી ક્લેશ થતો નથી. કોઈ સ્તુતિ કરે કે નિંદા કરે તે પણ તેને હર્ષ-શોકનું કારણ થતું નથી. મારી સ્તુતિ કે મારી નિંદા, મારું વચન કે મારી આજ્ઞા એમ તેને ભાસતું જ નથી. તેથી મૂળ દ્રવ્યતરફ અંતરાત્માને લક્ષ રહે છે અને પર્યાયદૃષ્ટિ તેની ગૌણ થઈ ગઈ હોય છે. એ જ શાંતિ અને સુખનું કારણ તેને થયું છે.

"દેહથી ભિન્ન સ્વપરપ્રકાશક પરમ જ્યોતિસ્વરૂપ એવો આ આત્મા, તેમાં નિમગ્ન થાઓ. હે આર્યજનો! અંતર્મુખ થઈ, સ્થિર થઈ, તે આત્મામાં જ રહો તો અનંત અપાર આનંદ અનુભવશો.

સર્વ જગતના જીવો કંઈ ને કંઈ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે; મોટો ચક્રવર્તી રાજા તે પણ વધતા વૈભવ, પરિગ્રહના સંકલ્પમાં પ્રયત્નવાન છે; અને મેળવવામાં સુખ માને છે; પણ અહો! જ્ઞાનીઓએ તો તેથી વિપરીત જ સુખનો માર્ગ નિર્ણીત કર્યો કે કિંચિત્‌માત્ર પણ ગ્રહવું એ જ સુખનો નાશ છે.

વિષયથી જેની ઇંદ્રિયો આર્ત્ત છે, તેને શીતળ એવું આત્મસુખ, આત્મતત્ત્વ ક્યાંથી પ્રતીતિમાં આવે?" —શ્રીમદ્ રાજચંદ્ર

હવે અંતરાત્માને પૂર્વકર્મ સત્તામાં પડ્યાં હોય છે તે ઉદય આવતાં શી દશા થાય છે તેનું વર્ણન ગ્રંથકાર કરે છે :—

**जानन्नप्यात्मनस्तत्त्वं विविक्तं भावयन्नपि ।**
**पूर्वविभ्रमसंस्काराद् भ्रान्तिं भूयोऽपि गच्छति ॥४५॥**

આત્મતત્ત્વ પિછાનીને, ભિન્ન ભાવી રહ્યા છતાં;
ભ્રાંતિના પૂર્વસંસ્કારે, ભ્રાંતિમાં ફરી કો જતાં. ૪૫

**ભાવાર્થ :—** દેહથી આત્મા ભિન્ન છે, રાગ-દ્વેષ આત્માનો સ્વભાવ નથી, રાગ-દ્વેષથી કર્મબંધ થાય છે; માટે રાગ-દ્વેષ, શત્રુ-મિત્ર ભાવો તજી, આત્માને આત્મભાવમાં સ્થિર કરવો, કષાય દૂર કરવા એ આત્મહિત છે, એમ જાણતાં છતાં, તેવી ભાવના કરતા રહેવાનો અભ્યાસ પાડવાના પુરુ-



ષાર્થમાં રહેવા છતાં, અવિદ્યાનો અનાદિનો અભ્યાસ હોવાથી તેવાં તેવાં નિમિત્તો પામીને પાછા બહિરાત્મભાવો જીવને સ્ફુરી આવવાનો ભય રહે છે, એમ ગ્રંથકાર જણાવે છે.

અંતરાત્મપણું કે સમ્યક્‌દર્શન હોય ત્યારે જીવને સમ્યક્ દર્શનનાં આઠ અંગ પ્રગટ હોય છે. નિઃશક્તિપણું, નિષ્કાંક્ષિતપણું, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ,વાત્સલ્ય અને પ્રભાવના : આ આઠ સમ્યક્‌દર્શનનાં અંગ છે. મિથ્યાત્વ કે ભ્રાંતિનો ઉદય થતાં એ આઠે ગુણો પર આવરણ આવે છે. એટલે જાણે તે મૂળ માણસ જ ન હોય એવું બની જાય છે. 'साक्षरा विपरीता राक्षसा भवन्ति' એટલે 'साक्षरा' એ ત્રણ અક્ષરો અવળા વાંચવાથી 'साक्षसा' વંચાય છે તેમ માણસનું હૃદય પલટાતાં તે મોક્ષમાર્ગ મૂકી દઈ સંસાર વધારે તેવું વર્તન કરી દીર્ઘસંસારી બને છે આવો મિથ્યા-ત્વનો પ્રભાવ છે.

પૂર્વની ભ્રાંતિ કે વિભ્રમના સંસ્કારોમાં ચારિત્રમોહનો ઉદય પણ હોય છે. એટલે કોઈ જીવને મિથ્યાત્વનો ઉદય ન હોય અને પ્રત્યાખ્યાની કે અપ્રત્યાખ્યાની કષાયનો કે નોકષાયનો ઉદય પણ હોય તો સમ્યક્‌દર્શન રહે અને સાધુપણું કે શ્રાવકપણું ભાવમાંથી ચાલ્યું જાય. આવા પણ કર્મના ઉદય હોય છે. આચરણ પણ પલટાઈ જાય છે. આમ ઘણી વખત બને છે. માટે ચેતતા રહેવા જ્ઞાનીપુરુષો ઉપદેશ કરે છે. નિમિત્તાધીન જીવ જ્યાં સુધી છે, ત્યાં સુધી ઉત્તમ નિમિત્તોનો યોગ મેળવવા જ્ઞાનીપુરુષો વારંવાર ભલામણ કરે છે.

"નિમિત્તે કરીને જેને હર્ષ થાય છે, નિમિત્તે કરીને જેને શોક થાય છે, નિમિત્તે કરીને જેને ઇંદ્રિયજન્ય વિષય

પ્રત્યે આકર્ષણ થાય છે, નિમિત્તે કરીને જેને ઇંદ્રિયને પ્રતિકૂળ એવા પ્રકારોને વિષે દ્વેષ થાય છે, નિમિત્તે કરીને જેને કષાય ઉત્કર્ષ આવે છે, નિમિત્તે કરીને જેને કષાય ઉદ્ભવે છે, એવા જીવને જેટલો બને તેટલો તે તે નિમિત્તવાસી જીવોનો સંગ ત્યાગવો ઘટે છે; અને નિત્ય પ્રત્યે સત્સંગ કરવો ઘટે છે.

સત્સંગના અયોગે તથા પ્રકારના નિમિત્તથી દૂર રહેવું ઘટે છે. ક્ષણે ક્ષણે, પ્રસંગે પ્રસંગે અને નિમિત્તે નિમિત્તે સ્વદશા પ્રત્યે ઉપયોગ દેવો ઘટે છે.''

—શ્રીમદ્ રાજચંદ્ર

રાગ-દ્વેષ તજી મધ્યસ્થ થવાનો ઉપદેશ હવે ગ્રંથકાર પ્રદર્શિત કરે છે :—

**अचेतनमिदं दृश्यमदृश्यं चेतनं ततः ।**
**क्व रुष्यामिक्व तुष्यामि मध्यस्थोऽहं भवाम्यत ।।४६।।**

દૃશ્ય તો હું જડ જાણું, આત્મા અદૃશ્ય માનતો;
કરું ક્યાં રોષ કે તોષ? રહું મધ્યસ્થ તેથી તો. ૪૬

**ભાવાર્થ :—** પાંચ ઇંદ્રિયોથી જણાતું આ દૃશ્ય જગત તો અચેતન છે. કારણ કે ઇંદ્રિયો, પુદ્ગલના સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ, એ પાંચ ગુણોને ગ્રહણ કરી શકે છે. પુદ્ગલમાં જાણવાની શક્તિ જ નથી તો જે જાણે નહીં, સામો જવાબ દે નહીં, તેના પ્રત્યે રાગ કે દ્વેષ કોણ રાખે?

આ વારંવાર વિચારી હૃદયગત કરે તેને રાગ-દ્વેષ મંદ થઈ દૂર થવાનું કારણ બને તેમ છે. આપણે બીજા ઉપર રાગ કરીએ તે એવી આશાથી કરીએ છીએ કે જેના ઉપર રાગ કરીએ છીએ તેને તે સારું લાગશે, પ્રસન્ન થશે અને આપણા ઉપર બદલામાં રાગ કરશે. પરંતુ આપણા પ્રેમનો પ્રત્યુત્તર ન મળે તે પ્રત્યે પ્રાયે રાગ થવો કે વધવો સંભવતો



નથી. માટે અચેતન એવા આ દૃશ્ય જગતમાં ક્યાંય રાગ કે દ્વેષ વિચારવાન જીવે કરવો ઘટતો નથી.

કોઈ કહે કે ભલે અચેતન પદાર્થો પ્રત્યે પ્રેમ કે દ્વેષ ન થાય. પણ ચેતન આત્માઓ પ્રત્યે તો રાગદ્વેષ થવો સંભવે છે. તેને ગ્રંથકાર યુક્તિપૂર્વક અંતરાત્માના મુખે બોલાવે છે કે ચેતન તો અરૂપી પદાર્થ છે. જેમ આકાશ દેખાતું નથી તો તેની સાથે વાતચીત કે રાગ-દ્વેષ કરવા કોઈ જતું નથી. તેમ આત્મા તે ઇંદ્રિયોથી જણાય તેવો પદાર્થ નથી. જે જણાય નહીં તેની સાથે શું વાત કરવી, કેવી રીતે પ્રીતિ બાંધવી કે શા અર્થે દ્વેષ કરવો?

કોઈ કોઈ સ્થળોમાં પવન જોશથી ચાલે ત્યારે અવાજ થાય છે, પણ ત્યાં કોઈ તેના પ્રત્યે રાગ કરવા કે કલહ કરવા જતું નથી. તેમજ કોઈ બાળકને ભૂતનો વળગાડ હોય ત્યારે હસે કે ગાળો દે, ભૂત દેખાતું નથી તેના પ્રત્યે કોઈ રાગ-દ્વેષ કરતું નથી. જે દેખાય નહીં, ઓળખાય નહીં તેના પ્રત્યે પણ રાગ-દ્વેષ કરવો ઘટતો નથી.

માટે અંતરાત્મા કહે છે કે આ દૃશ્ય જગત જ્ઞાનશૂન્ય (અચેતન) છે તેથી તેના પ્રત્યે રાગદ્વેષ કરવો મને ઘટતો નથી.તથા ચેતન તો અરૂપી દ્રવ્ય છે. મને અતીંદ્રિય જ્ઞાન નથી, તેથી અરૂપી ચેતન દૃશ્ય તો છે નહીં, તો તેના પ્રત્યે રાગ-દ્વેષ ક્યાંથી થાય? માટે હું તો મધ્યસ્થ રહું છું એટલે જડ કે ચેતન કોઈ પ્રત્યે રાગ કે દ્વેષની વૃત્તિ થતી નથી.

ગાથા ૧૮મીમાં બોલવા સંબંધી મૌન થવા અર્થે વિવેચન કર્યું છે તેવું જ આ ગાથામાં રાગ-દ્વેષને ક્યાંય,

જડ કે ચેતનમાં, સ્થાન મળે તેમ નથી એવી વિચારણા પ્રદર્શિત કરી મધ્યસ્થ કે સમભાવની પ્રધાનતા દર્શાવી છે.

હવે ત્રણ આત્મદશાઓમાં ગ્રહણ-ત્યાગની મર્યાદા ગ્રંથકાર પ્રરૂપે છે :—

**त्यागादाने बहिर्मूढः करोत्यध्यात्ममात्मविद् ।**
**नान्तर्बहिरुपादानं न त्यागो निष्ठितात्मनः ।।४७।।**

બાહ્ય ત્યાગે, ગ્રહે મૂઢ, જ્ઞાનીની ગુપ્ત વર્તના;
નિષ્ઠિતાત્મા ન ત્યાગે કે, ગ્રહે બાહ્યન્તરે જરા. ૪૭

**ભાવાર્થ :—** બહિરાત્માને ઇંદ્રિયોથી જણાતા દૃશ્ય જગતનું માહાત્મ્ય હોવાથી, તથા તેના જેવા ઘણા બહિરાત્માઓ બાહ્ય ક્રિયા દાન, પૂજા, ભક્તિ, ઉપવાસ આદિને ધર્મ માનનારા હોવાથી, તે પ્રવાહમાં જ ધર્મપ્રવૃત્તિ બહિરાત્માની થાય છે. પોતે બાહ્ય ધર્મક્રિયાઓ દેખે છે, બીજા પણ તેને પ્રશંસે છે, તેથી અંતરંગ ધર્મ જે સમ્યક્દર્શનાદિ તથા તેનાં લક્ષણ શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્થા આદિ તરફ તેની દૃષ્ટિ વળતી નથી. પોતે જે કરે છે તેમાં સંતોષ માની, તેનું માહાત્મ્ય ગાયા કરે છે, તેથી સત્સંગ આદિનું માહાત્મ્ય લાગતું નથી, કે તેવો યોગ પુણ્યના ઉદયે મળી આવે, તો તેની દૃષ્ટિ બાહ્ય ભાવોમાં જ રમ્યા કરે છે અને સત્સંગનો લાભ તેને પ્રાપ્ત થવો દુર્લભ થઈ પડે છે.

લૌકિક વ્યવહારમાં બહિરાત્માની જેમ પૈસા, લાગવગ, મોટાઈ વગેરે તરફ દૃષ્ટિ રહે છે તેમ ધર્મની બાબતમાં પણ મોટા ગણાવાની, વ્રત નિયમોની, દાન-પૂજા આદિની મહત્તા જીવને વળગેલી હોવાથી પરમાર્થની જિજ્ઞાસા જાગવી તેને દુર્લભ થઈ પડે છે. શાસ્ત્રો વાંચ્યા છતાં, મોટી મોટી વાતો



મુખથી કર્યા છતાં જીવને જગતના સુખની વાસના હૃદયમાંથી ખસવી દુર્લભ થઈ પડે છે. આત્માને સત્સુખની પ્રાપ્તિ થઈ નથી, તેનું દુઃખ બહિરાત્માને લાગતું નથી, સમજાતું પણ નથી. આત્મગુણ પ્રગટાવવાની દૃષ્ટિ તેને થતી નથી. તેવી આત્મહિતની વાતોમાં રસ પણ આવતો નથી. માત્ર પુણ્યબંધની ક્રિયાઓમાં બાહ્યદૃષ્ટિથી ધર્મ માની તેમાં બહિરાત્મા મગ્ન રહે છે; તેથી સત્ય ધર્મથી તે દૂર ને દૂર રહે છે.

આત્મજ્ઞાની મહાત્મા આત્મગુણ સાધવા પુરુષાર્થ કરે છે. મિથ્યાત્વને પોષે તેવો સંગ, તેવી ક્રિયા, તેવાં શાસ્ત્રોથી ચેતતો રહે છે; કષાયનાં કારણોથી દૂર રહે છે; સત્સંગ, સત્શાસ્ત્ર અને સદ્-વિચાર દ્વારા પોતાની યોગ્યતા વધારવાની ચિંતા તેને હોય છે. પ્રાપ્ત દશાથી સંતોષ નહીં માનતાં, કષાયને મંદ કરી વ્રત આદિથી તે આત્માને ઉજ્જ્વળ કરે છે, પ્રમાદ વિષય-વાસના આદિ શત્રુઓનો જય કરવાની ભાવના નિરંતર રાખે છે. આત્મનિર્મળતા એ જ પોતાની સંપત્તિ સમજી કર્મ દૂર કરી સંપૂર્ણ શુદ્ધતાના લક્ષે તેનો પુરુષાર્થ હોય છે. બારમા ગુણસ્થાનકે અને ચૌદમે ગુણસ્થાનકે હોય છે. તેમને બારમા ગુણસ્થાન સુધી અંતરાત્મદશા છે. તે વિભાવ તજી, સ્વભાવને ભજે છે.

પરમાત્મદશા તેરમે ગુણસ્થાનકે અને ચૌદમે ગુણસ્થાનકે હોય છે. તેમને ગ્રહણ-ત્યાગની બુદ્ધિપૂર્વક કંઈ પ્રવૃત્તિ હોતી નથી; મોહનો ક્ષય કરી અનંત સુખમાં બિરાજે છે. તે પરમાત્માને કર્મના ઉદય-યોગે દેહનો સંગ હોય, તોપણ નિઃસંગ આત્મભાવ તેમનો હણાતો નથી.

હવે મનને કેમ પ્રવર્તાવવાથી જીવ ઉન્નતિ સાધી શકે તે વિષે ગ્રંથકાર દર્શાવે છે :—

**युञ्जीत मनसाऽऽत्मानं वाक्कायाभ्यां वियोजयेत् ।**
**मनसा व्यवहारं तु त्यजेद्वाक्काययोजितम् ॥४८॥**

યોજો આત્મા મન સાથે, વાણી-કાયાર્થી છોડીને;
મનથી વાણી-કાયાના વર્તને વૃત્તિ છોડી દે. ૪૮

**ભાવાર્થ :–** ૩૬મી ગાથામાં મન વિષે જણાવેલું છે કે આત્મા જ મનન કરવાનું કામ કરે ત્યારે તેનું નામ મન પડે છે.

"દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રી, પ્રાણ;
આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ."

—શ્રીમદ્ રાજચંદ્ર

આમ મન અને ઇંદ્રિયો આત્માની સત્તાથી પ્રવર્તે છે.

ઉપનિષદ્‌માં એક કથા આવે છે, તેમાં આત્મશક્તિઓ કલહ કરે છે, સર્વ પોતપોતાની સત્તા સર્વોપરી સાબિત કરવા મથે છે. પછી એવા નિર્ણય ઉપર આવે છે કે જેના ગયા છતાં પણ ચાલે તે સર્વોપરી નથી એમ જાણવું. તે સાબિત કરવા એક પછી એક ચાલી નીકળે છે. દેહના હાથ, પગ કામ ન કરે તોપણ ચાલ્યું, જીભ કામ ન કરે તોપણ ચાલ્યું, નાક કામ ન કરે તોપણ ચાલ્યું, કાન કામ ન કરે તોપણ ચાલ્યું, આંખ કામ ન કરે તોપણ ચાલ્યું, મન કામ ન કરે તોપણ ચાલ્યું, પ્રાણ કામ ન કરે તોપણ ચાલ્યું; પણ આત્મા નીકળી ગયો એટલે મડદું પડ્યું રહ્યું. એમ દર્શાવી 'આત્માથી સૌ હીન' સાબિત કર્યું છે.

એ જ ભાવ આ ગાથામાં સંક્ષેપે કહ્યો છે કે આત્માને મન સાથે યોજો એટલે ભાવ-આત્મા અને મન જુદાં નથી. આત્માને ઓળખવો હોય તો વચન અને કાયાથી પાછા હઠો, તેનો આગ્રહ, તેની મમતા મૂકો; વચન અને કાયામાં



આત્મ-ભાવ ન રાખો. આટલો બોજો ઓછો થશે તો મન હલકું ફૂલ જેવું થશે અને આત્મવિચારને યોગ્ય બનશે. દેહાધ્યાસનો આધાર વચન અને કાયા છે.

"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ."

—શ્રીમદ્ રાજચંદ્ર

વાણી અને કાયાની પ્રવૃત્તિ પૂર્વકર્મના બળે થાય તે પોતાની નથી એમ મનથી વિચારવું. પુદ્‌ગલની પ્રવૃત્તિ વચન અને કાયા દ્વારા થાય છે, તે પુદ્‌ગલની માની મન દ્વારા તેનો સંબંધ છોડવો એમ ગાથાના ઉત્તરાર્ધમાં જણાવ્યું. વચનથી કે કાયાથી જે થાય તે 'મેં કર્યું,' 'કેવું સારું કર્યું,' 'લોકો તેથી મને વખાણશે કે વખોડશે' આદિ વિકલ્પો, મનને આત્મા ભણી વાળી, તજી દેવા કે ભૂલી જવા યોગ્ય છે. પુદ્‌ગલના ધર્મો કે પુદ્‌ગલથી થતી ક્રિયા પર માની પારકી પંચાતમાંથી મન કે આત્માને પાછો વાળવો એ શાંતિનો માર્ગ છે. મન અને આત્માનું ઐક્ય સાધી, વચન અને કાયાની મમતા તથા તેમની પ્રવૃત્તિ પ્રત્યેની વૃત્તિ મનને (આત્માને) સમજાવીને મૂકી દેવી; તો રાગ-દ્વેષ ટળશે.

"આત્માને આટલું જ પૂછવાની જરૂર છે, કે જો મુક્તિને ઇચ્છે છે તો સંકલ્પ-વિકલ્પ, રાગ-દ્વેષને મૂક અને તે મૂકવામાં તને કંઈ બાધા હોય તો તે કહે તે તેની મેળે માની જશે અને તે તેની મેળે મૂકી દેશે. જ્યાં ત્યાંથી રાગ-દ્વેષ રહિત થવું એ જ મારો ધર્મ છે." —શ્રીમદ્ રાજચંદ્ર

હવે દેહને આત્મા માનનારને જગત કેવું ભાસે છે અને આત્મામાં આત્મ-દૃષ્ટિ જેની થઈ છે તેને જગત કેવું લાગે છે તે વિષે ગ્રંથકાર જણાવે છે :–

**जगद्देहात्मदृष्टीनां विश्वास्यं रम्यमेव वा ।**
**आत्मन्येवात्मदृष्टीनां क्व विश्वासः क्व वा रतिः ।।४९।।**

દેહાત્મદૃષ્ટિને ભાસે-વિશ્વાસ્ય, રમ્ય આ બધાં;
સ્વાત્મામાં આત્મદૃષ્ટિને, ભવે વિશ્વાસ, રાગ ક્યાં? ૪૯

**ભાવાર્થ :–** 'જેની જેવી દૃષ્ટિ, તેની તેવી સૃષ્ટિ' એમ દૃષ્ટિવાદ વિષે કહેવાય છે. જેણે લાલ ચશ્માં પહેર્યાં હોય તેને બધું લાલ દેખાય, જેને કાળા ચશ્માં પહેર્યાં હોય તેને બધું કાળું ભાસે છે. તેમ જેનું અંતરંગ કે માન્યતા એમ છે કે દેહ છે તે જ હું છું, તેને ઇંદ્રિયો દ્વારા જણાતું આ દૃશ્ય જગત વિશ્વાસ કરવા યોગ્ય અને સુંદર ભાસે છે.

નદી કિનારે ઊભા રહીને પાણી જોઈ રહ્યા હોઈએ તેટલામાં તો કેટલાય મણ પાણી ચાલી ગયું હોય, થોડીવાર પહેલાં જોયેલા પાણીમાંનું એક પણ ટીપું આપણી નજરે ચઢતું ન હોય, તોપણ યથાર્થ વિચાર વિના આપણને તેની તે જ નદી ભાસે છે.

વળી દીવાની જ્યોત તરફ જોઈએ, તો તેનો તે જ દીવો ભાસે છે. પણ સૂક્ષ્મ વિચારે વિચારી જોઈએ, તો જે પ્રકાશિત પરમાણુઓ, બળતા ગૅસરૂપે પ્રકાશતાં હતાં તે ધૂણી થઈને ઊડી ગયાં, તેલમાંથી ગૅસરૂપ બની જ્યોતમાં આવી નવાં કેટલાંય દાખલ થઈ પ્રકાશવા લાગ્યાં, વળી તે ધૂણીરૂપે ચાલ્યાં ગયાં, છતાં મૂઢતાને લઈને જીવને લાગે છે કે મારો કરેલો સુંદર દીવો પ્રકાશી રહ્યો છે. જેને સુંદર માને છે, મારું માને છે, તે તો ધુમાડો થઈ, શોભા તજી તેના ઘરને પણ તજીને ચાલી જાય છે, છતાં તેની જગા લેનાર અન્યને જીવ મારું ને સારું માન્યા જ કરે છે.



તેવું જ આ દેહનું સ્વરૂપ છે. જન્મતી વખતે હતા તે અવયવોનું એક પણ પરમાણુ અત્યારે નથી છતાં મારો દેહ અને સારો દેહ એમ જીવને લાગ્યા જ કરે છે, તે અવિચારનું ફળ છે.

આવું જ આખા જગતનું સ્વરૂપ પલટાતું છતાં વિચાર વિના જીવને સમજાતું નથી, તેથી દેખાય છે તેના ઉપર વિશ્વાસ રાખવા યોગ્ય અને સારું, રમ્ય, હિતાકારીરૂપ માન્યતા રહે છે.

આત્મા આત્મારૂપે ત્રણે કાળ રહે એવો અસંયોગી, અવિનાશી, સ્વાભાવિક પદાર્થ છે; તથા દેહ પુદ્‌ગલના સંયોગથી ઉત્પન્ન થયેલો, ક્ષણે ક્ષણે પલટાતો, દૃશ્ય અને જડ પદાર્થ છે તેનો વિશ્વાસ કરવાયોગ્ય નથી, આમ જેને સત્સંગ, સદ્‌ગુરુયોગે સમજાયું છે, મનાયું છે એવા અંતરાત્માને જગત પ્રત્યે વિશ્વાસ વર્તતો નથી, મનાયું છે એવા અંતરાત્માને જગત પ્રત્યે વિશ્વાસ વર્તતો નથી, કારણ કે તે એકરૂપે ત્રણે કાળ રહેનાર નથી; માયાવીના ખેલ જેવું ચમત્કારી દેખાતું છતાં નાશવંત, મોહક અને પોતાને ભુલાવી પરિભ્રમણ કરાવનાર સમજાય છે. જગતમાં ક્યાંય પ્રેમ કે વિશ્વાસ કરવા જેવું વિચારવાનને લાગતું નથી; પરંતુ જગત અને જગતનાં કારણોથી દૂર રહી, તેનો વિશ્વાસ તજી, આત્મા જ અનંત સુખનું ધામ છે એવી માન્યતા આત્મદૃષ્ટિવંત જીવની હોય છે.

હવે ગ્રંથના મધ્યભાગમાં ગ્રંથકાર સારભૂત વસ્તુને વળગી રહેવા કેવા ભાવે જીવવું તેનો ઉપાય દર્શાવે છે :–

**आत्मज्ञानात्परं कार्यं न बुद्धौ धारयेच्चिरम् ।**
**कुर्यादर्थवशात्किञ्चिद् वाक्कायाभ्यामतत्परः ।।५०।।**

આત્મજ્ઞાન વિના ક્યાંય, ચિત્ત ઘો ચિરકાળ ના;
આત્માર્થે વાણી-કાયાથી, વર્તો તન્મયતા વિના. ૫૦

**ભાવાર્થ :–** ૪૮મી ગાથામાં વચન અને કાયાને પર જાણી મનને આત્મા સાથે યોજવું એમ કહ્યું, પણ તેટલાથી પતે તેમ નહીં લાગવાથી ગ્રંથકાર મનને મુખ્ય કામ સોંપે છે. કારણ કે કહેલી શિખામણ અભ્યાસ વિના ફળીભૂત થતી નથી.

આત્મજ્ઞાન સિવાય બીજું કોઈ કાર્ય મનમાં ઘણા વખત સુધી ધારણ કરવા યોગ્ય નથી. કારણ કે દરેક કાર્ય, વિચાર પોતાના સંસ્કાર પાછળ મૂકીને જાય છે. માટે મોક્ષે જવું હોય તેણે આત્મા સિવાય બીજી બાબતનું માહાત્મ્ય મનમાં રાખવું ઘટતું નથી; તેવી ક્રિયા કારણસર કરવી પડે, કાયા, વચન વડે પ્રવૃત્તિ કરવી પડે તોપણ તેમાં તન્મય થવું ઘટતું નથી. દેહાદિ ધર્મનાં સાધનો ટકાવવા પૂરતી ક્રિયાઓમાં પ્રવર્તતાં પણ આત્માનો લક્ષ ન ચુકાય તેવી સાવધાની રાખવા ગ્રંથકાર પ્રેરણા કરે છે.

જાપાની કહેવતોમાં એક એવી કહેવત છે કે પક્ષીઓ માથા ઉપર થઈને ભલે ઊડતાં, પણ માથામાં માળો કરી ન બેસે તેવી સાવધાની રાખવી ઘટે છે. તેમ મનમાં વિચારો આવી ચાલ્યા જાય તે બહુ હાનિ નહીં કરે; પરંતુ તે ને તે જ પ્રકારના વિચારોનો પ્રવાહ અમુક કાળ સુધી ચાલુ રહ્યો તો તે મનમાં ઘર કરી બેસશે. પછી તે વિચારો દૂર કરવા માગશો તોપણ સહેલાઈથી દૂર નહીં થાય. માટે પ્રથમથી જ ચેતતા રહેવું કે પક્ષીઓ માથામાં માળો ન ઘાલે.

વાણી અને કાયાનાં કાર્યો પોતાનાં માનવાનો અભ્યાસ દૂર કરવા માટે આત્માને જાણવો, સંભારવો, વિચારવો,



સાંભળવો, ચર્ચવો, ઇચ્છવો, ભાવવો; આ કામ કાળજીપૂર્વક કરવામાં આવે તો પરવસ્તુમાં વચન, કાયા દ્વારા મન પ્રેરાય છે તે પ્રવૃત્તિ અટકે અને આત્મપરિણતિ પ્રત્યે વૃત્તિ ટકે.

"આતમભાવના ભાવતાં, જીવ લહે કેવળજ્ઞાન રે"

—શ્રીમદ્ રાજચંદ્ર

જેને આત્મજ્ઞાન થયું છે, આત્માની પ્રતીતિ આવી છે, તેણે તો હવે આત્મસ્થિરતા સાધવા સતત અંતર્મુખ ઉપયોગ રાખવારૂપ ચારિત્રની આરાધના કર્તવ્ય છે –

"સતત અંતર્મુખ ઉપયોગે સ્થિતિ એ જ નિર્ગ્રંથનો પરમ ધર્મ છે. એક સમય પણ ઉપયોગ બહિર્મુખ કરવો નહીં એ નિર્ગ્રંથનો મુખ્ય માર્ગ છે; પણ તે સંયમાર્થે દેહાદિ સાધન છે તેના નિર્વાહને અર્થે સહજ પણ પ્રવૃત્તિ થવા યોગ્ય છે. કંઈ પણ તેવી પ્રવૃત્તિ કરતાં ઉપયોગ બહિર્મુખ થવાનું નિમિત્ત છે, તેથી તે પ્રવૃત્તિ અંતર્મુખ ઉપયોગ પ્રત્યે રહ્યા કરે એવા પ્રકારમાં ગ્રહણ કરાવી છે; કેવળ અને સહજ અંતર્મુખ ઉપયોગ તો મુખ્યતાએ કેવળ ભૂમિકા નામે તેરમે ગુણસ્થાનકે હોય છે. અને નિર્મળ વિચારધારાના બળવાનપણા સહિત અંતર્મુખ ઉપયોગ સાતમે ગુણસ્થાનકે હોય છે. પ્રમાદથી તે ઉપયોગ સ્ખલિત થાય છે, અને કંઈક વિશેષ અંશમાં સ્ખલિત થાય તો વિશેષ બહિર્મુખ ઉપયોગ થઈ ભાવ-અસંયમપણે ઉપયોગની પ્રવૃત્તિ થાય છે. તે ન થવા દેવાને અને દેહાદિ સાધનના નિર્વાહની પ્રવૃત્તિ પણ ન છોડી શકાય એવી હોવાથી તે પ્રવૃત્તિ અંતર્મુખ ઉપયોગે થઈ શકે એવી અદ્ભુત સંકળનાથી ઉપદેશી છે, જેને પાંચ સમિતિ કહેવાય છે."

—શ્રીમદ્ રાજચંદ્ર

હવે તેવો અભ્યાસ બાહ્ય દૃશ્ય જગતથી વૈરાગ્ય, અને અંતરમાં આનંદ આવે તો જ થાય તે અર્થે આગળની ગાથા ગ્રંથકાર પ્રકાશે છે :—

**यत्पश्यामीन्द्रियैस्तन्मे नास्ति यन्नियतेन्द्रियः ।**
**अन्तः पश्यामि सानन्दं तदस्तु ज्योतिरुत्तमम् ॥५१॥**

જે દેખું ઇંદ્રિયોથી તે, મારું ના, મુજ રૂપ કો-
ઇંદ્રિયો રોકી અંતરમાં, દેખું સાનંદ દીપ હો. ૫૧

**ભાવાર્થ** :—૧૯મી ગાથામાં બહિરાત્માને પોતાની ભૂલ, પરિભ્રમણનું કારણ શોધતાં, સમજાઈ, ત્યારે તે બોલી ઊઠ્યો કે ઇંદ્રિયરૂપી દ્વારો મારફતે ઉપયોગ બહિર્મુખ થતાં સ્પર્શ, રસ, ગંધ આદિ વિષયોના આકર્ષણથી હું સ્વરૂપથી ભ્રષ્ટ થયો અને આટલો લાંબો કાળ ભટકવા છતાં મેં મારું સ્વરૂપ ન જાણ્યું. તે જ ભાવ આ ગાથાના પૂર્વાર્ધમાં અંતરાત્મા જણાવે છે કે ઇંદ્રિયોથી જે જે હું જોઉં છું, તેમાંનો કોઈ પદાર્થ મારો ઠર્યો નહીં. કારણ કે પુદ્ગલના વિશેષ ગુણો સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ તેને જ જાણવાની ઇંદ્રિયોમાં શક્તિ છે. તેથી જે જણાય તે પુદ્ગલ દ્રવ્ય છે. આત્મા તો ઇંદ્રિયથી ગ્રાહ્ય નથી. તેથી ઇંદ્રિયોને આધારે અનંત કાળથી પુદ્ગલના ગુણોનો પરિચય જીવને થયો છે, તેના જ સંસ્કાર જીવ ઉપર પડ્યા છે; તેથી જે કંઈ ઇંદ્રિય દ્વારા જાણે તે પ્રત્યે ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ દેહાદિને ધોરણે જીવ કર્યા કરે છે; તેથી કર્મ બંધાય છે, તે ભોગવવા ભવ ધારણ કરવા પડે છે. આમ જાણી ઇંદ્રિયના વિષયો અંતરાત્માને પ્રિય લાગતા નથી. સંસારના સુખ પણ અનિષ્ટ લાગે છે, તેથી વૈરાગ્ય સદાય રહ્યા કરે છે.



“શીતલ ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનને રે,
ધર્મ-જનિત પણ ભોગ ઇહાં તેમ, લાગે અનિષ્ટ તે મનને રે-
એ ગુણ વીર તણો ન વિસારું, સંભારું દિનરાત રે”

—શ્રી યશોવિજયજી

ઇંદ્રિયોનું આકર્ષણ અંતરાત્માને મટવાથી, ઇંદ્રિયસંયમ પ્રાપ્ત થાય છે. ઇંદ્રિયો રોકી અંતરમાં જોઉં છું, તો આનંદ-સ્વરૂપ, જ્ઞાનજ્યોતિમય, ઉત્તમ આત્મસ્વરૂપ જણાય છે તે મારું સ્વરૂપ છે, એમ ગાથાના ઉત્તરાર્ધમાં અંતરાત્મા કહે છે.

૩૦ મી ગાથામાં અંતરાત્માને જે પરમાત્મસ્વરૂપનો અનુભવ કરવા જણાવ્યું હતું. તેનો ક્રમ આમ જણાવ્યો :

૪૮ મી ગાથામાં મન અને આત્માનું ઐક્ય સમજાવી, વચન અને કાયાની પ્રવૃત્તિથી વિમુખ કરવા કહ્યું હતું. હવે આ ગાથામાં ઇંદ્રિયોથી વિમુખ કરી ઉપયોગ ઉપયોગ પ્રત્યે વળ્યો ત્યાં પોતાનું ઉત્તમ જ્ઞાન-જ્યોતિમય આનંદસ્વરૂપ પોતાને ભાસ્યું તેનો અનુભવ અંતરાત્માએ ગાયો છે.

“સદ્ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન,
નિજપદ નિજમાંહીં લહ્યું, દૂર થયું અજ્ઞાન;
ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ,
અજર, અમર, અવિનાશીને, દેહાતીત સ્વરૂપે,”

—શ્રીમદ્ રાજચંદ્ર

જે અભ્યાસના બળે પરમાત્મસ્વરૂપ પમાય છે, તેની શરૂઆતમાં અંતરાત્માને કેમ લાગે છે અને અભ્યાસદશામાં કેવા ભાવ રહે છે તેનો પોતાને થયેલો અનુભવ ગ્રંથકાર મહાત્મા હવે પ્રકાશે છે :—

**सुखमारब्धयोगस्य बहिर्दुःखमथात्मनि ।**
**बहिरेवासुखं सौख्यमध्यात्मं भावितात्मनः ॥५२॥**

યોગારંભે સૂઝે સુખ- બાહ્યમાં, દુઃખ અંતરે;
અભ્યસ્તાત્મા સુખી અંતર્, દુઃખી બાહ્ય સુખે, અરે! પર

**ભાવાર્થ :—** અનાદિ કાળથી જીવને ઇંદ્રિય-વનનાં વિષયવૃક્ષોની શોભામાં લહેર કરવાની ટેવ પડી છે. તે પ્રત્યે અરુચિ, વૈરાગ્ય જાગ્યા છતાં, હૃદયથી તે ટેવના સંસ્કાર એકદમ જતા નથી. તેથી મોક્ષમાર્ગનો જેને યોગ થયો છે એવા અંતરાત્મારૂપ આરબ્ધ-યોગીને ઇંદ્રિયોના વિષયની રમત રોકાય ત્યારે એક પ્રકારે શરૂઆતમાં દુઃખ લાગે છે અને ધ્યાન, વિચારણા પૂરી થયે દૃશ્ય જગતમાં વૃત્તિ વળે, ત્યારે પ્રસન્નતા, પૂર્વના સંસ્કારોને લીધે, લાગે છે.

શરૂઆતમાં વિદ્યાર્થીને નિશાળમાં ગોંધાઈ રહેવું અઘરું લાગે છે, અને શાળાનો વખત પૂરો થયે કે છૂટી મળતાં સુખ ભાસે છે, તેમ પરમાર્થમાર્ગના અભ્યાસીના ચિત્તમાં શરૂઆતમાં ઇંદ્રિય અને મનને રોકવામાં પરિશ્રમ વેઠવો પડે છે, તે કષ્ટમય લાગે છે અને ઇંદ્રિય દ્વારા દૃશ્ય જગતમાં ઉપયોગ જતાં આરામ કે સુખ ભાસે છે. પરંતુ અભ્યાસમાં રસ પડવા લાગે, પાસ થવાની, ઊંચો નંબર પ્રાપ્ત કરવાની ગરજ જાગે, ત્યારે વિદ્યાર્થીને રજાનો દિવસ પણ ગમતો નથી; તેમ પરમાર્થમાર્ગમાં આગળ વધેલા અંતરાત્માને અપ્રમત્ત યોગ સાધવાની ઉત્કંઠા જાગ્યા પછી, કર્મના ઉદયે એટલે ચારિત્ર-મોહના બળે ધ્યાનમાંથી વૃત્તિ, આહાર આદિ બાહ્ય જરૂરિયાતોમાં વળે, તે પણ તે અભ્યસ્ત યોગીને દુઃખરૂપ લાગે છે.

તે જ ભવે તીર્થંકર થવાના હોય તેવા મુનિ મહાત્માને પણ ચારિત્રમોહ નામના કર્મનો ઉદય અપ્રમત્ત દશામાં અંતર્મુહૂર્તથી વિશેષ ટકવા દેતો નથી. પરંતુ તે પાછા અંતર્મુહૂર્તમાં તો અપ્રમત્ત દશા ફરી પ્રાપ્ત કરે છે, વળી કર્મનો હુમલો હઠાવી દે ત્યારે પ્રમત્ત દશામાં અંતર્મુહૂર્ત રહી ફરી અપ્રમત્ત દશા પ્રાપ્ત કરે છે. આમ રાત-દિવસ તે પુરુષાર્થ કરી કર્મ ખપાવી શ્રેણી પર ચઢી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. આમ સાડાબાર વર્ષથી અધિક કાળ સુધી શ્રી મહાવીર ભગવાનને પણ નિરંતર મથવું પડ્યું હતું.



ઉત્તમ અંતરાત્માને બાહ્ય વૃત્તિ કે પ્રવૃત્તિ દુઃખરૂપ લાગે છે, તેથી તેમનો બોધ નિવૃત્તિને અર્થે જ હોય છે.

(નારાચ છન્દ)

"અનંત સૌખ્ય નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા!
અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં, વિચિત્રતા!!
ઉઘાડ ન્યાય-નેત્ર ને નિહાળ રે! નિહાળ તું;
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું."

**વિશેષાર્થ :—** જેમાં એકાંત અને અનંત સુખના તરંગ ઊછળે છે તેવાં શીલ, જ્ઞાનને માત્ર નામના દુઃખથી કંટાળી જઈને મિત્રરૂપે ન માનતાં તેમાં અભાવ કરે છે; અને કેવળ અનંત દુઃખમય એવાં જે સંસારનાં નામમાત્ર સુખ તેમાં તારો પરિપૂર્ણ પ્રેમ છે એ કેવી વિચિત્રતા છે! અહો ચેતન! હવે તું તારા ન્યાયરૂપી નેત્રને ઉઘાડીને નિહાળ રે! નિહાળ!!! નિહાળીને શીઘ્રમેવ નિવૃત્તિ એટલે મહા વૈરાગ્યને ધારણ કર, અને મિથ્યા કામ-ભોગની પ્રવૃત્તિને બાળી દે!"

ભાવનાબોધ—શ્રીમદ્ રાજચંદ્ર

હવે તે અભ્યસ્ત દશા, જ્ઞાનદશા પ્રાપ્ત થયા પછી પ્રાપ્ત થાય છે, માટે જ્ઞાનદશા પામવા કેવા પ્રકારે પ્રવર્તવું તે વિષે ગ્રંથકાર પુરુષાર્થપ્રેરક શબ્દોમાં જણાવે છે :—

**तद्‌ब्रूयात्तत्परान्पृच्छेत्तदिच्छेत्तत्परो भवेत् ।**
**येनाविद्यामयं रूपं त्यक्त्वा विद्यामयं व्रजेत् ॥५३॥**

તે કહો, તે પૂછો સૌને, તે ઇચ્છો, તન્મય રહો;
જેથી મિથ્યાત્વ મૂકીને, જ્ઞાનાવસ્થા તમે ગ્રહો. ૫૩

**ભાવાર્થ :—** એક શ્રીમંત શેઠ હતા. તેને સર્વ પ્રકારનું સાંસારિક સુખ હતું. માત્ર એક પુત્રની ખામી હતી. વૃદ્ધા-વસ્થા પ્રાપ્ત થવા આવી; ઘણી દવાઓ, બાધાઓ, સાધના કર્યા છતાં પુત્રની પ્રાપ્તિ ન થઈ. પ્રારબ્ધયોગે વૃદ્ધાવસ્થામાં તેને પુત્ર થવાથી સાંસારિક સુખની પૂર્ણતા તેને ભાસવા લાગી પુત્રને ઉછેરવાને, ભણાવવાને, સંસ્કારી બનાવવાને તેણે ઉત્તમ યોજના ભારે ખર્ચ કરીને કરી. પુત્ર પણ પૂર્વના સંસ્કારે સદ્‌ગુણી, વિદ્વાન, યુવાન અને રૂપાદિ ગુણે પ્રધાન બન્યો. વૈરાગી હોવા છતાં તેના પિતાએ આગ્રહથી સુલક્ષણી કન્યા સાથે વિવાહ કર્યો.

એકાએક વૈરાગ્યધાર વધતાં તે શેઠનો સદ્‌ગુણી યુવક પુત્ર ક્યાંય રાત્રે ચાલ્યો ગયો. સવારે ખબર મળતાં શેઠ ખેદખિન્ન, મહા દુઃખી બની શોકસાગરમાં ડૂબી ગયા. થોડી વારે ચારે બાજુ તપાસ કરાવી પણ પત્તો લાગ્યો નહીં. ગામના લોકો, પરગામના લોકો જે જે તેમને મળવા આવે તેમને પુત્રનાં વખાણની વાતો શેઠ કરે, કોઈને પરદેશથી આવેલો સાંભળે તો પોતાના પુત્રની ભાળ માટે પૂછે, ક્યારે પાછો આવશે તેની ઇચ્છા કરે, એકાંતમાં બેઠા હોય તોપણ પુત્રમાં જ શેઠનું મન રોકાયેલું હોય. કોઈ પણ પ્રકારે પુત્રનાં દર્શન થાય તે જ તેની પ્રવૃત્તિ હતી.

આમ વિચારવાન જીવે તે વૃદ્ધ શેઠની પેઠે આત્મા



વિષે જ વાત કરવી ઘટે છે કે અરૂપી એવા આત્મા માટે મોટા ચક્રવર્તી જેવા સુખી જીવોએ સર્વસ્વનો ત્યાગ કરી એક આત્મ-ઉન્નતિ અર્થે અથાગ શ્રમ ઉઠાવ્યો છે અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી તે પરિપૂર્ણ સુખી થયા છે.

બીજાને કંઈ પૂછવાનો પ્રસંગ આવે તો તેવા જણકાર જ્ઞાની પુરુષ આગળ આત્મપ્રાપ્તિના ઉપાય વિષે જ પ્રશ્ન કરવા યોગ્ય છે તથા મોક્ષમાર્ગ વિષે નિઃશંક થવા યોગ્ય છે. સમસ્ત જગતથી ઉદાસ થઈ એક શુદ્ધ આત્મસ્વરૂપની જ ભાવના કરવા યોગ્ય છે,તેના કારણ રૂપ પરમ જ્ઞાનીપુરૂષના યોગની, તેના ઉત્તમ ઉપદેશની અને તે મહાપુરુષના ચરણકમળની નિરંતર ભાવના કર્તવ્ય છે :-

આમ ઉત્તમ ભાવના દ્વારા આત્મપરાયણ, તન્મય બનવું ઘટે છે. આવા પુરુષાર્થથી અનાદિ અજ્ઞાનભાવો ટળી સમ્યક્‌જ્ઞાન ભાવોનો ઉદય થાય છે.

(હરિગીત)

''બળવું ભલું અગ્નિ વિષે, કે ઝેર પી મરવું ભલું,
કે ડૂબવું દરિયે ભલું, વા સિંહસંગે એકલું-
વસવું વને તે તો ભલું, પણ સેવવો કુસંગ ના,
સંકટ નડે સૌ એક ભવ, મિથ્યાત્વ નડતું ભવ ઘણા.''

(પ્રજ્ઞાવબોધ-પુષ્પ ૯, ૧૫મી કડી)

અવિદ્યા ટાળી જ્ઞાનસ્વરૂપ આત્મા પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ ૫૩મી ગાથામાં કહ્યો. હવે ભ્રાંતદશા કે અવિદ્યામાં અને અભ્રાંત દશા કે જ્ઞાનદશામાં જે ભેદ છે તે જણાવવા ગ્રંથકાર કહે છે :—

**शरीरे वाचि चात्मानं संधत्ते वाक्‌शरीरयोः ।**
**भ्रान्तोऽभ्रान्तः पुनस्तत्त्वं पृथगेषां विबुद्‌ध्यते ॥५४॥**

ભ્રાંતિથી વાણી-કાયામાં, આત્મા અજ્ઞાની માનતો;
ભ્રાંતિમુક્ત ખરું જાણે, ત્રણેનું તત્ત્વ ભિન્ન તો. ૫૪

**ભાવાર્થ :–** અવિદ્યા કે ભ્રાંતિ વર્તતી હોય છે ત્યારે બહિરાત્મા શરીરને જ આત્મા અથવા પોતાનું સ્વરૂપ માને છે. શરીરના સુખે સુખી, શરીરના દુઃખે દુઃખી પોતાને માને છે. શરીરની શોભાને પોતાની શોભા, શરીરનાં વખાણને પોતાનાં વખાણ, શરીરનાં સગાં, મિત્રો, શત્રુ, સહાયક તે પોતાનાં મનાય છે. શરીરને અનુકૂળ પ્રતિકૂળ જે જે જણાય તે પ્રત્યે રાગ-દ્વેષ તે દશામાં થયા કરે છે.

તેમ જ વચન પણ પોતાનું માની, તે માનનાર પ્રત્યે રાગ, ઉત્થાપનાર પ્રત્યે દ્વેષ બહિરાત્મા રાખે છે. પોતાની આજ્ઞા મનાવવા ચક્રવર્તી જેવા અનેક યુદ્ધો આદરે છે. વચનના આગ્રહથી મતમતાંતરો અને ધર્મના ઝઘડા ઊભા થાય છે. મારું તારું, ખંડન-મંડન, માન-અપમાન, કીર્તિ-અપકીર્તિ આદિ જગત-વ્યવહારમાં મોટે ભાગે વચનને પોતાનું માની બહિરાત્મા પ્રવર્તે છે.

આમ બહિરાત્મા શરીર અને વાણીમાં પોતાપણાની ભ્રાંતિ રાખીને ભૂલો પડ્યો છે. તે ભૂલનું ભાન તેને પોતાને ન થાય ત્યાં સુધી રાગ-દ્વેષ કરી સંસારપરિભ્રમણ કર્યા કરે છે. પૂર્વના શુભ સંસ્કારથી, સદ્‌ગુરુના ઉપદેશથી, સત્સંગથી કે સત્‌શાસ્ત્રના યથાર્થ વિચારથી તે ભૂલ સમજાય છે, ત્યારે તે આમ બોલી ઊઠે છે :–

‘‘હે ભગવાન! હું બહુ ભૂલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો



મેં વિચાર કર્યો નહીં. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં. હે ભગવન્! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડ્યો છું. હું પાપી છું હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું. હે પરમાત્મા! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું, અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું. નીરાગી પરમાત્મા! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે.’’

મોક્ષમાળા—શ્રીમદ્ રાજચંદ્ર

આમ અંતરાત્મા શરીર અને વાણીમાં પોતાપણાની ભૂલને જાણે છે, અને ટાળે છે. તેથી શરીર અને વાણી પુદ્‌ગલ પરમાણુનાં બનેલા હોવાથી આત્માથી ભિન્ન છે એમ જાણે છે અને માને છે. તેમાંથી પોતાપણું ટળી ગયું એટલે શરીર અને વાણીનો આગ્રહ રહેતો નથી, પણ તે પ્રત્યે ઉદાસીનતા જન્મે છે, અને વર્ધમાન થાય છે; તે જ વીતરાગતાનું કારણ થાય છે, અને મોક્ષરૂપ ફળ પ્રગટાવે છે.

હવે ઇંદ્રિયોના વિષયોમાં બહિરાત્માની લુબ્ધતા હોય છે તે છોડાવવા ગ્રંથકાર સકારણ ઉપદેશ દે છે :–

**न तदस्तीन्द्रियार्थेषु यत्क्षेमङ्करमात्मनः ।**
**तथाऽपि रमते बालस्तत्रैवाज्ञानभावनात् ।।५५।।**

ઇંદ્રિય-વિષયોમાં શું, આત્માને હિતકારી છે?
બાલ તેમાં જ રાચે હા! માત્ર અજ્ઞાનતાવશે. ૫૫

**ભાવાર્થ :–** વિચારવાન જીવને, મોક્ષની અભિલાષા ઉત્પન્ન થયે, વિવેક નામનો ગુણ પ્રગટે છે. તે વડે તે દરેક પદાર્થો, સાધનો મોક્ષમાર્ગમાં કેટલાં ઉપયોગી છે અને કેટલાં વિઘ્નકર છે, તેનો વિચાર કરે છે; હિતકારી સાધનોની ઉપાસના કરે છે અને વિઘ્નકર સમજાય તેથી દૂર રહે છે, તેનો ત્યાગ કરે છે.

પાંચ ઇંદ્રિયોના પાંચ વિષયો, પુદ્ગલના ગુણોરૂપ છે : સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ. સ્પર્શ આદિ ગુણોનો જીવનનાં આટલાં વર્ષો સુધી જીવે ઉપભોગ કર્યો, તેથી આત્માનું હિત શું સધાયું? એવો વિચારવાન વિચાર કરે છે. ગ્રંથકાર ગાથાના પ્રથમાર્ધમાં તેનો ઉત્તર પોતાના અનુભવને આધારે આપે છે કે આત્માને હિતકર નીવડે એવું કંઈ ઇંદ્રિયોના વિષયભોગોમાં રહ્યું નથી. તો પછી કોઈને પ્રશ્ન કરવાનું મન થાય કે એક, બે, પાંચ વ્યક્તિઓ નહીં, પણ જગતજીવોનો મોટો ભાગ વિષય-ભોગોમાં કેમ વળગી રહ્યો છે? તેનો ઉત્તર ગ્રંથકાર ગાથાના ઉત્તરાર્ધથી આપે છે : વિષય-ભોગોમાં કોઈ પ્રકારનું આત્મહિત સમાયેલું નથી, તોપણ પોતાના સ્વરૂપનું અજ્ઞાન હોવાથી, દેહને જ પોતાનું સ્વરૂપ માનનાર, જગતનો મોટો ભાગ, બાળ જીવોનો હોવાથી, ઇંદ્રિયવિષયના ભોગોમાં જ તેમની રમણતા દેખાય છે.

દેહથી આત્મા ભિન્ન છે, દેહનો નાશ થવા છતાં અવિનાશી આત્મા પોતાનાં કર્મને અનુસરી અન્ય ગતિમાં જાય છે, ત્યાં કરેલાં કર્મોનું ફળ ભોગવે છે. જો આત્માનું જ્ઞાન થાય, આત્માને હિતકારી મોક્ષમાર્ગનું આરાધન થાય તો કર્મનો ક્ષય થયે આત્માને જન્મમરણનાં દુઃખ સદાને માટે ટળે છે અને અનંત સત્ સુખમાં



અનંતકાળ સુધી આત્મા મોક્ષમાં બિરાજમાન રહી શકે છે-આવા અલભ્ય લાભનું ભાન નહીં હોવાથી, 'ખાખરની ખિસકોલી સાકરનો સ્વાદ' નહીં જાણવાથી ખાખરમાં ભમ્યા કરે છે, તેમ બાળ જીવો અજ્ઞાનના પ્રભાવે તુચ્છ વિષય-ભોગોમાં મહત્તા માની કર્મ બાંધી સંસાર-પરિભ્રમણના દુઃખનો બોજો વહ્યા કરે છે.

શ્રી કુંદકુંદાચાર્ય 'પ્રવચનસાર' ગ્રંથની ૭૬મી ગાથામાં ઇંદ્રિયોથી પ્રાપ્ત થતા સુખભોગને દુઃખરૂપે વર્ણવે છે :–

(હરિગીત)

''પરયુક્ત, બાધા સહિત, ખંડિત, બંધ-કારણ, વિષમ છે;
જે ઇંદ્રિયોથી લબ્ધ સુખ તે, ગણ યથાર્થ દુઃખ જ ખરે.''

**ભાવાર્થ :–** પુણ્યના ઉદયે ઇંદ્રિય-સુખ પ્રાપ્ત થતું હોવાથી એક તો પરાધીન છે, તેથી 'સઘળું પરવશ તે દુઃખ લક્ષણ', તે દુઃખ છે. બીજું બાધા સહિત હોય છે એટલે જમતી વખતે જીભ ચવાય, કાંકરી આવે, તૃષ્ણા વધે, રોગાદિ બાધા નડે એવાં ઇંદ્રિયસુખો છે. ત્રીજું ઇંદ્રિયસુખ ક્ષણિક છે, વીજળીના ઝબકારાની પેઠે નાશવંત છે; કાં તો પોતે બધાં સુખ પૂરાં થયા પહેલાં આયુષ્ય પૂરું થતાં વહ્યો જાય છે. ચોથું રાગ ભાવ વિના ઇંદ્રિયોના ભોગો ઘણું કરી ભોગવાતા નથી. રાગ ભાવ બંધનું કારણ છે, તેથી તે સુખો કર્મબંધના કારણ છે. પાંચમું તે ઇંદ્રિયસુખો એકધારાં ભોગવાતાં નથી; એકસરખું સુખ મળ્યા કરતું નથી. કાં તો ઇંદ્રિયો થાકી જાય, અચાનક વિઘ્નો નડે; તથા સમતાને ટકવા ન દે માટે પણ વિષમ છે. આ પ્રકારે ઇંદ્રિયસુખો આત્મવિચારથી આત્માને અહિતકર સમજાય છે, છતાં અવિચારને લઈને

તાત્કાળિક મીઠાશ જીવને ભૂલવે છે અને અહિતકરને હિતકર મનાવે છે.

આ ભાવો ભવોભવ જીવે કર્યા છે, તે સંસ્કારો સહિત મનુષ્ય ભવમાં જીવ આવે છે, તો પણ પરમાં જ 'હું ને મારું' કર્યા કરે છે. તે વિષે હવે ગ્રંથકાર જણાવે છે :–

**चिरं सुषुप्तास्तमसि मूढात्मानः कुयोनिषु ।**
**अनात्मीयात्मभूतेषु ममाहमिति जाग्रति ॥५६॥**

અંધારે બહુ ઊંઘ્યા જે, મૂઢાત્માઓ કુયોનિમાં;
'હું' 'મારું' માનતા જાગે, દેહાદિ અન્ય ભાવમાં. ૫૬

**ભાવાર્થ :–** ઝાડ, પહાડ, કીડી, મકોડી, કાગડા, કૂતરા, પશુ, પક્ષી, દેવ, મનુષ્ય, નરક, નિગોદ આદિ ચોરાશી લાખ જીવયોનિમાં જીવ ભટક્યા કરે છે; જન્મે છે, મોટો થાય ન થાય ને મરી જાય છે, વળી ગર્ભનાં, જન્મનાં, જરાનાં, મરણનાં દુઃખ ઉપરાઉપરી સહન કર્યા જ કરે છે. આમ અજ્ઞાનરૂપ અંધકારમાં બહિરાત્માઓ પાપની પ્રબળતાથી કુયોનિઓમાં અનંતકાળથી બેભાન હોય તેમ ઊંઘે છે એટલે જન્મમરણનાં દુઃખ ટળે અને મોક્ષ થાય, તેવો પુરુષાર્થ ન થઈ શકે તેવા ભવ ધારણ કર્યા કરે છે.

શ્રીમદ્ રાજચંદ્ર 'પુષ્પમાળા'ના પ્રથમ પુષ્પમાં જણાવે છે. ''રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું, નિદ્રાથી મુક્ત થયા.ભાવનિદ્રા ટળવાનો પ્રયત્ન કરજો.'' મનુષ્યભવ મળ્યો તે પ્રભાત થયું. પાંચ ઇંદ્રિય અને મન તથા મોક્ષમાર્ગસમજવા યોગ્ય ક્ષયે. પશમરૂપ સામગ્રી મળી તે ઊંઘમાંથી જાગવા બરાબર છે.

તો પણ અનાદિ કાળના સંસ્કારને આધીન મૂઢ જીવ



ધન, દેહાદિ પર જડ દ્રવ્યમાં હજી મમતા કર્યા કરે છે અને પોતે ચેતન છતાં અચેતન એવા દેહને હું કરીને માને છે. આ અજ્ઞાન-સંસ્કાર તે જ ભાવનિદ્રા છે. પશુપણા આદિમાં જે ભાવો વર્તતા હતા, તેના તે જ ભાવો મનુષ્યપણામાં પણ દૃષ્ટિગોચર થાય છે. પશુને કોઈ પજવે તો સામું થાય, મારે, કે નાસી જાય; તેમ દ્વેષ, ક્રોધ, ભય, મૈથુન, આહાર-લુબ્ધતા, અસંયમ, મોહ, મમતા આદિ ભાવો મનુષ્યપણામાં હજી રાજ્ય કરે છે, તે પશુપણું અંતરંગમાં વર્તે છે એમ જાણો.

જ્ઞાનીપુરુષો અજ્ઞાનને આધીન વર્તતા મનુષ્યોને હરતાં-ફરતાં મડદાં કહે છે. દારૂ પીને બેભાન જીવ ફર્યા કરે તે પોતાના કર્તવ્યનું ભાન ચૂકી જાય છે, તેમ મોહ-મદિરાથી ઉન્મત્ત જીવોને જ્ઞાની પુરુષો દયા આવવાથી બોધરૂપ હાંક મારી તે ભાવનિદ્રામાંથી મુક્ત કરવા, જાગ્રત કરવા અનેક ઉપાયો યોજે છે, ઉપદેશ કરે છે, કથાઓ કહે છે, શાસ્ત્રો શીખવે છે, યાત્રાઓમાં ફેરવે છે, દુર્વ્યસન છોડાવે છે, સમ્યક્ આચાર પળાવે છે. દાન, તપ આદિમાં યોજે છે. એમ કરતાં કરતાં જ્ઞાની પુરુષના બોધે આત્મવિચાર જીવને જાગે છે, ત્યારે તે પોતાના ભાનમાં આવે છે, ત્યારે આત્માને યથાર્થ રીતે આત્મારૂપે જાણે છે અને પરને પરરૂપે ઓળખે છે; ઇંદ્રિયોનાં સુખોને પણ દુઃખરૂપ માને છે, આત્માના શુદ્ધભાવને સત્સુખરૂપે શ્રદ્ધે છે.

પોતાના દેહમાં પોતાનું સ્વરૂપ માનતો હતો હતો તે ભૂલ હતી એમ તેને સમજાય છે અને પરના દેહને પરનું સ્વરૂપ માનતો હતો તે ભૂલ પણ સમજાતાં ટળી જાય છે, ત્યારે સમ્યક્દૃષ્ટિ તે જીવ બને છે.

આમ થવા કેવો અભ્યાસ કરવો ઘટે છે તે વિષે ગ્રંથકાર આગળની ગાથામાં વર્ણન કરે છે :—

**पश्येन्निरंतरं देहमात्मनोऽनात्मचेतसा ।**
**अपरात्मधिया ऽन्येषामात्मतत्त्वे व्यवस्थितः ॥५७॥**

અનાત્મ-દૃષ્ટિએ દેખો, દેહ નિજ નિરંતર;
અજીવ અન્ય દેહો જો, આત્મામાં હો સદા સ્થિર. ૫૭

**ભાવાર્થ :—** દશમી ગાથામાં પોતાના જડ દેહને પોતાનું સ્વરૂપ અને પરના અચેતન દેહને પરનું સ્વરૂપ મૂઢ જીવો માની ભૂલ કરે છે એમ જણાવ્યું હતું, તે ભૂલ કેમ ટાળવી તેનો ઉપાય આ ગાથામાં ગ્રંથકાર દર્શાવે છે.

પોતાના સ્વરૂપના નિર્ણયમાં ભૂલ હોવાને લીધે બીજાના સ્વરૂપનો નિર્ણય ભૂલભરી દૃષ્ટિએ જ થતો હોવાથી તે ભૂલ બેવડાય છે. તે ટાળવા પ્રથમ ગાથાર્ધમાં, પોતાનો દેહ અચેતન છે એમ નિરંતર જુઓ, એમ કહ્યું.

જેમ કપડાં કાળાં પહેરનાર પોતે કાળો છે એમ માનતો નથી, તથા જાડાં કપડાં પહેરનાર હું જાડો થયો એમ માનતો નથી, તેમ દેહ એ પુદ્‌ગલ પરમાણુઓના સંયોગરૂપે હોવાથી જડ છે એમ જેણે સદ્‌ગુરુયોગે નિર્ણય કર્યો છે, તે દેહના રંગને કાળો, ગોરો જાણી, હું કાળો કે ગોરો છું એવી માન્યતા કરતો નથી, તથા દેહ જાડો કે પાતળો થાય તેથી હું જાડો થયો કે પાતળો પડી ગયો એમ માનતો નથી. જડને જડ જાણે તો તેની ન જોઈતી ફિકર-ચિંતા કે અભિમાન આદિ દોષોમાં આત્મા તણાય નહીં આવો નિરંતર અભ્યાસ રાખવાની ભલામણ ગ્રંથકાર કરે છે.



કેમ કે અનાદિ કાળથી દેહને જ પોતાનું સ્વરૂપ માની તેની જ કાળજી, સંભાળ, અભિમાન આદિ ભાવો કરવાથી જીવે દેહાધ્યાસ પોષ્યો છે, એમ ગઈ ગાથામાં વર્ણવ્યું છે. તે દેહાધ્યાસ વિસ્મૃત થાય તે અર્થે દેહ અચેતન છે એવો અભ્યાસ નિરંતર કર્તવ્ય છે. પોતાના દેહને પોતાનું સ્વરૂપ માનવાની આ પ્રથમ ભૂલ ટળશે તો બીજાના દેહને બીજાનો આત્મા માનવાની ભૂલ સહેજે ટળશે. કેમ કે પ્રથમ ભૂલને આધારે બીજી ભૂલ થાય છે. તેથી પ્રથમ ભૂલ ટળ્યે, બીજી ભૂલ આપોઆપ ટળશે. પરંતુ તેને માટે પણ નિરંતર અભ્યાસની જરૂર છે. એટલે જ ગાથાના ઉત્તરાર્ધમાં, અન્યના દેહમાં બીજાનો આત્મા ન માનતાં, અન્યનો દેહ પણ અચેતન છે એમ જુઓ, એવી ગ્રંથકાર ભલામણ કરે છે.

આ અભ્યાસ કરનારને આત્મતત્ત્વનો નિર્ણય થયો હોય તો જ દેહભાવમાં ન તણાતાં, સ્વ અને પરના દેહને અચેતન જોઈ શકે; તેથી આત્મતત્ત્વમાં જેની દૃઢતા થઈ છે તે આવો અભ્યાસ કરવાને યોગ્ય છે, એમ ગ્રંથકારનું માનવું છે.

માત્ર સાંભળી લેવાથી, વાંચી લેવાથી કે માત્ર માની લેવાથી જડ અને ચેતનની સ્પષ્ટતા થતી નથી. પરંતુ નિરંતર સદ્‌ગુરુઆજ્ઞાએ અભ્યાસ પાડવાથી બન્ને દ્રવ્યો સાવ સ્પષ્ટ તેના જ્ઞાનમાં વર્તે છે. શ્રી સોભાગ્યભાઈ શ્રીમદ્‌ રાજચંદ્રના નિકટપરિચયી હતા. શ્રીમદ્‌ની કૃપાદૃષ્ટિથી તેમને આત્મજ્ઞાન થયું ત્યારે તે શ્રીમદ્‌ રાજચંદ્રને એક પત્રમાં લખે છે :—''હવે આ પામર સેવક ઉપર બધી રીતે આપ કૃપાદૃષ્ટિ રાખશો. અને દેહ ને આત્મા જુદા છે; દેહ જડ છે, આત્મા ચૈતન્ય છે.તે ચૈતન્યનો ભાગ પ્રત્યક્ષ જુદો સમજમાં આવતો નહોતો.

પણ દિન આઠ થયાં આપની કૃપાથી, અનુભવ-ગોચરથી બેફ્ટ જુદા દેખાય છે; અને રાતદિવસ આ ચૈતન્ય અને આ દેહ જુદા એમ આપની કૃપાદૃષ્ટિથી સહજ થઈ ગયું છે; તે આપને સહજ જણાવવા લખ્યું છે.'' સંવત ૧૯૫૩ જેઠ

હવે મૂઢ જીવોને ઉપદેશ દેવા છતાં જાણે ઉપદેશ મળ્યો જ નથી, તેવા રહે છે. તેમને અર્થે વ્યર્થ શ્રમ લેવો ઘટતો નથી એમ ગ્રંથકાર કહે છે :—

**अज्ञापितं न जानंति यथा मां ज्ञापितं तथा ।**
**मूढात्मानस्ततस्तेषां वृथा मे ज्ञापनश्रमः ।।५८।।**

સ્વરૂપ ઉપદેશ્યું તે, મૂઢાત્મા જાણતા નથી;
જાણે કહ્યું નથી કાંઈ, વળે શું ઉપદેશથી? ૫૮

**ભાવાર્થ** :—૧૯મી ગાથામાં 'પરને હું આત્મસ્વરૂપ સમજાવું' એવો વિકલ્પ તે પણ ઉન્મત્તપણું છે, એમ જણાવી મૌનપણાની પ્રેરણા કરી હતી, તે જ ભાવ ફરી સ્પષ્ટતાથી આ ગાથામાં જણાવે છે. તથા આવતી ૫૯ મી ગાથામાં તે જ ભાવનો વિસ્તાર કરેલો છે. કારણ કે જીવને આત્મસ્વરૂપનું માહાત્મ્ય લાગે છે, ત્યારે તે બીજાને જણાવવાની સ્વાભાવિક ઇચ્છા થાય છે. પોતાને જેમ અજ્ઞાનપણામાં ઘણાં દુઃખ સહન કરવાં પડ્યાં, તેમ બીજા જે તે દુઃખ સહન કરે છે તેમની દયા આવવાથી અને પોતાની દશા હજી બહુ મક્કમ થયેલી નહીં હોવાથી, પરને સુખી કરવાની સાથે પરને પ્રસન્ન કરવાની અનાદિની બહિર્મુખ વૃત્તિની ટેવ છે, તેને જીવ સમજણ પામ્યા પછી પણ ધર્મને નામે પોષવા લલચાય છે; તેને જ્ઞાની પુરુષો વાચાળપણું જાણી, તે રોકાય



તો તે પોતાની ઉન્નતિ ત્વારાથી સાધે, માટે એવા વિકલ્પો દૂર કરવા વારંવાર ઉપદેશ દે છે.

''નહિ દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ;
સબસેં ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ.''

—શ્રીમદ્ રાજચંદ્ર

''વાણીનું સંયમન શ્રેયરૂપ છે, તથાપિ વ્યવહારનો સંબંધ એવા પ્રકારનો વર્તે છે કે, કેવળ તેવું સંયમન રાખ્યે પ્રસંગમાં આવતા જીવોને ક્લેશનો હેતુ થાય; માટે બહુ કરી સપ્રયોજન સિવાયમાં સંયમન રાખવું થાય, તો તેનું પરિણામ કોઈ પ્રકારે શ્રેયરૂપ થવું સંભવે છે.....

જીવનું મૂઢપણું ફરી ફરી, ક્ષણે ક્ષણે, પ્રસંગે પ્રસંગે વિચારવામાં જો સચેતપણું ન રાખવામાં આવ્યું તો આવો જોગ બન્યો તે પણ વૃથા છે.'' —શ્રીમદ્ રાજચંદ્ર

શ્રીમદ્ રાજચંદ્રે એક મુનિને વ્યાખ્યાન વખતે કેવા ભાવ રાખવા તે વિષે નીચે પ્રમાણે ભલામણ કરી છે :— ''સાધુઓએ સ્વાધ્યાય કરવો જોઈએ; સ્વાધ્યાય, ધ્યાન વિના મુનિ કાળ વ્યતીત કરે નહીં. જ્યારે વ્યાખ્યાન સમય હોય, ત્યારે એમ વિચારવું કે મારે સ્વાધ્યાય કરવો છે, માટે મોટેથી ઉચ્ચાર કરી, અન્ય સાંભળે એવા અવાજથી સ્વાધ્યાય કરું છું, એવી ભાવના કરવી. કંઈ આહાર આદિની પણ તેમની પાસેથી કામના રાખવી નહીં; નિષ્કામ ભાવે વ્યાખ્યાન વખતે સ્વાધ્યાય કરવો.'' —શ્રીમદ્ રાજચંદ્ર-જીવનકળા

આ ગાથામાં ગ્રંથકાર જણાવે છે કે આત્મસ્વરૂપ મૂઢ આત્માઓને ઉપદેશ્યા છતાં, જાણે કંઈ સાંભળ્યું જ ન હોય તેવા ને તેવા જ તે રહે છે; તેથી તેમને ઉપદેશ કરવાનો શ્રમ વ્યર્થ છે.

આમ વારંવાર વિચારવાથી મનની દોડ, બીજાને ઉપદેશ કરવાની, મંદ થઈ આત્મોન્નતિ તરફ વળશે; બીજાને શિખામણ આપવાની વૃત્તિ ટળી પોતાનું હિત થાય તેવી ભાવના રહેશે. મૂર્ખ પણ જે પ્રવૃત્તિ કરે છે તેના ફળની કંઈ ઇચ્છા રાખે છે, વ્યર્થ શ્રમ વેઠતો નથી, તો વિચારવાન જીવે તો ઉપર જણાવી તેવી વ્યર્થ શ્રમ લેવાની પ્રવૃત્તિ તજી પોતાની સુધારણામાં મન પરોવવું ઘટે છે. મૂઢ જીવોએ મૂઢપણું ત્યાગવું ઘટે છે અને વિચારવાન જીવોએ વિચારની વૃદ્ધિ કરવી ઘટે છે, નિષ્ફળ પ્રયત્નથી અટકવું ઘટે છે, એવો ગાથાનો પરમાર્થ છે.

હવે અન્યને બોધ આપવો કેમ નિષ્ફળ છે તેનું બીજું કારણ ગ્રંથકાર મહાશય દર્શાવે છે :—

**यद् बोधयितुमिच्छामि तन्नाहं यदहं पुनः ।**
**ग्राह्यं तदपि नान्यस्य तत्किमन्यस्य बोधये ॥५९॥**

જે ઉપદેશવા ઇચ્છું, તે હું ના, મુજ રૂપ જે-
તે તો ના અન્યથી ગ્રાહ્ય; બોધું હું કેમ અન્યને? ૫૯

**ભાવાર્થ :—** જગતમાં અનેક જીવોને અનેક જીવો ઉપદેશ કરે છે, તેમાં મુખ્યપણે તો આ દૃશ્ય જગતની વસ્તુઓ સંબંધી ઉપદેશ હોય છે. આત્મા સંબંધી ઉપદેશ કરનારાઓમાં પણ જીવની યોગ્યતા વધે અને સદ્‌ગુરુના યોગે જીવનું કલ્યાણ થાય એવો ઉપદેશ કરનારાઓ પણ હોય છે. સત્સાધનો પ્રત્યે જીવની રુચિ વધે, પાપમાર્ગથી પાછા હઠે, દૃશ્ય જગતનું માહાત્મ્ય ઘટે, વૈર વિરોધ ટળે એવો વૈરાગ્ય-ઉપશમનો ઉપદેશ કરનારા સંતો ઘણા હોય છે.



પરંતુ જેને ‘પ્રભુ, પ્રભુ’ લય લાગી છે, ‘તુંહિ, તુંહિ’ પોકારે છે, ‘બ્રાહ્મી વેદના’ વેદે છે, એવા પ્રબળ પુરુષાર્થી સંતોનો જીવને યોગ થવો અત્યંત અત્યંત દુર્લભ છે. તેનો બોધ હૃદયમાં સોંસરો ઊતરી જાય તેવો હોય છે. પણમહાપુણ્યને યોગે તેવા સંતો પ્રત્યે જીવને શ્રદ્ધા જાગે છે, અને તેના અપૂર્વબોધને અવધારવાનો યોગ પણ પ્રબળ પુણ્યે પ્રાપ્ત થાય છે.

“ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન, બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ.”

—શ્રીમદ્ રાજચંદ્ર

આમ મ્યાનથી તરવાર ભિન્ન છે, એમ સ્પષ્ટ ભિન્ન આત્મા સમજાવનારા વિરલા મહાપુરુષો વિચરે છે. તેમને ઉપદેશ દેવાની ઇચ્છા પણ હોતી નથી; સ્વાભાવિક પૂર્વ કર્મના ઉદયપણે તેમની વર્તના હોય છે.

“જેમ પૂર્વે જીવે યથાર્થ વિચાર વિના તેમ (નિષ્ફળપણે સિદ્ધપદ સુધીનો ઉપદેશ) કર્યું છે, તેમજ તે દશા (યથાર્થ વિચાર દશા) વિના વર્તમાને તેમ કરે છે. પોતાના બોધનું બળ જીવને ભાનમાં આવશે નહીં ત્યાં સુધી હવે પછી પણ તે વર્ત્યા કરશે. કોઈ પણ મહાપુણ્યને યોગે જીવ ઓસરીને તથા તેવા મિથ્યા-ઉપદેશના પ્રવર્તનથી પોતાનું બોધબળ આવરણને પામ્યું છે, એમ જાણી તેને વિષે સાવધાન થઈ નિરાવરણ થવાનો વિચાર કરશે ત્યારે તેવો ઉપદેશ કરતાં, બીજાને પ્રેરતાં, આગ્રહે કહેતાં અટકશે. વધારે શું કહીએ? એક અક્ષર બોલતાં અતિશય-અતિશય એવી પ્રેરણાએ પણ વાણી મૌનપણાને પ્રાપ્ત થશે; અને તે મૌનપણું પ્રાપ્ત થયા

પહેલાં જીવને એક અક્ષર સત્ય બોલાય એમ બનવું અશક્ય છે; આ વાત કોઈ પણ પ્રકારે ત્રણે કાળને વિષે સંદેહપાત્ર નથી.

તીર્થંકરે પણ એમ જ કહ્યું છે; અને તે તેના આગમમાં પણ હાલ છે, એમ જાણવામાં છે. કદાપિ આગમને વિષે એમ કહેવાયેલો અર્થ રહ્યો હોત નહીં, તોપણ ઉપર જણાવ્યા છે તે શબ્દો આગમ જ છે, જિનાગમ જ છે. રાગ, દ્વેષ અને અજ્ઞાન એ ત્રણે કારણથી રહિત પણે એ શબ્દો પ્રગટ લેખપણું પામ્યા છે; માટે સેવનીય છે.''

—શ્રીમદ્ રાજચંદ્ર

ઉપર જણાવેલું મૌનપણું પોષનારી આ ગાથા છે. તેમાં અંતરાત્માના મુખમાં શબ્દો મુકાયા છે કે આત્મસ્વરૂપનો જે શબ્દો દ્વારા બોધ કરવા હું ઇચ્છું છું, તે વચનોરૂપ હું નથી; હું તો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું; તે બીજાના અનુભવમાં આવે કે ગ્રહણ થાય તેમ નથી. તો હું બીજાને શો બોધ કરું?

બહિરાત્માને જ બાહ્ય વચનવિલાસ આદિમાં પ્રસન્નતા થાય છે, અંતરાત્માને અંતરંગ આનંદ હોય છે તે વાત હવે ગ્રંથકાર દર્શાવે છે :—

**बहिस्तुष्यति मूढात्मा पिहितज्योतिरन्तरे ।**
**तुष्यत्यन्तः प्रबुद्धत्मा बहिर्व्यावृत्तकौतुकः ॥६०॥**

આવરી અંતરે જ્યોતિ, બાહ્યાત્મા બાહ્ય રાચતો;
અંતઃસંતોષી જ્ઞાની તો, બાહ્ય કૌતુક ટાળતો. ૬૦

**ભાવાર્થ :—**જ્યાં જેની રુચિ હોય છે, ત્યાં મન સહજ જાય છે; તે વિષે વિચાર આવે છે, લંબાય છે અને તેમાં રસ આવે છે.

બહિરાત્માને પાંચ ઇન્દ્રિયોથી જણાતું જગત રુચિકર લાગે છે.



તેથી તે દૃશ્ય પદાર્થોમાં તેનું મન વારંવાર ભટક્યા કરે છે; તેમાં જ આનંદ અને સંતોષ માને છે. કારણ કે આત્મા અતીંદ્રિય હોવાથી ત્યાં તો દૃષ્ટિ જતી નથી; તેની શ્રદ્ધા થઈ નથી, તે દિશા તેને માટે ખૂલી નથી. બાહ્ય વસ્તુઓનું માહાત્મ્ય લાગેલું હોવાથી તથા તેની જ મીઠાશ વર્તતી હોવાથી તે મૂકી આત્માનો વિચાર કરવો, તેમાં રસ લેવો તે બહિરાત્માને અઘરું કામ લાગે છે, પારકું કામ હોય તેમ લાગે છે.

અંતરાત્માને બાહ્ય જગતનાં સુખો પરિણામે દુઃખ દેનારાં સમજાયાં છે, તેથી તે બાહ્ય પદાર્થોની ગડમથલ કે રમતમાં ખોટી થતો નથી; પરંતુ આત્માની અપૂર્વતા લાગી છે અને આત્મ-ઉપાસનાનું ફળ, સર્વ દુઃખથી મુક્તિ તથા અનંત સુખની પ્રાપ્તિ, સર્વ કાળ માટે છે, એવી શ્રદ્ધા થઈ છે; તેથી જ્ઞાની આત્માના સત્સુખથી સંતુષ્ટ રહે છે, ઇંદ્રિયના વિષય-ભોગોને હિતકર નહીં માનતો હોવાથી ઇચ્છતો પણ નથી. પૂર્વ પુણ્યથી પ્રાપ્ત થયેલ ભોગોમાં, વૈરાગ્યભાવના જાગ્રત હોવાથી, ઉદાસીનપણે વર્તે છે.

''અંતરાત્મા નિરંતર કષાયાદિ નિવારવા પુરુષાર્થ કરે છે.''

—શ્રીમદ્ રાજચંદ્ર

કષાય આત્માને ક્લેશ ઉપજાવે છે, તે મંદ પડે કે દૂર થાય તેટલી આત્મામાં શાંતિ કે સુખની છાયા વર્તે છે. પરિગ્રહ તથા તે વડે પ્રાપ્ત થતા વિષય-ભોગો એ જીવને સંતાપનું કારણ છે, ફિકર, પરાધીનતા અને ભવિષ્યના વિચારોમાં તાણી જઈ અશાંતિને પોષે છે; વૈરાગ્યને મંદ કરે છે કે દૂર કરે છે અને નવા ભવ ઊભા થાય તેવાં કારણો ઊભાં કરે છે.

માટે વૈરાગ્ય અને ઉપશમની વૃદ્ધિ થાય તથા પરિગ્રહથી મુક્ત થઈ આત્મભાવ નિરંતર ઉજ્જ્વળ રહ્યા કરે તેવી અંતરાત્માની પ્રવૃત્તિ હોય છે. દૃશ્ય જગતથી ઉદાસીન થયેલ હોવાથી અંતરાત્મા કુતૂહલવૃત્તિથી પણ વિષયો પ્રત્યે દૃષ્ટિ કરતો નથી, પરંતુ તેને ત્યાગવા પ્રત્યે વૃત્તિ રાખે છે; બને તો ત્યાગે છે; વૃત્તિનો ક્ષય કરવા તે પ્રયત્નશીલ છે.

''શબ્દાદિ પાંચ વિષયની પ્રાપ્તિની ઇચ્છાએ કરી જેનાં ચિત્ત અત્યંત વ્યાકુળપણે વર્તે છે એવા જીવોનું જ્યાં વિશેષપણે દેખાવું છે, એવો જે કાળ તે આ 'દુસમ કળિયુગ' નામનો કાળ છે. તેને વિષે વિહ્વળપણું જેને પરમાર્થને વિષે નથી થયું, ચિત્ત વિક્ષેપ પામ્યું નથી, સંગે કરી પ્રવર્તનભેદ પામ્યું નથી, બીજી પ્રીતિના પ્રસંગે જેનું ચિત્ત આવૃત્ત થયું નથી, બીજાં જે કારણો તેને વિષે જેનો વિશ્વાસ વર્તતો નથી, એવો જો કોઈ હોય તો તે આ કાળને વિષે 'બીજો શ્રી રામ' છે.''

—શ્રીમદ્ રાજચંદ્ર

હવે અચેતન એવા દેહ પ્રત્યે બહિરાત્માની વૃત્તિ હોવાથી દેહના પોષણ કે શોષણમાં તેની બુદ્ધિ રહ્યા કરે છે તે વિષે ગ્રંથકાર કહે છે :—

**न जानंति शरीराणि सुखदुःखान्यबुद्धयः ।**
**निग्रहानुग्रहधियं तथाऽप्यत्रैव कुर्वते ।।६१।।**

શરીરો સુખ-દુઃખોને, જાણે ના તોય મૂઢ આ-
લાલને, પીડને બુદ્ધિ, રાખે દેહે તથાપિ હા! ૬૧

**ભાવાર્થ :—** સમ્યક્ સમજણ જેની થઈ નથી તેવા બહિરાત્મા પોતાના દેહને પોતાનું સ્વરૂપ જાણે છે, બીજાના દેહને બીજાનું સ્વરૂપ જાણે છે, તેથી તેની પ્રવૃત્તિમાં તે જ લક્ષ રહે છે; દેહને અનુકૂળ હવા, ખારોક, ઘર, રાચ-રચીલાં, કપડાં, આભૂષણ, નોકર-ચાકર, સ્ત્રી-પુત્ર આદિ વર્તતાં હોય ત્યાં તેને સુખની કલ્પના થાય છે; તેથી તેવી અનુકૂળતા અર્થે પુરુષાર્થ કરે છે, ખર્ચ કરે છે, ખુશામત કરે છે કે દાસત્વ કરે છે.



તેવી જ રીતે જેના ઉપર પ્રીતિ હોય, તેના દેહને અનુકૂળતા ઊપજે, તેના દેહની સુખાકારી રહે, તેના દેહની પુષ્ટિ થાય, સુશોભિત બને, તેને અર્થે કપડાં, શણગાર, દવા, ખોરાક, નોકર-ચાકર, મોટર, ઘર, ધન, આદિ સંઘરી તેને સુખી કરવા ઇચ્છે છે, તેને તે દ્વારા પ્રસન્ન કરી, પોતાનું માનેલું સુખ આપી, તેની પોતાના દેહ પ્રત્યે પ્રીતિ થાય, ટકી રહે તેવી કાળજી, ચિંતા, સેવા કર્યા કરે છે.

જેવી રીતે રાગની પ્રેરણાથી આમ દેહદૃષ્ટિ સ્વપરના દેહ પ્રત્યે વર્તે છે, તેમ જેના પ્રત્યે દ્વેષ થાય, તેના દેહની અનુકૂળતાઓ દૂર થાય, પ્રતિકૂળતા ઊભી થાય તેવું મન-વચન-કાયાથી વર્તન રાખે છે.

પોતાનું કહ્યું ન માને તેનો ખારોક બંધ કરે, નોકરી આદિ આજીવિકાનાં સાધનો છૂટી જાય તેવી તજવીજ કરે, તેને શારીરિક શિક્ષા કરે, આકરાં મજૂરીનાં કામ કરાવે, શસ્ત્રાદિ વડે મારે કે ઘાત કરે, આમ શરીર પ્રત્યે દ્વેષ થાય છે, શરીરને પીડા વગેરે થાય તેવી પ્રવૃત્તિ કરે છે.

ધર્મ કરવાને બહાને પણ બહિરાત્મા શરીરને કષ્ટ પડે તેવાં કાયાક્લેશાદિ બાહ્યતપમાં વિશેષ પ્રવર્તે છે. જેમ શરીરનું લાલન-પાલન સંસાર અવસ્થામાં બહિરાત્મા કરતો હતો,

તેમ મુનિ થયા પછી કાયાને ઉપવાસ, આતાપના, લોચ, આસન કે કાયક્લેશ તપથી સૂકવી નાખી ધર્મ સાધન કરું છું' એમ માને છે. એટલે શરીર એ જ બહિરાત્માનું ધોરણ છે; તેને આધારે સુખ, દુઃખ કે ધર્મનું માપ કાઢે છે.

પરંતુ આ ગાથામાં જ્ઞાની મહાત્મા કહે છે કે શરીર તો અચેતન છે, તેથી તેને સુખ-દુઃખની ખબર પડતી નથી. તેનું લાલન-પોષણ કરવાથી તે પ્રસન્ન થાય તેમ નથી; કે તેને શિક્ષા કરવાથી, ફરી દોષમાં હવે હું નહીં પ્રવર્તું એમ શરીરને થવાનું નથી. તો પણ દેહદૃષ્ટિ જીવોને દેહનું લાલન-પાલન કરતા અને દેહનું દમન કરતા દેખીએ છીએ.

એક ગૃહસ્થે માંકડો પાળ્યો હતો; તેને ગળે કાંઠલો બાંધી દોરડીથી એક ખૂણામાં બાંધી રાખતો. રમાડતો હોય ત્યારે તેને માથે થઈ કાંઠલો કાઢી નાખી, છૂટો કરી રમાડતો. તેને ત્યાં એક બોકડો પણ પાળેલો હતો; ગાય, ભેંસો પણ હતી. વલોણાવારે માખણ થાય તે કોઠલામાં મૂકી બાઈ પાણી ભરવા જાય, તે માંકડો જોયા કરે. એક દિવસે માખણ કોઠલામાં મૂકી બાઈ પાણી ભરવા ગઈ. માંકડે ગળેથી કાંઠલો કાઢી કોઠલો ઉઘાડી માખણ ખાધું; પાછું વાસણ અંદર મૂકી, હાથ માખણવાળા હતા તે બોકડાને મોઢે લૂછી, કાંઠલો પહેરી શાંત બેસી રહ્યો. બાઈ માખણ તાવવા વાસણ લેવા જાય તો અંદર માખણ ન મળે તેણે તપાસ કરી તો બોકડાનું મોં માખણવાળું દીઠું, તેથી તેને મારવા લાગી. પાડોશી આવીને પૂછવા લાગ્યા, ''બાઈ, બોકડાને શા માટે મારે છે?'' તે કહે, ''મારું માખણ કોઠલામાંથી ખાઈ ગયો.'' લોકો કહે ''તેમ બને નહીં. બીજી વખતે અમે તપાસ કરીશું.'' બીજા વલોણાવારે



બાઈ તે જ પ્રકારે પાણી ભરવા ગઈ, ત્યારે પાડોશીઓએ છુપાઈને જોયું તો માંકડો માખણ ખાઈ બોકડાને મોઢે હાથ લૂછતો તેમણે દીઠો. તેથી બાઈ આવી ત્યારે કહ્યું કે માખણ ખાય માંકડો ને માર ખાય બોકડો. માટે હવે બોકડાને મારીશ નહીં. તેમ દોષ થાય મનથી અને શિક્ષા થાય શરીરને, આ રસ્તો સાચો નથી. મન સુધરે તેમ પ્રવર્ત્તવું ઘટે છે.

હવે મન, વચન, કાયામાં આત્મબુદ્ધિથી સંસાર અને તેમને આત્માથી ભિન્ન ગણવાથી મોક્ષ થાય છે, તે વિષે ગ્રંથકાર કહે છે :—

**स्वबुद्ध्या यावद्गृह्णीयात् कायवाक्चेतसां त्रयम् ।**
**संसारस्तावदेतेषां भेदाभ्यासे तु निर्वृतिः ।।६२।।**

કાયા, વાણી, મન માને, જ્યાં સુધી જીવ આપણાં;
ત્યાં સુધી હોય સંસાર, મોક્ષ લે ભિન્ન ભાવતાં. ૬૨

**ભાવાર્થ :—** શરીર, વાણી અને મન એ ત્રણ યોગની પ્રવૃત્તિમાં મમતારૂપ સંસાર જીવ અનુભવે છે; આસ્રવ તથા કર્મ-બંધનાં કારણ પણ એ ત્રણ યોગની પ્રવૃત્તિ છે. કાયાને પોતાનું સ્વરૂપ માનવાનો આગ્રહ જીવને અનાદિ કાળથી છે. વચનની પ્રવૃત્તિ પણ અજ્ઞાન દશામાં ઘણાં કર્મબંધનું કારણ થાય છે. 'મને બોલવા ના દીધો', 'હું કેવું સરસ બોલ્યો','હું સારું ગાઈ જાણું છું', 'મારું ભાષણ સાંભળવા દૂર દૂરથી લોક આવે છે' આવા ભાવો જીવને સંસારમાં અત્યંત આસક્ત કરી, મોક્ષમાર્ગથી દૂર રાખે છે. વચનથી વેર બંધાય છે, ઉત્સૂત્રપ્રરૂપણા થાય તો અનંત સંસારની વૃદ્ધિ થાય છે. આ વચન-આગ્રહનું કારણ, વચન અને આત્મામાં અભેદબુદ્ધિ

જીવને થઈ ગઈ છે, તે છે. કોઈનું વચન સાંભળી, એટલું બધું કોઈને લાગી આવે છે કે આપઘાત કરી બેસે છે.

કાયા અને વચનની પ્રવૃત્તિ વખતે મનની પ્રવૃત્તિ પણ સાથે હોય છે. પણ મનયોગ જુદો ગણ્યો છે. કારણ કે કાયા અને વચનની પ્રવૃત્તિ બંધ હોય તો પણ એકલા મન વડે વિકલ્પો, વિચારો, હર્ષ, શોકની પ્રવૃત્તિ થઈ શકે છે.

પૂર્વે જે કર્મ બાંધ્યાં છે તેના ફળરૂપે પુદ્‌ગલની રચના-રૂપ કાયા, વાણી અને મનની સામગ્રીનો સંબંધ જીવને થયો છે. તે પુદ્‌ગલના સ્કંધને પોતાનું સ્વરૂપ માનવું એ મિથ્યા કે વિપરીત માન્યતા છે.

આ ગાથાના પૂર્વાર્ધમાં સંસાર ક્યાં સુધી જીવને છે તે કહ્યું, કે જ્યાં સુધી જીવ કાયા, વાણી અને મનમાં આત્મબુદ્ધિ માને છે, ત્યાં સુધી. તે ત્રણે આત્માથી ભિન્નસ્વરૂપ, પુદ્‌ગલમય છે એમ અભ્યાસ થતાં મોક્ષ થાય છે; એમ ગાથાના ઉત્તરાર્ધમાં જણાવ્યું છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે આગળ ગાથા ૪૮ મી વર્ણવી તેમાં તો મન સાથે આત્માને યોજવો એમ કહ્યું હતું અને અહીં તો મનને પોતાનું સ્વરૂપ માને ત્યાં સુધી સંસાર કહ્યો, તો ખરું શું માનવું?

તેનું સમાધાન એમ છે કે ૪૮મી ગાથાના વિવેચનમાં મન બે પ્રકારનું વર્ણવી, દ્રવ્યમન પુદ્‌ગલમય છે એમ કહ્યું છે. તેથી પુદ્‌-ગલને તો આત્મા કદી માની શકાય નહીં. પણ આત્માનો જે ઉપયોગ મનન કરવાનું કામ કરે છે, તે વિભાવદશા આત્માની છે, તે પલટાતાં સ્વભાવદશામાં જીવ



આવે છે. આ ભાવ ૩૦ મી ગાથામાં પણ છે. મન અને ઇન્દ્રિયો રોકાય ત્યારે આત્મા શુદ્ધ ભાવમાં કે પરમાત્મદશાના ભાનમાં આવે છે. પરને પોતાનું માને ત્યાં સુધી પોતાનું ભાન થવું અશક્ય છે. કારણ કે પરનું માહાત્મ્ય લાગવાથી પોતાનું સ્વરૂપ આવરણમાં રહ્યા કરે છે. જ્યાં અરીસામાં બીજો પદાર્થ દેખાય છે, ત્યાં અરીસો દેખાતો નથી, તેમ પરપદાર્થ પોતાના રૂપે મનાય ત્યાં સુધી, પોતે પોતારૂપે મનાય નહીં.

'મન, વચન, કાયાથી હું ભિન્ન છું', એ અભ્યાસ જયવંત થયે, આત્મા આત્મારૂપે શુદ્ધપણે અયોગી દશામાં, મોક્ષઅવસ્થામાં સ્વાભાવિક રહી શકે છે.

''હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય'' —શ્રીમદ્ રાજચંદ્ર

દેહભાવ કેવી રીતે મુમુક્ષુ જીવો છોડે છે તે વિષે ચાર ગાથાઓ ગ્રંથકાર હવે દર્શાવે છે :—

**धने वस्त्रे यथाऽऽत्मानं न धनं मन्यते तथा ।**
**धने स्वदेहेऽप्यात्मानं न धनं मन्यते बुधः ।।६३।।**

જાડાં વસ્ત્રે ન પોતાને, જાડો જાણે વિવેકી કો,
જાડો દેહ થતાં તેમ, આત્મા જાડો ન માનવો. ૬૩

**ભાવાર્થ :—** દેહ એ જ હું, એવું બહિરાત્માનું લક્ષણ ૧૩, ૧૪, ૧૫મી ગાથાઓ દ્વારા ગ્રંથકારે આગળ વર્ણવ્યું છે; તે દેહાધ્યાસને લીધે 'પહેલું સુખ તે જાતે નર્યાં' એવી કહેવત થઈ પડી છે. કોઈનું શરીર જાડું જાણી, તે સુખી હશે

એવું અનુમાન બહિરાત્મા કરે છે. પોતે શરીરે જાડો થાય તો હરખાય છે, શરીર જાડું કરવા શિયાળામાં વસાણાં, પાક કરાવીને ખાય છે, ખોરાક પચાવવાની દવાઓ ખાય છે, દિવસમાં વારંવાર પચ્યા વિના પણ બદામ, પકવાન, મીઠાઈ ખા ખા કરે છે.

આ પ્રકારની ભ્રાંતિ ટાળવા કે દેખાદેખી તેવા પ્રકારોમાં વિવેકી પુરુષો ન તણાઈ જાય તે અર્થે નિષ્કારણ કરુણાશીલ ગ્રંથકર્તા, જ્ઞાનીપુરુષની માન્યતા દેહ વિષે કેવી હોય છે, તે દૃષ્ટાંતપૂર્વક વર્ણવે છે.

જાડાં કપડાં પહેરવાથી શરીર જાડું બીજાને દેખાય, પણ કપડાં પહેરનાર પોતાને જાડો માનતો નથી; કપડાંનો ભરાવો શરીરથી જુદો છે, એમ કપડાં પહેરનારને ભાન છે; તેમ અંતરાત્મા, જ્ઞાની પુરુષ જાણે છે કે દેહ તે આત્માથી ભિન્ન છે, જેમ કપડાં શરીરથી ભિન્ન છે તેમ. તેથી પોતાનો દેહ પુષ્ટ થતો દેખીને પણ જ્ઞાની પુરુષને, હું જાડો હવે થયો, એમ થતું નથી; તેથી હર્ષ થતો નથી. જો તેવો ભાવ આવી જાય તો વિચારવાનને ખેદ થાય કે હજી દેહાધ્યાસનું રાજ્ય વર્તે છે. માટે મારે વિશેષ આત્મભાવ દૃઢ કરવાનો છે. મરણ-પ્રસંગે આવો ભાવ વર્તે તો મારું સમાધિમરણ થતું અટકે અને સમ્યક્દર્શન પણ ચાલ્યું જાય; એવો વિચાર વિચારવાનને વર્તે છે. શરીર સુકાઈ જાય, કાળું પડી જાય, ફીકું પડી જાય, અશક્ત થઈ જાય, ફેર ચઢે, રોગ થાય, વેદના થાય; એ બધા દેહના ધર્મો જાણી તે પ્રત્યે વૃત્તિ જતી રોકી, આત્મા અજર, અમર, અવિનાશી, પરમાનંદરૂપ છે એ આત્મભાવનાથી શુદ્ધ ભાવને દૃઢ કરવો. પરમાત્મપદ વિસરાય નહીં તેવા અભ્યાસની જરૂર છે.



‘દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે; મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધ સ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે, તે મહત્પુરુષોને જીવન અને મરણ બન્ને સમાન છે.’’

‘‘ચિત્તમાં દેહાદિ ભયનો વિક્ષેપ પણ કરવો યોગ્ય નથી.

દેહાદિ સંબંધી જે પુરુષો હર્ષવિષાદ કરતા નથી તે પુરુષો પૂર્ણ દ્વાદશાંગને સંક્ષેપમાં સમજ્યા છે, એમ સમજો. એ જ દૃષ્ટિ કર્ત્તવ્ય છે.’

—શ્રીમદ્ રાજચંદ્ર

સોજો કે થોથર ચડવાથી શરીર જાડું થાય તો તે રોગ મનાય છે, જાડું શરીર દેખાવા છતાં શક્તિ હોતી નથી, એટલે તે જાડાપણું હર્ષનું કારણ બહિરાત્માને પણ થતું નથી; તેમ વિચારવાનને દેહ અને દેહની અવસ્થાઓથી આત્મા અને આત્માની અવસ્થાઓ સાવ સ્પષ્ટ જુદાં સદ્વિચારે સમજાયાં છે, તેથી દેહમાં થતી મમતા દૂર કરવા જ્ઞાની પુરુષો તપ આદિથી શરીર કૃશ કરી, આત્માનાં જ્ઞાનદર્શન ચારિત્રને ઉજ્જ્વળ કરે છે.

હવે જરા અવસ્થા પણ શરીરની છે, આત્મા ઘરડો થતો નથી તે વિષે ગ્રંથકાર કહે છે :—

**जीर्णे वस्त्रे यथाऽऽत्मानं न जीर्णं मन्यते तथा ।**
**जीर्णे स्वदेहेऽप्यात्मानं न जीर्णं मन्यते बुधः ॥६४॥**

જીર્ણ વસ્ત્રે ન પોતાને, જીર્ણ જાણે વિવેકી કો,
જીર્ણ દેહ થતાં તેમ, આત્મા જીર્ણ ન માનવો. ૬૪

**ભાવાર્થ :—**જૂનાં કપડાં કોઈ સુંદર રૂપવંતી બાઈને

પહેરાવ્યાં હોય, તો તેનું રૂપ ક્યાંય જતું રહેતું નથી, કે આભૂષણ, ટાપટીપ રહિત અવસ્થામાં પણ શરીર તેનું તે જ છે, તેમ શરીર વૃદ્ધ થવાથી, નિર્બળ કે કાંતિરહિત થવાથી જ્ઞાનીપુરુષો પોતાને વૃદ્ધ, નિર્બળ કે નિસ્તેજ માનતા નથી.

બહિરાત્માની બાહ્યદૃષ્ટિ હોવાથી શરીરને જ તે પોતાનું સર્વસ્વ માને છે, યુવાવસ્થામાં પોતે સુંદર, સશક્ત, આકર્ષક અને ઉત્તમ પોતાને માને છે, તે વખતે પૈસા ખર્ચીને પણ પોતાનું શરીર સુંદર બનાવે છે, સગાં પ્રિયજનોના શરીરોમાં, કપડાંમાં, અલંકારો અને વૈભવોમાં આસક્ત બને છે. પરંતુ વૃદ્ધાવસ્થામાં, માંદગીમાં કે કોઈ કારણે કદરૂપું શરીર થઈ જતાં શોક કરે છે, પ્રિયજનોનું શરીર સુકાઈ જાય, વૃદ્ધ થાય, કદરૂપું બની જાય તો ખેદ કરે છે, તેમના ઉપરથી તેનો મોહ ઘટી જાય છે; ઘણા તો ફરી પરણે છે અને પ્રથમની પત્નીનો ત્યાગ કરે છે. આ બધો બાહ્યનો મોહ અલ્પ કાળમાં પલટાઈ જાય છે, કારણ કે કોઈ વસ્તુ તેવી ને તેવી રહી શકતી નથી.

જે જ્ઞાની પુરુષના હૃદયમાં જ્ઞાનજ્યોતિ પ્રગટ, જાગ્રત છે, તે નાશવંત પદાર્થોમાં મોહ કરતા નથી; અજર, અમર અને અવિનાશી એવું આત્મસ્વરૂપ તે પોતાનું છે એમ જ્ઞાનીએ જાણેલું હોવાથી, દેહાદિ બાહ્ય પદાર્થો બગડી જાય તેમાં પોતાનું કંઈ બગડતું નથી, એવો અખંડ નિશ્ચય વિવેકી પુરુષોનો પલટાતો નથી.

શ્રી યશોવિજયજી ઉપાધ્યાય શ્રી અનંતનાથ જિનેશ્વરના સ્તવનમાં ગાય છે :—

“સાચો રંગ તે ધર્મનો, સાહેલડિયાં, બીજો રંગ પતંગ રે ગુણવેડિયાં,
ધર્મરંગ જીરણ નહીં, સાહેલડિયાં, દેહ તે જીરણ થાય રે, ગુણ૦



ઉદક-બિંદું સાયર ભળ્યો, સા૦ જિમ હોય અક્ષય અભંગ રે, ગુણ૦
વાચક યશ કહે પ્રભુગુણે, સા૦ તિમ મુજ પ્રેમ-પ્રસંગ રે, ગુણ૦”

“આપને વિજ્ઞાપન છે કે વૃદ્ધમાંથી યુવાન થવું. અને આ અલખ વાર્ત્તાના અગ્રેસર આગળ અગ્રેસર થવું. થોડું લખ્યું ઘણું કરી જાણશો.” —શ્રીમદ્ રાજચંદ્ર

આમ દેહદૃષ્ટિ ટળે તો વૃદ્ધાવસ્થામાં હું વૃદ્ધ થયો છું એમ ન લાગે, પણ આત્મા તો સદાય અનંત વીર્યનો ધણી છે તેથી મોક્ષ કરી શકે છે.

શ્રી ગૌતમસ્વામીને વૃદ્ધ અવસ્થામાં શ્રી મહાવીર ભગવાનનો યોગ થયો; પણ વૃદ્ધ તો શરીર છે, આત્માનું સામાર્થ્ય અનંત છે, એમ વિચારી વીર્ય ફોરવી, તે પ્રથમ ગણધર બની, દ્વાદશાંગી રચી, અનેક શિષ્યોને તે શીખવી, અને સકળ સંઘના નાયક બની મોક્ષે ગયા.

હવે દેહ નાશવંત છે, પણ આત્મા દેહના નાશથી નાશ પામતો નથી, શાશ્વત છે એ વિષે ગ્રંથકાર જણાવે છે :—

**नष्टे वस्त्रे यथाऽऽत्मानं न नष्टं मन्यते तथा ।**
**नष्टे स्वदेहेऽप्यात्मानं न नष्टं मन्यते बुधः ॥६५॥**

વસ્ત્ર નાશથી જેમ, દેહનો નાશ ના ગણે;
દેહના નાશથી જ્ઞાની આત્માનો નાશ ના ભણે. ૬૫

**ભાવાર્થ :—** કોઈએ કિંમતી વસ્ત્ર કે અલંકાર ધારણ કર્યાં હોય તે બગડી જાય, નાશ પામે, લુટાઈ જાય, તેથી જેમ તે પોતે નાશ પામ્યો એમ નથી માનતો, તેમ જ્ઞાની પુરુષ શરીરનો નાશ થયે પોતાનો (આત્માનો) નાશ થયો એમ માનતા નથી.

જે વસ્તુ ઉત્પન્ન થઈ છે, તેનો નાશ થાય છે. અન્ય પદાર્થોનો સંયોગોથી જે જે વસ્તુઓ ઉત્પન્ન થાય છે, તે તે સંયોગો વીખરાઈ જતાં તે વસ્તુઓનો નાશ થતો દેખીએ છીએ, પરંતુ આત્મા કોઈ દ્રવ્યોના સંયોગથી ઉત્પન્ન થાય તેવો પદાર્થ નથી. માટે અસંયોગી હોવાથી અવિનાશી છે.

‘‘જો ઘટપટાદિ જડ વસ્તુઓ છે, તેમ આત્મા જ્ઞાનસ્વરૂપ વસ્તુ છે. ઘટપટાદિ અનિત્ય છે, ત્રિકાળ એક સ્વરૂપે સ્થિતિ કરી રહી શકે એવાં નથી. આત્મા એક સ્વરૂપે ત્રિકાળ સ્થિતિ કરી શકે એવો નિત્ય પદાર્થ છે. જે પદાર્થની ઉત્પત્તિ કોઈ પણ સંયોગોથી થઈ શકી ન હોય, તે પદાર્થ નિત્ય હોય છે. આત્મા કોઈ પણ સંયોગોથી બની શકે એમ જણાતું નથી; કેમકે જડના હજારોગમે સંયોગો કરીએ, તો પણ તેથી ચેતનની ઉત્પત્તિ નહીં થઈ શકવા યોગ્ય છે. જે ધર્મ જે પદાર્થમાં હોય નહીં. તેવા ઘણા પદાર્થો ભેળા કરવાથી પણ તેમાં જે ધર્મ નથી, તે ઉત્પન્ન થઈ શકે નહીં, એવો સૌને અનુભવ થઈ શકે એમ છે. જે ઘટપટાદિ પદાર્થો છે તેને વિષે જ્ઞાનસ્વરૂપતા જોવામાં આવતી નથી. તેવા પદાર્થોના પરિણામાંતર કરી, સંયોગ કર્યો હોય અથવા થયા હોય તો પણ તે તેવી જ જાતિના થાય, અર્થાત્ જડસ્વરૂપ થાય, પણ જ્ઞાનસ્વરૂપ ન થાય. તો પછી તેવા પદાર્થના સંયોગે આત્મા કે જેને જ્ઞાનીપુરુષો મુખ્ય જ્ઞાનસ્વરૂપ લક્ષણવાળો કહે છે તે તેવા (ઘટપટાદિ, પૃથ્વી, જળ, વાયુ, આકાશ) પદાર્થથી, ઉત્પન્ન કોઈ રીતે થઈ શકવા યોગ્ય નથી. જ્ઞાનસ્વરૂપપણું એ આત્માનું મુખ્ય લક્ષણ છે, અને તેના અભાવવાળું મુખ્ય લક્ષણ જડનું છે. તે બન્નેના અનાદિ



સહજ સ્વભાવ છે. આ તથા બીજાં તેવાં સહસ્ત્રગમે પ્રમાણો આત્માને નિત્ય પ્રતિપાદન કરી શકે છે તેમ જ તેનો વિશેષ વિચાર કર્યે સહજસ્વરૂપ નિત્યપણે આત્મા અનુવિશેષ વિચાર કર્યે સહજસ્વરૂપ નિત્યપણે આત્મા અનુભવવામાં પણ આવે છે. જેથી સુખ-દુઃખાદિ ભોગવનાર, તેથી નિવર્તનાર, વિચારનાર, પ્રેરણા કરનાર એ આદિ ભાવો જેના વિદ્યમાનપણાથી અનુભવમાં આવે છે, તે આત્મા મુખ્ય ચેતન (જ્ઞાન) લક્ષણવાળો છે; અને તે ભાવે (સ્થિતિએ) કરી તે સર્વ કાળ રહી શકે એવો નિત્ય પદાર્થ છે, એમ માનવામાં કંઈ પણ દોષ કે બાધ જણાતો નથી, પણ સત્યનો સ્વીકાર થયારૂપ ગુણ થાય છે.’’ —શ્રીમદ્ રાજચંદ્ર

વસ્ત્રની પેઠે દેહ નાશવંત છે, પણ દેહમાં રહેલો આત્મા અવિનાશી છે. નટ જેમ વસ્ત્રો બદલી વેષ જુદા જુદા ધારણ કરે છે, તેમ જીવ નવા નવા દેહ ધારણ કરે છે, ત્યાં સુધી તે સંસારી છે; પણ તે નિત્ય, અછેદ્ય, અભેદ્ય, જરામરણાદિ ધર્મથી રહિત છે.

હવે દેહની આરોગ્યતા કે રૂપ કપડાંના રંગની પેઠે આત્માથી ભિન્ન છે; એમ ઠસાવવા ગ્રંથકાર એ જ ભાવનો શ્લોક ફરી કહેવાની કૃપા કરે છે :—

**रक्ते वस्त्रे यथाऽऽत्मानं न रक्तं मन्यते तथा ।**
**रक्ते स्वदेहेऽप्यात्मानं न रक्तं मन्यते बुधः ।।६६।।**

લાલ વસ્ત્રે ન પોતાને, લાલ જાણે વિવેક કો;
લાલ દેહ થતાં તેમ, આત્મા લાલ ન માનવો. ૬૬

**ભાવાર્થ :—** વૃદ્ધાવસ્થામાં દેહની કાંતિ ઝાંખી પડી જાય છે; અશક્તિ આવે છે, રૂપનો નાશ થાય છે, તે વખતે તો કોઈની શિખામણ, સત્શાસ્ત્રનું વાચન કે પોતાને નાશવંત

પદાર્થના થયેલા અનુભવથી કંઈક કહેતા કહેતી સમજણ પણ આવે, મરણનો ડર રહે; પણ જુવાનીમાં તો ના કોઈની શિખામણ સાંભળે, ન સત્શાસ્ત્ર વિચારવાની તેને રુચિ થાય, વાંચે તો સમજાવું પણ મુશ્કેલ; કારણ કે ચિત્તનું આકર્ષણબાહ્ય પદાર્થો પ્રત્યે પ્રાયે વિશેષ હોવાથી તથા આરોગ્ય, રૂપ, બળ, મોહની વિશેષતા હોવાથી એ અવસ્થા કોઈકને જ સન્માર્ગ ભણી વળવા દે છે.

ગ્રંથકાર એવી અવસ્થામાં વર્તતા જીવોને પણ શિખામણ દે છે, કે રાતું, ગુલાબી વસ્ત્ર પહેરવાથી ડાહ્યો માણસ એમ ન માને કે હું રાતો કે ગુલાબી છું; તેમ જ્ઞાની પુરુષ, શરીરની આરોગ્યતામાં કે જુવાનીમાં લાલ રંગ કે ગુલાબી રંગનો ચહેરો કે હાથ-પગ જણાય તો તેથી આત્મા (પોતે) લાલ કે ગુલાબી છે એમ માનતા નથી કારણ કે આત્મા તો અરૂપી છે, ચૈતન્ય સ્વરૂપ છે, જ્ઞાતા-દ્રષ્ટા છે અને અવિનાશી છે, આવા પોતાના ગુણોને જાણનાર શરીરને રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ ગુણોવાળું જાણી, શરીરના રૂપાદિ ગુણો પોતાના માની આસક્ત, હર્ષિત કે ગર્વિત થતા નથી.

પરંતુ શરીર એ પુદ્‌ગલ પરમાણુઓનો સમૂહ છે. રૂપાદિ ગુણો, વેદના, રોગ આદિ અવસ્થાઓ શરીરનાં છે; શરીર કંઈ જાણે નહીં, કોઈ જાણનાર (ચેતન) હોય તો તે જણાઈ શકે; સડી જવું, વિનાશ પામવું, એ શરીરનો સ્વભાવ છે-એમ વિચારી જ્ઞાનીને પોતાના અને પરના શરીર પ્રત્યે વૈરાગ્ય વર્તે છે.

‘‘એક ભાજનમાં લોહી, માંસ, હાડકાં, ચામડું, વીર્ય, મળ, મૂત્ર એ સાત ધાતુ પડી હોય; અને તેના પ્રત્યે કોઈ



જોવાનું કહે તો તેના ઉપર અરુચિ થાય ને થૂંકવા પણ જાય નહીં. તેવી જ રીતે સ્ત્રી-પુરુષનાં શરીરની રચના છે, પણ ઉપરની રમણીયતા જોઈ જીવ મોહ પામે છે અને તેમાં તૃષ્ણાપૂર્વક દોરાય છે.’’

‘‘દેહ કેવો છે? રેતીના ઘર જેવો, મસાણની મઢી જેવો. પર્વતની ગુફાની માફક દેહમાં અંધારું છે. ચામડીને લીધે દેહ ઉપરથી રૂપાળો લાગે છે. દેહ અવગુણની ઓરડી, માયા અને મેલને રહેવાનું ઠેકાણું છે. દેહમાં પ્રેમ રાખવાથી જીવ રખડ્યો છે. તે દેહ અનિત્ય છે. બદફેલની ખાણ છે. તેમાં મોહ રાખવાથી જીવ ચારે ગતિમાં રઝળે છે. કેવા રઝળે છે ? ઘાણીના બળદની માફક. આંખે પાટો બાંધે છે; તેને ચાલવાના માર્ગમાં સંકડાઈ રહવું પડે છે; લાકડીનો માર ખાય છે; ચારે બાજુ ફર્યા કરવું પડે છે; છૂટવાનું મન થાય પણ છૂટી શકાય નહીં; ભૂખ્યાતરસ્યાનું કહેવાય નહીં; શ્વાસોચ્છ્‌વાસ નિરાંતે લેવાય નહીં; તેની પેઠે જીવ પરાધીન છે. જે સંસારમાં પ્રીતિ કરે છે તે આવા પ્રકારનું દુઃખ સહન કરે છે.

ધુમાડા જેવાં લૂગડાં પહેરી તેઓ આડબર કરે છે, પણ તે ધુમાડાની માફક નાશ પામવા યોગ્ય છે. આત્માનું જ્ઞાન માયાને લઈને દબાઈ રહે છે.’’

‘‘શાસ્ત્ર શ્રવણ કરી રોજ સાંભળ્યું છે કે દેહ આત્માથી જાુદો છે, ક્ષણભંગુર છે; પણ દેહને વેદના આવ્યે તો રાગદ્વેષ પરિણામ કરી બૂમ પાડે છે. દેહ ક્ષણભંગુર છે એવું તમે શાસ્ત્રમાં સાંભળવા શું કરવા જાઓ છો ? દેહ તો તમારી પાસે છે તો અનુભવ કરો. દેહ પ્રગટ માટી જેવો છે; સાચવ્યો સચવાય નહીં, રાખ્યો રખાય નહીં. વેદના વેદતાં

ઉપાય ચાલે નહીં. ત્યારે શું સાચવે ? કંઈ પણ બની શકતું નથી. આવો દેહનો પ્રત્યક્ષ અનુભવ થાય છે, તો તેની મમતા કરી કરવું શું ? દેહનો પ્રગટ અનુભવ કરી શાસ્ત્રમાં કહ્યું કે તે અનિત્ય છે, અસાર છે, માટે દેહમાં મૂર્ચ્છા કર્યા જેવું નથી.'' —શ્રીમદ્ રાજચંદ્ર

હવે આ સંસારમાં શાંતિ કોને પ્રાપ્ત થઈ શકે તે વિષે ગ્રંથકાર કહે છે :—

**यस्य सस्पन्दमाभाति निःस्पंदेन समं जगत् ।**
**अप्रज्ञमक्रियाभोगं स शमं याति नेतरः ॥६७॥**

જેને સક્રિય સંસાર, ભાસે નિષ્ક્રિય [૧]કાષ્ઠ શો;
અ-પ્રજ્ઞ, ભોગ-ચેષ્ટાથી-રહિત શમ પામતો. ૬૭

**ભાવાર્થ :—** પ્રીતિ, ઇચ્છા કે દ્વેષ ઉત્પન્ન થવાનું કારણ તે તે વૃત્તિઓને અનુકૂળ, પ્રતિકૂળ વર્તન થતું જણાય, અનુમાન થાય કે કલ્પાય તે છે. લાકડાની કે રબરની પૂતળી પ્રત્યે બાળક કે ભ્રમિત વિના કોઈ રાગદ્વેષ કરવાને ઇચ્છતું નથી. પરંતુ મોટા માણસને નાનાં બાળક રમાડવાનું, રાજી કરવાનું કે ખીજવવાનું મન થાય છે, તેનું કારણ તે કંઈ સમજે છે, રાજી થાય છે કે ખિજાય છે એમ તે સમજે છે. ભીંતને કંઈ જ્ઞાન નથી, તે કંઈ ક્રિયા કરી શકતી નથી કે ભોગવી શકતી નથી; તેથી ભીંત સાથે વાત કરવાનું, તેને પ્રસન્ન કરવાનું કે ખીજવીને રાજી થવા કોઈ ઇચ્છતું નથી. તેમ જ જે જ્ઞાની પુરુષોને આ જગત ભીંત જેવું સ્થિર, કંઈ ન જાણી શકે તેવું, વિચાર વગરનું, કંઈ ચેષ્ટા-હાવભાવ પ્રદર્શિત ન કરી શકે

૧ ''નીરખીને નવયૌવના, લેશ ન વિષયનિદાન;
ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન.''



તેવું, તથા કંઈ ભોગવી ન શકે તેવું, ભોગથી પ્રસન્ન ન થાય તેવું લાગે છે, તે જ વીતરાગતા કે શાંતિ પામી શકે છે; બીજા કે જેનું કલ્પનાને વશ ચિત્ત છે, તે વીતરાગપણું કે નિર્વિકલ્પ સમાધિ સાધી શકતા નથી, સમજી શકતા નથી.

સ્વપ્નમાં જેમ આ જાગ્રત દશાનું જગત ભૂલી જવાય છે, તેમ જગતનું માહાત્મ્ય અને તેની વિસ્મૃતિ થયા વિના વિકલ્પોની નિવૃત્તિ અને આત્મધ્યાન થવું મુશ્કેલ છે.

શૂન્ય સમાધિ કે નિર્વિકલ્પ દશા એ અધ્યાત્મપ્રેમીઓનું ધ્યેય હોય છે. તે સત્પુરુષના અવલંબનને ભક્તિમાર્ગથી સુગમપણે સાધી શકાય છે.

''ગમે તે ક્રિયા, જપ, તપ કે શાસ્ત્રવાંચન કરીને પણ એક જ કાર્ય સિદ્ધ કરવાનું છે; તે એ કે જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું.

અને એ એક જ લક્ષ ઉપર પ્રવૃત્તિ કરવાથી જીવને પોતાને શું કરવું યોગ્ય છે, અને શું કરવું અયોગ્ય છે તે સમજાય છે, સમજાતું જાય છે.

એ લક્ષ આગળ થયા વિના જપ, તપ, ધ્યાન કે દાન કોઈની યથાયોગ્ય સિદ્ધિ નથી, અને ત્યાં સુધી ધ્યાનાદિક નહીં જેવાં કામનાં છે.''

''ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી. અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો આર્યાચરણ (આર્ય પુરુષોએ કરેલાં આચરણ) સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો જિનભક્તિમાં

અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો પછી માગવાની ઇચ્છા પણ નથી.'' —શ્રીમદ્ રાજચંદ્ર

શમભાવ, વીતરાગભાવ, ઉપશમભાવ, શાંતિ કે સમભાવ એ બધા એક જ ભાવ દર્શાવતા શબ્દો છે. તેની પ્રાપ્તિ આત્મજ્ઞાન થયે થાય છે; તે આત્મજ્ઞાન વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે તે વિષે ગ્રંથકાર હવે આગળની ગાથામાં દર્શાવે છે :—

**शरीरकंचुकेनात्मा संवृतो ज्ञानविग्रहः ।**
**नात्मानं बुद्‌ध्यते तस्माद् भ्रमत्यतिचिरं भवे ॥६८॥**

જ્ઞાનમૂર્તિ પ્રભુ ઓઢી, દેહકાંચળીં, જો રમે;
પોતાને જાણવો ભૂલી, ઘણો કાળ ભવે ભમે. ૬૮

**ભાવાર્થ :—** જ્ઞાન એ જ આત્માનું લક્ષણ છે, તેથી આત્મા ઓળખાય છે. જેનામાં જાણવાની શક્તિ હોય, તે ચેતન કે આત્મા છે.

''જે જ્ઞાને કરીને જાણિયું રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત,
મૂળ મારગ સાંભળો જિનનો રે;
કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકિત,
મૂળ મારગ સાંભળો જિનનો રે;''
—શ્રીમદ્ રાજચંદ્ર

જેમ સામાન્ય માણસો દેહથી, તેની મુખમુદ્રાદિથી માણસને ઓળખે છે અને દેહને જ તેનું સ્વરૂપ મુખ્યપણે માને છે; તેમ જ્ઞાનથી આત્મા ઓળખાતો હોવાથી જ્ઞાનને આત્માનો દેહ ગાથામાં વર્ણવેલ છે.

જ્ઞાન જેનું શરીર છે એવો આત્મા શરીરરૂપી કાંચળીથી કે કપડાથી ઢંકાયેલો છે; તેથી આત્માનું ભાન, સુવિચારણા



પ્રગટ્યા વિના થતું નથી. તે કારણથી જ (આત્મ અભાનથી) જીવનું અનાદિ કાળથી ભવપરિભ્રમણ મટતું નથી.

''જૈસે કંચુક ત્યાગસેં, વિનસત નહીં ભુજંગ;
દેહ ત્યાગસે જીવ પુનિ, તૈસે રહત અભંગ.''
—શ્રી ચિદાનંદ

''જેમ કાંચળીનો ત્યાગ કરવાથી સર્પ નાશ પામતો નથી તેમ દેહનો ત્યાગ કરવાથી જીવ પણ અભંગ રહે છે એટલે નાશ પામતો નથી. અહીં દેહથી જીવ ભિન્ન છે, એમ સિદ્ધતા કરેલી છે.

કેટલાક આત્માઓ તે દેહ અને જીવની ભિન્નતા નથી, દેહનો નાશ થવાથી જીવનો પણ નાશ થાય છે એમ કહે છે, તે માત્ર વિકલ્પરૂપ છે પણ પ્રમાણભૂત નથી; કેમકે તેઓ કાંચળીના નાશથી સર્પનો પણ નાશ થયેલો સમજે છે અને એ વાત તો પ્રત્યક્ષ છે કે સર્પનો નાશ કાંચળીના ત્યાગથી નથી, તેમ જ જીવને માટે છે.

દેહ છે તે જીવની કાંચળી માત્ર છે. કાંચળી જ્યાં સુધી સર્પના સંબંધમાં છે, ત્યાં સુધી જેમ સર્પ ચાલે છે, તેમ તે તેની સાથે ચાલે છે, તેની પેઠે વળે છે, અને તેની સર્વ ક્રિયાઓ સર્પની ક્રિયાને આધીન છે. સર્પે તેનો ત્યાગ કર્યો કે ત્યાર પછી તેમાંની એક્કે ક્રિયા કાંચળી કરી શકતી નથી; જે ક્રિયામાં પ્રથમ તે વર્તતી હતી, તે સર્વ ક્રિયાઓ માત્ર સર્પની હતી, એમાં કાંચળી માત્ર સંબંધરૂપ હતી, એમ જ દેહ પણ જેમ જીવ કર્માનુસાર ક્રિયા કરે છે તેમ વર્તે છે; ચાલે છે, બેસે છે, ઊઠે છે, એ બધું જીવરૂપ પ્રેરકથી છે, તેનો વિયોગ થયા પછી કાંઈ નથી.'' —શ્રીમદ્ રાજચંદ્ર

અંધકારમાં કોઈ વસ્તુ પડી હોય કે મૂઠીમાં ગુપ્ત રાખી હોય તો જેમ દેખાય નહીં, તેમ આ દેહમાં આત્મા ગુપ્તપણે રહેલો છે અને અરૂપી હોવાથી ઇંદ્રિય-ગ્રાહ્ય નથી, પરંતુ જે જાણવાની, સાંભળવાની, સમજવાની, વિચારવાની, યાદ રાખવાની ક્રિયા થાય છે, તે આત્માના અસ્તિત્વમાં જ બને છે. આત્મા દેહમાંથી ચાલ્યો ગયો, તો પછી કંઈ પણ બનતું નથી. તેથી જેને લઈને જ્ઞાન-ક્રિયા થાય છે, તે આત્માનું જ્ઞાન તે મોક્ષમાર્ગમાં પ્રથમ પગથિયું છે. તેને જાણ્યા વિના જન્મ-મરણ ટળે નહીં.

દેહને આત્મા માનવાની ભૂલ કેવા પ્રકારે થાય છે તેનું પૃથક્કરણ ગ્રંથકર્તા આગલી ગાથામાં પ્રગટ કરે છે :—

**प्रविशद्गलतां व्यूहे देहेऽणूनां समाकृतौ ।**
**स्थितिभ्रान्त्या प्रपद्यन्ते तमात्मानमबुद्धयः ॥६९॥**

અણુ રાશિ ખસે, પેસે, આ આત્માકાર દેહમાં;
સમાન-સ્થિતિ-ભ્રાંતિથી, મૂઢ તે નિજ માનતાં. ૬૯

**ભાવાર્થ :—** અજ્ઞાની કે બહિરાત્મા દેહને બાળ-અવસ્થામાંથી યુવાવસ્થામાં પ્રવેશતો તથા યુવાવસ્થામાંથી વૃદ્ધાવસ્થામાં પલટાતો દેખે છે, પરંતુ તેનાં કારણનો વિચાર નથી આવ્યો તેથી પોતાને દેહરૂપ માની, હું બાળક છું, હું યુવાન થયો, હું વૃદ્ધ થયો એમ માન્યા કરે છે.

વિચાર કરે તો સમજાય એમ છે કે બાળઅવસ્થામાં દૂધને આધારે શરીર વધતું હતું, અનાજ આદિનો ખોરાક લેવા માંડ્યો ત્યારથી, ખોરાકનાં તત્ત્વોથી શરીર પુષ્ટ થવા લાગ્યું. શરીરના સંચા નરમ પડવાથી ખોરાકની પાચનશક્તિ મંદ પડતાં પોષક તત્ત્વો ઓછાં મળવા લાગ્યાં, શરીર ઘસાવા



લાગ્યું, શક્તિ ઘટવા લાગી એટલે વૃદ્ધાવસ્થાનું આક્રમણ થયું. આ પણ સ્થૂલ દૃષ્ટિએ વિચાર કર્યો છે.

સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરીએ તો સમયે સમયે શરીરમાં ફેરફારો થયા કરે છે, તે જ્યારે વિશેષ સ્પષ્ટ બને, ત્યારે સ્થૂલપણે જણાય કે આ દેહ જાડો થયો કે કૃશ થયો. જેમ દીવામાં જ્યોતિ હોય છે તે સમયે સમયે તેલમાંથી પોષણ પામે છે; કેટલાંય પરમાણુ તે દીવાની જ્યોતિમાં સમયે સમયે તેલમાંથી ગરમ થઈ ગૅસ રૂપે પ્રકાશે છે; સમયે સમયે કેટલાંય પરમાણુ પ્રકાશિત ગૅસનું રૂપ તજી, શ્યામ ધુમાડા રૂપે શગમાં થઈ ચાલ્યાં જાય છે; તેમ શરીર એ દીવાની જ્યોત જેવું જ છે. તેમાં કેટલાંય પરમાણુ સમયે સમયે નવાં પ્રવેશ પામે છે, કેટલાંય પરમાણુ સમયે સમયે છૂટતાં જાય છે, પરંતુ તે ક્રિયા આપણી સ્થૂલ દૃષ્ટિથી દેખી શકાય તેમ નથી, એટલે મોટા ફેરફારો જ આપણી નજરે ચઢે છે. એક સમયનું શરીર અને બીજા સમયનું શરીર દીવાની જ્યોતિ જેવું જુદું જ હોય છે, છતાં અવિચારથી ટકતી ભ્રાંતિને લઈને એનું એ જ શરીર છે એમ લાગે છે. પણ આપણે જન્મ્યા હતા તે વખતનું એક પણ પરમાણુ અત્યારે આપણા શરીરમાં નથી, છતાં એવા ને એવા આકાર કે ઘાટમાં નવાં પરમાણુઓ ગોઠવાઈ જતાં હોવાથી ભ્રાંતિવશ જીવ તેનો તે જ દેહ છે એમ માને છે. વિચાર કરતાં આ વાત સ્પષ્ટ સમજાય તેવી છે.

ભ્રાંતિને લીધે દેહને જ બહિરાત્મા પોતાનું સ્વરૂપ માને છે; પણ ખોરાક આદિ પર, જડ દ્રવ્યથી જે પુષ્ટ થાય છે, તે ન મળે તો જે સુકાઈ જાય છે, જેનામાં પોતાને

કે પરને જાણવાની શક્તિ નથી, એવો દેહ તે પોતાનું સ્વરૂપ ક્યાંથી હોઈ શકે?

માટે પરમાણુના પુંજરૂપ ક્ષણે ક્ષણે અન્ય રૂપ ધારણ કરતું આ શરીર ચેતનથી ભિન્ન માત્ર સંયોગ સંબંધે જીવની સાથે રહેલું છે એમ નિશ્ચય કરવા યોગ્ય છે. બાગમાં સવારે કળી રૂપે દેખાતી રચના, મધ્યાહ્ને ખીલેલા પુષ્પરૂપે સુંદરતા, સુગંધ અને મનોહરતા ધારણ કરે છે, વળી સાંજે કરમાઈ ખરી પડે છે. તે ઝાડની સાથે સંયોગસંબંધ ધરાવે છે, તેમ આ દેહ પણ ગર્ભમાં ઉત્પન્ન થતો, યુવાવસ્થામાં સુંદરતા ધારણ કરતો અને મરણ વખતે આત્માથી ખરી પડતો, ભિન્ન થતો દેખાય છે, તે આત્મારૂપ નથી પણ આત્માથી ભિન્ન છે, એવો નિર્ધાર કર્તવ્ય છે.

''ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન.
ભાસ્યા દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન.''

—શ્રીમદ્ રાજચંદ્ર

હવે દેહને તેનાં લક્ષણોથી ભિન્ન જાણી આત્મા જ્ઞાન-સ્વરૂપ, નિત્ય છે એમ નિર્ણય કરવા ગ્રંથકાર પ્રેરણા કરે છે :—

**गौरः स्थूलः कृशो वाऽहमित्यङ्गेनाविशेषयन् ।**
**आत्मानं धारयेन्नित्यं केवलज्ञप्तिविग्रहम् ॥७०॥**

'જાડા વા સૂકલા, ગોરા,' દેહ-ધર્મોથી ભિન્ન જે;
કેવલ-જ્ઞાન-મૂર્તિ આ, આત્માને નિત્ય ભાવજે. ૭૦

**ભાવાર્થ :—** કોઈ પણ વસ્તુનું જ્ઞાન તેનાં લક્ષણ દ્વારા થાય છે તેથી દેહ અને આત્માનું યથાર્થ ઓળખાણ કરવા



તે દરેકનાં લક્ષણો જાણવાં જોઈએ. જો તેમ ન કરવામાં આવે તો એકને બદલે બીજું ગ્રહણ થાય, મનાય. મીઠાના ગાંગડા અને સાકરના ગાંગડા મળતા આકારના દેખી ભૂલ થવા સંભવ છે. પણ તેના સ્વાદમાં ભેદ છે. તે દ્વારા પરીક્ષા કરતાં ભૂલ ટળી જાય છે. તેમ જ દેહ એ પુદ્ગલ પરમાણુઓના સંયોગ રૂપ છે, તેથી પુદ્ગલના ગુણો વર્ણ, રસ, ગંધ, સ્પર્શ આદિ જ્યાં જણાય ત્યાં અરૂપી, અસંયોગી એવા આત્મા ન હોય એમ પરીક્ષા કરવાથી દેહ તે દેહરૂપે જણાય અને આત્માનું લક્ષણ જ્ઞાન છે, તે જ્યાં હોય ત્યાં આત્મા માનવો એ રીતે માન્યતા કરવાથી વિપરીત માન્યતારૂપ ભૂલ ટળે છે.

કોઈને બિલોરી કાચનો કટકો જડ્યો હોય તેને રત્ન જાણી તેને સોનાની વીંટીમાં મઢાવી, કિંમતી માની, તેની બહુ સંભાળ કરતો હોય, તેને કોઈ ઝવેરી મિત્ર મળે તે કહે કે આ તો કાચનો કટકો છે, તેની આટલી બધી સંભાળ ઘટતી નથી; તેથી તારી વીંટી શોભતી નથી, પરંતુ સોનામાં મઢવા લાયક નહીં છતાં તે મઢેલ કાચને લીધે સુવર્ણને પીતળ કોઈ માને, માટે આ કાચ તો સોનાની વીંટીમાં કલંકરૂપ છે.

આ વાત સાંભળી કાચ ઉપરનો તેનો મોહ ઊતરી જાય છે, તેની ફિકર કરવી તજી દે છે, અને સોનાની સંભાળ રાખે છે. તેવી રીતે આ પ્રાપ્ત થયેલા દેહ તે કાચ જેવો મોહક દેખાતો છતાં ક્ષણમાં ફૂટી જાય તેવો છે. તેને ઉત્તમ માની, તેની સંભાળ જીવ રાખે છે, તેની ફિકર કરે છે, તેમાં ને તેમાં જ વૃત્તિ રાખીને જીવે છે. પરંતુ સદ્ગુરુરૂપ ઝવેરી મિત્ર મળે અને તેની શિખામણ જીવ લક્ષમાં લે કે આ દેહ તો પ્રગટ માટી છે, ક્ષણમાં વિનાશ પામે પછી તેની કંઈ કિંમત નથી,

લાકડાં ભેગો બાળી દેવા જેવો એ પદાર્થ છે, તેને કોઈ પછી સંઘરી રાખતું નથી, તો અત્યારે પણ દેહની તો કંઈ કિંમત નથી. આત્મા અનુપમ પદાર્થ છે, તે શાશ્વત છે, તેની સંભાળ લેવાથી કેવળજ્ઞાન, અનંત વીર્ય, અનંત સુખ આદિ આત્મિક ગુણો પ્રગટે છે અને અનંત કાળ સુધી અનંત સુખમાં જીવ રહી શકે તેમ છે; આ દેહ તો કલંકરૂપ છે, તેની તું લે છે તેટલી તો શું પણ તેના અનંત ભાગ જેટલી પણ સંભાળ લેવી ઘટતી નથી; પૂર્વ પ્રારબ્ધને આધારે તેનું ટકવું છે; ગમે તેટલી સંભાળ લીધા છતાં વૃદ્ધાવસ્થા અટકાવી શકાતી નથી; રોગનું ઘર હોવાથી તે તદ્દન નીરોગી બની શકે તેમ નથી; તો ન જોઈતી દેહની ફિકર તજી દઈ, રત્નની દાબડીમાં રત્ન હોય તેની સંભાળ ઝવેરી રાખે છે તેમ, આ દેહમાં રહેલા આત્માના ગુણો સંપૂર્ણ પ્રગટે તેવો પુરુષાર્થ સદ્ગુરુની આજ્ઞાએ કર તો તેથી તારું કલ્યાણ થશે અને આ મનુષ્યભવ સફળ થશે.

આમ સદ્ગુરુની શિખામણરૂપ આ શ્લોકમાં જણાવ્યું છે કે હું ગોરો છું, હું જાડો છું હું પાતળો છું એવા દેહના ગુણો વડે આત્માનું ઓળખાણ ન કરવું; તેવો આત્મા ન માનતાં, આત્માના સ્વરૂપનો એવો નિર્ધાર કરવો કે આત્મા નિત્ય પદાર્થ છે, દેહનો નાશ થવા છતાં, વિયોગ થવા છતાં આત્મા ત્રણે કાળે આત્મારૂપે રહી શકે તેવો પદાર્થ છે; કેવળજ્ઞાનરૂપ શરીર આત્માનું અવિનાશી છે, દર્શન-મોહને લઈને દેહ અને દેહના ગૌર આદિ ગુણો પોતાના હોય તેમ ભાસે છે, તે સદ્ગુરુના બોધે સાચી શ્રદ્ધા થતાં દેહ અને દેહના ગુણો ભિન્ન, તુચ્છ અને વિનાશી



સમજાય છે, તથા આત્મા અને આત્માના કેવળજ્ઞાનાદિ ગુણો પોતાના સ્વરૂપે ભાસે છે, તેમાં જ તૃપ્તિ થવાથી પુદ્ગલનાં, દેહનાં વિવિધ સુખોની વાસના હૃદયમાંથી દૂર થાય છે. આમ આત્માને આત્મા માનવાથી પારકી પંચાત છૂટી જાય છે અને પોતાનું શાશ્વત સત્-સુખ પ્રગટે છે તેથી આ લોક, પરલોકનાં સુખની અલ્પ પણ ઇચ્છા અંતરમાં રહેતી નથી.

કોઈ ગરીબના ઘરમાં ધનભંડાર હોય, તેની તેને ખબર ન હોય; પણ તેના હિતૈષી મિત્રે તેને તે ભંડાર બતાવ્યો તો તે દરિદ્ર દશા તજી ધનિક બને છે, પછી તે ઝૂંપડી અને ફાટ્યાંતૂટ્યાં કપડાંની ફિકર તજી પરમ સુખી રહે છે; તેમ આત્માનું ભાન થયા પછી ઝૂંપડી જેવા દેહની દરકાર તજી કેવળજ્ઞાનના વૈભવને પોતાનો માની અંતરાત્મા સદા સુખી રહે છે, એવો આ ગાથાનો પરમાર્થ છે.

હવે અંતરાત્માને આત્માનો નિર્ણય થયેલો હોવાથી, તેનું માહાત્મ્ય સમજાયેલું હોવાથી તેની સ્વરૂપમાં સ્થિતિરૂપ ધીરજ ટકી રહે છે, તેના ફળરૂપે તે મોક્ષને યોગ્ય બને છે એવો ભાવ આગળની ગાથામાં ગ્રંથકર્તા પ્રગટ કરે છે :–

**मुक्तिरेकान्तिकी तस्य चित्ते यस्याचला धृतिः ।**
**तस्य नैकान्तिकी मुक्तिर्यस्य नास्त्यचला धृतिः ॥७१॥**

અવશ્ય મુક્તિ પામે જો, અચલ ધારણ મને,
અવશ્ય મુક્તિ ના પામે, જેની ના ભાવના ટકે. ૭૧

**ભાવાર્થ :–** મુમુક્ષુ જીવને મોક્ષ સિવાય બીજી કોઈ અભિલાષા હોય નહીં. મોક્ષનો અચૂક ઉપાય સાંભળી તેને પ્રમોદ થાય છે, તે દિશામાં બનતા પ્રયત્ને પુરુષાર્થ કરી મોક્ષપ્રાપ્તિ સાધે છે.

આ ગાથામાં કોની અવશ્ય મુક્તિ થાય છે તે વિષે જણાવે છે કે જેના અંતઃકરણમાં શુદ્ધ સ્વરૂપની અવિચળ સ્થિતિ રહ્યા કરે છે તેનો જરૂર મોક્ષ થાય છે.

યથાર્થ આત્મસ્વરૂપની ધારણા સ્થિર થવા અંતરાત્મા કષાય નિવારવાનો નિરંતર પુરુષાર્થ કરે છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ તો બહિરાત્મદશા છૂટતાં જ દૂર થાય છે. પછી અપ્રત્યાખ્યાનાવરણરૂપ કષાય ટળતાં દેશ-વિરતિ આવ્યે શ્રાવકપણાના ગુણ પ્રગટે છે અને સામાયિક આદિ વ્રતો દ્વારા તે સમભાવની વૃદ્ધિ કરે છે.

અલ્પકાળ ધર્મ-આરાધન ગૃહસ્થદશામાં થતું જાણી, તેટલાથી તે મુમુક્ષુ જીવને સંતોષ થતો નથી; તેથી પ્રત્યાખ્યાનાવરણ કષાયને દૂર કરી મહાવ્રતધારી મુનિ તે બને છે. અહોરાત્ર ધર્મ-આરાધન કરી, સંજ્વલન કષાયનો ક્ષય કરી, કેવળજ્ઞાન પ્રગટાવવાનો પુરુષાર્થ તે પરમેષ્ઠી ભગવંત કરે છે.

અપ્રમત્તપણે આત્મભાવમાં એકાગ્ર, અંતર્મુહૂર્ત કરતા વધારે, તે કર્મયોગે રહી શકતા નથી; ત્યાં સુધી વારંવાર પુરુષાર્થ કરી પ્રમત્તદશામાંથી અંતર્મુહુર્તમાં તો અપ્રમત્તદશામાં આવી જાય છે. વળી કર્મના બળે પ્રમત્ત ભાવનો ઉદય થતાં આહાર, નિદ્રા, સ્વાધ્યાયાદિમાં તે કાળ ગાળતાં અપ્રમત્ત દશાની પ્રાપ્તિ ફરી અંતર્મુહૂર્તમાં તો કરી લે છે, આમ સતત પ્રયત્ન કરતાં સંજ્વલન કષાયની ઘણી મંદતા થતાં સાતિશય અપ્રમત્તદશાએ તે મહામુનિ ચઢે છે. ઉપશમ કે ક્ષપક શ્રેણી માંડી કષાયનો ઉપશમ કે ક્ષય કરે છે. ઉપશમ શ્રેણીથી પતન થાય તો ફરી ક્ષપક શ્રેણીના ઉદ્યમ આદરે છે તથા મોહનીય કર્મનો ક્ષય કર્યા વિના જપીને બેસતા નથી.



આ પ્રબળ પુરુષાર્થી પરમેષ્ઠી ભગવંત કેવળજ્ઞાન વરી, અનેક જીવોને અનેક પ્રકારે આત્મોન્નતિના નિમિત્ત વાણી દ્વારા બની, ત્રિયોગથી રહિત થઈ, નિરંજન, શુદ્ધ ચૈતન્યમૂર્તિરૂપ અડોલપણે મુક્ત અવસ્થામાં અનંતકાળ વિરાજમાન રહે છે.

આ ઉત્તમ દશાનું કારણ સ્વરૂપમાં એકાગ્રપણે સ્થિતિ કરવાનો પુરુષાર્થ છે. જેની એવી અવિચળ સ્વરૂપસ્થિતિ કે તેવો સતત પુરુષાર્થ નથી, તેને અવશ્ય મોક્ષપ્રાપ્તિ થશે એમ કહી ન શકાય. કારણ પતન થવાનાં અનેક કારણો હોય છે તેમાં તણાઈ જાય, સ્વરૂપસ્થિતિ સાચવી ન શકે તેનો ક્યારે મોક્ષ થશે, એ ચોક્કસ કહી શકાય નહીં. જ્યાં સુધી મિથ્યાત્વનો ક્ષય નથી ત્યાં સુધી તેનો ગમે ત્યારે ઉદય થવો સંભવે છે અને દીર્ઘ સંસારપરિભ્રમણનો ભય પણ ઊભો છે.

‘‘મુમુક્ષુ જીવને એટલે વિચારવાન જીવને આ સંસારને વિષે અજ્ઞાન સિવાય બીજો કોઈ ભય હોય નહીં. એક અજ્ઞાનની નિવૃત્તિ ઇચ્છવી એ રૂપ જે ઇચ્છા, તે સિવાય વિચારવાન જીવને બીજી ઇચ્છા હોય નહીં, અને પૂર્વ કર્મના બળે તેવો કોઈ ઉદય હોય તો પણ વિચારવાનના ચિત્તમાં સંસાર કારાગૃહ છે, સમસ્ત લોક દુઃખે કરી આર્ત્ત છે, ભયાકુળ છે, રાગદ્વેષનાં પ્રાપ્ત ફળથી બળતો છે, એવો વિચાર નિશ્ચયરૂપ જ વર્તે છે; અને જ્ઞાનપ્રાપ્તિનો કંઈ અંતરાય છે, માટે તે કારણગૃહરૂપ સંસાર મને ભયનો હેતુ છે અને લોકનો પ્રસંગ કરવા યોગ્ય નથી, એ જ એક ભય વિચારવાનને ઘટે છે.’’

‘‘જો જ્ઞાની પુરુષના દૃઢ આશ્રયથી સર્વોત્કૃષ્ટ એવું મોક્ષપદ સુલભ છે; તો પછી ક્ષણે ક્ષણે આત્મોપયોગ સ્થિર

કરવો ઘટે એવો કઠણ માર્ગ તે જ્ઞાનીપુરુષના દૃઢ આશ્રયે પ્રાપ્ત થવો કેમ સુલભ ન હોય? કેમકે તે ઉપયોગના એકાગ્રપણા વિના તો મોક્ષપદની ઉત્પત્તિ છે નહીં. જ્ઞાની પુરુષના વચનનો દૃઢ આશ્રય જેને થાય, તેને સર્વ સાધન સુલભ થાય એવો અખંડ નિશ્ચય સત્પુરુષોએ કર્યો છે; તો પછી અમે કહીએ છીએ કે આ વૃત્તિઓનો જય કરવો ઘટે છે, તે વૃત્તિઓનો જય કેમ ન થઈ શકે? આટલું સત્ય છે કે આ દુષમ કાળને વિષે સત્સંગની સમીપતા કે દૃઢ આશ્રય વિશેષ જોઈએ અને અસત્સંગથી અત્યંત નિવૃત્તિ જોઈએ; તોપણ મુમુક્ષુને તો એમ જ ઘટે છે કે કઠણમાં કઠણ આત્મસાધન હોય તેની પ્રથમ ઇચ્છા કરવી, કે જેથી સર્વ સાધન અલ્પ કાળમાં ફળીભૂત થાય.''

—શ્રીમદ્ રાજચંદ્ર

યોગીને પ્રબળ પુરુષાર્થમાં વિઘ્ન કરનાર લોક-પ્રસંગ છે તેનો ત્યાગ કરવાની ભલામણ જ્ઞાની મહાત્મા આગળની ગાથામાં સૂચવે છે :—

**जनेभ्यो वाक् ततः स्पन्दो मनसश्चित्तविभ्रमाः ।**
**भवन्ति तस्मात्संसर्गं जनैर्योगी ततस्त्यजेत् ।।७२।।**

લોક-યોગે વહે વાણી, તેથી ચિત્ત ચળે, ભ્રમે;
લોક-સંસર્ગને આવો, જાણી યોગી ભલે વમે. ૭૨

**ભાવાર્થ :—** નિમિત્ત જેવાં મળી આવે તેવી વૃત્તિ થઈ જાય તેવી દશા જીવની હોય, ત્યાં સુધી અશુભ નિમિત્તોથી દૂર રહેવું ઘટે છે; સારાં નિમિત્તો મેળવવા પુરુષાર્થ કરવો ઘટે અને તેવો યોગ મેળવી, પરમાર્થ-જિજ્ઞાસા બળવાન બને તેમ પ્રવર્તવું યોગ્ય છે.



''નિમિત્તે કરીને જેને હર્ષ થાય છે, નિમિત્તે કરીને જેને શોક થાય છે, નિમિત્તે કરીને જેને ઇંદ્રિયજન્ય વિષય પ્રત્યે આકર્ષણ થાય છે, નિમિત્તે કરીને જેને ઇંદ્રિયને પ્રતિકૂળ એવા પ્રકારોને વિષે દ્વેષ થાય છે, નિમિત્તે કરીને જેને ઉત્કર્ષ આવે છે, નિમિત્તે કરીને જેને કષાય ઉદ્ભવે છે, એવા જીવને જેટલો બને તેટલો તે તે નિમિત્તવાસી જીવોનો સંગ ત્યાગવો ઘટે છે; અને નિત્યપ્રત્યે સત્સંગ કરવો ઘટે છે.

સત્સંગના અયોગે તથા પ્રકારના નિમિત્તથી દૂર રહેવું ઘટે છે. ક્ષણે ક્ષણે, પ્રસંગે પ્રસંગે અને નિમિત્તે નિમિત્તે સ્વદશા પ્રત્યે ઉપયોગ દેવો ઘટે છે.'' —શ્રીમદ્ રાજચંદ્ર

આ ભાવો લક્ષમાં રાખીને આ ગાથામાં ગ્રંથકાર જણાવે છે કે લોકોના પ્રસંગે વાણી સાંભળવાનું તથા બોલવાનું બને છે, તેથી મન અચળ ધૃતિ તજી ચંચળ બને છે, ગૌણ કરેલી પર્યાયદૃષ્ટિ ખડી થાય છે તેથી રાગદ્વેષથી વિક્ષેપવાળું, અનેક પ્રકારના વિકલ્પોરૂપ વૃત્તિ તથા પ્રવૃત્તિવાળું ચિત્ત થાય છે, તે વિભ્રમ કે ભ્રાંતિ છે માટે યોગી સ્વરૂપમાં એકાગ્ર મન કરવા ઇચ્છે તો તેણે લોકોનો સંગ તજવો જોઈએ.

''પરમાત્મામાં પરમ સ્નેહ ગમે તેવી વિકટ વાટેથી થતો હોય તોપણ કરવો યોગ્ય જ છે. સરળ વાટ મળ્યા છતાં ઉપાધિના કારણથી તન્મયભક્તિ રહેતી નથી, અને એકતાર સ્નેહ ઊભરાતો નથી. આથી ખેદ રહ્યા કરે છે અને વારંવાર વનવાસની ઇચ્છા થયા કરે છે. જોકે વૈરાગ્ય તો એવો રહે છે કે ઘર અને વનમાં ઘણું કરીને આત્માને ભેદ રહ્યો નથી, પરંતુ ઉપાધિના પ્રસંગને લીધે તેમાં ઉપયોગ રાખવાની

વારંવાર જરૂર રહ્યા કરે છે, કે જેથી પરમ સ્નેહ પર તે વેળા આવરણ આણવું પડે; અને એવી પરમ સ્નેહતા અને અનન્ય પ્રેમ-ભક્તિ આવ્યા વિના દેહત્યાગ કરવાની ઇચ્છા થતી નથી ...અને વારંવાર એ જ રટના રહેવાથી 'વનમાં જઈએ' 'વનમાં જઈએ, એમ થઈ આવે છે. આપનો નિરંતર સત્સંગ હોય તો અમને ઘર પણ વનવાસ જ છે........

[1]ભરતજીને હરણના સંગથી વૃદ્ધિ થઈ હતી અને તેથી જડભરતના ભવમાં અસંગ રહ્યા હતા. એવાં કારણથી મને પણ અસંગતા બહુ જ સાંભરી આવે છે; અને કેટલીક વખત તો એવું થઈ જાય છે કે તે અસંગતા વિના પરમ દુઃખ થાય છે. યમ અંતકાળે પ્રાણીને દઃખદાયક નહીં લાગતો હોય, પણ અમને સંગ દુઃખદાયક લાગે છે. એમ અંતર્વૃત્તિઓ ઘણી છે કે એક જ પ્રવાહની છે. લખી જતી નથી; રહ્યું જતું નથી; અને આપનો વિયોગ રહ્યા કરે છે. સુગમ ઉપાય કોઈ જડતો નથી. ઉદયકર્મ ભોગવતાં દીનપણું અનુકૂળ નથી ભવિષ્યની એક ક્ષણનો ઘણું કરીને વિચાર પણ રહેતો નથી.''

—શ્રીમદ્ રાજચંદ્ર

કોઈ શંકા કરે કે વનવાસથી કલ્યાણ થતું હોય તો

૧ શ્રીમદ્ ભાગવતમાં કથા છે કે ભરત રાજા વૈરાગ્ય જાગતાં ભરતખંડનું રાજ્ય તજી તપસ્વી બની, જંગલમાં જ રહેતા. ત્યાં નદીએ સ્નાન કરવા ગયા. તે વખતે તરતનું જન્મેલું મૃગ-શિશુ પાણીમાં તણાતું હતું, તેને કાઢી પોતાની ઝૂંપડીમાં લઈ ગયા, તેને ઉછેર્યું. પણ તેની મમતાથી મરતી વખતે મૃગમાં વૃત્તિ રહેવાથી મૃગનો એક ભવ કરી બ્રાહ્મણને ત્યાં જન્મ્યા. જાતિસ્મરણજ્ઞાન થતાં, તે મૂઢની પેઠે રહેવા લાગ્યા. ઘરમાંથી કાઢી મૂક્યા, ત્યારે વનમાં વસી મહાત્મા બન્યા હતા; ત્યાં રહૂગણ રાજાને તેમણે આત્માનો ઉપદેશ આપી આત્મજ્ઞાન કરાવ્યું હતું.



ઝાડ, પહાડ, પશુ, પક્ષી, ભીલ, આદિ જંગલમાં જ વસે છે, તો તેમને ઉત્તમ કેમ ગણ્યાં નથી? તેના ઉત્તરમાં ગ્રંથકાર, સ્યાદ્વાદ પોષતી આગળની ગાથામાં, શુદ્ધ આત્મામાં નિશ્ચલ વાસ એ જ કલ્યાણનું મુખ્ય કારણ છે એમ દર્શાવે છે.

**ग्रामोऽरण्यमिति द्वेधा निवासोऽनात्मदर्शिनाम् ।**
**दृष्टात्मनां निवासस्तु विविक्तात्मैव निश्चलः ।।७३।।**

વનવાસ જનવાસ, બન્ને અનાત્મદર્શીના;
દૃષ્ટાત્માનો કયો વાસ? શુદ્ધ નિશ્ચલ આતમા. ૭૩

**ભાવાર્થ :–** કલ્યાણનું કારણ આત્માની શુદ્ધ પરિણતિ છે. જેને આત્માનું ભાન નથી અથવા જેણે આત્માના આનંદનો સ્વાદ ચાખ્યો નથી, તેને એકાંતવાસ, વનવાસ એ કેદખાના સમાન સમજાય છે. નેપોલિયન બોનાપાર્ટ જેવા બુદ્ધિશાળી અને શૂરવીરને આખર વખતે નિર્જન ટાપુમાં રાખવામાં આવ્યો હતો, તે તેને પરાધીનતા અને મરણનું કારણ બન્યું હતું.

વળી ભરત ચક્રવર્તી જેવા જ્ઞાની નરેન્દ્રને પૂર્વ પ્રારબ્ધ-કર્મને લઈને રાજધાનીમાં અનેક રાણીઓ, પુત્ર, પૌત્રાદિ પરિવાર તથા દૈવી વૈભવની વચમાં વસતું પડેલું, પરંતુ તેની ભાવના ઓર જ રાતદિન રહેતી હતી. વનમાં જેમ હાથી, ઘોડા, ફળ, ફૂલ આદિ સામગ્રી હોય છે, તેવી જ તેને રાજધાનીમાં હાથી, ઘોડા આદિ અનેક પ્રાણીઓથી ભરપૂર અને બાગબગીચાયુક્ત સામગ્રી લાગતી હતી. તેથી ઉદાસીનતા ત્યાગી-મહાત્મા કરતાં ઊતરતી નહોતી ભવ-ભય તેને નિરંતર તેની નજર સામે ખડો લાગતો.

પરમકૃપાળુ શ્રી ઋષભદેવ જ એક શરણ અને ગતિ તેને સમજાયાં હતાં, નવયૌવન મનોહર રાણીઓ તેને નરકે જવાની નિસરણી તુલ્ય સમજાઈ હતી. શણગાર રાજ-રાજેશ્વરને છાજતો ધારણ કરવા છતાં હૃદયમાં નિર્ગ્રંથભાવ પ્રગટ ઝળહળતો હતો; આખરે તે વૈભવના આવરણને ઉખેડી નાખી અરીસા-ભવનમાં આવિર્ભાવ પામ્યો. તે ભરતેશ્વરે શ્રેણી માંડી અને કેવળજ્ઞાન પ્રગટાવ્યું.

આમ છ ખંડના ખધિપતિપણાની મોહ-જાળ પણ, જેના અંતરમાં આત્મા પ્રગટ-પ્રભાવી પુરુષાર્થવંત ઝળહળતો હતો, તેને વનવાસ તુલ્ય હતી; અને જેને જગતનું અધિપતિપણું પ્રિય હતું તેવા નેપોલિયનનો વનવાસ, એકાંતવાસ પણ, અંતરની ગડમથલ અને મૂંઝવણ આગળ, રાજધાનીથી વિશેષ બોજારૂપ લાગતો હતો.

આ સ્યાદ્વાદ સમજાવવા ગ્રંથકાર પોતાનો અભિપ્રાય વનવાસ સંબંધી જણાવે છે કે જેમને આત્મપ્રતીતિ પ્રગટી નથી, તેવા અજ્ઞાની જીવોને બાહ્ય વસ્તુઓનું માહાત્મ્ય બહુ લાગે છે અને તે પોતાને આબુના મહાત્મા કે હિમાલયના યોગી ગણાવી જગતના જીવોને ભોળવે છે. કમઠનો જીવ વનવાસી મહાત્મા કે જંગલનો જોગી બની કાશીના ઉદ્યાનમાં આવી પંચાગ્નિ ધૂણીઓ પ્રગટાવી આતાપના-તપ તપતો હતો. તેને શ્રી પાર્શ્વનાથ રાજકુમારે કહ્યું કે હે મહાત્મા! તમને એવા કેવા ગુરુ મળ્યા છે કે જેમણે તમને દયાને બદલે બાહ્ય તપ તપવામાં કલ્યાણ સમજાવ્યું? તેમને તે યોગીએ ઉત્તર દીધો, ''અમે તો ધર્મનો અવાજ જગતને સંભળાવનારા, વનમાં વસનારા યોગી છીએ, ધર્મનું સ્વરૂપ તમે શું જાણો? તમે રાજકુમાર ઘોડા ખેલાવી જાણો.'' ધૂપીનાં લાકડામાં પેઠેલા સાપને લાકડું ચિરાવી પ્રગટ બતાવ્યો ત્યારે લોકોને પણ ખબર પડી કે આ યોગી દયા-ધર્મ કંઈ જાણતો નથી, પણ ખબર પડી કે આ યોગી દયા-ધર્મ કંઈ જાણતો નથી, માત્ર ક્રિયાજડ છે.



ગામમાં વાસ કે વનમાં વાસ એ અજ્ઞાની જીવોની માત્ર કલ્પના છે. પણ આત્મજ્ઞાની પુરુષો તો શુદ્ધ નિશ્ચલ આત્મામાં જ પોતાનો વાસ માને છે. આત્માના અસંખ્ય પ્રદેશો છે તે જ આત્માનું પોતાનું ક્ષેત્ર છે. દેહ પણ આત્માનો ખરો વાસ નથી. તે તો છૂટી જાય છે, તો તે તેનો વાસ કેમ હોય? પોતાનું ક્ષેત્ર સદાય જ્યાં પોતે હોય ત્યાં હોય જ. માટે આત્મદ્રવ્યના અસંખ્યાત પ્રદેશ જ તેનો પરમાર્થે વાસ કે ક્ષેત્ર છે. અજ્ઞાની જીવોને સંયોગ સંબંધે પરક્ષેત્રમાં વસવું થાય તેને જ પોતાનું ક્ષેત્ર કે વાસ માનવાની મિથ્યા ટેવ પડી છે, તે તજવાથી પોતાનું ભાન પ્રગટે છે.

હવે આ મિથ્યા માન્યતાનું ફળ દેહ-પરંપરા છે અને આત્મામાં આત્મ-ભાવનાનું ફળ મોક્ષ છે તે વિષે ગ્રંથકાર પોતાનો અભિપ્રાય પ્રગટ કરે છે :–

**देहान्तरगतेर्बीजं देहेऽस्मिन्नात्मभावना ।**
**बीजं विदेहनिष्पत्तेरात्मन्येवात्मभावना ॥७४॥**

બીજા દેહોતણું બીજ, આ દેહે આત્મભાવના;
લોક-સંસર્ગને આવો, જાણી યોગી ભલે વમે. ૭૪

**ભાવાર્થ :–** પંદરમી ગાથામાં દેહ એ આત્મા છે એવી બુદ્ધિને જ સંસાર-દુઃખનું મૂળ કહ્યું હતું. તે જ ભાવ ફરી જણાવી, મોક્ષનું મૂળ આત્મામાં આત્મભાવના જણાવવા આ ગાથા ગ્રંથકારે લખી છે.

પૂર્વે જીવે દેહમાં જ આત્મબુદ્ધિ રાખેલી અને કર્મો બાંધેલાં તે ભોગવવા આ દેહ ધારણ કરવો પડ્યો છે. અને આ મનુષ્યભવમાં પણ જો મોક્ષમાર્ગની પ્રાપ્તિ જીવને ન થઈ, તો ફરી નવાં કર્મો બાંધી તે ભોગવવા બીજો દેહ ધારણ કરવો પડશે. આ જન્મ-મરણથી જીવને ભોગવવાં પડતાં દુઃખોનું વર્ણન વારંવાર જ્ઞાની પુરુષો એટલા માટે કરે છે, કે કોઈ ભવ્ય પુરુષને આ આત્મિક દુઃખોની પ્રતીતિ આવે, વૈરાગ્યની ઉત્પત્તિ થાય અને મોક્ષમાર્ગ પ્રાપ્ત કરી, વિકટ પુરુષાર્થ કરી જીવ સદાને માટે દુઃખમુક્ત થાય.

''पुनरपि जननं, पुनरपि मरणं,
पुनरपि जननी-जठरे शयनम्''

—श्री शंकराचार्य

''વિષમ અને ભયંકર આ સંસારનું સ્વરૂપ જોઈ તેની નિવૃત્તિ વિષે અમને બોધ થયો. જે બોધ વડે જીવમાં શાંતિ આવી, સમાધિદશા થઈ, તે બોધ આ જગતમાં કોઈ અનંત પુણ્યજોગે જીવને પ્રાપ્ત થાય છે, એમ મહાત્મા પુરુષો ફરી ફરી કહી ગયા છે. આ દુષમ કાળને વિષે અંધકાર પ્રગટી બોધના માર્ગને આવરણ પ્રાપ્ત થયા જેવું થયું છે, તે કાળમાં અમને દેહજોગ બન્યો, તે કોઈ રીતે ખેદ થાય છે, તથાપિ પરમાર્થથી તે ખેદ પણ સમાધાન રાખ્યા કર્યો છે; પણ તે દેહજોગમાં કોઈ કોઈ વખત કોઈ મુમુક્ષુ પ્રત્યે વખતે લોકમાર્ગમાં પ્રતિકાર ફરી ફરી કહેવાનું થાય છે; જે જોગમાંનો જોગ તમારા અને શ્રી દેવકરણજી સંબંધમાં સહેજે બન્યો છે; પણ તેથી તમે અમારું કહેવું માન્ય કરો એવા આગ્રહ માટે કંઈ પણ નથી કહેવાનું થતું; માત્ર હિતકારી જાણી તે



વાતનો આગ્રહ થયો હોય છે કે થાય છે, એટલો લક્ષ રહે તો સંગનું ફળ કોઈ રીતે થવું સંભવે છે.''

''પોતાનું અથવા પારકું જેને કંઈ રહ્યું નથી એવી કોઈ દશા તેની પ્રાપ્તિ હવે **સમીપ જ** છે, (આ દેહે છે); અને તેને લીધે પરેચ્છાથી વર્તીએ છીએ. પૂર્વે જે જે વિદ્યા, બોધ, જ્ઞાન, ક્રિયાની પ્રાપ્તિ થઈ ગઈ તે તે સઘળાં આ દેહે જ વિસ્મરણ કરી નિર્વિકલ્પ થયા વિના છૂટકો નથી; અને તેને લીધે જ આમ વર્તીએ છીએ. તથાપિ આપની અધિક આકુળતા જોઈ કંઈ કંઈ આપને ઉત્તર આપવો પડ્યો છે તે પણ સ્વેચ્છાથી નથી.'' —શ્રીમદ્ રાજચંદ્ર

આ દેહમાં આત્મભાવના એ અન્ય દેહમાં પ્રવેશ કરવાનું કારણ છે અને આત્મામાં જ આત્મભાવના તે અશરીરી (સિદ્ધ) બનવાનું બીજ છે. આ ગાથાનો આ ભાવ સ્પષ્ટ કરતા હોય તેમ શ્રીમદ્ રાજચંદ્ર લખે છેઃ ''શ્રી સદ્ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથ માર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી; શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.''

''અમને કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી; કંઈ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી; વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન નથી; જગત શું સ્થિતિમાં છે તેની સ્મૃતિ રહેતી નથી; કોઈ શત્રુ-મિત્રમાં ભેદભાવ રહ્યો નથી; કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે, એની ખબર રખાતી નથી; અમે દેહધારી છીએ કે કેમ, તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ;

અમારે શું કરવાનું છે તે કોઈથી કળાય તેવું નથી; અમે બધાય પદાર્થથી ઉદાસ થઈ જવાથી ગમે તેમ વર્તીએ છીએ.'' —શ્રીમદ્ રાજચંદ્ર

પરમાર્થથી આત્મા જ આત્માનો ગુરુ કે મોક્ષમાર્ગે દોરનાર છે, તે વિષે હવે ગ્રંથકાર આગળની ગાથા કહે છે :—

**નયત્યાત્માનમાત્મૈવ જન્મનિર્વાણમેવ વા ।**
**ગુરુરાત્માऽऽત્મનસ્તસ્માન્નાન્યોऽસ્તિ પરમાર્થતઃ ।।૭૫।।**

આત્માને મોક્ષ-સંસારે, આત્મા પોતે લઈ જતો;
નિશ્ચયે સ્વગુરુ આત્મા, અન્ય ના ગુરુ આત્મનો. ૭૫

**ભાવાર્થ :—** વ્યવહાર નય અને નિશ્ચય નય, એમ નયોનું મુખ્યપણે વર્ણન બે પ્રકારે સ્યાદ્‌વાદમાં પ્રસિદ્ધ છે. વ્યવહાર નય વસ્તુનું પર અપેક્ષાપણે કે ભેદો પાડી બીજાને કોઈ રીતે વસ્તુ સમજાય તેવું વર્ણન કરે છે; જેમકે આત્માને મનુષ્ય, પશુ, પક્ષી, દેવ કે નારકી રૂપે વર્ણન કરી દેહ તરફ દૃષ્ટિકરાવી, દેહમાં રહેલા ચમત્કારી ગુપ્ત તત્ત્વનું જીવને માહાત્મ્ય લાગે તેવો પ્રયત્ન વ્યવહાર નય કરે છે; તેથી સામાન્ય જીવોને અરૂપી પદાર્થની ઉપેક્ષા થયેલી હોવાથી રૂપી તરફ દૃષ્ટિ કરી અરૂપી પદાર્થને જાણવાની ઉત્કંઠા ઊપજે છે.

આટલા સુધી આવેલા જીવોને તેથી આગળ દૃષ્ટિ કરાવી મૂળ વસ્તુનું અખંડ, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, પરમ શાંતિનું કારણ છે, તે જ શાશ્વત નિજ સ્વરૂપ છે, તેનું ભાન કરાવનાર નિશ્ચય નય છે. એકલી વ્યવહારદૃષ્ટિ સેવનાર પરમાર્થ પામી શકતો નથી, પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિ કરાવનાર જ્ઞાનીનો યોગ થયે જ્ઞાનીનાં વચનોનો આશય નિશ્ચયનયના અવલંબને હૃદયગત થાય છે.



''સેવે સદ્‌ગુરુ-ચરણને, ત્યાગી દઈ નિજપક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ.'' —શ્રીમદ્ રાજચંદ્ર

એકાંતે નિશ્ચયનયનું અવલંબન લેનાર, વ્યવહારનયનું તેના ક્ષેત્ર પૂરતું પણ સ્થાન નહીં સ્વીકારનાર વસ્તુસ્વરૂપ સમજી શકતો નથી, જ્યાં છે ત્યાંથી આગળની વિકાસભૂમિમાં આવી શકતો નથી; માત્ર શુષ્કજ્ઞાની બની જે નીચેની ભૂમિકામાં ઉપકારી સાધનો કે સદ્‌વ્યવહારરૂપ પુરુષાર્થ છે તેનો ઉત્થાપનાર બની મોહમાં વર્ત્યા કરે છે, બીજાને મોહના માર્ગમાં દોરનાર કુગુરુ બની મહાપાપી ઉત્સૂત્ર-પ્રરૂપણા કરનાર બને છે.

''બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહીં;
વર્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આહીં.''
—શ્રીમદ્ રાજચંદ્ર

નિશ્ચયનય ધ્યેયનો લક્ષ કરાવે છે, વ્યવહારનય તે ધ્યેય સુધી પહોંચવાના પુરુષાર્થના પગથિયાં બતાવે છે. માટે મુમુક્ષુ જીવે તો હિતકારી પ્રવર્તન કર્તવ્ય છે.

''જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.
નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવા સોય''
—શ્રીમદ્ રાજચંદ્ર

વ્યવહારથી સદ્‌ગુરુનું લક્ષણ આ પ્રમાણે છે :—

''આત્મજ્ઞાન, સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વવાણી, પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય.''
—શ્રીમદ્ રાજચંદ્ર

આવા આત્માનુભવી સદ્‌ગુરુનો યોગ જીવને મહદ્‌ભાગ્યે થાય, તો તેનામાં પરમાર્થ પામવાની સાચી યોગ્યતા

આવે છે. તેની આજ્ઞા ઉપાસવાથી વસ્તુસ્વભાવરૂપ ધર્મ તેને પ્રગટે છે; કોઈ એકાંત પક્ષમાં તણાઈ જઈ તે આત્માર્થથી વંચિત થયો નથી.

આ ગાથામાં તેવી યોગ્યતા પામેલા મુમુક્ષુને અંતરંગ પુરુષાર્થ જગાડવા ઉપદેશ ગ્રંથકારે કર્યો છે કે આત્મા જ, જેવી સમજણ તેની પાસે છે તેને અનુસરીને, પોતાને ચાર ગતિરૂપ સંસારમાં દોરી જનાર છે કે સાચી સમજણ પામી પોતાને મોક્ષે લઈ જનાર છે; તેથી નિશ્ચય નયથી આત્મા જ આત્માનો ગુરુ એટલે માર્ગદર્શક છે. અનાદિ કાળથી કુગુરુરૂપે રહીને પોતે પોતાને સંસાર-પરિભ્રમણ આત્માએ જ કરાવ્યું છે; સુગુરુ બનીને મોક્ષમાર્ગ સમજી, સત્પુરુષાર્થ કરાવનાર પણ આત્મા જ છે.

"मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः ।"

મનુષ્યોને પોતાનું મન જ બંધ વા મોક્ષનું કારણ છે.

—શ્રીમદ્ ભગવદ્ગીતા

હવે બહિરાત્માની દશા મરણ વખતે કેવી હોય છે, તેનું ભયંકર વર્ણન ગ્રંથકાર દર્શાવે છે :—

**दृढात्मबुद्धिर्देहादावुत्पश्यन्नाशमात्मनः ।**
**मित्रादिभिर्वियोगं च बिभेति मरणाद् भृशम् ॥७६॥**

દૃઢ-દેહાત્મબુદ્ધિ જે, આત્માનો નાશ માનતો;
મિત્રાદિના વિયોગે ને, મૃત્યુથી બહુ તે બીતો. ૭૬

**ભાવાર્થ :—** દેહ તે જ હું એવી જેની દૃઢ બુદ્ધિ છે એવા બહિરાત્માને ગાથા ૪૯ મી વિષે જણાવ્યા પ્રમાણે જગત રમણીય, વિશ્વાસ કરવા યોગ્ય, સુખમય ભ્રાંતિથી ભાસે



છે; પરંતુ નાશવંત જેનો સ્વભાવ છે એવો આ દેહ અને દેહના સંબંધો આયુષ્યને અંતે બહિરાત્માને પણ દુઃખદાયી લાગે છે; હું હવે મરી જઈશ એવો ભય તેને સતાવે છે. આત્મા ઉત્પન્ન પણ થયો નથી અને નાશ પણ પામી શકે નહીં તેવો પદાર્થ છે; છતાં અણસમજણને લઈને દેહના ધર્મોને પોતાનો ધર્મ સમજનાર મૂઢ જીવ દેહના નાશને પોતાનો નાશ માની ગભરાય છે, તેની મૂંઝવણનો પાર નથી રહેતો. વળી સ્ત્રી, પુત્ર, મિત્રાદિ સંબંધીઓ તથા ધન-વૈભવ આદિને શરીરના સુખનાં કારણો માની તેમની સાથે ગાઢ વિશ્વાસથી સંબંધ બાંધેલો, તેનો વિયોગ મરણ વખતે બહુ સાલે છે. મરણ વખતે પ્રદેશે પ્રદેશે થતી અકથ્ય, અસહ્ય વેદના પણ જીવને મૂંઝવે છે; ભવિષ્યના ભયના વિચારો પણ મૂંઝવણમાં વધારો કરે છે.

સિકંદર બાદશાહ (Alexander the great) પૂર્વે પુણ્યના ઉદયે નાની વયમાં રાજા બન્યો, ઘણાં યુદ્ધોમાં વિજય મેળવી મહાન ગણાયો; હિન્દુસ્તાન આદિ દેશો લૂંટી ઘણાં રત્નો, ધન આદિથી ભંડાર પણ ભર્યો; પણ નાની ઉંમરમાં જ અસમધ્ય રોગ થયો. આખા યુરોપમાંથી ઉત્તમ ગણાતા ડૉક્ટરો એકઠા કર્યા, પણ કોઈ જિવાડવાની હિંમત બતાવી ન શક્યો. દરદીને પણ લાગ્યું કે હવે આ ફાની દુનિયા તજી અગમ્ય સ્થાને જવું પડશે. તેને વિચાર આવ્યો કે આટલી ટૂંકી મુદત અહીં રહેવાનું હતું છતાં જાણે સદાય અહીં રહીશું અને રાજ્ય કરીશું એમ ભૂલથી ભાસતું, તેથી ગમે તેટલાં પાપ થાય તો પણ યુદ્ધો કરી રાજ્યવિસ્તાર વધાર્યો, ધન આદિ લાંબી મુદત સુધી ખૂટે નહીં માટે ભંડાર પણ પૂર્ણ

ભર્યો. હવે આ બધું અચાનક છોડીને અજાણ્યા સ્થળમાં ચાલ્યા જ જવાનું? તેને પ્રિય રત્નો હતાં તેને ભંડારમાંથી કઢાવી ઢગલો કર્યો, અલંકાર આદિ એક બાજુ ગોઠવ્યા, સોનું ચાંદી પણ બહાર કઢાવ્યાં; તે બધાંને જોઈ આંખમાં આંસુ સાથે વિચાર આવ્યો કે જેમને માટે અનેક તલવારોના ઘા સહન કર્યા હતા, તે છોડીને ખાલી હાથે જવાનો વખત આવ્યો! સગાંસંબંધીઓને છેવટની સલામ કરી. પછી તેને વિચાર સ્ફુર્યો કે આ મરણની વાતની પહેલાં મને જો કોઈએ શિખામણ આપી હોત તો આ નાશવંત વસ્તુઓ માટે આટલો પરિશ્રમ ન કરત. પણ થયું તે થયું. કોઈ પણ મારા જીવનમાંથી શિખામણ લે તેવું ભાવિ જમાના માટે મારે કંઈ કરવું એમ નિશ્ચય કરી તેણે આજ્ઞા કરી કે આ દેહને કબરમાં દાટવા લઈ જાઓ તે વખતે આ રત્નો, અલંકારો, સોનું, ચાંદી, વગેરેના ઢગલા આગળ કાઢજો, વળી શબને આ મોટા ડૉક્ટરોને ખભે લેવરાવજો, તથા લાવ-લશ્કર શબની પાછળ સશસ્ત્ર ચાલે તેવી ગોઠવણ કરજો. એ બધું થયું, પણ મહાન સિકંદરને કોઈ બચાવી નશક્યું; એવી શિખામણ લઈ પોતાના આત્માને જન્મ-મરણથી મુક્ત કરવાનો પુરુષાર્થ કરનાર એ અનાર્ય દેશમાં કોઈ ન નીકળ્યું! બહિરાત્માનો ઉપદેશ પોતાને બહુ અસર કરતો નથી, તો બીજાને શું કરી શકે?

શ્રી તીર્થંકરની ઉત્તમ દશા તથા ઉપદેશથી અનેક જીવો સંસારથી ભય પામી તેમાં ફરી ન જન્મવા માટે પુરુષાર્થ કરી મોક્ષે ગયા છે. જેણે પોતાનું મરણ સુધારવું હોય તેણે મરણ આવતાં પહેલાં સત્પુરુષનું શરણ સ્વીકારી



સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું ઘટે છે. મરણ વખતે કંઈ બની શકશે નહીં, માટે પહેલેથી ચેતી લેવાની શિખામણ ગ્રહણ કરશે તે જીવન સફળ કરશે.

હવે અંતરાત્મા મરણ વખતે કેવો નિર્ભય હોય છે તેનું દૃષ્ટાંત સહિત વર્ણન ગ્રંથકાર કરે છે :–

**आत्मन्येवात्मधीरन्यां शरीरगतिमात्मनः ।**
**मन्यते निर्भयं त्यक्त्वा वस्त्रं वस्त्रान्तरग्रहम् ॥७७॥**

આત્મામાં આત્મબુદ્ધિમાન્, માને દેહ-ગતિ જુદી;
જૂનું વસ્ત્ર તજે તેમ, તજે દેહ તજીભીતિ. ૭૭

**ભાવાર્થ :–** આત્મા અને પુદ્ગલ-વર્ગણા બન્ને દ્રવ્યો ભિન્ન જેને સ્પષ્ટ સમજાયાં છે, મનાયાં છે, અનુભવાયાં છે; એવા અંતરાત્માને આત્મામાં જ આત્મબુદ્ધિ રહે છે અને પુદ્ગલ-વર્ગણાનું બનેલું શરીર તે સડવા, પડવાના સ્વભાવવાળું અચેતન હોવાથી સંયોગ-સંબંધે સાથેનું સાથે હોવા છતાં આત્માથી ભિન્ન ને ભિન્ન જ ભાસે છે.

જેમ રાત-દિવસ શરીર સાથે કપડાંનો સંબંધ હોવા છતાં કોઈ વખતે કપડાંને શરીરરૂપ સમજણાં માણસ માનતાં નથી, તેમ શરીરનો સંબંધ ઘણો નિકટ રહેવા છતાં અંત-રાત્માને પોતાનું ચૈતન્ય સ્વરૂપ કદી શરીરરૂપ લાગતું નથી.

આવી સાચી શ્રદ્ધા જેને પ્રગટી છે તેવા જ્ઞાની પુરુષો મરણ કાળે પણ નિર્ભય રહે છે. કારણ કે જે ચૈતન્ય પદાર્થ કદી ઉત્પન્ન થયો નથી, વિશ્વનાં મૂલ અવિનાશી તત્ત્વોમાંનું એક અવિનાશી તત્ત્વ છે, તેનો નાશ કોઈ રીતે થઈ શકે એમ નથી; તો આત્માનો નાશ થશે, હું મરી જઈશ એવી કલ્પના તેને સંભવતી જ નથી. તેથી જૂનું કપડું કાઢી નાખી નવું કપડું

પહેરતાં જેમ કોઈ પ્રકારનો ભય સંભવતો નથી, તેમ જ્ઞાની પુરુષને દેહ તજતાં ભયનું કોઈ કારણ સમજાતું નથી.

“દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે, મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધ સ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે, તે મહત્પુરુષોને જીવન અને મરણ બન્ને સમાન છે....

ચંદ્ર ભૂમિને પ્રકાશે છે, તેના કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત ભૂમિ શ્વેત થઈ જાય છે, પણ કંઈ ચંદ્ર ભૂમિરૂપ કોઈ કાળે તેમ થતો નથી, એમ સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા તે ક્યારે પણ વિશ્વરૂપ થતો નથી, સદાસર્વદા ચૈતન્યસ્વરૂપ જ રહે છે. વિશ્વમાં જીવ અભેદતા માને છે એ જ ભ્રાંતિ છે.

જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી, સર્વ ભાવની વાસનાથી આકાશ રહિત જ છે, તેમ સમ્યગ્દૃષ્ટિ પુરુષોએ પ્રત્યક્ષ, સર્વ દ્રવ્યથી ભિન્ન, સર્વ અન્ય પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે.

જેની ઉત્પત્તિ કોઈ પણ અન્ય દ્રવ્યની થતી નથી, તેવા આત્માનો નાશ પણ ક્યાંથી હોય ?

અજ્ઞાનથી અને સ્વસ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાંતિ છે. તે જ ભ્રાંતિ નિવૃત્ત કરી શુદ્ધ ચૈતન્ય નિજઅનુભવપ્રમાણસ્વરૂપમાં પરમ જાગૃત થઈ જ્ઞાની સદાય નિર્ભય છે. એ જ સ્વરૂપના લક્ષથી સર્વ જીવ પ્રત્યે સામ્યભાવ ઉત્પન્ન થાય છે. સર્વ પરદ્રવ્યથી વૃત્તિ વ્યાવૃત્ત કરી આત્મા અક્લેશ સમાધિને પામે છે.” —શ્રીમદ્ રાજચંદ્ર



બહિરાત્માનું કુમરણ થાય છે એમ ૭૬ મી ગાથામાં પ્રગટ કર્યું અને આ ગાથામાં જ્ઞાની સમાધિ-મરણ નિર્ભયપણે કરે છે, એમ ગ્રંથકારે પોતાનો અભિપ્રાય પ્રગટ કર્યો છે.

હવે જીવન-કાળમાં જ્ઞાની પુરુષને વ્યવહાર પ્રત્યે ઉદાસીનાતા હોય છે અને અજ્ઞાની વ્યવહારમગ્ન રહે છે તે ભાવ જણાવવા ગ્રંથકાર આગળની ગાથા કહે છે :—

**व्यवहारे सुषुप्तो यः स जागर्त्यात्मगोचरे ।**
**जागर्ति व्यवहारेऽस्मिन् सुषुप्तश्चात्मगोचरे ।।७८।।**

વ્યવહાર સૂતો મૂકે, તો જાગે આત્મ-કાર્યમાં;
ચિંતવે વ્યવહારો જે, તે ઊંઘે આત્મ-કાર્યમાં. ૭૮

**ભાવાર્થ :—** અનાદિકાળથી જીવને આ દૃશ્ય જગતની પ્રવૃત્તિમાં રસ છે, તે પ્રત્યે ઉદાસવૃત્તિ થયા વિના આત્મ-દૃષ્ટિ થવી દુર્લભ છે.

“પુદ્‌ગલ ખાણો, પુદ્‌ગલ પીણો, પુદ્‌ગલ હોંતિ કાય;
પુદ્‌ગલકો સબ લેણો દેણો, પુદ્‌ગલમેં હી જાય—
સંતો દેખીએ બે, પરગટ પુદ્‌ગલ જાલ તમાસા ?”

—શ્રીમદ્ રાજચંદ્ર

દારૂ પીવાનું જેને વ્યસન પડી ગયું હોય છે, તે છૂટવું જીવોને અત્યંત દુષ્કર થઈ પડે છે, તો જે નજરે સુખકારી દેખાય, પુષ્ટિકારક લાગે, જેથી લોકોમાં માન-મહત્તા વધે અને દાનાદિ વડે જેથી ધર્મ થતો પણ જણાય તેવા ધનવૈભવ આદિ જગતના પદાર્થો પ્રત્યે ઉદાસીનતા જન્મવી એ મહાદુષ્કર છે. તેમ છતાં વિચારવાન કે જ્ઞાની પુરુષનો, પુણ્યના ઉદયે, જોગ થાય, તેના સત્સંગ, બોધનો લાભ

જીવને મળ્યા કરે, વિશાળ બુદ્ધિ થઈ જીવને સુ-વિચારણા, વિવેક જાગે, તો, પોતાને જ લાગે કે ઉપર ઉપરથી સુંદર ભાસતા ભોગો રોગોનું ઘર છે, ધન તે નિધનનું કારણ છે, મોહ તે મૂઢતા વધારનાર છે, હવે છોકરવાદ છોડી, મહાપુરુષે નિર્ણીત કરેલા માર્ગે આત્મ-કલ્યાણ કરવા કસીને મંડી પડવા જેવું છે; અવિચાર અને અજ્ઞાન દશારૂપ ઊંઘમાં ઘણો કાળ વ્યતીત થયો, તે ભયંકર ભૂલ થઈ છે; હવે આત્મ-વિચારે કરી જાગ્રત થઈ, સતત જાગ્રત રહેવું ઘટે છે.

વ્યવહારનાં કાર્યો કે આરંભ-પરિગ્રહમાં લીન હોય તેને પૂર્વના સંસ્કારે વૈરાગ્ય જાગ્યો હોય તો પણ તેનો નાશ થતાં વાર લાગતી નથી; તો આત્મજ્ઞાનની તો વાત જ શી કરવી ?

'આરંભ-પરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્પ્રસંગનું બળ ઘટે છે; સત્સંગના આશ્રયથી અસત્સંગનું બળ ઘટે છે. અસત્સંગનું બળ ઘટવાથી આત્મવિચાર થવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. આત્મવિચાર થવાથી આત્મજ્ઞાન થાય છે; અને આત્મજ્ઞાનથી નિજસ્વભાવસ્વરૂપ, સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે; એ વાત કેવળ સત્ય છે.

જે જીવો મોહનિદ્રામાં સૂતા છે તે અમુનિ છે; નિરંતર આત્મવિચારે કરી મુનિ તો જાગૃત રહે; પ્રમાદીને સર્વથા ભય છે, અપ્રમાદીને કોઈ રીતે ભય નથી, એમ શ્રી જિને કહ્યું છે...

કોઈ પણ તથારૂપ જોગને પામીને જીવને એક ક્ષણ પણ અંતર્ભેદજાગૃતિ થાય તો તેને મોક્ષ વિશેષ દૂર નથી.

વિચારની નિર્મળતાએ કરી જો આ જીવ અન્ય પરિચયથી પાછો વળે તો સહજમાં હમણાં જ તેને આત્મ-



જોગ પ્રગટે. અસત્સંગ-પ્રસંગનો ઘેરાવો વિશેષ છે, અને આ જીવ તેથી અનાદિકાળનો હીનાસત્ત્વ થયો હોવાથી તેથી અવકાશ પ્રાપ્ત કરવા અથવા તેની નિવૃત્તિ કરવા જેમ બને તેમ સત્સંગનો આશ્રય કરે તો કોઈ રીતે પુરુષાર્થ યોગ્ય થઈ વિચારદશાને પામે.

જે પ્રકારે અનિત્યપણું, અસારપણું આ સંસારનું અત્યંતપણે ભાસે તે પ્રકારે કરી આત્મવિચાર ઉત્પન્ન થાય.

હવે આ ઉપાધિકાર્યથી છૂટવાની વિશેષ આર્ત્તિ થયા કરે છે, અને છૂટવા વિના જે કંઈ પણ કાળ જાય છે તે, આ જીવનું શિથિલપણું જ છે, એમ લાગે છે; અથવા એવો નિશ્ચય રહે છે.''

—શ્રીમદ્ રાજચંદ્ર

[1]''या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ।।''

હવે ભેદ-જ્ઞાનના અભ્યાસથી મોક્ષ થાય છે તે વિષે ગ્રંથકાર આગળની ગાથા પ્રકાશે છે :—

**आत्मानमंतरे दृष्ट्वा दृष्ट्वा देहादिकं बहिः ।**
**तयोरन्तरविज्ञानादभ्यासादच्युतो भवेत् ।।७९।।**

આત્માને અંતરે દેખી, દેખો દેહાદિક જુદા;
બન્નેના ભેદવિજ્ઞાને, અભ્યાસે મુક્તિ સંપદા. ૭૯

**ભાવાર્થ :—** આત્મા આ દેહમાં સ્વપર-પ્રકાશકપણે રહ્યો છે તેને અંતરમાં ઉપયોગ લક્ષણે ઓળખી અંતરમાં

૧. અર્થ : જે સર્વ પ્રાણીઓની રાત્રિ છે, તેમાં સંયમી પુરુષ જાગે છે; અને જે (અજ્ઞાન રાત્રિ) માં (અજ્ઞાની) પ્રાણીઓ જાગે છે, તે આત્મદર્શી મુનિની રાત્રિ છે.

જાણનારને જાણ્યા કરવાનો અભ્યાસ યથાશક્તિ કર્તવ્ય છે. બાહ્ય દૃશ્ય જગત જોનાર પણ તે જ છે, દૃશ્ય જગત પણ તેને હાજરીની સાબિતી આપે છે એમ માન્ય કરી, દેહાદિક દૃશ્ય જગત બાહ્ય છે, આત્મામાં આભાસ માત્ર છે, તે આત્માનું નિર્મળપણું હોવાથી પ્રતિભાસે છે; પરંતુ તે પ્રતિભાસ આત્મસ્વરૂપ જ છે. બાહ્ય જગત તો તેને ઠેકાણે છે; પણ આત્મામાં જે જ્ઞાનાકારો જણાય છે, તે બાહ્ય જગત નથી. આમ ભેદ વિજ્ઞાની આત્માને આત્મારૂપે જાણવાનું અને અચેતન દૃશ્ય જગતને પરરૂપે જાણી તેનું માહાત્મ્ય હૃદયથી દૂર કરી નિર્વિકલ્પપણે પરિણમવાનું ફળ પરમાત્મપણું છે.

જેમ કોઈ માણસ મકાનની પાંચ છ બારીઓમાં વારા-ફરતી જઈ જોયા કરે તો તેને બાહ્ય વસ્તુઓ જ દૃષ્ટિગોચર થયા કરે, પણ ઘરમાં રહેનારનો વૈભવ તેને લક્ષમાં આવે નહીં; તેમ જે આત્માની શક્તિ પાંચ ઇંદ્રિયો અને મનદ્વારા બાહ્ય દેહાદિ જગતને જોવામાં જ પ્રવર્તે છે, તેને આત્માની અચિંત્ય શક્તિનો ખ્યાલ આવતો નથી; માત્ર પુદ્‌ગલના શબ્દ, સ્પર્શ, રસ, ગંધ અને વર્ણરૂપ અચેતન ગુણોનો પરિચય થાય છે, કે પરવસ્તુઓના વિકલ્પોમાં હર્ષ-શોકની પ્રવૃત્તિ થાય છે. પણ જો સર્વ બારીઓ બંધ કરી અંદર ઘરના માલિકને મળે તો તેનું ઓળખાણ થાય, તેની સર્વ સમૃદ્ધિનું ભાન પ્રગટે, અને સુખી થાય, તેમ આત્માની જેટલી શક્તિઓ અત્યારે ક્ષયોપશમ પ્રમાણે પ્રગટી છે તે બધી શક્તિઓ અત્યારે ક્ષયોપશમ પ્રમાણે પ્રગટી છે તે બધી શક્તિઓ દિન દિન આવરણ પામતી જાય છે તેને બદલે સુરક્ષિત અને સમૃદ્ધ બની, આત્માની શુદ્ધિના ધ્યેયથી અભ્યાસ કરતાં કેવળજ્ઞાન સ્વરૂપ



એવો સહજ આત્મા સંપૂર્ણપણે પ્રગટે અને અવિનાશી પદની સદાને માટે પ્રાપ્તિ થાય.

“સર્વ અન્ય ભાવથી આત્મા રહિત છે, કેવળ એમ જેને અનુભવ વર્તે છે તે ‘મુક્ત’ છે.

બીજાં સર્વ દ્રવ્યથી અસંગપણું, ક્ષેત્રથી અસંગપણું, કાળથી અસંગપણું અને ભાવથી અસંગપણું સર્વથા જેને વર્તે છે તે ‘મુક્ત’ છે.

અટલ અનુભવ સ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જુદો ભાસવો ત્યાંથી મુક્તદશા વર્તે છે. તે પુરુષ મૌન થાય છે, તે પુરુષ અપ્રતિબદ્ધ થાય છે, તે પુરુષ અસંગ થાય છે, તે પુરુષ નિર્વિકલ્પ થાય છે અને તે પુરુષ મુક્ત થાય છે.

જેણે ત્રણે કાળને વિષે દેહાદિથી પોતાનો કંઈ પણ સંબંધ નહોતો એવી અસંગ દશા ઉત્પન્ન કરી તે ભગવાનરૂપ સત્પુરુષોને નમસ્કાર છે.”

—શ્રીમદ્ રાજચંદ્ર

આત્મજ્ઞાનની શરૂઆતમાં જગત જ્ઞાનીને કેવું ભાસે છે તથા આત્મ-અભ્યાસ બરાબર થયા પછી જગત કેવું ભાસે છે તે વિષે હવે ગ્રંથકાર વર્ણન કરે છે :—

**पूर्वं दृष्टात्मतत्त्वस्य विभात्युन्मत्तवज्जगत् ।**
**स्वभ्यस्तात्मधियः पश्चात्काष्ठपाषाणरूपवत् ॥८०॥**

આત્મજ્ઞાની શરૂઆતે, દેખે ઉન્મત્તવત્ જગત્;
અભ્યાસે આત્મજ્ઞાનીને, ભાસે આ જગ કાષ્ઠવત્. ૮૦

**ભાવાર્થ :—** ગાથા ‘૫૨’મીમાં આત્મજ્ઞાનની શરૂઆત કે યોગીની પ્રારંભ દશામાં પોતાને અંતરમાં વૃત્તિ ટકાવવામાં જોઈતું વીર્ય નથી હોતું તો પરિશ્રમ જેવું લાગે છે. અને

બાહ્યમાં અનાદિ અભ્યાસના સંસ્કારે સુખ ભાસે છે તે વિષયનો પ્રસંગ ચર્ચેલો છે. પરંતુ આ ગાથામાં જગતના વિકલ્પો જ્યાં સુધી જ્ઞાનીપુરુષને આવે છે ત્યાં સુધી દયા ભાવની સ્ફુરણાથી જગત દુઃખી, બેભાન અને વ્યર્થ પ્રવૃત્તિમાં મગ્ન લાગે છે. તે દુઃખનું કારણ અજ્ઞાન છે, એમ તેમને સમજાય છે અને તે અજ્ઞાન જગત જીવોનું દૂર થાય તે અર્થે બોધ આદિ પ્રવૃત્તિના ભાવ પણ સ્ફુરવાનો સંભવ છે. ત્યાં સુધી વીતરાગતાની પૂર્ણતા નથી આ ગાથામાં ગ્રંથકાર દર્શાવે છે. વીતરાગતા, આત્મદૃષ્ટિના અત્યંત સેવનથી, પૂર્ણપણે પ્રગટતાં કોઈ પણ વિકલ્પ જગત સંબંધી પછીથી તેમને સ્ફુરતો નથી. કાષ્ઠ કે પથ્થરને જેમ દુઃખ, સુખનું ભાન નથી, તેથી સામાન્યજીવોને તેની દયા આવતી નથી, કે તેને સુખી કરવા કોઈ ઇચ્છતું નથી; તેમ સંપૂર્ણ વીતરાગને આ દુઃખી છે, તેથી તેને સુખી કરવા કંઈ કરવું, કહેવું કે પ્રેરવું એમ થતું નથી. અન્યનાં સુખ-દુઃખ જાણવા છતાં નિર્વિકલ્પ જ્ઞાન હોવાથી મોહના વિકલ્પો પરમાર્થને નામે પણ ઉદ્‌ભવતા નથી. કારણ કે મોહનીય કર્મનો તેમણે ક્ષય કરેલો છે, એટલે સત્તામાં જ જે કર્મ નથી, તેનો ઉદય ક્યાંથી થાય?

‘‘નાની વયે માર્ગનો ઉદ્ધાર કરવા સંબંધી જિજ્ઞાસા વર્તતી હતી, ત્યાર પછી જ્ઞાનદશા આવ્યે ક્રમે કરીને તે ઉપશમ જેવી થઈ; પણ કોઈ કોઈ લોકો પરિચયમાં આવેલા, તેમને કેટલીક વિશેષતા ભાસવાથી કંઈક મૂળમાર્ગ પર લક્ષ આવેલો, અને આ બાજુ તો સેંકડો અથવા હજારો માણસો પ્રસંગમાં આવેલા, જેમાંથી કંઈક સમજણવાળા તથા ઉપદેશક



પ્રત્યે આસ્થાવાળા એવા સોએક માણસ નીકળે. એ ઉપરથી એમ જોવામાં આવ્યું કે લોકો તરવાના કામી વિશેષ છે, પણ તેમને તેવો યોગ બાઝતો નથી. જો ખરેખર ઉપદેશક પુષનો જોગ બને તો ઘણા જીવ મૂળમાર્ગ પામે તેવું છે, અને દયા આદિનો વિશેષ ઉદ્યોત થાય એવું છે. એમ દેખાવાથી કંઈક ચિત્તમાં આવે છે કે આ કાર્ય કોઈ કરે તો ઘણું સારું, પણ દૃષ્ટિ કરતાં તેવો પુરુષ ધ્યાનમાં આવતો નથી, એટલે કંઈક લખનાર પ્રત્યે જ દૃષ્ટિ આવે છે, પણ લખનારનો જન્મથી લક્ષ એવો છે કે એ જેવું એક્કે જોખમ-વાળું પદ નથી, અને પોતાની તે કાર્યની યથાયોગ્યતા જ્યાં સુધી ન વર્તે ત્યાં સુધી તેની ઇચ્છા-માત્ર પણ ન કરવી, અને ઘણું કરીને હજુ સુધી તેમ વર્તવામાં આવ્યું છે.’’

‘‘અનેક જીવોની અજ્ઞાન દશા જોઈ, વળી તે જીવો કલ્યાણ કરીએ છીએ અથવા આપણું કલ્યાણ થશે, એવી ભાવનાએ કે ઇચ્છાએ અજ્ઞાનમાર્ગ પામતાં જોઈ તે માટે અત્યંત કરુણા છૂટે છે, અને કોઈ પણ પ્રકારે આ મટાડવાયોગ્ય છે એમ થઈ આવે છે; અથવા તેવો ભાવ ચિત્તમાં એમ ને એમ રહ્યા કરે છે, તથાપિ તે થવા યોગ્ય હશે તે સમયે થશે, એવો પણ પ્રકાર ચિત્તમાં રહે છે, કેમ કે તે કરુણાભાવ ચિંતવતાં ચિંતવતાં આત્મા બાહ્ય માહાત્મ્યને ભજે એમ થવા દેવા યોગ્ય નથી; અને હજુ કંઈક તેવો ભય રાખવો યોગ્ય લાગે છે.’’ —શ્રીમદ્ રાજચંદ્ર

કોઈ કહે કે આત્મબુદ્ધિના અભ્યાસની શી જરૂર છે? શરીરથી ભિન્ન આત્મા છે એમ આત્મસ્વરૂપને જાણનાર

જ્ઞાની પાસેથી શ્રવણ કરવાથી અથવા બીજાંને આત્મસ્વરૂપ સમજાવવાથી મોક્ષ થાય એમ કહેનારને ગ્રંથકાર આગળની ગાથામાં ઉત્તર આપે છે :—

**श्रुण्वन्नप्यन्यतः कामं वदन्नपि कलेवरात् ।**
**नात्मानं भावयेद्भिन्नं यावत्तावन्न मोक्षभाक् ॥८१॥**

અન્ય પાસે સુણી બોધ, ઘણો દીધો તથાપિ જો;
દેહથી ભિન્ન ના ભાવ્યો, —આત્મા, તો ન મુકાય કો. ૮૧

**ભાવાર્થ :—** કોઈ માણસના પગમાં લોખંડની બેડી નાખી કેદમાં પૂર્યો હોય, તે વારંવાર અન્ય માણસો દ્વારા સાંભળે કે આ બેડી તોડી નાખવામાં આવે તો આ કેદી કેદખાનામાંથી મુક્ત થાય એમ છે, જે જે કેદખાનાને તપાસવા આવે તે બધા એવું કહેતા હોય તો પણ તેવું સાંભળનાર બેડીથી મુક્ત થતો નથી. તે કેદી પોતાની મેળે, જે મળે તેને કહેતો હોય કે આ બેડી તૂટે એટલે હું મુક્ત જ છું; એમ અન્યને વારંવાર કહેવા છતાં તં મુક્ત થતો નથી, પરંતુ છીણી લઈ બેડી તોડી નાખે છે ત્યારે જ તે મુક્ત થાય છે.

તેમ જ મુમુક્ષુ જીવને સત્સંગનો યોગ જ્યારે જ્યારે મળે ત્યારે ત્યારે તે પુષ્કળ વિવેચન સહિત સાંભળે છે કે આત્મા દેહથી ભિન્ન છે; તેને બીજાને સમજાવવાનો જ્યારે જ્યારે પ્રસંગ આવે ત્યારે ત્યારે પોતે પણ વારંવાર વિવેચન કરે છે કે દેહથી આત્મા તદ્દન ભિન્ન છે; પરંતુ જ્યાં સુધી દેહથી આત્મા ભિન્ન છે, એવી ભાવના કાર્યે કાર્યે, પ્રસંગે પ્રસંગે અને ક્ષણે ક્ષણે કરવાનો અભ્યાસ દૃઢ ન કરે ત્યાં સુધી જીવ મોક્ષને લાયક બનતો નથી.



“માત્ર બંધદશા તે બંધ છે, મોક્ષદશા તે મોક્ષ છે, ક્ષાયિકદશા તે તે ક્ષાક્ષિક છે, અન્યદશા તે અન્ય છે, શ્રવણ તે શ્રવણ છે, મનન તે મનન છે, પરિણામ તે પરિણામ છે, પ્રાપ્તિ તે પ્રાપ્તિ છે, એમ સત્પુરુષનો નિશ્ચય છે. બંધ તે મોક્ષ નથી, મોક્ષ તે બંધ નથી, જે જે છે તે તે છે, જે જે સ્થિતિમાં છે; બંધબુદ્ધિ ટળી નથી, અને મોક્ષ—જીવન્મુક્તતા—માનવામાં આવે તો તે જેમ સફળ નથી, તેમ અક્ષાયિકદશાએ ક્ષાયિક માનવામાં આવે તો તે જેમ સફળ નથી, તેમ અક્ષાયિકદશાએ ક્ષાયિક માનવામાં આવે તો તે પણ સફળ નથી. માનવાનું ફળ નથી, પણ દશાનું ફળ છે.”

“જેને લાગી છે તેને જ લાગી છે અને તેણે જ જાણી છે; તે જ ‘પિયુ પિયુ’ પોકારે છે. એ બ્રાહ્મી વેદના કહી કેમ જાય? કે જ્યાં વાણીનો પ્રવેશ નથી. વધારે શું કહેવું? લાગી છે તેને જ લાગી છે. તેના જ ચરણસંગથી લાગે છે; અને લાગે છે ત્યારે જ છૂટકો હોય છે. એ વિના બીજો સુગમ મોક્ષમાર્ગ છે જ નહીં. તથાપિ કોઈ પ્રયત્ન કરતું નથી! મોહ બળવાન છે!”

“પરબ્રહ્મ-વિચાર તો એમ ને એમ રહ્યા જ કરે છે; ક્યારેક તો તે માટે આનંદકિરણ બહુ સ્ફુરી નીકળે છે, અને કંઈની કંઈ (અભેદ) વાત સમજાય છે; પણ કોઈને કહી શકાતી નથી; અમારી એ વેદના અથાગ છે. વેદનાને વખતે શાતા પૂછનાર જોઈએ, એવો વ્યવહારમાર્ગ છે; પણ અમને આ પરમાર્થમાર્ગમાં શાતા પૂછનાર મળતો નથી; અને જે છે તેનાથી વિયોગ રહે છે.”

“અત્રે આત્માકારતા વર્તે છે, આત્માનું આત્મસ્વરૂપ રૂપે પરિણામનું હોવાપણું તે આત્માકારતા કહીએ છીએ.”

"જે કંઈ ઉદય આવે તે અવિસંવાદ પરિણામે વેદવું એવું જે જ્ઞાનીનું બોધન છે, તે અમારે વિષે નિશ્ચળ છે, એટલે તે પ્રકારે વેદીએ છીએ." —શ્રીમદ્ રાજચંદ્ર

હવે આત્માને દેહથી ભિન્ન ક્યાં સુધી ભાવવો તે વિષે ગ્રંથકાર કહે છે :—

**तथैव भावयेद्देहाद् व्यावृत्यात्मानमात्मनि ।**
**यथा न पुनरात्मानं देहे स्वप्नेऽपि योजयेत् ॥૮૨॥**

દેહથી ભિન્ન ભાવીને — આત્માને, આત્મભાવના—
દૃઢ એવી કરો, ના હો, સ્વપ્ને ય દેહ-યોજના. ૮૨

**ભાવાર્થ :—** દેહ એ અનેક અંગોનો સમૂહ છે, પુદ્ગલ પરમાણુઓનો સંયોગ છે, તેમાં ભ્રાંતિથી જીવને અણુએ અણુએ મમતા થઈ રહી છે. તેનો વારંવાર વિચાર કરી જીવને તેથી વ્યાવૃત્ત કરવા ગ્રંથકાર પ્રેરણા કરે છે.

દેહનો રંગ તે આત્માનો રંગ નથી; હું ગોરો છું, રૂપાળો છું, ઊંચો છું, પાતળો છું, હૃષ્ટ-પુષ્ટ છું આદિ પુદ્ગલના ગુણોમાં જીવને તન્મયતા થઈ રહી છે. તેનો વિચાર કરી તેથી ભિન્ન ગુણવાળો આત્મા જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, આદિ ગુણવાળો, અરૂપી છે, તેને અને આ દેહને લેવા દેવા નથી. માત્ર કર્મ સંયોગે સહવાસ થયો છે, તે કર્મ અમુક મુદતે ભોગવાઈ જતાં જરૂર દેહ તજી ચાલ્યા જવાનું છે. જેનો વિયોગ થાય તે આપણી વસ્તુ હોઈ શકે નહીં, એમ વિચારી આત્માને દેહની ચિંતાથી મુક્ત કરવો ઘટે છે. દેહનાં કામ પારકાં લાગે અને આત્મ-વિચાર, આત્માનંદ, આત્મતૃપ્તિ પોતાનાં લાગે અને તેમાં જ વારંવાર



વૃત્તિની લીનતા થાય તેવા અભ્યાસની જરૂર છે. તેને ભેદજ્ઞાનનો અભ્યાસ કહેવાય છે. એ અભ્યાસ એટલો બધો થઈ જવો જોઈએ કે પોતાનો દેહ તે પોતાનું સ્વરૂપ ભૂલથી પણ ન મનાય, બીજાનો દેહ તે પોતાનું સ્વરૂપ ભૂલથી પણ ન મનાય, બીજાનો દેહ દેખી તેથી તેનું સ્વરૂપ ભિન્ન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એમ સહજ ભાસે તથા સ્વપ્નમાં પણ દેહને પોતાનું સ્વરૂપ ન મનાય, કે પરનો દેહ સ્વપ્નમાં જોઈ તે જડ ભાસે પણ વિકાર ન થાય.

શ્રી સમયસારની ટીકામાં શ્રી અમૃતચંદ્રાચાર્ય જણાવે છે :

"भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया ।
तावद् ध्यायन् परं धुत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते ॥"

**ભાવાર્થ :—** જ્ઞાન જ્ઞાનમાં સ્થિત થાય, પરથી છૂટે, ત્યાં સુધી આ ભેદ-વિજ્ઞાન અખંડ ધારાએ નિરંતર ભાવવું. પૂર્વે દેહાદિ પરરૂપ પોતાને જીવ જાણતો હતો, પણ દેહાદિથી પોતાને જીવ જાણતો હતો, પણ દેહાદિથી પોતાને ભિન્ન જાણવા, ભેદ-વિજ્ઞાનની ભાવના ત્યાં સુધી કરવાની છે કે જ્યાં સુધી જ્ઞાન, પર રૂપને ભિન્ન જાણી, પોતાને જ્ઞાનસ્વરૂપ વિષે સ્થિતિ કરે. પછી ભેદ-વિજ્ઞાનકરવાનું પ્રયોજન રહેતું નથી. આપોઆપ પર પરરૂપે અને પોતે પોતાને રૂપે જણાયા કરે છે. પણ પર દ્રવ્યનું જણાવું મટી જાય છે એમ નથી. પર દ્રવ્યને પણ વીતરાગપણે જાણ્યા કરે છે, ત્યાં વિકલ્પ નથી.

"પ્રત્યેકે પ્રત્યેક પદાર્થનો અત્યંત વિવેક કરી આ જીવને તેનાથી વ્યાવૃત્ત કરવો એમ નિર્ગ્રંથ કહે છે." —હાથનોંધ-શ્રીમદ્ રાજચંદ્ર

"એ કાયા મારી ન થઈ અને નહીં થાય, ત્યારે હું એને મારી માનું છું કે માનું એ કેવળ મૂર્ખતા છે. જેનો

એક કાળે વિયોગ થવાનો છે, અને જે કેવળ અન્યત્વભાવ ધરાવે છે તેમા મમત્વપણું શું રાખવું? એ જ્યારે મારી થતી નથી, ત્યારે મારે એનું થવું શું ઉચિત છે? નહીં નહીં, એ જ્યારે મારી નહીં ત્યારે હું એનો નહીં, એમ વિચારું, દૃઢ કરું, અને પ્રવર્તન કરું, એમ વિવેકબુદ્ધિનું તાત્પર્ય છે. આ આખી સૃષ્ટિ અનંત ચીજથી અને અનંત પદાર્થોથી ભરી છે, તે સઘળા પદાર્થ કરતાં જેના જેટલી કોઈ પણ વસ્તુ પર મારી પ્રિયતા નથી; તે વસ્તુ તે મારી ન થઈ; તો પછી બીજી કઈ વસ્તુ મારી હોય? અહો! હું બહુ ભૂલી ગયો. મિથ્યા મોહમાં લથડી પડ્યો. તે નવયૌવનાઓ, તે માનેલા કુળદીપક પુત્રો, તે અઢળક લક્ષ્મી, તે છ ખંડનું મહાન રાજ, એ મારાં નથી. એમાંનું લેશમાત્ર પણ મારું નથી. એમાં મારો કિંચિત્ ભાગ નથી. જે કાયાથી હું એ સઘળી વસ્તુઓનો ઉપભોગ લઉં છું, તે ભોગ્ય વસ્તુ જ્યારે મારી ન થઈ ત્યારે બીજી મારી માનેલ વસ્તુ —સ્નેહી, કુટુંબી ઇત્યાદિક—મારાં શું થનાર હતાં? નહીં, કંઈ જ નહીં, એ મમત્વભાવ મારે જોઈતો નથી! એ પુત્ર, એ મિત્ર, એ કલત્ર, એ વૈભવ અને એ લક્ષ્મીને મારે મારાં માનવાં જ નથી! હું એનો નહીં ને એ મારાં નહીં!... વૈરાગ્યનું રાજરાજેશ્વર ભરતના અંતઃકરણમાં આવું ચિત્ર પડ્યું કે તિમિરપટ ટળી ગયું. શુક્લ-ધ્યાન પ્રાપ્ત થયું.''
ભાવનાબોધ. —શ્રીમદ્ રાજચંદ્ર

જે જે જીવો મોક્ષે ગયા છે તે સર્વ ભેદજ્ઞાનના પ્રભાવથી ગયા છે. તે ભેદજ્ઞાનનું ફળ દર્શાવવા ગ્રંથકાર હવે આગળની ગાથામાં જણાવે છે કે પુણ્યપાપનો ક્ષય



કરવા તેનાં કારણો રૂપ શુભ અશુભ પ્રવૃત્તિનો પણ ત્યાગ કરવો ઘટે છે :—

**अपुण्यमव्रतैः पुण्यं व्रतैर्मोक्षस्तयोर्व्ययः ।**
**अव्रतानीव मोक्षार्थी व्रतान्यपि ततस्त्यजेत् ॥८३॥**

અપુણ્ય અવ્રતે, પુણ્ય, -વ્રતે, મોક્ષ દ્વય-ક્ષયે;
વ્રતો ય અવ્રતો પેઠે, મૂકે મોક્ષાશયી થયે. ૮૩

**ભાવાર્થ :—** આ સંસાર દુઃખનો દરિયો છે, એવો અનેક જ્ઞાની, વિચારવાન જીવોનો અભિપ્રાય છે. દુઃખનું કારણ મુખ્યપણે પાપ છે. પાપ એટલે શુભ કે પુણ્ય—માર્ગનો મોટે ભાગે ત્યાગ છે. અજ્ઞાન કે મિથ્યાત્વ જેવું એકે પાપ નથી. અજાણ્યો અને આંધળો બરાબર છે એમ કહેવાય છે, તેનું કારણ પણ એ જ છે કે મિથ્યાત્વરૂપી મદિરાના છાકથી જીવ ઉન્મત્ત બન્યો હોય, ત્યારે કયું પાપ ન કરે? અજ્ઞાન દશામાં જીવને વિપરીત રુચિ હોય છે. તેથી પોતાના હિતનો માર્ગ તેને સૂઝતો નથી કે ગમતો પણ નથી, પાપમાર્ગમાં તેને પ્રીતિ થાય છે. તેનું શું ફળ આવશે તેનો વિચાર, મિથ્યાત્વના બળ આગળ, આવતો નથી. આમ પાપ-પ્રવૃત્તિ મોટે ભાગે સંસારમાં હોય છે. શુભ પ્રવૃત્તિ દેખાય છે ત્યાં પણ અંતરમાં વાસના કે લક્ષ તો અશુભની પ્રિયતાનો હોય છે; તેથી જે પુણ્યનો ઉદય દેખાય છે, તે મોટે ભાગે પાપાનુબંધી પુણ્યનો જ હોય છે. તેથી પુણ્યના ઉદયમાં પણ પાપ બંધાય તેવી જીવની રુચિ અને પ્રવૃત્તિ જોવામાં આવે છે. તે જોઈ જ્ઞાની પુરુષો ભવથી ખેદ પામે છે અને ફરી આવા સંસારમાં જન્મવું જ ન પડે તે અર્થે મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે. આ જ્ઞાની પુરુષોનો સંમત

કરેલો મોક્ષ-માર્ગ જ સંમત કરવા યોગ્ય છે. સામાન્ય રીતે વિપરીત બુદ્ધિને આશ્રયે વર્તતા જીવો હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ આ પાંચ પાપને આધારે પ્રવર્તતા જણાય છે; નીતિ કે ધર્મના નિયમો તેમને, તે માર્ગે પ્રવર્તતાં માનેલાં, બંધનકારક લાગે છે તેથી નિયમિત જીવન તેમને પોતે કલ્પેલાં સુખોને લૂંટી લેનાર સમજાય છે. તેથી તે પાંચ પાપોને રોકનાર વ્રતો લેવાની, સંસાર-લોલુપી જીવોને વૃત્તિ નથી. તેનું ફળ જગતમાં દુઃખ, દુઃખ અને દુઃખનું જ દર્શન છે.

વ્રત, નિયમ, તપ આદિમાં વર્તતા જીવો પાપનાં કારણો રોકી શુભભાવમાં પ્રવર્તે છે, ત્યારે પુણ્ય બાંધે છે. તેના ફળરૂપે દેવગતિ, ભોગભૂમિમાં જન્મ, કે રાજા, શેઠ શાહુકાર આદિ વૈભવ-સંપન્ન કુળોમાં ઉત્પત્તિ થાય છે. આત્મજ્ઞાની પુરુષે જગતમાં જીવોને પરંપરા પણ આત્મહિત થાય એ અભિપ્રાયે નિષ્કારણ કરુણાથી સન્માર્ગની પ્રરૂપણા કરી હોય છે, તેનું જાણતાં અજાણતાં પણ આચરણ થવાથી જીવ શુભભાવમાં પ્રવર્તે ત્યારે પુણ્ય બાંધે છે, તેનાં ફળરૂપે આ શાતા, ધન, વૈભવ આદિની પ્રાપ્તિ થઈ છે. પણ તેનું મૂળ કારણ સત્પુરુષ છે એમ જીવને ભાન નથી. માત્ર ભણ્યો કે વેપાર કર્યો તેથી હું કમાઉં છું એમ માને છે. આખું જગત દુઃખથી ભરપૂર છે, તેમાં સમુદ્રમાં મોટાં મોજાં ઉપર ફીણ શ્વેત વર્ણથી શોભે તેમ ક્યાંક જગતમાં રમણીયતા ભાસે છે, તે પુણ્યના ઉદયે છે. ન્યાય, નીતિ, સચ્ચાઈ, પરોપકાર, પ્રમાણિકતા જગતમાં ન હોય તો તેનું સ્વરૂપ ભયંકર નરક તુલ્ય બને. તેમ છતાં પુણ્ય પણ એક પ્રકારનો બંધ છે,



મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ છે, એમ જ્ઞાનીપુરુષોએ દીઠું છે. તે યથાર્થ છે. જેમ અવ્રત દશામાં અશુભ વિકલ્પોથી જીવ ઘેરાયેલો રહે છે, તેમ વ્રતધારી દશામાં શુભ વિકલ્પોનો સંભવ ગણી, વિકલ્પોનો બોજો દૂર કરવા આ ગાથામાં ભલામણ કરી છે કે સહજ સ્વભાવ આત્માનો છે, તેને નિયમ-વ્રતના વિકલ્પોમાં દોરી, સહજ સ્વભાવે પરિણામતા આત્મામાં શુભ ભાવોનું માહાત્મ્ય ટકાવી રાખવાની જરૂર નથી. અશુભ વિકલ્પો ટાળવા, શુભની મદદ લીધી છે. પણ આત્માને વિકલ્પી રાખવો નથી. તેથી નિર્વિકલ્પ દશામાં ટકી શકાય તે અર્થે શુભ વિકલ્પોને જતા કરવા ઘટે છે.

હવે વ્રતો તજવાનો ક્રમ દર્શાવતા ગ્રંથકાર આગળની ગાથા વર્ણવે છે :–

**अव्रतानि परित्यज्य व्रतेषु परिनिष्ठितः ।**
**त्यजेत्तान्यपि संप्राप्य परमं पदमात्मनः ॥८४॥**

અવ્રતો તજી મોક્ષાર્થી, વ્રતોમાં સ્થિરતા ભજે;
પરમ પદ આત્માનું, પામી દ્રવ્ય વ્રતો તજે. ૮૪

**ભાવાર્થ :–** અનાદિ કાળની પાપ દ્વારા પણ વિષય-ભોગ પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિ અન્યાયી, દુરાચારભરી અને દુઃખદાયી લાગે, ત્યારે જીવ તેનો નિયમપૂર્વક ત્યાગ કરે છે. અશુભ પ્રવૃત્તિ તજી શુભમાં પ્રવૃત્તિ કરવા છતાં મનને જૂના સંસ્કારો હજી પજવે છે. પ્રવૃત્તિ નિયમપૂર્વક તજી દીધા છતાં વૃત્તિ પાપ તરફ પણ વળી જાય છે. તે વૃત્તિના દોષો તપાસી પાપભાવને નિંદી, તે પ્રત્યે તિરસ્કાર કરી, જીવ પાછો શુભ ભાવો પ્રત્યે બળપૂર્વક પ્રવર્તે છે.

"ૐ ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે.

વિષય કષાયાદિ વિશેષ વિકાર કરી જાય તે વખતે વિચારવાનને પોતાનું નિર્વીર્યપણું જોઈને ઘણો જ ખેદ થાય છે, અને આત્માને વારંવાર નિંદે છે, ફરી ફરીને તિરસ્કારની વૃત્તિથી જોઈ, ફરી મહંત પુરુષના ચરિત્ર અને વાક્યનું અવલંબન ગ્રહણ કરી, આત્માને શૌર્ય ઉપજાવી, તે વિષયાદિ સામે અતિ હઠ કરીને તેને હઠાવે છે ત્યાં સુધી નીચે મને બેસતા નથી, તેમ એકલો ખેદ કરીને અટકી રહેતા નથી. એ જ વૃત્તિનું અવલંબન આત્માર્થી જીવોએ લીધું છે. અને તેથી જ અંતે જય પામ્યા છે. આ વાત સર્વ મુમુક્ષુઓએ મુખે કરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય છે." —શ્રીમદ્ રાજચંદ્ર

આમ પુરુષાર્થ કર્યા કરતાં કદી પણ અતિચાર લાગ્યા વિના પાંચે મહાવ્રતો તથા ઉત્તર ગુણોનું ઉત્તમ રીતે પાલન સહજ સ્વભાવે થયા કરે તેવી જીવની વર્તના-ભૂમિકા પ્રાપ્ત થયે આત્મા પરમાત્મદશા પામે છે. પછી પાંચ મહાવ્રતાદિના વિકલ્પો રહેતા નથી. આપોઆપ વ્રતના વિકલ્પો પણ છૂટી જાય છે; અને પરમાત્મ-દશા કે નિર્વિકલ્પ દશામાં અપ્રમત્તપણે પોતે રહ્યા કરે છે.

જેમ વ્રતો ગ્રહણ કરી અશુભ વિકલ્પોને રોકવાનો પ્રયત્ન કર્યા છતાં પૂર્વ અભ્યાસને લઈને અશુભ વિકલ્પો શરૂઆતમાં સ્ફુરી આવે છે, તેમ જ્ઞાનદશા પ્રાપ્ત થયે અશુભ વિકલ્પો તો ટળી જ જાય છે, પણ શુભ વિકલ્પો વ્રતમાં અતિચાર આદિ ન લાગી જાય તેવી સંભાળ લેવાના, શરૂઆતમાં રહ્યા કરે છે, તે પણ અપ્રમત્ત દશામાં ટાળવાના



છે. નહીં તો વિકલ્પો સ્ફુરતાં અપ્રમત્તદશા છૂટી પ્રમત્તભાવમાં જીવ આવી જાય છે. તે કારણે ગ્રંથકાર ભલામણ કરે છે કે અપ્રમત્ત દશામાં આત્માની પરમપદમાં લીનતા થાય તેવા અવસરે આવશ્યક આદિના વિકલ્પો પણ તજી દેવા યોગ્ય છે. શુભ પ્રવૃત્તિના વિકલ્પો પણ આત્માને સહજ સ્વભાવે પરિણમવા દેતા નથી, તેથી નિર્વિકલ્પ દશામાં ઉપયોગને શુભ ભાવો પ્રત્યે પણ ભમાવવો યોગ્ય નથી. એ દશામાં જગતનું, પર્યાયદૃષ્ટિનું વિસ્મરણ કરી સ્વભાવમાં એકાગ્રતા કરવાની હોય છે, કે સ્વાભાવિક રીતે તે દશા પ્રાપ્ત થઈ હોય છે. 'હું સાધુ છું', 'મારે પ્રતિક્રમણનો, ગોચરી જવાનો કે વ્યાખ્યાનનો વખત થયો છે,' આદિ વિકલ્પો પર્યાર્યદૃષ્ટિને મુખ્ય કરી, પ્રમત્ત દશામાં ખેંચી લાવનાર છે.

હવે વિકલ્પો એ જ આત્માને દુઃખનાં મૂળ રૂપ છે, તેનો નાશ કરવા ગ્રંથકાર ઉપદેશ દે છે :—

**यदन्तर्जल्पसंपृक्तमुत्प्रेक्षाजालमात्मनः ।**
**मूलं दुःखस्य तन्नाशे शिष्टमिष्टं परं पदम् ॥८५॥**

અંતર્વાચા વિકલ્પોની—જાળ જે દુઃખ-મૂળ તે;
ઉખેડી આત્મશાંતિ લ્યો, ઉત્તમ, અનુકૂળ એ. ૮૫

**ભાવાર્થ :—** અંતરમાં વાણી રૂપે સ્ફુરતા ખ્યાલો, તરંગો તે અંતર્જલ્પ છે; જેમકે કોઈ કોઈ આવીને આત્મા સંબંધી પૂછે, તો તેને આ પ્રમાણે, આવાં દૃષ્ટાંતો આપીને, સંતોષકારક ઉત્તર આપવો; અથવા આકાશગામિની લબ્ધિ પ્રગટે તો મેરુ પર્વત ઉપર કે કૈલાસ પર્વત ઉપર જવું, આકાશમાં રહી નીચે નદી, પર્વત, નગરો, લશ્કર વગેરે નિહાળતા જતાં પરિશ્રમ વિના જાત્રા થાય. આવા તરંગો સહિત કાલ્પનિક

સૃષ્ટિ રચાય : જાણે કે આકાશમાં વાદળાંની ઘનઘોર ઘટા છવાઈ ગઈ છે. ઇંદ્ર—ધનુષ્યથી પૂર્વ દિશા શોભે છે, પશ્ચિમમાં સૂર્ય વાદળાં નજીક તાપ રહિત પ્રકાશે છે અને આકાશમાં હલકા ફૂલ પેરે ઊડીએ છીએ, આવી કલ્પનાઓ ઉત્પેક્ષા કહેવાય છે.

આવી કલ્પનાઓ કે ઉપરાઉપરી તરંગો ઊઠે તેને ઉત્પેક્ષાજાળ કહેવાય છે. તે આત્માને આત્મભાવે પરિણમવા ન દે, પણ ઇચ્છાઓ, સંકલ્પો આત્માને વ્યાકુળ કરે છે, તે આત્માના દુઃખનાં મૂળ છે એમ ગ્રંથકાર કહે છે તે યથાર્થ છે.

''કથા ઇચ્છત? ખોવત સબે! હૈ ઇચ્છા દુઃખ-મૂલ;
જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.''

''તે જિન-વર્ધમાનાદિ સત્પુરુષો કેવા મહાન મનોજયી હતા! તેને મૌન રહેવું—અમૌન રહેવું બન્ને સુલભ હતું; તેને સર્વ અનુકૂળ પ્રતિકૂળ દિવસ સરખા હતા; તેને લાભ-હાનિ સરખી હતી; તેનો ક્રમ માત્ર આત્મસમતાર્થે હતો. કેવું આશ્ચર્યકારક કે, એક કલ્પનાનો જય એક કલ્પે થવો દુર્લભ, તેવી તેમણે અનંત કલ્પનાઓ કલ્પના અનંતમા ભાગે શમાવી દીધી!'' —શ્રીમદ્ રાજચંદ્ર

''નાનપણની નાની સમજણમાં કોણ જાણે ક્યાંથીએ મોટી કલ્પનાઓ આવતી. સુખની જિજ્ઞાસા પણ ઓછી નહોતી અને સુખમાં પણ મહાલય, બાગબગીચા, લાડી-વાડીનાં કંઈક માન્યાં હતાં; મોટી કલ્પના તે આ બધું શું છે તેની હતી. તે કલ્પનાનું એક વાર એવું રૂપ દીઠું કે પુનર્જન્મે નથી, પાપે નથી, પુણ્યે નથી, સુખે રહેવું અને સંસાર ભોગવવો એ જ કૃતકૃત્યતા છે. એમાંથી બીજી પંચાતમાં નહીં પડતાં, ધર્મની વાસનાઓ કાઢી નાખી. કોઈ ધર્મ માટે ન્યૂનાધિક કે શ્રદ્ધા-ભાવપણું રહ્યું નહીં. થોડો વખત ગયા પછી એમાંથી ઓર જ થયું. જે થવાનું મેં કલ્પ્યું નહોતું, તેમ તે માટે મારા ખ્યાલમાં હોય એવું કંઈ મારું પ્રયત્ન પણ નહોતું, છતાં અચાનક ફેરફાર થયો; કોઈ ઓર અનુભવ થયો, અને જે અનુભવ પ્રાયે શાસ્ત્રમાં લેખિત ન હોય, જડવાદીઓની કલ્પનામાં પણ નથી, તેવો હતો. તે ક્રમે કરીને વધ્યો; વધીને અત્યારે એક 'તુંહિ તુંહિ'નો જાપ કરે છે.'' —શ્રીમદ્ રાજચંદ્ર



''જહાં કલપના-જલપના, તહાં માનું દુઃખ છાંઈ;
મિટે કલપના-જલપના, તબ વસ્તુ તિન પાઈ.''
—શ્રીમદ્ રાજચંદ્ર

આત્માની ચપળતા ટળી, સ્વસ્થતા પ્રગટે એ જ આત્માનું સહજ સ્વરૂપ છે. કલ્પના-જલ્પના ટળતાં શેષ સ્વરૂપ રહે છે તે જ પોતાનું પરમપદ છે એમ ગ્રંથકાર કહે છે.

એ પરમપદની પ્રાપ્તિનો ક્રમ ગ્રંથકાર હવે જણાવે છેઃ-

**अव्रती व्रतमादाय व्रती ज्ञानपरायणः ।**
**परात्मज्ञानसंपन्नः स्वयमेव परो भवेत् ॥८६॥**

અ-વ્રતી વ્રત ધારીને, જ્ઞાનાભ્યાસી વ્રતી રહે;
કેવલજ્ઞાનથી પોતે પરમાત્મદશા ગ્રહે. ૮૬

**ભાવાર્થ :—** ગાથા ૮૪ મીમાં વ્રત ત્યાગનો ક્રમ જણાવ્યો છે, તે જ ક્રમ પરમપદની પ્રાપ્તિનો છે; પરંતુ ત્યાં વિકલ્પ-ત્યાગનો મુખ્ય લક્ષ છે. અહીં પરમપદ પ્રાપ્તિનો લક્ષ છે. પરમપદ સુખ-સ્વરૂપ છે એમ જ્યારથી જીવથી મનાય છે, ત્યારથી જ તે પરમપદના ક્રમમાં રુચિવંત થાય

છે. પોતાની શક્તિ વ્રત, નિયમ, સદાચાર પાળવા જેટલી ન દેખે તો ઉતાવળ કરી વ્રત લઈ લોકોમાં ધર્માત્મા મનાવવાની લાલચમાં તે લલચાતો નથી; તથા વ્રત, નિયમ લઈ તોડવા તે પરમપદના ક્રમને લજ્જાસ્પદ તથા પોતાના મનને નિર્બળ કરનાર માને છે; તેથી તેવી શક્તિ પોતાની ન જણાય ત્યાં સુધી તે સમ્યક્-દૃષ્ટિ મહાત્મા અવિરતિ ગૃહસ્થ પેઠે વર્તે છે પરંતુ અંતરંગમાં નિર્ગ્રંથ દશા વધતી જાય, વ્રત નિયમને યોગ્ય સહનશીલતા, નિષ્કષાયતાની શક્તિનો સંચય થતો જાય, તેવા અભ્યાસમાં યથાશક્તિ પ્રવર્તે છે.

દેશવિરતિ કે સર્વવિરતિ યોગ્ય શક્તિ પ્રગટ થતાં અણુ કે મહાવ્રતો સમ્યક્દૃષ્ટિ જીવ આદરે છે. અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાન કષાયોના અભાવે દેશવિરતિ આદરેલી હોવાથી તે મંદકષાયી જીવને પાપના વિકલ્પો પજવતા નથી કે સ્ફુરતા જ નથી. પોતાની ભૂમિકાને યોગ્ય શાંતિ તે અનુભવે છે અને આત્મોન્નતિ અર્થે પ્રત્યાખ્યાનાવરણીય કષાયો મંદ પડે તે અર્થે સત્શ્રુતના અભ્યાસ દ્વારા ધર્મધ્યાન અને વીતરાગતાની વૃદ્ધિ થાય તેમ નિર્દંભપણે અને મક્કમપણે તે પ્રવર્તે છે.

આમ જ્ઞાનપરાયણ દેશવ્રતી કે મહાવ્રતી અંતરાત્મા પરમાત્મપદની ભાવનામાં કષાય નિવારતાં પ્રવર્તે છે. જ્યારે સંજ્વલન કષાયની મંદતા અપ્રમત્ત દશામાં વિશેષ થાય છે, ત્યારે તે મહાત્મા શ્રેણી માંડી સર્વ કષાય, નો-કષાયનો ક્ષય કરી ક્ષીણમોહી બને છે. પછી અંતર્મુહૂર્તમાં પરમાત્મા બની જીવન્મુક્ત રૂપે સર્વ જીવને હિતકર, સ્વાભાવિક ઉપદેશ દેતા વિચરે છે. આ કૃતકૃત્ય મહાત્મા માનવ સમાજના મુકુટશિરોમણિ છે. તેમને લઈને આ અવની પણ પાવન



બને છે; તેમના પ્રત્યક્ષ સમાગમમાં આવેલા યોગ્ય ભવ્ય જીવોને પરમપદની પરમ પ્રતીતિ પરમ પ્રગટ્યો થાય છે. તેમનાં નિષ્કષાયી, પરમ જ્ઞાનથી પ્રગટેલાં ઉત્તમ વચનામૃતો, તે મહાભાગ્ય શ્રોતાઓના હૃદયમાં સોંસરાં ઊતરી જાય છે, અને પરમપદના ક્રમમાં તેમને સહેજે ત્વરાથી આગળ વધવાની પ્રેરણા કર્યા કરે છે, વીર્ય શક્તિને પ્રગટાવે છે; અને અલ્પકાળમાં જેમનાં વચનામૃત તે પીએ છે, તેમના જેવા જ તેઓ બની જાય છે.

‘‘ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાની પુરુષનાં ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે, અને સેવશે. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી, વર્તમાને એ જ માર્ગથી થાય છે અને અનાગત કાળે પણ જ્ઞાનપ્રાપ્તિનો એ જ માર્ગ છે. સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવા જતાં એ જ છે.’’ —શ્રીમદ્ રાજચંદ્ર

જેવી રીતે વ્રતના વિકલ્પો મોક્ષનું કારણ નથી, તેમ લિંગ એટલે વેષના વિકલ્પો પણ મોક્ષના હેતુ નથી. તેથી તેવા આગ્રહ ત્યાગવા ગ્રંથકાર આગળ કહે છે :—

**लिङ्गं देहाश्रितं दृष्टं देह एवात्मानो भवः ।**
**न मुच्यन्ते भवात्तस्माते ये लिङ्गकृताग्रहाः ।।८७।।**

વેષ જો દેહનો ધર્મ, દેહ સંસાર જીવનો;
તરે સંસારથી તે ના, વેષ-આગ્રહ જેમનો. ૮૭

**ભાવાર્થ :–** આત્મા અને શરીર એ બન્નેની જાતિ જુદી છે. એક ચેતન છે, બીજું જડ છે. આત્માને આશ્રિત આત્મ-ધર્મો છે, શરીરને આશ્રિત શારીરિક ધર્મો છે; જ્ઞાનાદિ આત્મ-ધર્મો છે; રૂપ, રસ, ગંધ, સ્પર્શાદિ શરીરના ધર્મો છે; જ્ઞાનાદિની વૃદ્ધિ એ આત્મોન્નતિનું કારણ છે; રૂપાદિની શોભા, વેષ-વ્યવહાર વગેરે દૈહિક ધર્મોનું માહાત્મ્ય સંસાર-વૃદ્ધિનું કારણ છે. આત્માથી ભિન્ન દેહને આધારે વેષ-વ્યવહાર હોવાથી, દેહને આધારે જે સંસાર છે, તે સંસારભાવોની વૃદ્ધિનું કારણ વેષાદિના આગ્રહો બને છે. આમ વેષમાં આગ્રહ કરનારનો મોક્ષ થતો નથી. કારણ કે તેને દેહ સંબંધી બાબતોનો આગ્રહ હોવાથી દેહ-ભાવનાના ફળરૂપ ફરી દેહ ધારણ કરવો પડે છે.

ગાથા ૭૪ મી દેહ-ભાવના વિષે જણાવી છે, તે પ્રમાણે વેષના આગ્રહવાળા જીવોને દેહભાવના રહ્યા કરે છે, તેથી ફરી ફરી દેહ ધારણ કરી તે સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે.

કોઈ કોઈ મતવાળા ગૃહસ્થવેષ (લિંગ)નું વિશેષ મહત્ત્વ ગણે છે અને તેને આધારે ત્યાગી-વર્ગ પણ જીવી શકે છે એમ માને છે. તેમના ભગવાનનું વર્ણન પણ ગૃહસ્થ-વેષે વૈભવ-યુક્ત કરેલું હોય છે. તે તો અલ્પ વિચારે પણ અયુક્ત લાગે તેવું છે. કારણ કે સર્વ શાસ્ત્રોનો લક્ષ મોહ ત્યાગવાનો છે, પરંતુ ગૃહ વેષમાં મોહથી અલિપ્ત રહેવું અતિ અતિ દુષ્કર છે એમ અનુભવી જનોનું વારંવાર કથન છે. દરેકનો અનુભવ તેમાં સાક્ષી પૂરે તેમ છે.

ત્યાગ માર્ગ એ મોક્ષનો રાજમાર્ગ છે. સર્વ પ્રધાન ધર્મોમાં તેની મુખ્યતા વર્ણવી છે તે દ્વારા ઉપાધિ છૂટે છે,



પરાધીનતા ટળે છે, અનાથ મટી જીવ સનાથ થાય છે. બાહ્ય ત્યાગમાં ધ્યેયને પ્રાપ્ત કરવામાં અનુકૂળતાઓ વિશેષ છે. પણ અંતર્ત્યાગ એ મોક્ષનું મૂળ છે. તેના વિના અનંત વાર બાહ્ય ત્યાગ ઉપાસ્યા છતાં જીવની મુક્તિ ન થઈ એમ મહાપુરુષો પોકારી પોકારીને કહી ગયા છે.

''અત્યંત જ્ઞાન હોય ત્યાં અત્યંત ત્યાગ સંભવે છે. અત્યંત ત્યાગ પ્રગટ્યા વિના અત્યંત જ્ઞાન ન હોય એમ શ્રી તીર્થંકરે સ્વીકાર્યું છે.

આત્મપરિણામથી જેટલો અન્ય પદાર્થનો તાદાત્મ્ય-અધ્યાસ નિવર્તવો તેને શ્રી જિન ત્યાગ કહે છે.

તે તાદાત્મ્યઅધ્યાસનિવૃત્તિરૂપ ત્યાગ થવા અર્થે આ બાહ્ય પ્રસંગનો ત્યાગ પણ ઉપકારી છે, કાર્યકારી છે. બાહ્ય પ્રસંગના ત્યાગને અર્થે અંતર્ત્યાગ કહ્યો નથી, એમ છે, તો પણ આ જીવે અંતર્ત્યાગને અર્થે બાહ્ય પ્રસંગની નિવૃત્તિને કંઈ પણ ઉપકારી માનવી યોગ્ય છે.''

''પરિણામમાં તો જે અમૃત જ છે, પણ પ્રથમ દશાએ કાળકૂટ વિષની પેઠે મુઝવે છે, એવા શ્રી સંયમને નમસ્કાર.''

''શરીરાદિ બળ ઘટવાથી સર્વ મનુષ્યોથી માત્ર દિગંબર-વૃત્તિએ વર્તીને ચારિત્રનો નિર્વાહ ન થઈ શકે, તેથી જ્ઞાનીએ ઉપદેશેલી મર્યાદાપૂર્વક શ્વેતાંબરપણેથી વર્તમાન કાળ જેવા કાળમાં ચારિત્રનો નિર્વાહ કરવાને અર્થે પ્રવૃત્તિ છે, તે નિષેધ કરવા યોગ્ય નથી. તેમ જ વસ્ત્રનો આગ્રહ કરી દિગંબરવૃત્તિનો એકાંત નિષેધ કરી વસ્ત્ર-મૂર્ચ્છાદિ કારણોથી ચારિત્રમાં શિથિલપણું પણ કર્તવ્ય નથી.

દિગંબર અને શ્વેતાંબરપણું દેશ, કાળ, અધિકારીયોગે ઉપકારનો હેતુ છે. એટલે જ્યાં જ્ઞાનીએ જેમ ઉપદેશ્યું તેમ પ્રવર્તતાં આત્માર્થ જ છે.'' —શ્રીમદ્ રાજચંદ્ર

વેષના આગ્રહમાં કલ્યાણ નથી એમ ગ્રંથકારનો આશય છે તેમ જ ઉત્તમ જાતિ આદિનો આગ્રહ પણ મોક્ષનું કારણ નથી તે જણાવવા આગળ ગાથા કહે છે :—

**जातिर्देहाश्रिता दृष्टा देह एवात्मनो भवः ।**
**न मुच्यन्ते भवात्तस्मात्ते ये जातिकृताग्रहाः ॥८८॥**

જાતિ જો દેહનો ધર્મ, દેહ સંસાર જીવનો;
તરે સંસારથી તે ના, જાતિ-આગ્રહ જેમનો. ૮૮

**ભાવાર્થ :—** વેષનો આધાર જેમ દેહ છે તેમજ જાતિ પણ દેહને આશ્રિત છે. જ્યાં આ દેહનો જન્મ થયો હોય તે જાતિથી તે ઓળખાય છે. અમુક જાતિમાં અમુક જ્ઞાન આદિ આત્મિક ગુણો હોય જ એવો નિયમ નથી. તેથી જાતિની ઉત્તમતાથી આત્માની ઉત્તમતા ઠરતી નથી. તેથી જાતિ એ મોક્ષમાર્ગમાં કારણ ગણવું યોગ્ય નથી.

**પ્રશ્ન :-** ''કઈ જાતિમાં મોક્ષ છે? કયા વેષમાં મોક્ષ?
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ.''
**ઉત્તર :-** ''જાતિ, વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય.''
શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર : શ્રીમદ્ રાજચંદ્ર

લૌકિક ધર્મોમાં લોકમાન્ય બ્રાહ્મણાદિ જાતિને મુખ્ય ગણી છે, અને લૌકિક પ્રભાવ તેથી સચવાય છે. પણ અલૌકિક મોક્ષમાર્ગ તો ભાવને આધારે પ્રવર્તે છે. દેહ, જાતિ કે વેષ આદિ બાહ્ય કારણોની તેમાં મુખ્યતા નથી.



''જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ.''
—શ્રીમદ્ રાજચંદ્ર

સંસારથી તરવું હોય તેણે લૌકિક આલંબનોનું માહાત્મ્ય ગાયા કરવું ઘટતું નથી.

જાતિનો આધાર દેહ છે અને દેહ એ જ આત્માને સંસારપરિભ્રમણનો હેતુ છે. તેથી જાતિનો આગ્રહ કરનારા સંસારપરિભ્રમણથી છૂટતા નથી; આમ ગ્રંથકાર ન્યાયપૂર્વક સાબિત કરે છે.

''યથાતથ્ય કલ્યાણ સમજાતું નથી તેનું કારણ વચનને આવરણ કરનાર દુરાગ્રહભાવ, કષાય રહ્યા છે. દુરાગ્રહભાવને લીધે મિથ્યાત્વ શું છે તે સમજાય નહીં. દુરાગ્રહને મૂકે કે મિથ્યાત્વ દૂર ખસવા માંડે. કલ્યાણને અકલ્યાણ અને અકલ્યાણને કલ્યાણ સમજે તે મિથ્યાત્વ. દુરાગ્રહાદિ ભાવને લીધે જીવને કલ્યાણનું સ્વરૂપ બતાવ્યા છતાં સમજાય નહીં. કષાય, દુરાગ્રહાદિ મુકાય નહીં તો પછી તે વિશેષ પ્રકારે પીડે છે.''

''જે કાંઈ કહ્યું છે તે કદાગ્રહ કરવાને કહ્યું નથી. આત્માની શુદ્ધિથી જેટલું અહિતકારી છે; માટે શુદ્ધતાપૂર્વક સદ્વ્રત સેવવાં. અમને તો બ્રાહ્મણ, વૈષ્ણવ ગમે તે સમાન છે. જૈન કહેવાતા હોય, અને મતવાળા હોય તો તે અહિતકારી છે; મતરહિત હિતકારી છે.'' ઉપદેશછાયા : શ્રીમદ્ રાજચંદ્ર

''જ્યાં સુધી બને ત્યાં સુધી જ્ઞાની પુરુષનાં વચનને લૌકિક આશયમાં ન ઉતારવાં; અથવા અલૌકિક દૃષ્ટિએ વિચારવાં યોગ્ય છે; અને જ્યાં સુધી બને ત્યાં સુધી લૌકિક

પ્રશ્નોત્તરમાં પણ વિશેષ ઉપકાર વિના પડવું ન ઘટે; તેવા પ્રસંગોથી કેટલીક વાર પરમાર્થદૃષ્ટિ ક્ષોભ પમાડવા જેવું પરિણામ આવે છે.'' —શ્રીમદ્ રાજચંદ્ર

હવે, વેષ વા જાતિનો આગ્રહ જેમનાં શાસ્ત્રોમાં હોય તેની શ્રદ્ધા કરનાર પણ પરમપદને પ્રાપ્ત કરી ન શકે એવો અભિપ્રાય જણાવવા ગ્રંથકાર આગળની ગાથા કહે છેઃ—

**जातिलिङ्गविकल्पेन येषां च समयाग्रहः ।**
**तेऽपि न प्राप्नुवन्त्येव परमं पदमात्मनः ॥८९॥**

જાતિ-વેશ-વિકલ્પોનો, શાસ્ત્ર-આગ્રહ જે ગ્રહે;
તે ય પામે ન આત્માનું, પરમપદ મોક્ષ જે. ૮૯

**ભાવાર્થ :—** દેવ, ગુરુ અને શાસ્ત્રની શ્રદ્ધાને આધારે મોક્ષમાર્ગ પ્રતીત કરી જીવો મોક્ષને અર્થે પુરુષાર્થ કરે છે. શાસ્ત્રને આધારે આ કાળમાં દેવ, ગુરુના સ્વરૂપનો નિર્ણય થાય છે. સત્શાસ્ત્રને બદલે કુશાસ્ત્રને આગમ માની જે પ્રવર્તે તેને સત્શ્રદ્ધા હોઈ શકે નહીં; તેવા જીવનો મોક્ષ પણ થાય નહીં.

''સત્યાર્થ શાસ્ત્રનું સ્વરૂપ :- શાસ્ત્ર તે છે કે જે સર્વજ્ઞ વીતરાગનું બોધેલું હોય, કોઈ વાદી પ્રતિવાદી જેનું ઉલ્લંઘન કરી શકે નહીં એવું હોય, પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણથી જેમાં વિરોધ ન આવે તેવું હોય, વસ્તુનું સ્વરૂપ જેવું હોય તેવો ઉપદેશ જેમાં હોય, સર્વ જીવોને હિતકારી હોય તથા કુમાર્ગનો નિષેધ કરનાર હોય. આ છ વિશેષણો-યુક્ત હોય તે સાચાં શાસ્ત્ર છે.''

''પરમાગમના અભ્યાસ વિના જે કાળ જાય છે, તે વ્યર્થ વહ્યો જાય છે. સ્વાધ્યાય વિના શુભ ધ્યાન થતું નથી,



સ્વાધ્યાય વિના પાપથી છુટાતું નથી, કષાયની મંદતા થતી નથી. સત્શાસ્ત્રના સેવન વિના સંસાર, દેહ, ભોગો ઉપરથી વૈરાગ્ય ઊપજતો નથી. સર્વ વ્યવહારની ઉજ્જ્વળતા, પરમાર્થના વિચાર આગમના સેવનથી જ થાય છે. શ્રુતના સેવનથી જગતમાં માન્યતા, ઉચ્ચતા, ઉજ્જ્વળ યશ, આદર-સત્કાર પમાય છે.'' સમાધિ-સોપાન

જીવનને ઉન્નત બનાવવામાં આમ આગમ ઉપકારી છે. માટે સદોષ આગમને સત્શાસ્ત્ર માનવાની ભૂલ જીવ કરે, તો તે પરમપદની પ્રાપ્તિને ચૂકી જાય એવું જોખમ તેમાં છે તે જણાવવા આ ગાથા ગ્રંથકારે પ્રકાશી છે.

વેદાંતમાં પણ બ્રાહ્મણને જ સંન્યાસ-દીક્ષા આપવામાં આવે છે એટલે જાતિની મુખ્યતા ગણાય છે. અમુક જાતિના બ્રાહ્મણોને પણ સંન્યાસદીક્ષા અપાતી નથી. અમુક જ્ઞાતિઓને વેદનું વાંચન-શિક્ષણ પણ નિષેધવામાં આવ્યું છે.

તે પ્રમાણે જૈન આગમનો અભ્યાસ ગૃહસ્થોને નિષેધેલો છે, એમ રૂઢિ થઈ પડી છે. અમુક જ્ઞાતિઓને જૈનદીક્ષા ન મળે એમ જૈનમાર્ગમાં પણ રૂઢ થતું જાય છે. અમુક લિંગ વિના મોક્ષ ન થાય એમ પણ માન્યતા જૈનધર્મમાં થઈ પડી છે. તે સઘળાનો વિરોધ કરતી આ પ્રાચીન ગાથા બહુ વિચારીય છે.

જે આગમમાં જાતિ અને વેષનો આગ્રહ હોય તે આગમને માન્ય કરનારને પરમપદની પ્રાપ્તિ થતી નથી. આવું સ્પષ્ટ આ ગાથામાં શ્રી પૂજ્યપાદ સ્વામીએ, તે વખતની માન્યતાઓ વિરુદ્ધ પોતાનો સુધારો રજૂ કરવા, લખ્યું જણાય છે.

હવે મોહના ઉદયે જીવની શી દશા થાય છે તે વર્ણવવા ગ્રંથકાર આગળની ગાથા કહે છે :—

**यत्त्यागाय निवर्तन्ते भोगभ्यो यदवाप्तये ।**
**प्रीतिं तत्रैव कुर्वन्ति द्वेषमन्यत्र मोहिनः ॥९०॥**

દેહ-પ્રીતિ જવા ત્યાગ્યા-ભોગ, નિસ્પૃહતા થવા;
ત્યાં જ મોહાંધની પ્રીતિ, ઇચ્છે વૈરાગ્ય ત્યાગવા. ૯૦

**ભાવાર્થ :—** ઉચ્ચ જાતિના જીવો ઉત્તમ લિંગરૂપ દીક્ષા લે છે, ભોગોનો ત્યાગ કરે છે, તપ આદિ ક્લેશો સહન કરે છે. તે દ્વારા દેહાધ્યાસ, સુકુમારતા, શાતાશીલિયું વર્તન તજવા ઇચ્છે છે, ત્યાગની મૂર્તિનો દેખાવ પણ કરે છે; તેમ છતાં જાતિ, વેષના કે કુશાસ્ત્રના અભિનિવેશને કારણે મિથ્યાત્વ મોહનો ઉદય થતાં ત્યાગ, સહનશીલતા, જિતેંદ્રિયતા આદિનો લક્ષ મંદ પડી જાય છે, ત્યારે દેહાધ્યાસ પ્રત્યે પ્રીતિ થાય છે, ભોગ, મહત્તા, ઐશ્વર્ય પ્રિય લાગે છે અને વીતરાગતા, મોક્ષ, તપ આદિ સાધનો પ્રત્ય અરૂચિ થતી જાય છે.

અઢાર દૂષણ રહિત વીતરાગ દેવ, નિર્ગ્રંથ સમ્યક્‌દૃષ્ટિ ગુરુ અને કેવળી ભગવંત શ્રી તીર્થંકરે પ્રરૂપેલો ધર્મ માનનાર, ત્યાગ-વૈરાગ્યમાં વર્તતા જીવોને પણ મિથ્યાત્વમોહનીય કર્મના ઉદયે વિપરીત સમજણ થાય છે, વર્તન પણ વિપરીત કરતા જોવામાં આવે છે. જૈનમંદિરમાં શ્રી વીતરાગ ભગવંતનાં પવિત્ર દર્શન, પૂજન, વંદન નિમિત્તે જાય તોપણ સરાગ દેવદેવીઓ પ્રત્યે વિશેષ માન્યતા રાખતા, ભાવથી દર્શન-સ્તવન કરતા જોવામાં આવે છે. કારણ કે વીતરાગ ભગવાન પાસેથી તો



ધન, પુત્રાદિની ઇચ્છા રાખવી વ્યર્થ માની, આ દેવદેવીઓનું માહાત્મ્ય ઘણાં જૈન દેરાસરોમાં વધતું જાય છે તે મોહનું જ માહાત્મ્ય છે.

વળી આ કાળમાં મોક્ષ ન થાય એવી વિશેષ ચર્ચા થઈ પડ્યાથી દેવલોકનાં સુખની પ્રાપ્તિ કરવાની, ધર્મ આરાધતા જીવોની અભિલાષા રહ્યા કરે છે, તો આ લોકના સુખોની આશા તો રહે જ એમાં નવાઈ જેવું નથી.

‘‘અજ્ઞાનીઓ આજ ‘કેવળજ્ઞાન નથી,’ ‘મોક્ષ નથી’ એવી હીનપુરુષાર્થની વાતો કરે છે. જ્ઞાનીનું વચન પુરુષાર્થ પ્રેરે તેવું હોય. અજ્ઞાની શિથિલ છે તેથી એવાં હીનપુરુષાર્થનાં વચનો કહે છે. પંચમકાળની, ભવસ્થિતિની, દેહદુર્બળતાની કે આયુષ્યની વાત ક્યારેય પણ મનમાં લાવવી નહીં; અને કેમ થાય એવી વાણી પણ સાંભળવી નહીં.’’

‘‘જ્ઞાની પુરુષનાં વચનોનું અવલંબન લેવાથી જાણપણું થાય. સાધન છે તે ઉપકારના હેતુઓ છે. જેવા જેવા અધિકારી તેવું તેનું ફળ. સત્પુરુષના આશ્રયે લે તો સાધનો ઉપકારના હેતુઓ છે. સત્પુરુષની દૃષ્ટિએ ચાલવાથી જ્ઞાન થાય છે. સત્પુરુષોનાં વચનો આત્મામાં પરિણામ પામ્યે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, અશુભયોગ વગેરે બધા દોષો અનુક્રમે મોળા પડે. આત્મજ્ઞાન વિચારવાથી દોષો નાશ થાય છે. સત્પુરુષો પોકારી પોકારીને કહી ગયા છે, પણ જીવને લોકમાર્ગમાં પડી રહેવું છે; અને લોકોત્તર કહેવરાવવું છે; ને દોષ કેમ જતા નથી એમ માત્ર કહ્યા કરવું છે. લોકનો ભય મૂકી સત્પુરુષોનાં વચનો આત્મામાં પરિણમાવે તો સર્વ દોષ

જાય. જીવે મારાપણું લાવવું નહીં. મોટાઈ ને મહત્તા મૂક્યા વગર સમ્યક્ત્વનો માર્ગ આત્મામાં પરિણામ પામવો કઠણ છે.''

—ઉપદેશછાયા—શ્રીમદ્ રાજચંદ્ર

હવે મિથ્યાત્વમાં જે વિપરીત દૃષ્ટિ જીવની હોય તેનું દૃષ્ટાંત સહિત વર્ણન ગ્રંથકાર મુનિ મહારાજ કરે છે :—

**अनन्तरज्ञः सन्धत्ते दृष्टि पङ्गोर्यथाऽन्धके ।**
**संयोगाद् दृष्टिमङ्गेऽपि संघत्ते तद्वदात्मनः ॥९१॥**

પાંગળો અંધ-ખંધે ત્યાં, પંગુની દૃષ્ટિ અંધમાં-
આરોપે મૂઢ, તે રીતે આત્માની દૃષ્ટિ અંગમાં. ૯૧

**ભાવાર્થ :—** એક વનમાં આંધળો માણસ એકલો જઈ ચઢેલો. વનમાં દાવાનલ લાગ્યો, તેનો ગરમ પવન તેને લાગ્યો, ભડકાના અવાજ અને પશુ દોડાદોડ કરતાં તેના અવાજથી તેને પણ ભય લાગ્યો કે હવે અહીં બળી મરાશે, કોઈ બચાવે તો સારું એમ વિચારી તેણે બૂમ પાડી કે હું આંધળો છું, મને કોઈ બચાવો, બચાવો.

તે જ વનમાં થોડે દૂર કોઈ લૂલો માણસ પરાણે પરાણે ત્યાં આવી ચઢેલો, તેણે પણ ઝપાટાબંધ આગ પ્રસરતી જોઈ; ચારે બાજુ અગ્નિ ફરી વળશે તો બળી મરવું પડશે એવા ભયમાં તે હતો, તેવામાં આંધળાની બૂમ તેણે સાંભળી, તેથી તે મોટે સાદે બોલવા લાગ્યો કે ભાઈ, આ બાજુ હું બોલું છું તેને આધારે તું આવ. અહીં હજુ આગ આવી લાગી નથી. એમ કહી તે તેના તરફ પરાણે ખસવા લાગ્યો; અને તેને હોંકારાથી બોલાવવા લાગ્યો.

હાથમાં લાકડી અને ગભરાયેલો તે આંધળો પાંગળા પાસે આવી પહોંચ્યો. બન્નેએ ઠરાવ કર્યો કે આંધળાને ખભે



પાંગળે બેસવું અને પાંગળો જે દિશામાં જવાનું ડાબા-જમણી કહે તેમ આંધળે ચાલવું. આમ કરતાં તે વન ઓળંગીને વસ્તીવાળા પ્રદેશમાં સહીસલામત આવી પહોંચ્યા.

દૂરથી જોનારને કોઈ એક માણસ લાકડી લઈને ચાલતો આવે છે એમ લાગતું, પણ પાસે આવે ત્યારે જોનારને ખબર પડે કે ચાલનાર આંધળો છે અને દેખતો માણસ પાંગળો છે, તે તેને કહે તે પ્રમાણે આંધળો ચાલે છે, આંધળાના પગ કામ કરે છે, અને દેખતાની આંખો તથા અવાજ આંધળાને ચાલવામાં મદદરૂપ થાય છે.

આ દૃષ્ટાંત લક્ષમાં લઈને ગ્રંથકાર કહે છે કે દૂરથી જોનાર બે જણ આવે છે એમ જાણતો નથી, તેથી તે બન્નેના સંયોગને લીધે અજાણ્યો માણસ પાંગળાની દૃષ્ટિનો અંધમાં આરોપ કરે છે એટલે ચાલે છે તે જ જુએ છે એમ માને છે; તેવી જ રીતે આત્મા અને દેહના સંયોગને જે, બે દ્રવ્યો ભિન્ન છે એમ, જાણતો નથી, તે આત્માની દૃષ્ટિનો દેહમાં આરોપ કરે છે; એટલે દેહ પણ દેખે છે એમ અજાણ્યો, ભેદવિજ્ઞાનરહિત જીવ જાણે છે, માને છે.

''જે દૃષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ.''
''દેહ માત્ર સંયોગ છે, વળી જડ, રૂપી, દૃશ્ય;
ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય?''

—શ્રીમદ્ રાજચંદ્ર

''અનંત વાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી, સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ, એક માત્ર

આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો, એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઈએ.''

હવે આંધળો અને પાંગળો કે દેહ અને આત્મા ભિન્ન જાણે છે તે મિથ્યા આરોપની ભૂલ નથી કરતો પણ જેમ છે તેમ જુએ છે, એ વિષે ગ્રંથકાર આગળ ગાથા કહે છે :—

**दृष्टभेदो यथा दृष्टि पङ्गोरन्धे न योजयेत् ।**
**तथा न याजयेद्देहे दृष्टात्मा दृष्टिमात्मनः ॥९२॥**

ભેદ-જ્ઞાની ન પંગુની, દૃષ્ટિ અંધ વિષે લહે;
જ્ઞાની તેમ ન આત્માની, દૃષ્ટિ દેહ વિષે ગ્રહે. ૯૨

**ભાવાર્થ :—** દેહદૃષ્ટિ જેની ટળી છે અને દેહથી ભિન્ન, જાણનાર અંતરમાં કોઈ વસે છે તેનો જેને નિર્ણય થયો છે એવો અંતરાત્મા (અંતરજ્ઞ) કે ભેદ જાણનાર જ્ઞાની પુરુષ ભૂલથી એકને બીજા રૂપે કે એકના ગુણને બીજાના ગુણ રૂપે માનતો નથી.

ગયા શ્લોકમાં દૃષ્ટાંત આપ્યું છે તે આંધળાને, ભેદ જાણનાર આંધળો જાણે છે અને પાંગળાને પાંગળો જાણે છે; આંધળામાં ચાલવા આદિ ક્રિયા કરવાની શક્તિ છે અને પાંગળામાં જોવાની, માર્ગ બતાવવાની શક્તિ છે; એમ જેમ છે તેમ, અંતર જેનું ભેદાયું છે તે જાણે છે. તેથી પાંગળાની દૃષ્ટિનો આંધળામાં તે આરોપ કરતો નથી, તથા એક જ માણસ આવે છે એમ તે જાણતો નથી. બન્નેને બન્નેના યથાર્થ રૂપે જાણે છે.

તેમજ અંતર્ભેદ જાણનાર જ્ઞાની પુરુષ દેહને જડ, રૂપી, દૃશ્ય, પુદ્‌ગલના સંયોગરૂપ જાણે છે. તે દેહમાં જાણવાની શક્તિ નથી, કોઈ ચલાવે તો ચાલવાની શક્તિ છે. આ મને અનુકૂળ છે, પથ્ય છે, ઇષ્ટ છે એમ દેહને ખબર પડે એવું કોઈ કાળે બને તેમ નથી.



''દેહ ન જાણે તેહને, જાણે ન ઇન્દ્રી, પ્રાણ;
આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ.
સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય.''

—શ્રીમદ્ રાજચંદ્ર

તેથીજ્ઞાની જડ એવા દેહની ક્રિયાને આત્માનો ધર્મ માનતા નથી, રોગ આદિ શારીરિક ધર્મોથી આત્મહાનિ થતી માનતા નથી, તથા શરીર પુષ્ટ થાય તેને આત્માની પુષ્ટિ લેખતા નથી.

તેમજ આંખ દેખે છે, કાન સાંભળે છે, હાથ પૂજા કરે છે કે પગ યાત્રા કરે છે એમ જ્ઞાની માનતા નથી. જાણવાની, સમજવાની, શુભાશુભ ભાવ કરવાની શક્તિ દેહમાં નથી, આત્મામાં છે. ચેતન પોતાના ભાવો ઓળખી શુદ્ધ સ્વભાવમાં પરિણમે તો આત્માનો આનંદ પામે અને પુદ્‌ગલમાં સુખ શોધવાની કુટેવ ભૂલી જાય, પરિણામે મુક્ત થાય.

''ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ;
વર્તે નહિ નિજ ભાનમાં, કર્તા કર્મ પ્રભાવ''

—શ્રીમદ્ રાજચંદ્ર

કૂતરાં સૂકાં હાડકાં ચાવે છે, તે તાળવામાં વાગતાં લોહી નીકળે ત્યારે હાડકાંમાંથી રસ ઝરે છે એમ ભૂલથી માને છે; તેમ ઇચ્છેલી વસ્તુ મળતાં ઇચ્છાની શાંતિથી સુખ જીવને સમજાય છે, તે ચામડાના દેહથી મળ્યું એમ અજ્ઞાની માને છે; તેથી દેહ દૃષ્ટિ છૂટતી નથી. પરંતુ જ્ઞાની પુરુષો

તો આત્માને અનંત સુખનું ધામ માને છે, તેથી તેમાં વૃત્તિ નિરંતર રાખે છે.

“સુખધામ અનંત સુસંત ચહી, દિનરાત્ર રહે તદ્ધ્યાનમહીં;
પરશાંતિ અનંત સુખધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે.”

—શ્રીમદ્ રાજચંદ્ર

હવે જ્ઞાનભૂમિકા અને અજ્ઞાનભૂમિકાવાળા શાને વિભ્રમ કે બેભાનપણું માને છે તે વિષે ગ્રંથકાર કહે છે :—

**सुप्तोन्मत्ताद्यवस्थैव विभ्रमोऽनात्मदर्शिनाम् ।**
**विभ्रमोऽक्षीणदोषस्य सर्वावस्थाऽऽत्मदर्शिनः ॥९३॥**

ઊંઘ, ઉન્મત્તતાદિ ય, ભ્રાંતિ ના આત્મ-દર્શીનાં;
મોહાધીન બધે વર્તે, અહંભાવે જ ભ્રાંતિમાં. ૯૩

**ભાવાર્થ :—** જેણે દેહથી ભિન્ન એવા આત્માને માન્યો નથી એવા અનાત્મદર્શી કે દેહદૃષ્ટિ જીવને ઊંઘ કે ઉન્મત્ત દશા આદિ જ બેભાન અવસ્થાસમજાય છે. કારણ કે ઊંઘમાં જીવને પોતાની પથારી પાસે રહેલા શત્રુ-મિત્રનું પણ ભાન નથી; આખું જગત તેને શૂન્ય સમાન લાગે છે. તેમ જ સ્વપ્નમાં તેને નવી સૃષ્ટિ દેખાય છે, જે કંઈ છે જ નહીં. આવી વિપરીતતા ઊંઘમાં હોય છે, તેને વિભ્રમ કે ભ્રાંતિ કહે છે.

ઉન્મત્ત દશામાં પણ જીવને આ મારું કે આ પારકું, આ હિતકારી કે અહિતકારી એવું કંઈ ભાન હોતું નથી; વગર કારણે હસે છે, કોઈને મારે છે, ચોરી કરે છે, માર ખાતાં પણ હસે છે. ગાંડપણની આવી વિપરીતતાને પણ વિભ્રમ કહેવાય છે.

વ્યસન આદિની પરાધીનતામાં વર્તતા જીવો પણ જાણે છે કે મારી અપકીર્તિ થાય છે, ધન હરાઈ જાય છે, રોગો



ઉત્પન્ન થાય છે, મરણ સુધીનું જોખમ તેમાં રહેલું છે; છતાં વ્યસનમાં કલ્પિત સુખમાં અંધ બની ખુવારીને રસ્તે જ વેગભેર દોડ્યો જાય છે. આ પણ ગાંડપણ કે બેભાનપણું છે.

આ બધી લૌકિક દૃષ્ટિ છે, તરત સમજાય તેમ છે. પરંતુ જ્ઞાની પુરુષની સમજણ તેથી જુદી જ છે. જેણે દેહથી ભિન્ન, સાવ સ્પષ્ટ આત્મા જાણ્યો છે, માન્યો છે, એવા આત્મદૃષ્ટિ અંતરાત્માને તો જેના મિથ્યાત્વ આદિ દોષોના અભાવ થયો નથી એવા બહિરાત્માની સર્વ અવસ્થા—સ્વપ્ન, જાગૃત કે ઉન્મત્ત આદિ—વિભ્રમરૂપ, ગાંડપણ જેવી છે. અજ્ઞાની અર્હતની પૂજા કરતો હોય, આગમ ભણતો હોય કે જ્ઞાનીનાં વચનો બીજાને કહી સંભળાવતો હોય, તો પણ મિથ્યાત્વનો તેને ઉદય છે તેથી તેનું કરેલું કોઈ કાર્ય મોક્ષમાર્ગને સાધનારું નથી; તેથી તેની બધી અવસ્થા જ્ઞાનીને ભ્રાંતિમય લાગે છે. અજ્ઞાનીને નિરંતર ભ્રાંતિ વર્તે છે, તેવી જ રીતે દર્શનમોહનો જેને અભાવ થયો છે, એવા જ્ઞાની પુરુષની સર્વ અવસ્થા—ઊંઘ, ઉન્મત્તતા આદિ પણ—મિથ્યાત્વ-પરિણામ રહિત હોવાથી સમ્યક્ ગણાય છે; તે ઉન્મત્ત આદિ દશામાં આત્મદર્શનનો પ્રતિબંધ નથી, સ્વરૂપસંવેદન કે આત્મજ્ઞાન જતું રહેતું નથી. ઇંદ્રિયો ઊંઘને લઈને પોત-પોતાના વિષયમાં પ્રવર્તતી નથી તેથી સ્વપ્નદશા કહેવાય છે. સમકિત નામના આત્મગુણનું પરિણમન નિદ્રામાં પણ સમ્યક્ પ્રકારે થાય છે. રોગથી મૂર્છા, ગાંડપણ જણાય તોપણ સમ્યક્-દૃષ્ટિ સમજણ, ભાવના, રુચિ, વાસના પલટાઈ જતાં નથી. માત્ર મિથ્યાત્વના ઉદયે જ સમ્યક્ભાવ, આત્મજ્ઞાનનો અભાવ થાય છે.

''જે આત્માનો અંતર્વ્યાપાર (અંતર્પરિણામની ધારા) તે, બંધ મોક્ષની (કર્મથી આત્માનું બંધાવું અને તેથી આત્માનું છૂટવું) વ્યવસ્થાનો હેતુ છે; માત્ર શરીરચેષ્ટા બંધ-મોક્ષની વ્યવસ્થાનો હેતુ નથી. વિશેષ રોગાદિ યોગે જ્ઞાની પુરુષના દેહને વિષે પણ નિર્બળપણું, મંદપણું, મ્લાનતા, કંપ, સ્વેદ, મૂર્ચ્છા, બાહ્ય વિભ્રમાદિ દૃષ્ટ થાય છે; તથાપિ જેટલું જ્ઞાને કરીને, બોધે કરીને, વૈરાગ્યે કરીને આત્માનું નિર્મળ-પણું થયું છે, તેટલા નિર્મળપણાએ કરી તે રોગને અંતર્-પરિણામે જ્ઞાની વેદે છે, અને વેદતાં કદાપિ બાહ્ય સ્થિતિ ઉન્મત્ત જોવામાં આવે તોપણ અંતર્પરિણામ પ્રમાણે કર્મબંધ અથવા નિવૃત્તિ થાય છે.'' —શ્રીમદ્ રાજચંદ્ર

કોઈ પ્રશ્ન કરે કે શાસ્ત્રાભ્યાસ અને તેના પરાવર્તનમાં રાતદિવસ રહેનાર અજ્ઞાનીનો મોક્ષ થાય કે નહીં? તેના ઉત્તરમાં આગળની ગાથા ગ્રંથકાર દર્શાવે છે :—

**विदिताशेषशास्त्रोऽपि न जाग्रदपि मुच्यते ।**
**देहात्मदृष्टिर्ज्ञातात्मा सुप्तोन्मत्तोऽपि मुच्यते ॥९४॥**

અજ્ઞાની જાણી સૌ શાસ્ત્રો, જાગે તોય મુકાય ના;
જ્ઞાની ગાંડા, સૂતા તોયે,- મુકાય, મુનિ ભાખતા. ૯૪

**ભાવાર્થ :—** શાસ્ત્રોએ જ્ઞાની પુરુષોએ જીવને ઉપકાર થવા અર્થે કહેલાં છે, તેથી જીવને યોગ્યતા પ્રાપ્ત થાય છે. પરંતુ પરમાર્થ આત્મા શાસ્ત્રમાં વર્તતો નથી, તેથી જ્ઞાની પુરુષો દ્વારા શાસ્ત્રોનો પરમાર્થ સમજવા યોગ્ય છે.

''શમ, સંવેગાદિ ગુણો ઉત્પન્ન થયે, અથવા વૈરાગ્ય-વિશેષ, નિષ્પક્ષપાતતા થયે, કષાયાદિ પાતળાં પડ્યે તથા કંઈ



પણ પ્રજ્ઞાવિશેષથી સમજ્યાની યોગ્યતા થયે જે સદ્ગુરુગમે સમજવા યોગ્ય અધ્યાત્મગ્રંથો, ત્યાં સુધી ઘણું કરી શસ્ત્ર જેવા છે, તે પોતાની કલ્પનાઓ જેમ તેમ વાંચી લઈ, નિર્ધારી લઈ, તેવો અંતર્ભેદ થયા વિના અથવા દશા ફર્યા વિના, વિભાવ ગયા વિના પોતાને વિષે જ્ઞાન કલ્પે છે, અને ક્રિયા તથા શુદ્ધવ્યવહારરહિત થઈ વર્તે છે, એવો ત્રીજો પ્રકાર શુષ્કઅધ્યાત્મીનો છે. ઠામ જીવને આવા યોગ બાઝે તેવું રહ્યું છે.'' —શ્રીમદ્ રાજચંદ્ર

અથવા તો શાસ્ત્રોમાં બધુંય છે. શાસ્ત્રથી બીજું જ્ઞાની શું કહેવાના છે? શાસ્ત્રથી વિરુદ્ધ કહે તે માનવા યોગ્ય નથી; આમ વગર સમજ્યે શાસ્ત્રનો અભિનિવેશ કરનારા પણ ઘણા હોય છે.

''આત્માર્થ સિવાય, શાસ્ત્રની જે જે પ્રકારે જીવે માન્યતા કરી કૃતાર્થતા માની છે, તે સર્વ 'શાસ્ત્રીય અભિનિ-વેશ' છે સ્વચ્છંદતા ટળી નથી, અને સત્સમાગમનો યોગ પ્રાપ્ત થયો છે, તે યોગે પણ સ્વચ્છંદના નિર્વાહને અર્થે શાસ્ત્રના કોઈ એક વચનને બહુ વચન જેવું જણાવી, છે મુખ્ય સાધન એવા સત્સમાગમ તેના સમાન કે તેથી વિશેષ ભાર શાસ્ત્ર પ્રત્યે મૂકે છે, તે જીવને પણ 'અપ્રશસ્ત શાસ્ત્રીય અભિનિવેશ' છે. આત્મા સમજવા અર્થે શાસ્ત્રો ઉપકારી છે, અને તે પણ સ્વચ્છંદરહિત પુરુષને; એટલો લક્ષ રાખી સત્શાસ્ત્ર વિચારાય તો તે 'શાસ્ત્રીય અભિનિવેશ' ગણવા યોગ્ય નથી. સંક્ષેપથી લખ્યું છે.''

''આત્મસ્વભાવની નિર્મળતા થવાને માટે મુમુક્ષુ જીવે બે સાધન અવશ્ય કરીને સેવવા યોગ્ય છે; સત્શ્રુત અને સત્-

સમાગમ. પ્રત્યક્ષ સત્પુરુષોનો સમાગમ ક્વચિત્-ક્વચિત્ જીવને પ્રાપ્ત થાય છે, પણ જો જીવ સદ્દૃષ્ટિવાન હોય તો સત્શ્રુતના ઘણા કાળના સેવનથી થતો લાભ પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમથી બહુ અલ્પકાળમાં પ્રાપ્ત કરી શકે છે; કેમકે પ્રત્યક્ષ ગુણાતિશયવાન નિર્મળ ચેતનના પ્રભાવવાળાં વચન અને વૃત્તિક્રિયાચેષ્ટિતપણું છે. જીવને તેવો સમાગમયોગ પ્રાપ્ત થાય એવું વિશેષ પ્રયત્ન કર્ત્તવ્ય છે. તેવા યોગના અભાવે સત્શ્રુતનો પરિચય અવશ્ય કરીને કરવા યોગ્ય છે. શાંતરસનું જેમાં મુખ્યપણું છે, શાંતરસના હેતુએ જેનો સમસ્ત ઉપદેશ છે, સર્વે રસ શાંતરસગર્ભિત જેમાં વર્ણવ્યાં છે, એવાં શાસ્ત્રનો પરિચય તે સત્શ્રુતનો પરિચય છે.'' —શ્રીમદ્ રાજચંદ્ર

જે જીવ એકલાં શાસ્ત્રોનો રાત-દિવસ પરિચય કરે પણ દેહાધ્યાસ ન તજે, તેનો મોક્ષ થતો નથી એમ આ ગાથામાં કહ્યું છે, પણ જ્ઞાની પુરુષ ઊંઘ કે ઉન્મત્ત દશામાં પણ નિર્જરા અખંડપણે કરતા હોવાથી તે મુક્ત થાય છે એ ભાવ ગાથાના ઉત્તરાર્ધમાં જણાવ્યો છે. તેથી મુક્તિની ઇચ્છા જેણે કરવી તેણે તો મોક્ષમાર્ગે પ્રવર્તતા મહાપુરુષની આજ્ઞાએ વર્તવું એ જ સુગમ ઉપાય છે.

હવે આત્મહિત કરવાની ઇચ્છા છે અને તે ઇચ્છા ક્યાં યથાર્થ થશે તે જેણે જાણ્યું છે તેને શ્રદ્ધા આદિ આત્મગુણો પ્રગટી ધ્યાન-લીનતા પ્રાપ્ત થાય છે તે વિષે ગાથા કહે છે :—

**યત્રૈવાહિતધીઃ પુંસઃ શ્રદ્ધા તત્રૈવ જાયતે ।**
**યત્રૈવ જાયતે શ્રદ્ધા ચિત્તં તત્રૈવ લીયતે ।।૯૫।।**

બુદ્ધિને હિત જ્યાં લાગે, શ્રદ્ધા તેમાં જ ચોટતી;
શ્રદ્ધા જ્યાં ચોટતી ત્યાં જ, ચિત્તની લીનતા થતી. ૯૫



**ભાવાર્થ :—** સ્વપ્ન અવસ્થામાં દેખાતા દેહને વિષે પણ આત્મબુદ્ધિ ન થાય એવો ભેદજ્ઞાનનો અભ્યાસ કરવા ૮૨ મી ગાથામાં ભલામણ ગ્રંથકારે કરી છે. ૯૩ મી ગાથામાં તથા ૯૪ મી ગાથામાં જ્ઞાનીપુરુષને અભ્યાસના ફળરૂપે ઊંઘમાં, સ્વપ્નાદિ અવસ્થામાં પણ આત્મસ્વરૂપનું સંવેદન અતૂટક રહે છે એમ દર્શાવ્યું છે. તેનું મૂળ શું છે તે હવે દર્શાવે છે.

જે વિષયમાં બુદ્ધિ પ્રથમ પ્રેરાય છે એટલે આ પોતાને હિતકારી છે એમ લક્ષ થાય છે, ત્યાં જ જીવને રુચિ, પ્રીતિ, ભાવ, શ્રદ્ધા પ્રગટે છે. જ્યાં શ્રદ્ધા થઈ તે જ વૃત્તિના વિસામારૂપ ટકવાનું સ્થાન બને છે; ત્યાં જ વારંવાર વૃત્તિ ખેંચાય છે અને તેમાં જ આસક્તિ થાય છે, ત્યાં જ ચિત્ત ચોંટે છે અને લીન થાય છે.

માનસશાસ્ત્ર કે કેળવણીનો આ સિદ્ધાંત છે કે જે કામ ચિત્તને પસંદ પડે છે, ગમે છે, તે શીખતાં વાર લાગતી નથી; તેથી જે અભ્યાસ બાળકને કરાવવો હોય તેમાં તેની રુચિ ઉત્પન્ન થાય તેવા પ્રયત્નો કરવાથી વગર મહેનતે આપોઆપ બાળક તે અભ્યાસમાં જોડાઈ જાય છે.

તેવી જ રીતે વૈરાગ્યભરેલાં મહાપુરુષોનાં ચરિત્રો, મરણાદિ પ્રસંગો અને જગતનાં દુઃખોની વાતો સાંભળવાની, ચર્ચવાની, વાંચવાની જોગવાઈ મુમુક્ષુ જીવને પ્રાપ્ત થાય તો મોક્ષ પ્રત્યે રુચિ વધે છે, તે પ્રત્યે પુરુષાર્થ સહેજે સહેજે થાય છે. એવી રુચિ જેને પ્રગટી છે, તેનું ચિત્ત સંસાર પ્રત્યે ઉદાસીનતા ધરાવે છે અને વારંવાર આત્મસ્વરૂપમાં રાચતું થઈ, લીન થાય છે.

**ૐ નમઃ**

‘‘સર્વ જીવ સુખને ઇચ્છે છે. દુઃખ સર્વને અપ્રિય છે. દુઃખથી મુક્ત થવા સર્વ જીવ ઇચ્છે છે. વાસ્તવિક તેનું સ્વરૂપ ન સમજાવાથી તે દુઃખ મટતું નથી. તે દુઃખના આત્યંતિક અભાવનું નામ મોક્ષ કહીએ છીએ.

અત્યંત વીતરાગ થયા વિના આત્યંતિક મોક્ષ હોય નહીં. સમ્યગ્જ્ઞાન વિના વીતરાગ થઈ શકાય નહીં.

સમ્યગ્દર્શન વિના જ્ઞાન અસમ્યક્ કહેવાય છે. વસ્તુની જે સ્વભાવે સ્થિતિ છે, તે સ્વભાવે તે વસ્તુની છે, સ્થિતિ સમજાવી તેને સમ્યગ્જ્ઞાન કહીએ છીએ. સમ્યગ્જ્ઞાનદર્શનથી પ્રતીત થયેલા આત્મભાવે વર્તવું તે ચારિત્ર છે. એ ત્રણેની એકતાથી મોક્ષ થાય.’’

‘‘લોકદૃષ્ટિ અને જ્ઞાનીની દૃષ્ટિને પશ્ચિમ પૂર્વે જેટલો તફાવત છે. જ્ઞાનીની દૃષ્ટિ પ્રથમ નિરાલંબન છે, રુચિ ઉત્પન્ન કરતી નથી, જીવની પ્રકૃતિને મળતી આવતી નથી; તેથી જીવ તે દૃષ્ટિમાં રુચિવાન થતો નથી, પણ જે જીવોએ પરિષહ વેઠીને થોડા કાળ સુધી તે દૃષ્ટિનું આરાધન કર્યું છે, તે સર્વ દુઃખના ક્ષયરૂપ નિર્વાણને પામ્યા છે; તેના ઉપાયને પામ્યા છે.

જીવને પ્રમાદમાં અનાદિથી રતિ છે, પણ તેમાં રતિ કરવા યોગ્ય કાંઈ દેખાતું નથી.’’ —શ્રીમદ્ રાજચંદ્ર

હવે શ્રદ્ધાથી વિપરીત, અહિતબુદ્ધિ જણાય ત્યાં મન ચોટતું નથી તે વિષે ગ્રંથકાર કહે છે :—

**यत्रैवाहितधीः पुंसः श्रद्धा तस्मान्निवर्तते ।**
**यस्मान्निवर्तते श्रद्धा कुतश्चित्तस्य तल्लयः ॥९६॥**



બુદ્ધિને અહિત જ્યાં જાણે, કે શ્રદ્ધા ત્યાંથી ઊઠતી;
શ્રદ્ધા ઊઠી ગઈ તો ત્યાં, તલ્લીનતાની વાત શી? ૯૬

**ભાવાર્થ :—** જ્યારે જીવને એમ જણાય છે કે આ મને અહિતકર્તા છે, વિઘ્નરૂપ છે, કે કંઈ કામનું નથી, ત્યારે તે પ્રત્યે અનાદર થાય છે, શ્રદ્ધા હોય તે પણ ઊઠી જાય છે, ત્યાં ચિત્ત ઠરતું નથી; આમ જ્યાં ચિત્ત ચોટે નહીં, રુચિ રહે નહીં, ત્યાં ચિત્ત એકાગ્ર થવાની તો વાત જ શી કરવી? આવી દશામાં મન ભટકતું રહે છે. બાહ્ય ક્રિયા કરવા છતાં તેમાં ચિત્તવૃત્તિ ચોટતી નથી; એકાગ્રતા કે ઉલ્લાસ જણાતાં નથી.

‘‘જીવને માંહીથી અજીર્ણ મટે ત્યારે અમૃત ભાવે, તે જ રીતે ભ્રાંતિરૂપી અજીર્ણ મટ્યે કલ્યાણ થાય; પણ જીવને અજ્ઞાની ગુરુએ ભડકાવી માર્યા છે એટલે ભ્રાંતિરૂપ અજીર્ણ કેમ મટે? અજ્ઞાની ગુરુઓ જ્ઞાનને બદલે તપ બતાવે; તપમાં જ્ઞાન બતાવે; આવી રીતે અવળું અવળું બતાવે તેથી જીવને તરવું બહુ મુસીબતવાળું છે. અહંકારાદિરહિત-પણે તપાદિ કરવાં.

કદાગ્રહ મૂકીને જીવ વિચારે, તો માર્ગ તો જાુદો છે. સમકિત સુલભ છે, પ્રત્યક્ષ છે, સહેલું છે. જીવ ગામ મૂકી આઘો ગયો છે તે પાછો ફરે ત્યારે ગામ આવે. સત્પુરુષનાં વચનોનું આસ્થાસહિત શ્રવણમનન કરે તો સમ્યક્ત્વ આવે. તે આવ્યા પછી વ્રતપચ્ચખાણ આવે, ત્યારે પછી પાંચમું ગુણસ્થાનક પ્રાપ્ત થાય.

સાચું સમજાઈ તેની આસ્થા થઈ તે જ સમ્યક્ત્વ છે.

જેને ખરા-ખોટાની કિંમત થઈ છે, તે ભેદ જેને મટ્યો છે તેને સમ્યક્ત્વ પ્રાપ્ત થાય.

અસદ્ગુરુથી સત્ સમજાય નહીં, સમકિત થશે નહીં. દયા, સત્ય, અદત્ત ન લેવું એ આદિ સદાચાર એ સત્પુરુષની સમીપ આવવાનાં સત્સાધન છે. સત્પુરુષો જે કહે છે તે સૂત્રના, સિદ્ધાંતના પરમાર્થ છે. સૂત્ર સિદ્ધાંત તો કાગળ છે. અમે અનુભવથી કહીએ છીએ, અનુભવથી શંકા મટાડવાનું કહી શકીએ છીએ. અનુભવ પ્રગટ દીવો છે; ને સૂત્ર કાગળમાં લખેલ દીવો છે.'' —શ્રીમદ્ રાજચંદ્ર

''એક વાત સમજાય નહીં ત્યાં સુધી બીજી વાત સાંભળવી શું કામની? એક વાર સાંભળ્યું તે સમજાય નહીં ત્યાં સુધી બીજી વાર સાંભળવું નહીં. સાંભળેલું ભૂલવું નહીં,— એક વાર જમ્યા તે પચ્યા વગર બીજું ખાવું નહીં તેની પેઠે. તપ વગેરે કરવાં તે કાંઈ મહાભારત વાત નથી; માટે તપ કરનારે અહંકાર કરવો નહીં. તપ એ નાનામાં નાનો ભાગ છે. ભૂખે મરવું ને ઉપવાસ કરવા તેનું નામ તપ નથી. માંહીથી શુદ્ધ અંતઃકરણ થાય ત્યારે તપ કહેવાય; અને તો મોક્ષગતિ થાય.'' —શ્રીમદ્ રાજચંદ્ર

અસત્સંગ, અસત્પ્રસંગ, આરંભ-પરિગ્રહ એ વૈરાગ્ય, ઉપશમના કાળ સમાન છે, તેથી સાચી શ્રદ્ધા થવી કે ટકવી મુશ્કેલ છે. જ્યાં પરમાર્થની ચર્ચા થતી હોય, સંસારની અસારતા સમજાતી હોય, સ્વદોષ દેખવાની પ્રેરણા થતી હોય, શાસ્ત્રોના સુંદર પ્રશ્નો થતા હોય, જ્ઞાનધ્યાનની સુકથા થતી હોય, જ્યાં સત્પુરુષોનાં ચરિત્રો પર વિચારણા થતી હોય, તત્ત્વજ્ઞાનના તરંગની લહરીઓ છૂટતી હોય તેવો



સત્સંગ જીવને હિતકારી છે; તેથી સત્શ્રદ્ધા પ્રગટે છે અને ત્યાં વૃત્તિઓ રોકાઈ તલ્લીનતા થવાનું કારણ બને છે.

હવે તેવા હિતકારી સમાગમથી પરમપદ પમાય છે, તે વાત ગ્રંથકાર કહે છે :—

**भिन्नात्मानमुपास्यात्मा परो भवति तादृशः ।**
**वर्तिर्दीपं यथोपास्य भिन्ना भवति तादृशी ॥९७॥**

જ્ઞાનીના પાય સેવે તે, પામે છે તેની જ દશા;
જ્યોતિને સ્પર્શતાં બત્તી, દીવે દીવો જ, જો પ્રથા. ૯૭

**ભાવાર્થ :—** ''ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાની પુરુષનાં ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે, અને સેવશે. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી, વર્તમાને એ જ માર્ગથી થાય છે અને અનાગત કાળે પણ જ્ઞાનપ્રાપ્તિનો એ જ માર્ગ છે. સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવા જતાં એ જ છે. અને જે કોઈ પણ પ્રાણી છૂટવા ઇચ્છે છે તેણે અખંડ વૃત્તિથી એ જ માર્ગને આરાધવો એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિ કાળથી પરિભ્રમણ કર્યું છે. જ્યાં સુધી જીવને સ્વચ્છંદરૂપી અંધત્વ છે, ત્યાં સુધી એ માર્ગનું દર્શન થતું નથી. (અંધત્વ ટળવા માટે) જીવે એ માર્ગનો વિચાર કરવો; દૃઢ મોક્ષેચ્છા કરવી; એ વિચારમાં અપ્રમત્ત રહેવું, તો માર્ગની પ્રાપ્તિ કરવી; એ વિચારમાં અપ્રમત્ત રહેવું, તો માર્ગની પ્રાપ્તિ થઈ અંધત્વ ટળે છે, એ નિઃશંક માનજો. અનાદિ કાળથી જીવ અવળે માર્ગે ચાલ્યો છે. જોકે તેણે જપ, તપ, શાસ્ત્રા-

ધ્યયન વગેરે અનંત વાર કર્યું છે; તથાપિ જે કંઈ પણ અવશ્ય કરવા યોગ્ય હતું તે તેણે કર્યું નથી; જે કે અમે પ્રથમ જ જણાવ્યું છે.

સૂયગડાંગસૂત્રમાં ઋષભદેવજી ભગવાને જ્યાં અઠ્ઠાણું પુત્રોને ઉપદેશ્યા છે, મોક્ષમાર્ગ ચઢાવ્યા છે ત્યાં એ જ ઉપદેશ કર્યો છે :—

હે આયુષ્યમનો! આ જીવે સર્વે કર્યું છે. એક આ વિના, તે શું? તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરુષનું કહેલું વચન, તેનો ઉપદેશ તે સાંભળ્યાં નથી, અથવા રૂડે પ્રકારે કરી તે ઉઠાવ્યાં નથી. અને એને જ અમે મુનિઓનું સામાયિક (આત્મસ્વરૂપની પ્રાપ્તિ) કહ્યું છે.'' —શ્રીમદ્ રાજચંદ્ર

આ પત્રમાં જણાવ્યા પ્રમાણે જ્ઞાની પુરુષનાં ચરણારવિંદ અચળ પ્રેમે અને સમ્યક્ પ્રતીતિ સહ સેવનારને જ્ઞાનપ્રાપ્તિ થાય છે તે વાત આ ગાથામાં પ્રથમ મહાત્મા પૂજ્યપાદસ્વામી જણાવી ઉત્તરાર્ધમાં તેનું દૃષ્ટાંત આપે છે કે બળતા દીવાની જ્યોતિ સાથે દીવેલની ભીની બત્તીનો સ્પર્શ થતાં તેવો જ બીજો દીવો પ્રગટે છે. અચળ સ્નેહ અને સમ્યક્ પ્રતીતિ એ દીવેલ અને કોડિયું છે. બત્તી છે તે જીવની પરમાર્થ-જિજ્ઞાસા છે. તે બધી સામગ્રી સફળ થવાનું કારણ આત્મજ્ઞાની પુરુષનો પ્રત્યક્ષ યોગ અને ઉપાસના છે.

''જ્ઞાનમાર્ગ દુરારાધ્ય છે; પરમાવગાઢદશા પામ્યા પહેલાં તે માર્ગે પડવાનાં ઘણાં સ્થાનક છે. સંદેહ, વિકલ્પ, સ્વચ્છંદતા, અતિપરિણામીપણું એ આદિ કારણો વારંવાર જીવને તે માર્ગે પડવાના હેતુઓ થાય છે; અથવા ઊર્ધ્વભૂમિકા પ્રાપ્ત થવા દેતાં નથી.



ક્રિયામાર્ગે આસદ્અભિમાન, વ્યવહારઆગ્રહ, સિદ્ધિમોહ, પૂજાસત્કારાદિ યોગ, અને દૈહિકક્રિયામાં આત્મનિષ્ઠાદિ દોષોનો સંભવ રહ્યો છે.

કોઈક મહાત્માને બાદ કરતાં ઘણાં વિચારવાન જીવોએ ભક્તિમાર્ગનો તે જ કારણોથી આશ્રય કર્યો છે, અને આજ્ઞાશ્રિતપણું અથવા પરમપુરુષ સદ્ગુરુને વિષે સર્વાર્પણ સ્વાધીનપણું શિરસાવંદ્ય દીઠું છે, અને તેમ જ વર્ત્યા છે, તથાપિ તેવો યોગ પ્રાપ્ત થવો જોઈએ; નહીં તો ચિંતામણિ જેવો જેનો એક સમય છે એવો મનુષ્યદેહ ઊલટો પરિભ્રમણ-વૃદ્ધિનો હેતુ થાય.'' —શ્રીમદ્ રાજચંદ્ર

હવે જ્ઞાનમાર્ગથી પણ પરમપદની પ્રાપ્તિ થાય છે તે દૃષ્ટાંત સહ ગ્રંથકાર જણાવે છે :—

**उपास्यात्मानमेवात्मा जायते परमोऽथवा ।**
**मथित्वाऽऽत्मानमात्मैव जायतेऽग्निर्यथा तरुः ॥९८॥**

નિજાત્માને ઉપાસી વા, પરમાત્મા થયા, ખરે!
તરુડાળ ઘસાવાથી, અગ્નિ જેમ સ્વયં ઝરે. ૯૮

**ભાવાર્થ :—** ''આત્માને આત્મારૂપે ઓળખી, જે આત્મશક્તિ પ્રગટ થઈ છે, તે આત્મભાવમાં રમણ કરવાથી આત્મવિકાસ થયા કરે છે. જેમ આત્મશક્તિ વિશેષ વિશેષ પ્રગટે છે, તેમ તેમ વિશેષ વિશેષ ભાવે આત્મસાધના કરતા રહેવાથી, સંપૂર્ણ દશા પ્રગટે છે. આ જ્ઞાનમાર્ગ છે. તેમાં પરનું અવલંબન નથી. પોતાના જ ગુણો પુરુષાર્થબળે પ્રગટ્યા છે, તેને જ સાધનરૂપ બનાવી વિશેષ વિશેષ આત્મસમૃદ્ધિ પ્રગટાવી, તે સમૃદ્ધ સાધનથી વળી વિશેષ પુરુષાર્થ કરી

પૂર્ણતા પામવાનો એ માર્ગ છે. પણ એ માર્ગ વિકટ હોવાથી, અન્યના અવલંબનનું કે સત્સંગનું બળ નહીં હોવાથી, અત્યંત સાવધાની તેમાં રાખવી પડે છે. તેથી કોઈ પૂર્વના આરાધક મહાપુરુષોને બાદ કરતાં સામાન્ય મુમુક્ષુવર્ગ તો તેવા સ્વયંબુદ્ધ પુરુષના અવલંબને સહેલાઈથી ધ્યેયની પ્રાપ્તિ ભક્તિમાર્ગ દ્વારા સાધે છે.

''તત્ત્વજ્ઞાનની ઊંડી ગુફાનું દર્શન કરવા જઈએ તો, ત્યાં નેપથ્યમાંથી એવો ધ્વનિ જ નીકળશે કે, તમે કોણ છો? ક્યાંથી આવ્યા છો? કેમ આવ્યા છો? તમારી સમીપ આ સઘળું શું છે? તમારી તમને પ્રતીતિ છે? તમે વિનાશી, અવિનાશી વા કોઈ ત્રિરાશી છો? એવા અનેક પ્રશ્નો હૃદયમાં તે ધ્વનિથી પ્રવેશ કરશે; અને એ પ્રશ્નોથી જ્યાં આત્મા ઘેરાયો ત્યાં પછી બીજા વિચારોને બહુ જ થોડો અવકાશ રહેશે; યદિ એ વિચારોથી જ છેવટે સિદ્ધિ છે; એ જ વિચારોના વિવેકથી જે અવ્યાબાધ સુખની ઇચ્છા છે, તેની પ્રાપ્તિ થાય છે, એ જ વિચારોના મનનથી અનંત કાળનું મૂંઝન ટળવાનું છે; તથાપિ તે સર્વને માટે નથી. વાસ્તવિક દૃષ્ટિથી જોતાં તેને છેવટ સુધી પામનારાં પાત્રોની ન્યૂનતા બહુ છે; કાળ ફરી ગયો છે; એ વસ્તુનો અધીરાઈ અથવા અશૌચતાથી અંત લેવા જતાં ઝેર નીકળે છે; અને ભાગ્યહીન અપાત્ર બન્ને લોકથી ભ્રષ્ટ થાય છે; એટલા માટે અમુક સંતોને અપવાદરૂપ માની બાકીનાઓને તે ક્રમમાં આવવા, તે ગુફાનું દર્શન કરવા ઘણા વખત સુધી અભ્યાસની જરૂર છે; કદાપિ તે ગુફાદર્શનની તેની ઇચ્છા ન હોય તોપણ પોતાનાં આ ભવનાં સુખને અર્થે પણ જન્મ્યા તથા મૂઆની વચ્ચેનો ભાગ કોઈ રીતે ગાળવા માટે પણ એ અભ્યાસની ખચીત જરૂર છે. ઘણા આર્ય સત્પુરુષો તે માટે વિચાર કરી ગયા છે; તેઓએ તે પર અધિકાધિક મનન કર્યું છે. આત્માને શોધી, તેના અપાર માર્ગમાંથી થયેલી પ્રાપ્તિના ઘણાને ભાગ્યશાળી થવાને માટે, અનેક ક્રમ બાંધ્યા છે; તે મહાત્મા જયવાન હો! અને તેને ત્રિકાળ નમસ્કાર હો!''

—શ્રીમદ્ રાજચંદ્ર

જ્ઞાનમાર્ગનું દૃષ્ટાંત ગ્રંથકાર આપે છે કે જેમ અરણીનાં લાકડાંને મથવાથી (અથવા જંગલમાં ઝાડના એક ડાળ સાથે બીજું ડાળ નિરંતર ઘસાવાથી) અગ્નિ પ્રગટે છે; તેમ જ આત્મા આત્માને (પોતાને) ઉપાસીને પણ પરમાત્મા બને છે. આ માર્ગે પણ જીવો પરમપદ પામ્યા છે. પૂર્વ ભવના ધર્મ-આરાધક જીવોને માર્ગની માહિતી હોવાથી તે પોતાની મેળે જ ધર્મ આરાધી વિના અવલંબને પણ મોક્ષે જાય છે. 'ગુરુ વિના જ્ઞાન થાય નહીં' એ કહેવત સામાન્ય જીવોની અપેક્ષાએ સત્ય છે. છેવટે તો પોતે પોતાના ગુરુ બની, પોતાની સંપત્તિ સંપૂર્ણ પ્રગટાવવાની છે. શરૂઆતમાં અવલંબન હિતકારી છે.

હવે આ બન્ને માર્ગ દર્શાવી, ગ્રંથકાર પરમપદની ભાવના નિરંતર કરવા મુમુક્ષુવર્ગને પ્રેરતાં આગળની ગાથા દર્શાવે છે :—

**इतीदं भावयेन्नित्यमवाचागोचरं पदम् ।**
**स्वत एव तदाप्नोति यतो नावर्तते पुनः ॥९९॥**

એમ આત્મા સદા ભાવો, અવાચ્ય પદ પામશો;
એની મેળે મળે મોક્ષ, જેથી ના ફરી જન્મશો. ૯૯

**ભાવાર્થ :–** ઉપર જણાવ્યા પ્રમાણે જ્ઞાની પુરુષ જે ભિન્ન આત્મા છે, તેની નિરંતર ઉપાસના કરવાથી અથવા પોતાનું સ્વરૂપ જે અભિન્ન છે, તેની નિરંતર ઉપાસના કરવાથી, ભાવના કરવાથી આપોઆપ પરમપદ પ્રાપ્ત થાય છે. તે પદ વચનાતીત હોવાથી, વાણી ત્યાં પહોંચતી નહીં હોવાથી, વાણી વડે તે પદનું વર્ણન કરવું અશક્ય છે.

પરમ પદ પામનાર જન્મ-મરણના ફેરાથી છૂટે છે. અશરીરી પદ પામ્યા પછી કદી શરીર ધારણ કરવું પડતું નથી. તેથી ચાર ગતિ અને ચોરાશી લાખ જીવયોનિનાં પરિભ્રમણથી છૂટી અચિંત્ય, અવ્યાબાધ, અનંત આત્મિક સુખમાં સદાને માટે સ્થિરપણે તે મોક્ષમાં વિરાજે છે.

ભિન્ન ઉપાસનાથી કે અભિન્ન ઉપાસનાથી આત્મારમણતા થાય છે, તે મહાન તપ છે અને ઉત્કૃષ્ટ નિર્જરાનું કારણ છે. જે આત્માઓ આમ આત્મરમણતા કરે છે, તેમનાં સંપૂર્ણ કર્મનો ક્ષય થયે મોક્ષ-પ્રાપ્તિ સહજ થાય છે.

“જે સ્વરૂપજિજ્ઞાસુ પુરુષો છે, તે પૂર્ણ શુદ્ધ સ્વરૂપને પામ્યા છે એવા ભગવાનના સ્વરૂપમાં પોતાની વૃત્તિ તન્મય કરે છે; જેથી પોતાની સ્વરૂપદશા જાગ્રત થતી જાય છે અને સર્વોત્કૃષ્ટ યથાખ્યાતચારિત્રને પ્રાપ્ત થાય છે. જેવું ભગવાનનું સ્વરૂપ છે, તેવું જ શુદ્ધનયની દૃષ્ટિથી આત્માનું સ્વરૂપ છે. આ આત્મા અને સિદ્ધ ભગવાનના સ્વરૂપમાં ઔપાધિક ભેદ છે. સ્વભાવિક સ્વરૂપથી જોઈએ તો આત્મા સિદ્ધ ભગવાનની તુલ્ય જ છે. સિદ્ધ ભગવાનનું સ્વરૂપ નિરાવરણ છે; અને વર્તમાનમાં આ આત્માનું સ્વરૂપ આવરણસહિત છે, અને



એ જ ભેદ છે; વસ્તુતાએ ભેદ નથી. તે આવરણ ક્ષીણ થવાથી આત્માનું સ્વાભાવિક સિદ્ધ સ્વરૂપ પ્રગટે છે.

અને જ્યાં સુધી તેવું સ્વાભાવિક સિદ્ધ સ્વરૂપ પ્રગટ્યું નથી, ત્યાં સુધી સ્વાભાવિક શુદ્ધ સ્વરૂપને પામ્યા છે એવા સિદ્ધ ભગવાનની ઉપાસના કર્ત્તવ્ય છે; તેમ જ અર્હત ભગવાનની ઉપાસના પણ કર્ત્તવ્ય છે, કેમકે તે ભગવાન સયોગીસિદ્ધ છે. સયોગરૂપ પ્રારબ્ધને લઈને તેઓ દેહધારી છે; પણ તે ભગવાન સ્વરૂપસમવસ્થિર છે. સિદ્ધ ભગવાન અને તેમના જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં કે વીર્યમાં કંઈ પણ ભેદ નથી; એટલે અર્હત ભગવાનની ઉપાસનાથી પણ આ આત્મા સ્વરૂપલયને પામી શકે છે.....

તેમ જ શ્રી દેવચંદ્ર સ્વામીએ શ્રી વાસુપૂજ્યના સ્તવનમાં કહ્યું છે કે ‘જિનપૂજા રે તે નિજપૂજના.’

જો યથાર્થ મૂળદૃષ્ટિથી જોઈએ તો જિનની પૂજા તે આત્મસ્વરૂપનું જ પૂજન છે.

સ્વરૂપ-આકાંક્ષી મહાત્માઓએ એમ જિન ભગવાનની તથા સિદ્ધ ભગવાનની ઉપાસના સ્વરૂપપ્રાપ્તિનો હેતુ જાણ્યો છે. ક્ષીણમોહ ગુણસ્થાનપર્યંત તે સ્વરૂપચિંતવના જીવને પ્રબળ અવલંબન છે. વળી માત્ર એકલું અધ્યાત્મસ્વરૂપચિંતવન જીવને વ્યામોહ ઉપજાવે છે; ઘણા જીવોને શુષ્કતા પ્રાપ્ત કરાવે છે, અથવા સ્વેચ્છાચારીપણું ઉત્પન્ન કરે છે; અથવા ઉન્મત્તપ્રલાપદશા ઉત્પન્ન કરે છે. ભગવાનના સ્વરૂપના ધ્યાનાવલંબનથી ભક્તિપ્રધાન દૃષ્ટિ થાય છે, અને અધ્યાત્મદૃષ્ટિ ગૌણ થાય છે. જેથી શુષ્કતા, સ્વેછાચારીપણું અને ઉન્મત્તપ્રલાપતા થતાં નથી. આત્મદશા બળવાન થવાથી સ્વાભાવિક

અધ્યાત્મ-પ્રધાનતા થાય છે આત્મા સ્વાભાવિક ઉચ્ચ ગુણોને ભજે છે, એટલે શુષ્કતાદિ દોષો ઉત્પન્ન થતા નથી; અને ભક્તિમાર્ગ પ્રત્યે પણ જુગુપ્સિત થતા નથી. સ્વાભાવિક આત્મદશા સ્વરૂપલીનતા પામતી જાય છે.'' —શ્રીમદ્ રાજચંદ્ર

હવે સહજ સ્વભાવે તેમજ યોગરૂપ પ્રયત્નથી નિર્વાણની પ્રાપ્તિની પ્રેરણા ગ્રંથકાર મહાત્મા કરે છે :—

**अयत्नसाध्यं निर्वाणं चित्तत्त्वं भूतजं यदि ।**
**अन्यथा योगतस्तस्मान्न दुःखं यागिनां क्वचित् ॥१००॥**

આત્મા ભૂતજ વા શુદ્ધ, તો મોક્ષ-યત્ન ના ઘટે;
નહીં તો યોગથી મોક્ષ; કદી દુઃખ ન યોગીને. ૧૦૦

**ભાવાર્થ :—** જે મહાત્માઓ ક્ષપક શ્રેણી માંડી મોહનો ક્ષય કરી, તેમજ અન્ય ત્રણ ઘાતી કર્મોનો પણ ક્ષય કરી કેવળજ્ઞાન સહજાત્મસ્વરૂપ પ્રગટપણે પામ્યા છે, તેમને હવે કંઈ કર્તવ્ય રહ્યું નથી, તે કૃતકૃત્ય થયા છે; બાકીનાં ચાર અઘાતીકર્મો સહજ સ્વભાવે ઉદયમાં આવી સ્થિતિ પૂરી થયે આપોઆપ ચાલ્યાં જવાનાં છે. એવી સહજ દશા જેમને પ્રાપ્ત થઈ છે, તેમને વગર પ્રયત્ને મોક્ષ કે નિર્વાણ થાય છે.

'ભૂતજ' શબ્દ ગાથામાં છે, તેનો અર્થ ઉપર જણાવ્યા પ્રમાણે સહજ થાય છે. જેનું ચિત્ત સહજ, સ્વાભાવિક દશામાં રહ્યા કરે છે, તેને વગર પ્રયત્ને મોક્ષ થાય છે. બીજો અર્થ પંચભૂતથી આત્મા નામનો પદાર્થ ઉત્પન્ન થાય છે, એમ ચાર્વાક મતવાદી માને છે, તે પ્રમાણે પચભૂતથી ઉત્પન્ન થતો 'ભૂતજ' આત્મા જેમણે માન્યો છે તેમને મોક્ષ માટે યત્ન કરવો ઘટતો નથી; કારણ કે ઉત્પન્ન થયેલો એવો



આત્મા પંચભૂતમાં મળી જતાં નાશ પામે તો મોક્ષનો પ્રયત્ન કોને માટે કરવાનો રહે ?

ચાર્વાક મત પ્રમાણે પ્રયત્ન કરીને મોક્ષ સાધવાની જરૂર નથી, કારણ આત્મા સદા રહેવાનો નથી.

સંખ્યમતવાદી પણ આત્માને સદા મુક્ત જ માને છે, તેથી તેમના અભિપ્રાય પ્રમાણે પણ નિત્ય મુક્ત આત્મા હોવાથી નિર્વાણ અર્થે પ્રયત્ન કરવો ઘટતો નથી.

આમ ન માનીએ તો હાલ આત્મા અશુદ્ધ અવસ્થામાં છે, તેની શુદ્ધિને અર્થે સત્પુરુષનો યોગ પ્રાપ્ત કરી, તેની આજ્ઞાને આરાધવા રૂપ યોગ ઉપાસવો ઘટે છે. યોગની શરૂઆતમાં ચિત્ત તત્ત્વ સહજ હોતું નથી, તેથી ચિત્તવૃત્તિને રોકવા રૂપ યોગનો અભ્યાસ કર્તવ્ય છે.

કોઈ કહે કે એવો ચિત્ત-નિરોધનો માર્ગ તો દુઃખરૂપ છે, તેને ગ્રંથકાર ઉત્તર આપે છે. તે માર્ગથી દૂર છે એવા જીવો કલ્પના કરી મોક્ષ-માર્ગ દુઃખરૂપ કલ્પે છે. પરંતુ યોગી-ઓને ક્યાંય પણ દુઃખ હોતું નથી. મોક્ષ સુખસ્વરૂપ છે, તો તેનો માર્ગ પણ સુખરૂપ હોવો ઘટે છે. જેમ લક્ષ્મીમાં જીવે સુખ કલ્પ્યું છે, તો તેને મેળવવા લોકો પરદેશ વેઠે છે, મરણનાં દુઃખ પણ ગણતા નથી, તેમ અનંત સુખના ધામરૂપ મોક્ષને અર્થે પુરુષાર્થ કરનાર અલ્પ દુઃખ દેખાય તેને ગણતા નથી. વળી મહા ઉપસર્ગનાં દુઃખ પણ તેમને જણાતાં નથી, કારણ કે પરમાનંદસ્વરૂપ આત્મામાં લીનતા વખતે જે સુખ વેદાય છે તે વખતે, શરીરમાં થતાં કષ્ટોને જીવ વેદતો નથી. એક સમયે બે સ્થળે ઉપયોગ પ્રવર્તી શકે નહીં. આત્મસુખ અનુભવે ત્યારે દુઃખનું વેદન હોય નહીં.

"અનંત સૌખ્ય નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા!
અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં, વિચિત્રતા!!
ઉઘાડ ન્યાય-નેત્ર ને નિહાળ રે! નિહાળ તું;
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું."

—શ્રીમદ્ રાજચંદ્ર

હવે દેહનો નાશ થાય તોપણ આત્માનો નાશ થતો નથી તે વાત ન્યાયપૂર્વક ગ્રંથકાર સાબિત કરે છે :—

**स्वप्ने दृष्टे विनष्टेऽपि न नाशोऽस्ति यथाऽऽत्मनः ।**
**तथा जागरदृष्टेऽपि विपर्यासाविशेषतः ।।१०१।।**

સ્વપ્ને દેહાદિ દીઠેલાં, વિનશ્યે આત્મનાશ ક્યાં?
જાગતાં તેમ દીઠેલાં- જાય, જો ભ્રાંતિ બેયમાં. ૧૦૧

**ભાવાર્થ :—** આત્માને નિત્ય નહીં માનનાર દેહના વિયોગ વખતે આત્માનો પણ નાશ માને છે, તે ભ્રાંતિ છે; એમ ગ્રંથકાર દૃષ્ટાંત આપી સાબિત કરે છે.

સ્વપ્ન આવે ત્યારે ઘર, નગર, શરીર આદિ પ્રત્યક્ષ દેખાય છે; જ્યારે જાગે ત્યારે તે ઘર, તે નગર કે તે શરીર આદિ જણાતાં નથી, નાશ પામી જાય છે; તો પણ સ્વપ્ન અવસ્થા જોનાર અને જાગ્રત અવસ્થા જોનારનો નાશ થતો નથી, એમ તો સર્વ જાણે છે. જો સ્વપ્ન જોનાર જાગ્રત અવસ્થામાં પણ તેનો તે ન હોય તો મને સ્વપ્ન આવ્યું હતું એમ કોણ જાણે વા કહે? તેથી તે તે દશાઓને જાણનારો આત્મા નાશ પામતો નથી.

તેવી જ રીતે આ જાગતાં જે ઘર, નગર, ધન આદિ પદાર્થો દેખાય છે, તે પણ પાં-પચાસ વર્ષના લાંબા સ્વપ્ન સમાન છે; આ દેહ આયુષ્ય પૂર્ણ થયે છૂટી જશે, આ ઘર, નગર, ધન, વગેરેનો સંબંધ પણ તે વખતે છૂટી જશે; પણ તે બધાંને જોનાર આત્માનો નાશ થતો નથી.



કોઈ શંકા કરે કે સ્વપ્નઅવસ્થામાં દીઠેલી વસ્તુઓનો તથા પોતાનો નાશ ભ્રાંતિને લીધે લાગે છે; ત્યાં તો કંઈ હોતું જ નથી અને નાશ પણ પામતું નથી. તેને ગ્રંથકાર ઉત્તર આપે છે કે જાગ્રત અવસ્થામાં આત્માનો નાશ થયો એમ માનનારા પણ ભ્રાંતિવાળા છે; વિચારવાન જીવો તો દેહના નાશથી આત્માનો નાશ થયો એમ માનતા જ નથી. તેથી બન્ને અવસ્થાઓમાં આત્માનો નાશ અ-સિદ્ધ છે; જેમ સ્વપ્ન અવસ્થામાં પોતે હયાત હોવા છતાં, નાશ નહીં થયા છતાં વિનાશ ભાસે છે, તે વિપર્યાસ ભ્રાંતિ છે; તેમજ જાગ્રત અવસ્થામાં પણ સમજવું.

"**બીજું પદઃ—** 'આત્મા નિત્ય છે.' ઘટપટઆદિ પદાર્થો અમુક કાળવર્તી છે. આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટાદિ સંયોગે કરી પદાર્થ છે. આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે; કેમ કે તેની ઉત્પત્તિ માટે કોઈ પણ સંયોગો અનુભવયોગ્ય થતા નથી. કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવા યોગ્ય નથી, માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમકે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય, તેનો કોઈને વિષે લય પણ હોય નહીં."

"જીવના અસ્તિત્વપણાનો તો કોઈ કાળે પણ સંશય પ્રાપ્ત નહીં થાય.

જીવનાં નિત્યપણાંનો, ત્રિકાળ હોવાપણાનો કોઈ કાળે પણ સંશય પ્રાપ્ત નહીં થાય.

જીવનાં ચૈતન્યપણાંનો, ત્રિકાળ હોવાપણાનો કોઈ કાળે પણ સંશય પ્રાપ્ત નહીં થાય.

તેને કોઈ પણ પ્રકારે બંધદશા વર્તે છે એ વાતનો કોઈ કાળે પણ સંશય પ્રાપ્ત નહીં થાય.

તે બંધની નિવૃત્તિ કોઈ પણ પ્રકારે નિઃસંશય ઘટે છે, એ વાતનો કોઈ કાળે પણ સંશય પ્રાપ્ત નહીં થાય.

મોક્ષપદ છે એ વાતનો કોઈ પણ કાળે સંશય નહીં થાય.'' હાથનોંધ—શ્રીમદ્ રાજચંદ્ર

હવે જ્ઞાનની સ્થિરતા અર્થે દુઃખ સહિત ભેદ-જ્ઞાનની ભાવના કરવા ગ્રંથકાર પ્રેરણા કરે છે :—

**अदुःखभावितं ज्ञानं क्षीयते दुःखसन्निधौ ।**
**तस्माद्यथाबलं दुःखैरात्मानं भावयेन्मुनिः ॥१०२॥**

અદુઃખે જ્ઞાન ભાવેલું, દુઃખ દેખી જશે ખસી;
તેથી આત્મા મુનિ ભાવે, યથાશક્તિ દુખે વસી. ૧૦૨

**ભાવાર્થ :—** કોઈને એમ વિચાર આવે કે અમર આત્મા છે, પરમાનંદસ્વરૂપ છે, જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવવાળો છે એવી જ્ઞાન-ભાવનાથી જ મુક્તિ મળે; આકરી, કાય-ક્લેશ આદિ ક્રિયાના અભ્યાસરૂપ મુનિપણાની શી જરૂર છે? તેને ગ્રંથકાર આ ગાથામાં ઉત્તર આપે છે :—

કાય-ક્લેશ આદિ કષ્ટ સહ્યા વિના સુકુમારપણે શાતા-શીલિયા અવસ્થામાં ''દેહાદિથી આત્મા ભિન્ન છે, શારીરિક વેદના દેહનો ધર્મ છે, આત્માને જે ભાવમાં રહેવું હોય તે પ્રમાણે તે ભાવ પલટાવી શકે છે'' એમ મન દ્વારા વારંવાર એકાગ્રપણે ચિંતન કરેલું આત્મસ્વરૂપનું જ્ઞાન, દુઃખ આવી પડે ત્યારે, ખસી જાય છે.



તેથી યથાશક્તિ અગવડો, લોચ, વિહાર, મૌન, આસન, રાત-દિવસ સ્વાધ્યાય-ધ્યાન, ટાઢ, તાપ, ઉપવાસ આદિ ક્લેશકારી ક્રિયાઓથી થતાં કષ્ટો સહન કરતાં કરતાં આત્મ-સ્વરૂપની ભાવના મુનિ ભાવે, તો ઉપસર્ગ કે મરણની કઠણાઈ સમભાવે સહન થઈ શકે, અને અંતે સમાધિમરણ થાય.

''જે જીવ પોતાને મુમુક્ષુ માનતો હોય, તરવાનો કામી માનતો હોય, સમજુ છું એમ માનતો હોય તેણે દેહને વિષે રોગ થતી વખત આકુળવ્યાકુળપણું થયું હોય તો તે વખત વિચારવું કે તારું મુમુક્ષુપણું, ડહાપણ, ક્યાં ગયાં? તે વખતે વિચાર કેમ નહીં કરતો હોય? જો તરવાનો કામી હોય તો તો દેહને અસાર જાણે છે, દેહને આત્માથી જુદો જાણે છે, તેને આકુળતા આવવી જોઈએ નહીં. દેહ સાચવ્યો સચવાતો નથી; કેમકે તે ક્ષણમાં ભાંગી જાય છે, ક્ષણમાં રોગ,ક્ષણમાં વેદના થાય. દેહના સંગે દેહ દુઃખ આપે છે માટે આકુળ-વ્યાકુળપણું થાય છે તે જ અજ્ઞાન છે. શાસ્ત્ર શ્રવણ કરી રોજ સાંભળ્યું છે કે દેહ આત્માથી જુદો છે, ક્ષણભંગુર છે; પણ દેહને વેદના આવ્યે તો રાગદ્વેષ પરિણામ કરી બૂમ પાડે છે. દેહ ક્ષણભંગુર છે એવું તમે શાસ્ત્રમાં સાંભળવા શું કરવા જાઓ છો? દેહ તો તમારી પાસે છે તો અનુભવ કરો. દેહ પ્રગટ માટી જેવો છે; સાચાવ્યો સચવાય નહીં, રાખ્યો રખાય નહીં. વેદના વેદતાં ઉપાય ચાલે નહીં. ત્યારે શું સાચવે? કંઈ પણ બની શકતું નથી. આવો દેહનો પ્રત્યક્ષ અનુભવ થાય છે, તો તેની મમતા કરી કરવું શું? દેહનો પ્રગટ અનુભવ કરી શાસ્ત્રમાં કહ્યું કે તે અનિત્ય છે, અસાર છે, માટે દેહમાં મૂર્ચ્છા કર્યા જેવું નથી.''

‘‘બીજાં ઉદયમાં આવેલાં કર્મોનું આત્મા ગમે તેમ સમાધાન કરી શકે, પણ વેદનીયકર્મમાં તેમ થઈ શકે નહીં; ને તે આત્મપ્રદેશે વેદવું જ જોઈએ; ને તે વેદતાં મુશ્કેલીનો પૂર્ણ અનુભવ થાય છે. ત્યાં જો ભેદજ્ઞાન સંપૂર્ણ પ્રગટ થયું ન હોય તો આત્મા દેહાકારે પરિણમે, એટલે દેહ પોતાનો માની લઈ વેદે છે, અને તેને લઈને આત્માની શાંતિનો ભંગ થાય છે. આવા પ્રસંગે જેમને ભેદજ્ઞાન સંપૂર્ણ થયું છે એવા જ્ઞાનીઓને અશાતાવેદની વેદતાં નિર્જરા થાય છે, ને ત્યાં જ્ઞાનીની કસોટી થાય છે. એટલે બીજાં દર્શનોવાળા ત્યાં તે પ્રમાણે ટકી શકતા નથી, ને જ્ઞાની એવી રીતે માનીને ટકી શકે છે.’’ —શ્રીમદ્ રાજચંદ્ર

દેહ આત્માથી ભિન્ન યંત્રરૂપ છે, તે કેવી રીતે પ્રવર્તે છે તેનો ખુલાસો ગ્રંથકાર હવે કારણ આપીને કરે છે :—

**प्रयत्नादात्मनो वायुरिच्छाद्वेषप्रवर्तितात् ।**
**वायोः शरीरयंत्राणि वर्तन्ते स्वेषु कर्मसु ॥१०३॥**

ઇચ્છા-દ્વેષે પ્રવર્તેલા, આત્મ યત્થી વાયુ જો;
વાયુથી દેહ-યંત્રો સૌ, સ્વકાર્યો કરતાં, અહો! ૧૦૩

**ભાવાર્થ :—** ‘‘ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતનરૂપ;
જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ.’’
—શ્રીમદ્ રાજચંદ્ર

જડ વસ્તુઓની મુખ્ય ત્રણ અવસ્થાઓ હોય છે: ઘન (બરફના ઢેફા સમાન), પ્રવાહી (પાણીના રેલા સમાન), ધૂપ (ગૅસ, વાયુરૂપ : વરાળ સમાન), આંખથી ન દેખાય તેવી ધૂપ કે વાયુ દશા છે, તે જડ (પુદ્ગલ)નું સૂક્ષ્મ સ્વરૂપ છે. આખા જગતમાં આ સૂક્ષ્મ પુદ્ગલ વળગણાઓ વાયુની



પેઠે ભરેલી છે. બારી ખોલીએ તો પ્રકાશ કે પવન જેમ ઘરમાં પ્રવેશ કરે છે, તેમ જીવ રાગ કે દ્વેષ રૂપ વિભાવ પરિણામ કરે (તેનું નામ ભાવકર્મ પણ છે) કે તરત જ સૂક્ષ્મ પુદ્ગલ વળગણાઓનો પ્રવાહ આત્મ-પ્રદેશ તરફ વહે છે અને બંધ રૂપે આત્મપ્રદેશોમાં સ્થાન પામે છે, તેનું નામ કર્મબંધ કહેવાય છે. આત્માની ઇચ્છા કે રાગ-દ્વેષ પરિણામોને આધીન જીવનું વીર્ય જેટલું પ્રગટ છે, તે પ્રવર્તે છે. બોલવાની ઇચ્છા થાય તે વિભાવપરિણામ છે; તે ભાવ થવાની સાથે ચેતનનું જે વીર્ય છે તે ઉચ્ચાર થાય તેવે તેવે સ્થળે સ્ફુરે છે; સ્પંદનક્રિયા કંઠ, હોઠ, જીભ, ફેફસાં આદિ સ્થળે થતાં, ત્યાં રહેલા વાયુ આદિને વેગ મળે છે તેથી પુદ્ગલની વળગણાઓ અથડાતાં અવાજ ઉત્પન્ન થાય છે, તે જીભ, હોઠ આદિની મદદ વડે યોગ્ય અક્ષરોના ઉચ્ચાર રૂપે બહાર આવે છે. આમ બધી દેહની ક્રિયાઓનું કારણ આત્માના રાગ-દ્વેષ રૂપ પરિણામ (વિભાવ) તથા વીર્યરૂપ પ્રયત્નની પ્રેરણા છે. તેને મદદ કરનાર પુદ્ગલની વાયુરૂપ સૂક્ષ્મ અવસ્થા છે; તેથી શરીરના હાથ, પગ આદિ સ્થૂલ અવયવો પ્રવર્તે છે. આત્માના ભાવ અને પુદ્ગલની વાયુરૂપ સ્થૂલ અવસ્થા એ બે દ્રવ્યોનું ભેદ-જ્ઞાન ન હોવાથી સામાન્યપણે લોકો એમ માને છે કે હું બોલ્યો, મેં લખ્યું, હું ચાલ્યો, મેં રસોઈ કરી, મેં ઘડો કર્યો, મેં ઘર કર્યું, એ આદિ પ્રવૃત્તિમાં કેટલો ભાગ આત્મપરિણામ ભજવે છે, અને કેટલી માત્ર પુદ્ગલ દ્રવ્યની પ્રવૃત્તિ છે, તે લક્ષ તેમને રહેતો નથી. તેને કારણે અભિમાન મમત્વ આદિ સંસારનાં મૂળ પોષાયા કરે છે.

આ લક્ષ રાખીને ગ્રંથકાર ગાથામાં કહે છે કે આત્માના (ઇચ્છા) રાગ-દ્વેષથી પ્રવર્તેલા પ્રયત્નથી વાયુ પ્રવર્તે છે, વાયુથી શરીર-યંત્રો (અવયવો) પોતપોતાનાં કામમાં પ્રવર્તે છે.

"કોઈનું દીધું દેવાતું નથી; કોઈનું લીધું લેવાતું નથી, જીવ ફોકટ કલ્પના કરી રઝળે છે. જે પ્રમાણે કર્મ ઉપાર્જન કરેલાં હોય તે પ્રમાણે લાભ, અલાભ, આયુષ, શાતા, અશાતા મળે છે. પોતાથી કાંઈ અપાતું લેવાતું નથી. અહંકારે કરી 'મેં આને સુખ આપ્યું,' 'મેં દુઃખ આપ્યું'; 'મેં અન્ન આપ્યું,' એવી મિથ્યા ભાવના કરે છે, ને તેને લઈને કર્મ ઉપાર્જન કરે છે. મિથ્યાત્વે કરી ખોટો ધર્મ ઉપાર્જન કરે છે.

જગતમાં આનો આ પિતા, આનો આ પુત્ર એમ કહેવાય છે; પણ કોઈ કોનું નથી. પૂર્વના કર્મના ઉદયે સઘળું બન્યું છે. અહંકારે કરી જે આવી મિથ્યાબુદ્ધિ કરે છે તે ભૂલ્યા છે. ચાર ગતિમાં રઝળે છે; અને દુઃખ ભોગવે છે."

—શ્રીમદ્ રાજચંદ્ર

લાકડાં કે પતરાંનાં બનાવેલાં સિંહ, વાનર, ઉંદર વગેરે યંત્રો જેમ પોતાને યોગ્ય ક્રિયા પરની પ્રેરણાથી કરે છે, તેમ શરીરો પણ સર્વ ક્રિયામાં આત્માની પ્રેરણાથી પ્રવર્તે છે.

તે શરીર-યંત્રો તથા ઇંદ્રિયોની ક્રિયાને આત્મામાં આરોપતા અજ્ઞાની તથા તે આરોપને તજતા વિવેકી જનો શું કરે છે, તે વિષે ગ્રંથકાર આગળની ગાથામાં કહે છે:—

**તાન્યાત્મનિ સમારોપ્ય સાક્ષાણ્યાસ્તે સુખં જડઃ ।**
**ત્યક્ત્વાऽऽરોપં પુનર્વિદ્વાન્ પ્રાપ્નોતિ પરમં પદમ્ ॥૧૦૪॥**

દેહાદિ-કાર્ય આત્મામાં, આરોપી મૂઢ સુખ લે;
તજી આરોપ જ્ઞાની તો, પરમપદ ભોગવે. ૧૦૪



**ભાવાર્થ:—** શ્રી સમાધિશતક ગ્રંથનો ઉપસંહાર કરતાં જ્ઞાની ગ્રંથકાર મહાત્મા પરમપદની પ્રાપ્તિ-અપ્રાપ્તિનું કારણ દર્શાવે છે. ભ્રાંતિ અથવા વિપરીત બુદ્ધિ એ સંસાર-પરિભ્રમણનું કારણ છે એ આ ગ્રંથમાં વારંવાર દર્શાવ્યું છે, છતાં કરુણાળુ વિદ્વાન ગ્રંથકાર ફરી પણ, સંસારમાં અમે સુખી છીએ એમ ભૂલભરી માન્યતાવાળાઓની મશ્કરી કરતા હોય તેમ તે બુદ્ધિ ત્યાગવાની મર્મમાં ટકોર કરે છે.

વાયુથી પ્રવર્તતા શરીર-અવયવોની ક્રિયાને તથા ઇંદ્રિયોની પ્રવૃત્તિને આત્મામાં આરોપ કરનાર જડ (વિવેકહીન) જીવ સુખે સંસારમાં રહે છે. મહાત્મા શ્રી કબીરજીએ પણ ગાયું છે:—

"સુખિયા સબ સંસાર, ખાવે ઔર સોવે;
દુખિયા દાસ કબીર, જાગે ઔર રોવે."

શિયાળાની કડકડતી ઠંડીમાં ટૂંટીયાં વાળી ટાઢથી બચવા ઓઢીને સૂવા છતાં ઠરી જતા માણસનું ઘર લાગે ત્યારે કંઈ ગરમ પવન આવવાથી આરામ લાગે અને સુખે સૂઈ રહે, તેમ પરની ક્રિયાને આત્મામાં આરોપી સુખે બેસી રહેનાર જીવને સંસાર- વૃદ્ધિ થાય છે તેનો ભય નથી તે માત્ર મૂઢતા છે. ઉપહાસમાં તેને સુખી કહ્યો છે.

પરંતુ વિદ્વાન એટલે ભેદજ્ઞાની જીવ તે આરોપને સંસારનું કારણ જાણી, ભવ-ભીરુ બની, જ્ઞાનાદિ આત્માની ક્રિયાને જ આત્મભાવ માને છે અને દેહાદિ જડની પ્રવૃત્તિને પરભાવ જાણી તેથી રહિત થાય છે. તેથી તે ભ્રાંતિ અથવા આરોપને તજી પરમપદને પામે છે, મુક્ત થાય છે.

"સર્વ અન્યભાવથી આત્મા રહિત છે, કેવળ એમ જેને અનુભવ વર્તે છે તે 'મુક્ત' છે.

બીજાં સર્વ દ્રવ્યથી અસંગપણું, ક્ષેત્રથી અસંગપણું, કાળથી અસંગપણું અને ભાવથી અસંગપણું સર્વથા જેને વર્તે છે તે 'મુક્ત' છે.

અટળ અનુભવસ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જુદો ભાસવો ત્યાંથી મુક્તદશા વર્તે છે. તે પુરુષ મૌન થાય છે, તે પુરુષ અપ્રતિબદ્ધ થાય છે, તે પુરુષ અસંગ થાય છે, તે પુરુષ નિર્વિકલ્પ થાય છે અને તે પુરુષ મુક્ત થાય છે.

જેણે ત્રણે કાળને વિષે દેહાદિથી પોતાનો કંઈ પણ સંબંધ નહોતો એવી અસંગદશા ઉત્પન્ન કરી તે ભગવાનરૂપ સત્પુરુષોને નમસ્કાર છે.''

''છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ,
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ;
એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ,
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ,
શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ.''

હવે ભ્રાંતિ ટળવાથી, મોક્ષમાર્ગ મળવાથી સમાધિ-શતક દ્વારા જે પરમ પદ પ્રાપ્ત થાય છે, તેનું કળશ રૂપે ગ્રંથકાર સુંદર વર્ણન કરે છે :—

(વસંતતિલકા)

**मुक्त्वा परत्र परबुद्धिमहंधियं च**
**संसारदुःखजननीं जननाद्विमुक्तः ।**
**ज्योतिर्मयं सुखमुपैति परात्मनिष्ठ–**
**स्तन्मार्गमेतदधिगम्य समाधितंत्रम् ॥१०५॥**



(વસંતતિલકા)

મિથ્યા મતિ સ્વપરની સમજે હતી, હા!
ટાળી, ઉખેડી ભવ-વેલ, થયા અ-જન્મા;
જ્ઞાનાત્મ-સુખ પરમાત્મ-દશાથી ભોગે,
સન્માર્ગ આ ગ્રહી, ઉપાસી સમાધિ-યોગે. ૧૦૫

**ભાવાર્થ** :—અવિદ્યા કે ભ્રાંતિ એ સંસાર-દુઃખને જણનારી જનેતા સમાન છે તેનું સ્વરૂપ ટૂંકમાં ગ્રંથકારે દ્વિ-અર્થી શબ્દોમાં પ્રથમ દર્શાવ્યું છે.

'પરત્ર' એટલે પરમાં, 'પરબુદ્ધિ' એટલે પરમ મહાત્મ્ય-વાળી બુદ્ધિ; જેમકે ''પૈસો મારો પરમેશ્વર'' અથવા ધર્મ-આરાધનામાં ''સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ, એને જ્ઞાની-ઓએ પરમ ધર્મ કહ્યો છે.'' —શ્રીમદ્ રાજચંદ્ર

આમ શરૂઆતમાં દૃઢ ભાવે લીધેલું અવલંબન, પોતાના-માં પરમાત્મદશા પ્રગટતાં સહેજે છૂટી જાય છે. અથવા તે ન છૂટે ત્યાં સુધી કેવળજ્ઞાન પ્રગટતું નથી. શ્રી ગૌતમ સ્વામીને પરમકૃપાળુ મહાવીર ભગવંતના દેહની હયાતી સુધી અવલંબન ન છૂટ્યું, ત્યાં સુધી કેવળજ્ઞાન ન થયું. શ્રી આનંદઘનજી પણ ગાઈ ગયા છે :—

''આલંબનસાધન જે ત્યાગે, પરપરિણતિને ભાગે રે;
અક્ષય દર્શન-જ્ઞાન-વૈરાગ્યે આનંદઘન પ્રભુ જાગે રે.
વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું રે.''

''આત્મા ને સદ્ગુરુ એક જ સમજવા. આ વાત વિચારથી ગ્રહણ થાય છે. તે વિચાર એ કે દેહ નહીં અથવા દેહને લગતા બીજા ભાવ નહીં, પણ સદ્ગુરુનો આત્મા એ સદ્ગુરુ છે. જેણે આત્મસ્વરૂપ લક્ષણથી, ગુણથી અને વેદનથી

પ્રગટ અનુભવ્યું છે અને તે જ પરિણામ જેના આત્માનું થયું છે તે આત્મા અને સદ્‌ગુરુ એક જ એમ સમજવાનું છે. પૂર્વે જે અજ્ઞાન ભેળું કર્યું છે તે ખસે તો જ્ઞાનીની અપૂર્વ વાણી સમજાય.'' શ્રીમદ્ રાજચંદ્ર : ઉપદેશછાયા

આ ગ્રંથની ૧, ૧૦, ૧૧, ૧૨ ગાથાઓ તથા તેવા ભાવની બીજી ગાથાઓને અનુસરી વિચાર કરતાં, 'परत्र' એટલે 'અન્યત્ર' અથવા વિપરીતપણે એવો અર્થ ગ્રહણ કરવો યથાર્થ લાગે છે; જ્યાં પર નથી ત્યાં પરની માન્યતા કરવી, જ્યાં પોતે નથી ત્યાં 'હું છું' એમ માનવું એનું નામ અવિદ્યા છે. એ અવિદ્યા સંસારદુઃખને જન્મ આપનારી માતા સમાન છે. તેનો ત્યાગ કરીને જીવ જન્મમરણથી મુક્ત થાય છે; તે પરમાત્મપદમાં સ્થિરતા કરનાર મહાત્મા આત્મસુખને પામે છે. તે મોક્ષમાર્ગ દર્શાવનાર આ સમાધિશતક ગ્રંથ છે, તે પામી જીવ આત્મશુદ્ધિરૂપ મોક્ષ કે પરમપદ પામે છે. ''અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ *છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ જો જી પરિણામ કરે, તો સહજ માત્રમાં તે જાગૃત થઈ સમ્યક્‌દર્શનને પ્રાપ્ત થાય; સમ્યક્-દર્શનને પ્રાપ્ત થઈ સ્વ-સ્વભાવરૂપ મોક્ષને પામે.''

—શ્રીમદ્ રાજચંદ્ર

હવે સંસ્કૃત-ટીકાકાર અંતમંગળરૂપે નમસ્કાર ગાથા જણાવે છે :—

* ૧. આત્મા છે, ૨. આત્મા નિત્ય છે, ૩. આત્મા કર્તા છે, ૪. આત્મા ભોક્તા છે, ૫. મોક્ષપદ છે, ને ૬. મોક્ષનો ઉપાય છે.



(શાર્દૂલવિક્રીડિત)

**येनात्मा बहिरन्तरुत्तमभिदा त्रेधा विवृत्योदितो**
**मोक्षाऽनंत चतुष्टयामलवपुः सद्‌ध्यानतः कीर्तितः ।**
**जीयात्सोऽत्र जिनः समस्तविषयः श्रीपूज्यपादोऽमलो**
**भव्यानंदकरः समाधिशतकः श्रीमत्प्रभेन्दुः प्रभुः ॥१०६॥**

(હરિગીત)

અજ્ઞાની, અંતર્યામી, કેવલજ્ઞાની એ ત્રણ ભેદથી,
આત્મા 'સમાધિશતક'માં ગાયો ઘણા વિસ્તારથી;
આનંદદાયી ભવ્ય જીવને પૂજ્યપાદ પવિત્ર તે,
જયવંત અનંત ચતુષ્ટયી સત્‌ધ્યાનથી જ જણાય જે. ૧૦૬

**ભાવાર્થ :—** જે પરમોપકારી, ભવ્યને આનંદ આપનાર, સમાધિશતક પરિણામરૂપ આત્મપ્રભાના ચંદ્ર (શ્રી પ્રભાચંદ્ર, સંસ્કૃત ટીકાકાર), નિર્મળ જેમના ચરણ પૂજ્ય છે (શ્રી પૂજ્યપાદ, સમાધિશતક-કર્તા), જેમણે કર્મશત્રુને જીતેલા છે (જિન), મોક્ષ સ્વરૂપ (જીવન્મુક્ત) જે છે, અનંત ચતુષ્ટય (અનંત જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય) રૂપ નિર્મળ દેહધારી, જેમની સર્વ વિષય-વાસના અસ્ત પામી છે, ઉત્તમ ધ્યાન વડે જેમનું કીર્તન થાય છે, જેમણે આત્માને બહિરાત્મારૂપે, અંતરાત્મા-રૂપે તથા પરમાત્મારૂપે-એમ ત્રણ ભેદથી વર્ણવ્યા છે તે ભગવાન જયવંત વર્તો!

પોતાની શક્તિ પ્રમાણે શુદ્ધ સ્વરૂપનું, શુદ્ધ સ્વરૂપવંત દેહધારી અરિહંત આદિ જ્ઞાની પુરુષનું, તેમના કહેલા ધર્મનું, શાસ્ત્ર-સિદ્ધાંતનું બહુમાનપણું, કીર્તન, સ્તવન, ભજન, મનન, નિદિધ્યાન જે જીવો કરશે તે શુદ્ધ સ્વરૂપમય મોક્ષમાર્ગ પ્રત્યે વળશે, મોક્ષમાર્ગ પામશે અને પૂર્ણ પદમાં બિરાજમાન થશે.

‘‘જ્ઞાનીપુરુષની અવજ્ઞા બોલવી તથા તેવા પ્રકારના પ્રસંગમાં ઉજમાળ થવું, એ જીવનું અનંત સંસાર વધવાનું કારણ છે, એમ તીર્થંકર કહે છે. તે પુરુષના ગુણગ્રામ કરવા, તે પ્રસંગમાં ઉજમાળ થવું, અને તેની આજ્ઞામાં સરળ પરિણામે, પરમ ઉપયોગદૃષ્ટિએ વર્તવું, એ અનંત-સંસારને નાશ કરનારું તીર્થંકર કહે છે; અને તે વાક્યો જિનાગમને વિષે છે. ઘણા જીવો તે વાક્યો શ્રવણ કરતા હશે, તથાપિ પ્રથમ વાક્યને અફળ અને બીજા વાક્યને સફળ કર્યું હોય એવા જીવો તો ક્વચિત્ જોવામાં આવે છે; પ્રથમ વાક્યને સફળ અને બીજા વાક્યને અફળ એમ જીવે અનંત વાર કર્યું છે. તેવાં પરિણામમાં આવતાં તેને વખત લાગતો નથી, કારણ કે અનાદિકાળથી મોહ નામનો મદિરા તેના ‘આત્મા’માં પરિણામ પામ્યો છે; માટે વારંવાર વિચારી તેવા તેવા પ્રસંગમાં યથાશક્તિ, યથાબળવીર્યે ઉપર દર્શિત કર્યા છે જે પ્રકાર, તે પ્રકારે વર્તવું યોગ્ય છે.’’

‘‘જેને વિષે સત્સ્વરૂપ વર્તે છે એવા જે જ્ઞાની તેને વિષે લોક-સ્પૃહાદિનો ત્યાગ કરી, ભાવે પણ જે આશ્રિત-પણે વર્તે છે, તે નિકટપણે કલ્યાણને પામે છે; એમ જાણીએ છીએ.’’

—શ્રીમદ્ રાજચંદ્ર

‘‘આત્માપણે કેવળ આત્મા વર્તે એમ જે ચિંતવન રાખવું તે લક્ષ છે, શાસ્ત્રના પરમાર્થરૂપ છે.’’

હવે અનુવાદક તથા વિવેચક ગ્રંથનો ઉપસંહાર કરતાં લખે છે :—



## ઉપસંહાર

(દોહરા)

અણિયાળી કાંટા સમી, ડાંગર દેખ કમોદ;
ભરડી, છોડાં-કુશકી, ઊપણી ચોખા શોધ. ૧

જળથી શુદ્ધ કરી કરે, કમોદ કેરો ભાત;
ઉપાદેય ભોજ બને, દૃષ્ટાંતે સિદ્ધાંત. ૨

બાહ્યાત્મા ખંજુળી ને, કાંટા સમી કમોદ;
ડાંગર ભરડી દેખતો, ચોખા અંતર્જ્યોત. ૩

શુદ્ધ વિશેષ ક્રિયા કર્યે, બને ભાત તૈયાર;
તેમ ક્રિયા સમ્યક્ત્વીની, આપે સિદ્ધિ સાર. ૪

ત્રણ ભેદે આત્માતણી, વાત અલૌકિક આંહિ;
પૂજ્યપાદ પ્રભુએ રચી, સમાધિ-માળા માંહિ. ૫

મંદ મતિથી જે બન્યું, સમય-શક્તિ અનુસાર;
ફૂલ નહિ-ફૂલની પાંખડી, પ્રભુ ચરણે ધરી, તાર. ૬

દ્રવ્યે, ભાવે રત્નના, પરીક્ષક ગુરુરાજ;
રાજચંદ્ર, રત્નાકરે બિંદુ સમ મુજ કાજ. ૭

**સમાપ્ત**

# परिशिष्ट १

## समाधिशतक

### (१) प्रासंगिक

(अनुष्टुप)

नमोऽस्तु पूज्यपादाय समाधिस्वामिने त्रिधा ।
राजचंद्राय याचेऽहं समाधिबोधिसाधनम् ॥१॥

कलिकालानले दग्धान् जीवांस्त्रातुं समुद्यतः ।
राजचन्द्रसुधासिंधुर्नमस्तस्मै स्मराम्हम् ॥२॥

नमोऽस्तु पूज्यपादाय समाधिस्वामिने सदा ।
समाधितंत्रकर्तारं नमामि समताधरम् ॥३॥

### (२) संस्कृत-टीकाकारका मंगलाचरण

(वसंततिलका)

सिद्धं जिनेन्द्रमलमप्रतिमप्रबोधं
निर्वाणमार्गममलं विबुधेन्द्रवन्द्यम् ।
संसारसागरसमुत्तरणप्रपोत्तं
वक्ष्ये समाधिशतकं प्रणिपत्य वीरम् ॥४॥

### (३) ग्रन्थ-प्रारंभ

(श्लोकः)

येनात्माऽबुद्ध्यतात्मैव परत्वेनैव चापरम् ।
अक्षयानन्तबोधाय तस्मै सिद्धात्मने नमः ॥१॥

(वंशस्थ छंदः)

जयन्ति यस्यावदतोऽपि भारती—
विभूतयस्तीर्थकृतोऽप्यनीहितुः ।
शिवाय धात्रे सुगताय विष्णवे
जिनाय तस्मै सकलात्मने नमः ॥२॥



(उपेन्द्रवज्रा)

श्रुतेन लिङ्गेन यथात्मशक्ति
समाहितान्तःकरणेन सम्यक् ।
समीक्ष्य कैवल्यसुखस्पृहाणां
विविक्तमात्मानमथाभिधास्ये ॥३॥

(अनुष्टुप)

बहिरन्तः परश्चेति त्रिधाऽऽत्मा सर्वदेहिषु ।
उपेयात्तत्र परमं मध्योपायाद् बहिस्त्यजेत् ॥४॥

बहिरात्मा शरीरादी जातात्मभ्रान्तिरान्तरः ।
चित्तदोषात्मविभ्रान्तिः परमात्माऽतिनिर्मलः ॥५॥

निर्मलः केवलः शुद्धो विविक्तः प्रभुरव्ययः ।
परमेष्ठी परात्मेति परमात्मेश्वरो जिनः ॥६॥

बहिरात्मेन्द्रियद्वारैरात्मज्ञानपराङ्मुखः ।
स्फुरितश्चात्मनो देहमात्मत्वेनाध्यवस्यति ॥७॥

नरदेहस्थमात्मानमविद्वान् मन्यते नरम् ।
तिर्यञ्चं तिर्यगङ्गस्थं सुरं तथा ॥८॥

नारकं नारकाङ्गस्थं न स्वयं तत्त्वतस्यथा ।
अनन्तानन्तधीशक्तिः स्वसंवेद्योऽचलस्थितिः ॥९॥

स्वदेहसदृशं दृष्ट्वा परदेहमचेतनम् ।
परात्माधिष्ठितं मूढः परत्वेनाध्यवस्यति ॥१०॥

स्वपराध्यवसायेन देहेष्वविदितात्मनाम् ।
वर्तते विभ्रमः पुंसां पुत्रभार्यादिगोचरः ॥११॥

अविद्यासंज्ञितस्तस्मात्संस्कारो जायते दृढः ।
येन लोकोऽङ्गमेव स्वं पुनरप्यभिमन्यते ॥१२॥

देहे स्वबुद्धिरात्मानं युनक्त्येतेन निश्चयात् ।
स्वात्मन्येवात्मधीस्तस्माद्वियोजयति देहिनम् ॥१३॥

देहेष्वात्मधिया जाताः पुत्रभार्यादिकल्पनाः ।
संपत्तिमात्मनस्ताभिर्मन्यते हा हतं जगत् ॥१४॥

मूलं संसारदुःखस्य देह एवात्मधीस्ततः ।
त्यक्त्वैनां प्रविशेदंतर्बहिरव्यापृतेन्द्रियः ॥१५॥

मत्तश्च्युत्वेन्द्रियद्वारैः पतितो विषयेष्वहम् ।
तान्प्रपद्याहमिति मां पुरा-वेद न तत्त्वतः ॥१६॥

एवं त्यक्त्वा बहिर्वाचं त्यजेदन्तरशेषतः ।
एष योगः समासेन प्रदीपः परमात्मनः ॥१७॥

यन्मया दृश्यते रूपं तन्न जानाति सर्वथा ।
जानन्न दृश्यते रूपं तत केन ब्रवीम्यहम् ॥१८॥

यत्परैः प्रतिपाद्योऽहं यत्परान् प्रतिपादये ।
उन्मत्तचेष्टितं तन्मे यदहं निर्विकल्पकः ॥१९॥

यदग्राह्यं न गृह्णाति गृहीतं नापि मुञ्चति ।
जानाति सर्वथा सर्व तत्स्वसंवेद्यमस्म्यहम् ॥२०॥

उत्पन्नपुरुषभ्रान्तेः स्थाणौ यद्वद्विचेष्टितम् ।
तद्वन्मे चेष्टितं पूर्व देहादिष्वात्मविभ्रमात् ॥२१॥

यथाऽसौ चेष्टते स्थाणौ निवृते पुरुषाग्रहे ।
तथा चेष्टाऽसिम देहादौ विनिवृत्तात्मविभ्रमः ॥२२॥



येनात्मनाऽनुभूयेऽहमात्मनैवात्मनाऽऽत्मनि ।
सोऽहं न तन्न सा नासौ नैको न द्वौ न वा बहुः ॥२३॥

यदभावे सुषुप्तोऽहं यद्भावे व्युत्थितः पुनः ।
अतीन्द्रियमनिर्देश्यं तत्स्वसंवेद्यमस्म्यहम् ॥२४॥

क्षीयन्तेऽत्रैव रागाद्यास्तत्त्वतो मां प्रपश्यतः ।
बोधात्मानं ततः कश्चिन्न शत्रुर्न च प्रियः ॥२५॥

मामपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रियः ।
मां प्रपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रिय ॥२६॥

त्यक्त्वैवं बहिरात्मानमन्तरात्मव्यवस्थितः ।
भावयेत्परमात्मानं सर्वसङ्कल्पवर्जितम् ॥२७॥

सोऽहमित्यात्तसंस्कारस्तस्मिन् भावनया पुनः ।
तत्रैव दृढसंस्काराल्लभते ह्यात्मनि स्थितिम् ॥२८॥

मूढात्मा यत्र विश्वस्तस्ततो नान्यद्भय स्पदम् ।
यतो भीतस्ततो नान्यदभयस्थानमात्मनः ॥२९॥

सर्वेन्द्रियाणि संयम्य स्तिमितेनांतरात्मना ।
यत् क्षणं पश्यतो भाति तत्तत्त्वं परमात्मनः ॥३०॥

यः परात्मा स एवाहं योऽहं स परमस्ततः ।
अहमेव मयोपास्यो नान्यः कश्चिदिति स्थितिः ॥३१॥

प्रच्याव्य विषयेभ्योऽहं मां मयैव मयि स्थितम् ।
बोधात्मानं प्रपन्नोऽस्मि परमानन्दनिर्वृतम् ॥३२॥

यो न वेत्ति परं देहादेवमात्मानमव्ययम् ।
लभते न स निर्वाणं तप्त्वाऽपि परमं तपः ॥३३॥

आत्मदेहान्तरज्ञानजनिताह्लादनिर्वृतः ।
तपसा दुष्कृतं घोरं भुञ्जानोऽपि न खिद्यते ॥३४॥

रागद्वेषादिकल्लोलैरलोलं यन्मनोजलम् ।
स पश्यत्यात्मनस्तत्त्वं तत्तत्त्वं नेतरो जनः ॥३५॥

अविक्षिप्तं मनस्तत्त्वं विवक्षिप्तं भ्रान्तिरात्मनः ।
धारयेत्तदविक्षिप्तं विक्षिप्तं नाश्रयेत्ततः ॥३६॥

अविद्याभ्याससंस्कारैरवशं क्षिप्यते मनः ।
तदेव ज्ञानसंस्कारैः स्वतस्तत्त्वेऽवतिष्ठते ॥३७॥

अपमानादयस्तस्य विक्षेपो यस्य चेतसः ।
नापमानादयस्तस्य न क्षेपो यस्य चेतसः ॥३८॥

यदा मोहात्प्रजायेते रागद्वेषौ तपस्विनः ।
तदैव भावयेत्स्वस्थमात्मानं शाम्यतः क्षणात् ॥३९॥

यत्र कार्य मुनेः प्रेम ततः प्रच्याव्य देहिनम् ।
बुद्ध्या तदुत्तमे कार्य योजयेत्प्रेम नश्यति ॥४०॥

आत्मविभ्रमजं दुःखमात्मज्ञानात्प्रशाम्यति ।
नायतास्तत्र निर्वान्तिकृत्वाऽपि परमं तपः ॥४१॥

शुभं शरीरं दिव्यांश्च विषयानभिवांच्छति ।
उत्पन्नात्ममतिर्देहे तत्त्वज्ञानी ततश्च्युतिम् ॥४२॥

परत्राहंमतिः स्वस्माच्च्युतो बध्नात्यसंशयम् ।
स्वस्मिन्नहंमतिश्च्युत्वा परस्मान्मुच्यते बुधः ॥४३॥

दृश्यमानमिदं मूढस्त्रिलिङ्गमवबुद्ध्यते ।
इदमित्यवबुद्धस्तु निष्पन्नं शब्दवर्जितम् ॥४४॥



जानन्नप्यात्मनस्तत्त्वं विविक्तं भावयन्नपि ।
पूर्वविभ्रमसंस्काराद् भ्रान्तिं भूयोऽपि गच्छति ॥४५॥

अचेतनमिदं दृश्यमदृश्यं चेतनं ततः ।
क्व रुष्यामिक्व तुष्यामि मध्यस्थोऽहं भवाम्यत ॥४६॥

त्यागादाने बहिर्मूढः करोत्यध्यात्ममात्मविद् ।
नान्तर्बहिरुपादानं न त्यागो निष्ठितात्मनः ॥४७॥

युञ्जीत मनसाऽऽत्मानं वाक्कायाभ्यां वियोजयेत् ।
मनसा व्यवहारं तु त्यजेद्वाक्काययोजितम् ॥४८॥

जगद्देहात्मदृष्टीनां विश्वास्यं रम्यमेव वा ।
आत्मन्येवात्मदृष्टीनां क्व विश्वासः क्व वा रतिः ॥४९॥

आत्मज्ञानात्परं कार्य न बुद्धौ धारयेच्चिरम् ।
कुर्यादर्थवशात्किञ्चिव् वाक्कायाभ्यामतत्परः ॥५०॥

यत्पश्यामीन्द्रियैस्तन्मे नास्ति यन्नियतेन्द्रियः ।
अन्तः पश्यामि सानन्दं तदस्तु ज्योतिरुत्तमम् ॥५१॥

सुखमारब्धयोगस्य बहिर्दुःखमथात्मनि ।
बहिरेवासुखं सौख्यमध्यात्मं भावितात्मनः ॥५२॥

तद्ब्रूयात्तत्परान्पृच्छेत्तदिच्छेत्तत्परो भवेत् ।
येनाविद्यामयं रूपं त्यक्त्वा विद्यामयं व्रजेत् ॥५३॥

शरीरे वाचि चात्मानं संघत्ते वाक्शरीरयोः ।
भ्रान्तोऽभ्रान्तः पुनस्तत्त्वं पृथगेषां विबुद्ध्यते ॥५४॥

न तदस्तीन्द्रियार्थेषु यत्क्षेमङ्करमात्मनः ।
तथाऽपि रमते बालस्तत्रैवाज्ञानभावनात् ॥५५॥

चिरं सुषुप्तास्तमसि मूढात्मानः कुयोनिषु ।
अनात्मीयात्मभूतेषु ममाहमिति जाग्रति ॥५६॥

पश्येन्निरंतरं देहमात्मनोऽनात्मचेतसा ।
अपरात्मधिय ऽन्येषामात्मतत्त्वे व्यवस्थितः ॥५७॥

अज्ञापितं न जानंति यथा मां ज्ञापितं तथा ।
मूढात्मानस्ततस्तषां वृथा मे ज्ञापनश्रमः ॥५८॥

यद् बोधयितुमिच्छामि तन्नाहं यदहं पुनः ।
ग्राह्यं तदपि नान्यस्य तत्किमन्यस्य बोधये ॥५९॥

बहिस्तुष्यति मूढात्मा पिहितज्योतिरन्तरे ।
तुष्यत्यन्तः प्रबुद्धत्मा बहिर्व्यावृत्तकौतुकः ॥६०॥

न जानंति शरीराणि सुखदुःखान्यबुद्धयः ।
निग्रहानुग्रहधियं तथाऽप्यत्रैव कुर्वते ॥६१॥

स्वबुद्ध्या यावद्गृह्णीयात् कायवाक्चेतसां त्रयम् ।
संभारस्तावदेतेषां भेदाभ्यासे तु निर्वृतिः॥६२॥

धने वस्त्रे यथाऽऽत्मानं न धनं मन्यते तथा ।
धने स्वदेहेऽप्यात्मानं न धनं मन्यते बुधः ॥६३॥

जीर्णे वस्त्रे यथाऽऽत्मानं न जीर्णं मन्यते तथा ।
जीर्णे स्वदेहेऽप्यात्मानं न जीर्णं मन्यते बुधः ॥६४॥

नष्टे वस्त्रे यथाऽऽत्मानं न नष्टं मन्यते तथा ।
नष्टे स्वदेहेऽप्यात्मानं न नष्टं मन्यते बुधः ॥६५॥

रक्ते वस्त्रे यथाऽऽत्मानं न रक्तं मन्यते तथा ।
रक्ते स्वदेहेऽप्यात्मानं न रक्तं मन्यते बुधः ॥६६॥



यस्य सस्पन्दमाभाति निःस्पंदेन समं जगत् ।
अप्रज्ञमक्रियाभोगं स शमं याति नेतरः ॥६७॥

शरीरकंचुकेनात्मा संवृतो ज्ञानविग्रहः ।
नात्मानं बुद्ध्यते तस्माद् भ्रमत्यतिचिरं भवे ॥६८॥

प्रविशद्गलतां व्यूहे दहेऽणूनां समाकृतौ ।
स्थितिभ्रान्त्या प्रपद्यन्ते तमात्मानमबुद्धयः ॥६९॥

गौरः स्थूलः कृशो वाऽहमित्यङ्गेनाविशेषयन् ।
आत्मानं धारयेन्नित्यं केवलज्ञप्तिविग्रहम् ॥७०॥

मुक्तिरेकान्तिकी तस्य चित्ते यस्याचला धृतिः ।
तस्य नैकान्तिकी मुक्तिर्यस्य नास्त्यचला धृतिः ॥७१॥

जनेभ्यो वाक् ततः स्पन्दो मनसश्चित्तविभ्रमाः ।
भवन्ति तस्मात्संसर्गं जनैर्योगी ततस्त्यजेत् ॥७२॥

ग्रामोऽरण्यमिति द्वेधा निवासोऽनात्मदर्शिनाम् ।
दृष्टात्मनां निवासस्तु विविक्तात्मैव निश्चलः ॥७३॥

देहान्तरगतेर्बीजं देहेऽस्मिन्नात्मभावना ।
बीजं विदेहनिष्पत्तेरात्मन्येवात्मभावना ॥७४॥

नयत्यात्मानमात्मैव जन्मनिर्वाणमेव वा ।
गुरुरात्माऽऽत्मनस्तस्मान्नान्योऽस्ति परमार्थतः ॥७५॥

दृढात्मबुद्धिर्देहादावुत्पश्यन्नाशमात्मनः ।
मित्रादिभिर्वियोगं च बिभेति मरणाद् भृशम् ॥७६॥

आत्मन्येवात्मधीरन्यां शरीरगतिमात्मनः ।
मन्यते निर्भयं त्यक्त्वा वस्त्रं वस्त्रान्तरग्रहम् ॥७७॥

व्यवहारे सुषुप्तो यः स जागर्त्यात्मगोचरे ।
जागर्ति व्यवहारेऽस्मिन् सुषुप्तश्चात्मगोचरे ॥७८॥

आत्मानमंतरे दृष्ट्वा दृष्ट्वा देहादिकं बहिः ।
तयोरन्तरविज्ञानादभ्यासादच्युतो भवेत् ॥७९॥

पूर्व दृष्टात्मतत्त्वस्य विभात्युन्मत्तवज्जगत् ।
स्वभ्यस्तात्मधियः पश्चात्काष्ठपाषाणरूपवत् ॥८०॥

शृण्वन्नप्यन्यतः कामं वदन्नपि कलेवरात् ।
नात्मानं भावयेद्भिन्नं यावत्तावन्न मोक्षभाक् ॥८१॥

तथैव भावयेद्देहाद् व्यावृत्यात्मानमात्मनि ।
यथा न पुनरात्मानं देहे स्वप्नेऽपि योजयेत् ॥८२॥

अपुण्यमव्रतैः पुण्यं व्रतैर्मोक्षस्तयोर्व्ययः ।
अव्रतानीव मोक्षार्थी व्रतान्यपि ततस्त्यजेत् ॥८३॥

अव्रतानि परित्यज्य व्रतेषु परिनिष्ठितः ।
त्यजेत्तान्यपि संप्राप्य परमं पदमात्मनः ॥८४॥

यदन्तर्जल्पसंपृक्तमुत्प्रेक्षाजालमात्मनः ।
मूलं दुःखस्य तन्नाशे शिष्टमिष्टं परं पदम् ॥८५॥

अव्रती व्रतमादाय व्रती ज्ञानपरायणः ।
परात्मज्ञानसंपन्नः स्वयमेव परो भवेत् ॥८६॥

लिङ्गं देहाश्रितं दृष्टं देह एवात्मानो भवः ।
न मुच्यन्ते भवात्तस्माते ये लिङ्गकृताग्रहाः ॥८७॥

जातिर्देहाश्रिता दृष्टा देह एवात्मनो भवः ।
न मुच्यन्ते भवात्तस्मात्ते ये जातिकृताग्रहाः ॥८८॥



जातिलिङ्गविकल्पेन येषां च समयाग्रहः ।
तेऽपि न प्राप्नुवन्त्येव परमं पदमात्मनः ॥८९॥

यत्त्यागाय निवर्तन्ते भोगभ्यो यदवाप्तये ।
प्रीतिं तत्रैव कुर्वन्ति द्वेषमन्यत्र मोहिनः ॥९०॥

अनन्तरज्ञः सन्धत्ते दृष्टिं पङ्गोर्यथाऽन्धके ।
संयोगाद् दृष्टिमङ्गेऽपि संघत्ते तद्वदात्मनः ॥९१॥

दृष्टभेदो यथा दृष्टिं पङ्गोरन्धे न योजयेत् ।
तथा न याजयेद्देहे दृष्टात्मा दृष्टिमात्मनः ॥९२॥

सुप्तोन्मत्ताद्यवस्थैव विभ्रमोऽनात्मदर्शिनाम् ।
विभ्रमोऽक्षीणदोषस्य सर्वावस्थाऽऽत्मदर्शिनः ॥९३॥

विदिताशेषशास्त्रोऽपि न जाग्रदपि मुच्यते ।
देहात्मदृष्टिर्ज्ञातात्मा सुप्तोन्मत्तोऽपि मुच्यते ॥९४॥

यत्रैवाहितधीः पुंसः श्रद्धा तत्रैव जायते ।
यत्रैव जायते श्रद्धा चित्तं तत्रैव लीयते ॥९५॥

ब्यत्रैवाहितधीः पुंसः श्रद्धा तस्मान्निवर्तते ।
यस्मान्निवर्तते श्रद्धा कुतश्चित्तस्य तल्लयः ॥९६॥

भिन्नात्मानमुपास्यात्मा परो भवति तादृशः ।
वर्तिर्दीपं यथोपास्य भिन्ना भवति तादृशी ॥९७॥

उपास्यात्मानमेवात्मा जायते परमोऽथवा ।
मथित्वाऽऽत्मानमात्मैव जायतेऽग्निर्यथा तरुः ॥९८॥

इतीदं भावयेन्नित्यमवाचागोचरं पदम् ।
स्वत एव तदाप्नोति यतो नावर्तते पुनः ॥९९॥

अयत्नसाध्यं निर्वाणं चित्तत्त्वं भूतजं यदि ।
अन्यथा योगतस्तस्मान्न दुःखं यागिनां क्वचित् ॥१००॥

स्वप्ने दृष्टे विनष्टेऽपि न नाशोऽस्ति यथाऽऽत्मनः ।
तथा जागरदृष्टेऽपि विपर्यासाविशेषतः ॥१०१॥

अदुःखभावितं ज्ञानं क्षीयते दुःखसन्निधौ ।
तस्माद्यथाबलं दुःखैरात्मानं भावयेन्मुनिः ॥१०२॥

प्रयत्नादात्मनो वायुरिच्छाद्वेषप्रवर्तितात् ।
वायोः शरीरयंत्राणि वर्तन्ते स्वेषु कर्मसु ॥१०३॥

तान्यात्मनि समारोप्य साक्षाण्यास्ते सुखं जडः ।
त्यक्त्वाऽऽरोपं पुनर्विद्वान् प्राप्नोति परमं पदम् ॥१०४॥

(वसंततिलका)

मुक्त्वा परत्र परबुद्धिमहंधियं च
संसारदुःखजननीं जननाद्विमुक्तः ।
ज्योतिर्मयं सुखमुपैति परात्मनिष्ठ–
स्तन्मार्गमेतदधिगम्य समाधितंत्रम् ॥१०५॥

(शार्दूलविकीडित)

येनात्मा बहिरन्तरुत्तमभिदा त्रेधा विवृत्योदितो
मोक्षाऽनंत चतुष्टयामलवपुः सद्ध्यानतः कीर्तितः ।
जीयात्सोऽत्र जिनः समस्तविषयः श्रीपूज्यपादोऽमलो
भव्यानंदकरः समाधिशतकः श्रीमत्प्रभेन्दुः प्रभुः ॥१०६॥

---

# परिशिष्ट २

## સમાધિશતક

## (ગુજરાતી અનુવાદ)

(૧) પ્રાસંગિક

(દોહરો)

બોધિ-સમાધિ જ ફળો, પ્રણમું શ્રી ગુરુરાજ;
પૂજ્યપાદ-શરણે ફળો, સફળ જીવન મુજ કાજ. ૧
કળિયુગ-ઝાળે દાઝતા, જીવ બચાવા કાજ;
સુબોદધિ સમ રાજચંદ્ર, નમું, સ્મરું, સુખ-સાજ. ૨
પૂજ્યપાદ પ્રભુને નમું, આત્મ-સ્વરૂપ મહંત;
વરી સમતા સ્વામી થયા, સમાધિમય ભગવંત. ૩

(૨) સંસ્કૃત-ટીકાકારનું મંગલાચરણ

હરિગીત

પરિપૂર્ણ, સિદ્ધ , જિનેંદ્ર અનુપમ જ્ઞાનજ્યોતિ ઝળહળે,
નિર્વાણ-માર્ગ સમાન નિર્મળ, જ્યાં સુરેન્દ્ર-શિરો ઢળે;
સંસારસાગર તારવા સફરી જહાજ સમાન જે,
વ્યાખ્યા સમાધિ-શતકની કરું વીર ગુરુને પ્રણમીને.

(૩) ગ્રંથ પ્રારંભ

અનુષ્ટુપ

જેણે જાણ્યો ખરો આત્મા-આત્માને, અન્ય અન્યને;
અક્ષય-પૂર્ણ જ્ઞાની તે, સિદ્ધને ધન્ય, ધન્ય છે. ૧

ન બોલતા તોય સુણાય ભારતી-;
વિભૂતિ નિઃસ્પૃહ અહો! સદેહીની;
મનાય બ્રહ્મા, શિવ, બુદ્ધ, વિષ્ણુ કે,
જિનેન્દ્ર રૂપે સરખા ભજું ભલે. ૨

ઉપજાતિ

શક્તિ પ્રમાણે અનુમાન, શાસ્ત્રે;
સમ્યક્ પ્રકારે સ્થિરતા સ્વરૂપે-
અનુભવીને કહું સજ્જનોને,
સ્વરૂપ જે શુદ્ધ જિજ્ઞાસુઓને. ૩

દોહરો

આત્મા જ્ઞાન દર્શન ગુણી, મારો એક જ નિત્ય;
શેષ બાહ્ય ભાવો બધા, સંયોગી જ અનિત્ય.

બાહ્ય, અંતર, પરાત્મા એ, ત્રિભેદે સર્વ જીવ છે;
તજો બાહ્ય બની અંતર્, પરમાત્મા થવું હવે. ૪

બહિરાત્મા ગણે આત્મા, દેહાદિને જ ભ્રાંતિથી;
અંતરાત્મા તજે ભ્રાંતિ, ચિત્ત દોષ સ્વરૂપની. ૫

પરમાત્મા, પ્રભુ શુદ્ધ, નિર્મલ કેવલ વળી;
વિવિક્ત અવ્યય જિન, પરાત્મા પરમેશ્વરી. ૬

ઇંદ્રિયોથી પ્રવર્તે આ, પોતાનો દેહ તે જ હું;
બહિરાત્મા ગણે એવું, આત્મજ્ઞાન ન તે કહ્યું. ૭

નરદેહે રહે તો તે, આત્માને નર માનતો;
તિર્યંચદેહમાં ઢોર, દેવાંગે સુર જાણતો. ૮

નારકી નરકે જાણે-અજ્ઞાની, તેમ તે નથી;
અનંત-જ્ઞાન-શક્તિમાન્, સ્વગમ્ય, અચલસ્થિતિ. ૯

મૂઢ સ્વદેહ શો દેખી, પરના જડ દેહને,
પર આત્મા જુદો તોયે, દેહરૂપે પર ગણે. ૧૦

સ્વ-પર-દેહમાં આત્મા, અજ્ઞાની આમ માનતો;
પડી વિભ્રમમાં પોતે, પુત્ર ભાર્યાદિ ભાવતો. ૧૧



અવિદ્યારૂપ સંસ્કાર, તેથી તો દૃઢ જામતો;
તેથી પુનર્ભવે જીવ, પોતાને દેહ માનતો. ૧૨

દેહાત્મબુદ્ધિ દેહોનાં, કારણો મેળવે નકી;
આત્મામાં આત્મબુદ્ધિમાન્, દેહની કેદ દે મૂકી. ૧૩

દેહમાં આત્મબુદ્ધિથી, પુત્રાદિ નિજ કલ્પતો;
મહત્તા માની પોતાની તેમાં, હા! જગ-હાણ જો. ૧૪

મૂળ સંસાર—દુઃખોનું દેહમાં આત્મબુદ્ધિ તે-
તજી ઇંદ્રિય વ્યાપાર-બાહ્ય, અંતર પેસજે. ૧૫

ઇંદ્રિયદ્વારથી ચૂકી, પડ્યો હું વિષયો વિષે;
ભોગો પામી ન મેં પૂર્વે- જાણ્યું રૂપ યથાર્થ જે. ૧૬

બાહ્ય વાણી તજી આવી, અંતર્વાચા તજો પૂરી;
સમાસે યોગ-વાર્તા આ, પરમાત્મા પ્રકાશતી. ૧૭

જે મને રૂપ દેખાય, તે તો જાણે ન સર્વથા;
જાણે તે તો ન દખાય, કોની સાથે કરું કથા? ૧૮

'સ્વરૂપ સમજાવું હું,' 'મને હો ઉપદેશક,'
ઉન્મત્ત મત એ મારો, આત્મા તો નિર્વિકલ્પક. ૧૯

અગ્રાહ્યને ગ્રહે ના જે, ગ્રહેલું, મૂકતો નથી;
સર્વથા સર્વને જાણે, તે સ્વ-સંવેદ્ય હું નકી. ૨૦

ઠૂંઠાને ભૂલથી માની- મનુષ્ય, જેમ વર્તતો;
પ્રવર્ત્યો તેમ પૂર્વે હું, દેહાદિ નિજ માનતો. ૨૧

મનુષ્ય-માન્યતા ટાળી, ઠૂંઠા પ્રત્યે પ્રવર્તતો;
તેમ ભ્રાન્તિ ટળી ત્યારે, દેહાદિ ભિન્ન માનતો. ૨૨

મનુષ્ય-માન્યતા ટાળી, ઠૂંઠા પ્રત્યે પ્રવર્તતો;
તેમ ભ્રાન્તિ ટળી ત્યારે, દેહાદિ ભિન્ન માનતો. ૨૩

જે વિના નીંદમાં ડૂબ્યો, જાગ્યો જે રૂપ જાણીને;
અતીંદ્રિય, અકથ્ય હું, સ્વસંવેદન સાધ્ય તે. ૨૪

રાગાદિ આ ભવે જાયે, ઓળખ્યે તત્ત્વથી મને;
જ્ઞાનરૂપે મને જાણ્યે, શત્રુ-મિત્ર ન કો બને. ૨૫

મને ના દેખતા લોકો, શત્રુ-મિત્ર ન થાય, જો;
મને જે દેખનારા તે, શત્રુ-મિત્ર ન થાય કો. ૨૬

બહિરાત્મા તજી આમ, અંતરાત્મા બની અહો!
સર્વ સંકલ્પથી મુક્ત, પરમાત્માપણું લહો. ૨૭

'સોઽહં' સંસ્કાર પામીને, ભાવના કરવી અતિ;
દૃઢ સંસ્કાર જામીને, આત્મામાં સ્થિરતા થતી. ૨૮

મૂઢ વિશ્વાસ રાખે તે-વસ્તુથી વધુ ભીતિ ક્યાં?
ડરે જેથી, વધુ ના કો, અભય સ્થાન આત્માનાં. ૨૯

ઇંદ્રિયો સર્વ રોકીને, કરીને સ્થિર ચિત્તને;
જોતાં જે ક્ષણમાં ભાસે, પરમાત્મઈસ્વરૂપ તે. ૩૦

હું પરાત્મારૂપે છું ને, પરાત્મા તે જ હું નકી;
તેથી ઉપાસના મારી, મારે કર્તવ્ય, એ સ્થિતિ. ૩૧

વિષયોથી કરી મુક્ત, મને મેં અ,ાત્મભાવથી;
પરમાનંદથી પૂર્ણ—બોધ રૂપે કરી સ્થિતિ. ૩૨

દેહથી ભિન્ન ને નિત્ય, આત્મા આમ ન જાણતાં;
ભારે તપો તપે તોયે, મોક્ષ-સુખ ન માણતાં. ૩૩



દેહથી ભિન્ન આત્માના, જ્ઞાનાનંદે પૂરા સુખી;
તપ-તાપો દહે પાપો-ઉગ્ર, તોયે ન તે દુઃખી. ૩૪

રાગ-દ્વેષાદિ મોજાંથી, હાલે જો ના મનોજળ;
તો આત્મતત્ત્વ તે દેખે, તે તત્ત્વે અન્ય નિષ્ફળ. ૩૫

અવિક્ષેપી મન આત્મા, વિક્ષેપી આત્મભ્રાંતિ જો;
અવિક્ષેપી કરો ચિત્ત, તેથી વિક્ષેપી ના રહો. ૩૬

અવિદ્યા બહુ અભ્યાસી, તે સંસ્કારે મન ચળેક્ષ;
જ્ઞાનસંસ્કારથી ચિત્ત, આત્મ-તત્ત્વે સ્વયં વળે. ૩૭

અપમાનાદિ તે માને, વિક્ષેપી મન જેમનું;
અપમાનાદિ ના લેખે, અક્ષુબ્ધ મન જેમનું. ૩૮

તપસ્વીને કદી મોહે, રાગદ્વેષ જણાય જો;
ભાવજો સ્વસ્થ આત્મા તો, ક્ષણમાં શાંતિ પામશો. ૩૯

જ્યાં દેહે પ્રેમ મુનિને, ત્યાંથી ચિત્ત ખસીને;
બુદ્ધિથી બોધમૂર્તિમાં, બાંધતાં પ્રેમ જાય તે. ૪૦

આત્મભ્રાંતિ જણે દુઃખો, આત્મજ્ઞાન હણે, અહા!
જ્ઞાન અર્થે મથે ના તો, મોક્ષ દે ના તપો મહા. ૪૧

દેહાત્મબુદ્ધિની ઇચ્છા, દિવ્ય દેહ-સુભોગની;
તત્ત્વજ્ઞાની તણી ઇચ્છા, દેહ-ભોગ-વિયોગની. ૪૨

પોતાને પરમાં માની, બંધાય સ્વચૂકી નકી,
આત્મામાં આત્મબુદ્ધિમાન્, મુકાય પરને મૂકી. ૪૩

ત્રિલિંગ દૃશ્ય કાયા હું, એટલું મૂઢ માનતો;
અનાદિસિદ્ધ, અવાચ્ય, આત્મા, જો મત જ્ઞાનીનો . ૪૪

આત્મતત્ત્વ પિછાનીને, ભિન્ન ભાવી રહ્યા છતાં;
ભ્રાંતિના પૂર્વસંસ્કારે, ભ્રાંતિમાં ફરી કો જતાં. ૪૫

દૃશ્ય તો હું જડ જાણું, આત્મા અદૃશ્ય માનતો;
કરું ક્યાં રોષ કે તોષ? રહું મધ્યસ્થ તેથી તો. ૪૬

બાહ્ય ત્યાગે, ગ્રહે મૂઢ, જ્ઞાનીની ગુપ્ત વર્તના;
નિષ્ઠિતાત્મા ન ત્યાગે કે, ગ્રહે બાહ્યન્તરે જરા. ૪૭

યોજો આત્મા મન સાથે, વાણી-કાયાથી છોડીને;
મનથી વાણી-કાયાના વર્તને વૃત્તિ છોડી દે. ૪૮

દેહાત્મદૃષ્ટિને ભાસે-વિશ્વાસ, રમ્ય આ બધાં;
સ્વાત્મામાં આત્મદૃષ્ટિને, ભવે વિશ્વાસ, રાગ ક્યાં? ૪૯

આત્મજ્ઞાન વિના ક્યાંય, ચિત્ત દ્યો ચિરકાળ ના;
આત્માર્થે વાણી-કાયાથી, વર્તો તન્મયતા વિના. ૫૦

જે દેખું ઇંદ્રિયોથી તે, મારું ના, મુજ રૂપ કો-
ઇંદ્રિયો રોકી અંતરમાં, દેખું સાનંદ દીપ હો. ૫૧

યોગારંભે સૂઝે સુખ- બાહ્યમાં, દુઃખ અંતરે;
અભ્યસ્તાત્મા સુખી અંતર્, દુઃખી બાહ્ય સુખે, અરે! ૫૨

તે કહો, તે પૂછો સૌને, તે ઇચ્છો, તન્મય રહો;
જેથી મિથ્યાત્વ મૂકીને, જ્ઞાનાવસ્થા તમે ગ્રહો. ૫૩

ભ્રાંતિથી વાણી-કાયામાં, આત્મા અજ્ઞાની માનતો;
ભ્રાંતિમુક્ત ખરું જાણે, ત્રણેનું તત્ત્વ ભિન્ન તો. ૫૪

ઇંદ્રિય-વિષયોમાં શું, આત્માને હિતકારી છે?
બાલ તેમાં જ રાચે હા! માત્ર અજ્ઞાનતાવશે. ૫૫



અંધારે બહુ ઊંઘ્યા જે, મૂઢાત્માઓ કુયોનિમાં;
'હું' 'મારું' માનતા જાગે, દેહાદિ અન્ય ભાવમાં. ૫૬

અનાત્મ-દૃષ્ટિએ દેખો, દેહ નિજ નિરંતર;
અજીવ અન્ય દેહો જો, આત્મામાં હો સદા સ્થિર. ૫૭

સ્વરૂપ ઉપદેશ્યું તે, મૂઢાત્મા જાણતા નથી;
જાણે કહ્યું નથી કાંઈ, વળે શું ઉપદેશથી? ૫૮

જે ઉપદેશવા ઇચ્છું, તે હું ના, મુજ રૂપ જે-
તે તો ના અન્યથી ગ્રાહ્ય; બોધું હું કેમ અન્યને? ૫૯

આવરી અંતરે જ્યોતિ, બાહ્યાત્મા બાહ્ય રાચતો;
અંતઃસંતોષી જ્ઞાની તો, બાહ્ય કૌતુક ટાળતો. ૬૦

શરીરો સુખ-દુઃખોને, જાણે ના તોય મૂઢ આ-
લાલને, પીડને બુદ્ધિ, રાખે દેહે તથાપિ હા! ૬૧

કાયા, વાણી, મન માને, જ્યાં સુધી જીવ આપણાં;
ત્યાં સુધી હોય સંસાર, મોક્ષ લે ભિન્ન ભાવતાં. ૬૨

જાડાં વસ્ત્રે ન પોતાને, જાડો વિવેકી કો,
જાડો દેહ થતાં તેમ, આત્મા જાડો ન માનવો. ૬૩

જીર્ણ વસ્ત્રે ન પોતાને, જીર્ણ જાણે વિવેકી કો,
જીર્ણ દેહ થતાં તેમ, આત્મા જીર્ણ ન માનવો. ૬૪

વસ્ત્ર નાશથી જેમ, દેહનો નાશ ના ગણે;
દેહના નાશથી જ્ઞાની આત્માનો નાશ ના ભણે. ૬૫

લાલ વસ્ત્રે ન પોતાને, લાલ જાણે વિવેક,
લાલ દેહ થતાં તેમ, આત્મા લાલ ન માનવો. ૬૬

જેને સક્રિય સંસાર, ભાસે નિષ્ક્રિય *કાષ્ઠ શો;
અ-પ્રજ્ઞ, ભોગ-ચેષ્ટાથી-રહિત શમ પામતો. ૬૭

જ્ઞાનમૂર્તિ પ્રભુ ઓઢી, દેહકાંચળી, જો રમે;
પોતાને જાણવો ભૂલી, ઘણો કાળ ભવે ભમે. ૬૮

અણુ રાશિ ખસે, પેસે, આ આત્માકાર દેહમાં;
સમાન-સ્થિતિ-ભ્રાંતિથી, મૂઢ તે નિજ માનતાં. ૬૯

'જાઠા વા સૂકલા, ગોરા,' દેહ-ધર્મોથી ભિન્ન જે;
કેવલ-જ્ઞાન-મૂર્તિ આ, આત્માને નિત્ય ભાવજે. ૭૦

અવશ્ય મુક્તિ પામે જો, અચલ ધારણ મને,
અવશ્ય મુક્તિ ના પામે, જેની ના ભાવના ટકે. ૭૧

લોક-યોગે વહે વાણી, તેથી ચિત્ત ચળે, ભ્રમે;
લોક-સંસર્ગને આવો, જાણી યોગી ભલે વમે. ૭૨

વનવાસ જનવાસ, બન્ને અનાત્મદર્શીના;
દૃષ્ટાત્માનો કયો વાસ? શુદ્ધ નિશ્ચલ આતમા. ૭૩

બીજા દેહોતણું બીજ, આ દેહે આત્મભાવના;
લોક-સંસર્ગને આવો, જાણી યોગી ભલે વમે. ૭૪

આત્માને મોક્ષ-સંસારે, આત્મા પોતે લઈ જતો;
નિશ્ચયે સ્વગુરુ આત્મા, અન્ય ના ગુરુ આત્મનો. ૭૫

દૃઢ-દેહાત્મબુદ્ધિ જે, આત્માનો નાશ માનતો;
મિત્રાદિના વિયોગે ને, મૃત્યુથી બહુ તે બીતો. ૭૬

*"નીરખીને નવયૌવના, લેશ ન વિષયનિદાન;
ગણે કષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન."



આત્મામાં આત્મબુદ્ધિમાન્, માને દેહ-ગતિ જુદી;
જૂનું વસ્ત્ર તજે તેમ, તજે દેહ તજીભીતિ. ૭૭

વ્યવહાર સૂતો મૂકે, તો જાગે આત્મ-કાર્યમાં;
ચિંતવે વ્યવહારો જે, તે ઊંઘે આત્મ-કાર્યમાં. ૭૮

આત્માને અંતરે દેખી, દેખો દેહાદિક જુદા;
બન્નેના ભેદવિજ્ઞાને, અભ્યાસે મુક્તિ સંપદા. ૭૯

આત્મજ્ઞાની શરૂઆતે, દેખે ઉન્મત્તવત્ જગત્;
અભ્યાસે આત્મજ્ઞાનીને, ભાસે આ જગ કાષ્ઠવત્. ૮૦

અન્ય પાસે સુણી બોધ, ઘણો દીધો તથાપિ જો;
દેહથી ભિન્ન ના ભાવ્યો, —આત્મા, તો ન મુકાય કો. ૮૧

દેહથી ભિન્ન ભાવીને – આત્માને, આત્મભાવના—
દૃઢ એવી કરો, ના હો, સ્વપ્ને ય દેહ-યોજના. ૮૨

અપુણ્ય અવ્રતે, પુણ્ય, -વ્રતે, મોક્ષ દ્વય-ક્ષયે;
વ્રતો ય અવ્રતો પેઠે, મૂકે મોક્ષાશયી થયે. ૮૩

અવ્રતો તજી મોક્ષાર્થી, વ્રતોમાં સ્થિરતા ભજે;
પરમ પદ આત્માનું, પામી દ્રવ્ય વ્રતો તજે. ૮૪

અંતર્વાચા વિકલ્પોની—જાળ જે દુઃખ-મૂળ તે;
ઉખેડી આત્મશાંતિ લ્યો, ઉત્તમ, અનુકૂળ એ. ૮૫

અ-વ્રતી વ્રત ધારીને, જ્ઞાનાભ્યાસી વ્રતી રહે;
કેવલજ્ઞાનથી પોતે પરમાત્મદશા ગ્રહે. ૮૬

વેષ જો દેહનો ધર્મ, દેહ સંસાર જીવનો;
તરે સંસારથી તે ના, વેષ-આગ્રહ જેમનો. ૮૭

જાતિ જો દેહનો ધર્મ, દેહ સંસાર જીવનો;
તરે સંસારથી તે ના, જાતિ-આગ્રહ જેમનો. ૮૮

જાતિ-વેશ-વિકલ્પોનો, શાસ્ત્ર-આગ્રહ જે ગ્રહે;
તે ય પામે ન આત્માનું, પરમપદ મોક્ષ જે. ૮૯

દેહ-પ્રીતિ જવા ત્યાગ્યા-ભોગ, નિસ્પૃહતા થવા;
ત્યાં જ મોહાંધની પ્રીતિ, ઇચ્છે વૈરાગ્ય ત્યાગવા. ૯૦

પાંગળો અંધ-ખંધે ત્યાં, પંગુની દૃષ્ટિ અંધમાં-
આરોપે મૂઢ, તે રીતે આત્માની દૃષ્ટિ અંગમાં. ૯૧

ભેદ-જ્ઞાની ન પંગુની, દૃષ્ટિ અંધ વિષે લહે;
જ્ઞાની તેમ ન આત્માની, દૃષ્ટિ દેહ વિષે ગ્રહે. ૯૨

ઊંઘ, ઉન્મત્તતાદિ ય, ભ્રાંતિ ના આત્મ-દર્શીનાં;
મોહાધીન બધે વર્તે, અહંભાવે જ ભ્રાંતિમાં. ૯૩

અજ્ઞાની જાણી સૌ શાસ્ત્રો, જાગે તોય મુકાય ના;
જ્ઞાની ગાંડા, સૂતા તોયે,- મુકાય, મુનિ ભાખતા. ૯૪

બુદ્ધિને હિત જ્યાં લાગે, શ્રદ્ધા તેમાં જ ચોટતી;
શ્રદ્ધા જ્યાં ચોટતી ત્યાં જ, ચિત્તની લીનતા થતી. ૯૫

બુદ્ધિને અહિત જ્યાં જાણે, કે શ્રદ્ધા ત્યાંથી ઊઠતી;
શ્રદ્ધા ઊઠી ગઈ તો ત્યાં, તલ્લીનતાની વાત શી? ૯૬

જ્ઞાનીના પાય સેવે તે, પામે છે તેની જ દશા;
જ્યોતિને સ્પર્શતાં બત્તી, દીવે દીવો જ, જો પ્રથા. ૯૭

નિજાત્માને ઉપાસી વા, પરમાત્મા થયા, ખરે!
તરુડાળ ઘસાવાથી, અગ્નિ જેમ સ્વયં ઝરે. ૯૮



એમ આત્મા સદા ભાવો, અવાચ્ય પદ પામશો;
એની મેળે મળે મોક્ષ, જેથી ના ફરી જન્મશો. ૯૯

આત્મા ભૂતજ વા શુદ્ધ, તો મોક્ષ-યત્ન ના ઘટે;
નહીં તો યોગથી મોક્ષ; કદી દુઃખ ન યોગીને. ૧૦૦

સ્વપ્ને દેહાદિ દીઠેલાં, વિનશ્યે આત્મનાશ ક્યાં?
જાગતાં તેમ દીઠેલાં- જાય, જો ભ્રાંતિ બેયમાં. ૧૦૧

અદુઃખે જ્ઞાન ભાવેલું, દુઃખ દેખી જશે ખસી;
તેથી આત્મા મુનિ ભાવે, યથાશક્તિ દુખે વસી. ૧૦૨

ઇચ્છા-દ્વેષે પ્રવર્તેલા, આત્મ યત્થી વાયુ જો;
વાયુથી દેહ-યંત્રો સૌ, સ્વકાર્યો કરતાં, અહો! ૧૦૩

દેહાદિ-કાર્ય આત્મામાં, આરોપી મૂઢ સુખ લે;
તજી આરોપ જ્ઞાની તો, પરમપદ ભોગવે. ૧૦૪

(વસંતતિલકા)

મિથ્યા મતિ સ્વપરની સમજે હતી, હા!
ટાળી, ઉખેડી ભવ-વેલ, થયા અ-જન્મા;
જ્ઞાનાત્મ-સુખ પરમાત્મ-દશાથી ભોગે,
સન્માર્ગ આ ગ્રહી, ઉપાસી સમાધિ-યોગે. ૧૦૫

(હરિગીત)

અજ્ઞાની, અંતર્યામી, કેવલજ્ઞાની એ ત્રણ ભેદથી,
આત્મા 'સમાધિશતક'માં ગાયો ઘણા વિસ્તારથી;
આનંદદાયી ભવ્ય જીવને પૂજ્યપાદ પવિત્ર તે,,
જયવંત અનંત ચતુષ્ટયી સત્ધ્યાનથી જ જણાય જે. ૧૦૬

# પરિશિષ્ટ ૩

## શ્રી યશોવિજયજી ઉપાધ્યાય રચિત

### ‘સમાધિશતક’

સમરી ભગવતી ભારતી, પ્રણમી જિન જગબંધુ;
કેવળ આતમબોધકો, કરસું સરસ પ્રબંધ. ૧

કેવળ આતમબોધ હૈ, પરમારથ શિવપંથ;
તામેં જિનકું મગનતા, સોઈ ભાવ નિર્ગ્રંથ. ૨

ભોગજ્ઞાન જ્યું બાલકો, બાહ્ય જ્ઞાનકી દૌર;
તરુણ-ભોગ અનુભવ જિસ્યો, મગનભાવ કછુ ઔર. ૩

આતમજ્ઞાને મગન જો, સો સબ પુદ્ગલ ખેલ—
ઇન્દ્રજાલ કરીં લેખવે, મિલે ન તહેઁ. ૪

જ્ઞાન વિના વ્યવહારકો, કહા બનાવત નાચ;
રત્ન કહો કો કાચકોં, અન્ત કાચ સો કાચ. ૫

રાચે સાચે ધ્યાનમેં, જાચે વિષય ન કોઈ;
નાચે, માચે મુગતિ-રસ, આતમજ્ઞાની સોઈ. ૬

બાહિર, અંતર, પરમ એ, આતમ પરિણતિ તીન;
દેહાદિક-આતમ-ભરમ, બહિરાતમ બહુ દીન. ૭

ચિત્તદોષાત્મ-વિભ્રાંન્તિ, અંતર આતમખેલ;
અતિ નિર્મલ પરમાતમા, નાંહિ કર્મકો ભેલ. ૮

નરદેહાદિક દેખકર, આતમજ્ઞાને હીન;
ઇંદ્રિય-બલ બહિરાતમા, અહંકાર મન લીન. ૯



અલખ, નિરંજન, અકલ-ગતિ, વ્યાપી રહ્યો શરીર,
લખૈ સુજ્ઞાને આતમા, ખીર લીન જ્યું નીર. ૧૦

અરિ, પુત્રાદિક કલ્પના, દેહાદિક અભિમાન;
નિજ પર તનુ સંબંધ-મતિ, તાકોં હોત નિદાન. ૧૧

દેહાદિક આતમભ્રમી, કલ્પે નિજપર ભાવ;
આતમજ્ઞાની જગ લહૈ, કેવલ શુદ્ધ સ્વભાવ. ૧૨

સ્વ-પર-વિકલ્પૈ વાસના, હોત અવિદ્યારૂપ;
તાતેં બહુરિ વિકલ્પમય, ભરમ-જાલ અંધકૂપ. ૧૩

પુત્રાદિકકી કલ્પના, દેહાતમ ભ્રમમૂલ;
તાકું જડ સંપત્તિ કહે, હા! હા! મોહ પ્રતિકૂલ. ૧૪

યા ભ્રમમતિ અબ છાંડ દો, દેખો અંતર દૃષ્ટિ;
મોહ દૃષ્ટિ જો છોડિયે, પ્રગટે નિજગુણ સૃષ્ટિ. ૧૫

રૂપાદિકકો દેખી વો, કહન કહાવન કૂટ;
ઇંદ્રિય જોગાદિક બલે, યે સબ લૂટાલૂટ. ૧૬

પરપદ આતમ, દ્રવ્યકું, કહન સુનન કછુ નાંહિ;
ચિદાનંદ ઘનખેલ હિ, નિજપદ તો નિજમાંહિ. ૧૭

ગ્રહણ અયોગ્ય ગ્રહે નહિ, ગ્રહ્યો ન છંડે જેહ;
જાણે સર્વ સ્વભાવને, સ્વ-પર પ્રકાશી તેહ. ૧૮

રૂપેકે ભ્રમ સીપમેં, જ્યું જડ કરે પ્રયાસ;
દેહાતમ-ભ્રમતેં ભયો, ત્યું તુજ કૂટ અભ્યાસ. ૧૯

મિટે રજતભ્રમ સીપમેં, જનપ્રવૃત્તિ જિમ નાંહિ;
ન રમેં આતમભ્રમ મિટૈ, ત્યું દેહાદિક માંહિ. ૨૦

ફિરે અબોધે કંઠગત-ચામીકરકે ન્યાય;
જ્ઞાન-પ્રકાશે મુગતિ તુજ, સહજ સિદ્ધ નિરુપાય. ૨૧

યા બિન તૂ સૂતો સદા, યોગે ભોગે જેણિ;
રૂપ અતીન્દ્રિય તૂ છતે, કહી શકે કહુ કેણિ? ૨૨

દેખૈ ભાખૈ ઔ કરે, જ્ઞાની સબહિ અચંભ;
વ્યવહારે વ્યવહાર સૂં, નિશ્ચયમેં થિર થંભ. ૨૩

જગ જાણે ઉન્મત્ત ઓ, ઓ જાણે જગ અંધ;
જ્ઞાનીકું જગમેં રહ્યો, યું નહિ કોઈ સંબંધ. ૨૪

યા પરવાહી જ્ઞાનકી, વ્યવહારે જુ કહાઈ;
નિર્વિકલ્પ તુજ રૂપમેં, દ્વિધા ભાવ ન સુહાઈ. ૨૫

યૂં બહિરાતમ છાંડિકે, અંતર આતમ હોઈ;
પરમાતમ-મતિ ભાવિયે, જહાં વિકલ્પ ન કોઈ. ૨૬

'સો મૈં' યા દૃઢ વાસના, પરમાત્મા પદ હેત;
ઈલિકા ભમરી ધ્યાનગત જિનમતિ જિનપદ હેત. ૨૭

ભારે ભયપદ સોહિ હૈ, જહઁ જડકું વિસવાસ;
જિનસું ઓ ડરતો ફિરે, સોઈ અભયપદ તાસ. ૨૮

ઇંદ્રિય વૃત્તિ નિરોધ કરી, જો ખિનુ ગલિત-વિભાવ;
દેખૈ અંતર આતમા, સો પરમાતમ ભાવં. ૨૯

દેહાદિકતેં ભિન્ન મેં, મોસે ન્યારે તેહુ;
પરમાતમ-પદ દીપિકા, શુદ્ધ ભાવના એહુ. ૩૦

ક્રિયા કષ્ટ ભી નહુ લહે, ભેદજ્ઞાન સુખવંત;
યા બિન બહુ વિધિ તપ કરે, તો ભી નહિ ભવ-અંત. ૩૧



અભિનિવેશ પુદ્ગલ વિષય, જ્ઞાનીકૂં કહઁ હોત;
ગુણકો ભી મદ મિટ ગયો, પ્રગટ સહજ ઉદ્યોત. ૩૨

ધર્મ ક્ષમાદિક ભી મિટે, પ્રગટત ધર્મ સંન્યાસ;
તો કલ્પિત ભવ-ભાવમેં, ક્યું નહિ હોત ઉદાસ? ૩૩

રજ્જુ અવિદ્યાજનિત અહિ, મિટે રજ્જુકે જ્ઞાન;
આતમજ્ઞાને ત્યું મિટે, ભાવ અબોધ નિદાન. ૩૪

ધર્મ અરૂપી દ્રવ્ય કે, નહિ રૂપી પર હેત;
અપરમ ગુન રાચે નહીં, યૂં જ્ઞાની મતિ દેત. ૩૫

નૈગમ નયકી કલ્પના, અપરમ ભાવ વિશેષ;
પરમ ભાવમેં મગનતા, અતિ વિશુદ્ધ નય રેખ. ૩૬

રાગાદિક જબ પરિહરી, કરે સહજ ગુણ ખોજ;
ઘટમેં ભી પ્રગટે તદા, ચિદાનંદકી મોજ. ૩૭

રાગાદિક પ્રણિામ-યુત, મન હિ અનંત સંસાર;
તેહિજ રાગાદિ રહિત, જાનિ પરમપદ સાર. ૩૮

ભવ-પ્રપંચ મન જાલકી, બાજી જૂઠી મૂલ;
ચારપાંચ દિન સુખ લગે, અંત ધૂલકી ધૂલ. ૩૯

મોહ-બાગુરી-જાલ મન, તામેં મૃગમત હોઉં;
યામેં જો મુનિ નહિ પરૈ, તાકું અસુખ ન કોઉ. ૪૦

જબ નિજ મન સન્મુખ હુએ, ચિત્તૈ ન પર ગુણદોષ;
તબ બહુરાઈ લગાઈયે, જ્ઞાન ધ્યાન રસ પોષ. ૪૧

અહંકાર પરમેં ધરત, ન લહે નિજ ગુણ-ગંધ;
અહંકાર નિજ ગુણ લગે, છૂટૈ પર હિ સંબંધ. ૪૨

અર્થ ત્રિલિંગી પદ લહૈ, સૌ નહિ આતમરૂપ,
તૌ પદ કરી કયું પાઈયે, અનુભવ-ગમ્ય સ્વરૂપ. ૪૩

આતમગુણ અનુભવ તભી, દેહાદિકતેં ભિન્ન;
ભૂલે વિભ્રમવાસના, જો વહિ ફિરે ન ખિન્ન. ૪૪

દીખે સો ચેતન નહીં, ચેતન નહિ દેખાય;
રોષ તોષ કિનસું કરે, આપહિ આપ બુઝાય. ૪૫

ત્યાગ ગ્રહણ બાહિર કરે મૂઢ, કુશળ અંતરંગ;
બાહિર અંતર સિદ્ધકું, નહિ ત્યાગ ઔ સંગ. ૪૬

આતમ-ધ્યાને મન ધરૈ, વચન-કાય-રતિ છોડી;
તૌ પ્રગટે શુભ વાસના, ગુણ અનુભવકી જોડી. ૪૭

યોગારંભીકૂં અસુખ - અંતર, બાહિર સુખ;
સિદ્ધયોગકૂં સુખ હૈ - અંતર, બાહિર દુઃખ. ૪૮

સો કહિયે સો પૂછિયે, તામેં ધરિયે રંગ;
યાતેં મિટે અબોધતા, બોધરૂપ વ્હૈ ચંગ. ૪૯

નહિ કછુ ઇન્દ્રિયવિષયમેં, ચેતનકૂં હિતકાર;
લોભી જન તામેં રમે, અંધો મોહ-અંધાર. ૫૦

મૂૅઢ આતમ, સૂતે પ્રબલ, મોહૈ છોડી શુદ્ધિ;
જાગત હૈ મમતા ભરે, પુદ્‌ગલમેં નિજબુદ્ધિ. ૫૧

તાકૂં બોધન-શ્રમ અફલ, જાકૂં નહિ શુભ યોગે;
આપ આપકું બુઝવૈ, નિશ્ચય અનુભવ ભોગ. ૫૨

પરકો કિશ્યો બુઝાવનો, તૂ પરગ્રહણ ન લાગ;
ચાહૈ જેને બુઝવ્યો, સો નહિ તુજ ગુણભાગ. ૫૩



જબલોં પ્રાની નિજમતેં, ગ્રહે વચન, મન, કાય;
તબલોં હૈ સંસારથિર, ભેદજ્ઞાન મિટ જાય. ૫૪

સૂખમ, ઘન, જીરન, નવૈ, જ્યું કપરે ત્યું દેહ;
તાતૈ બુધ માનૈ નહીં. અપની પરિણતિ તેહ. ૫૫

જૈસે નાશ ન આપકો, હોત વસ્ત્રકો નાશ;
તૈસે તનુકે નાશસે, આતમ અચલ અનાશ. ૫૬

જંગમ જગ થાવર પરે, જાકૂં ભાસે નિત્ત;
સો ચાખે સમતા સુધા, અવર નહીં જડ-ચિત્ત. ૫૭

મુગતિ દૂર તાકૂં નહીં, જાકૂં થિર સંતોષ;
દૂર મુગતિ તાકૂં સદા, જાકૂં અવિરતિ-પોષ. ૫૮

હોત વચન-મન-ચપળતા, જનકે સંગ-નિમિત્ત;
જન-સંગી હોવૈ નહીં, તાતેં મુનિ જગ-મિત્ત. ૫૯

વાસ નગર વનકે વિષે, માનૈ દુવિધ અબુદ્ધ;
આતમદરશી કૂં બસતી, કેવળ આતમ શુદ્ધ. ૬૦

આપ-ભાવના દેહમેં, દેહંતર ગતિ-હેત;
આપ-બુદ્ધિ જો આપમેં, સો વિદેહ પદ દેત. ૬૧

ભવિ શિવપદ દે આપકૂં, આપહી સન્મુખ હોઈ;
તાતેં ગુરુ હૈ આતમા, અપનો ઔર ન કોઈ. ૬૨

સોવત હૈ નિજ ભાવમેં, જાગે જે વ્યવહાર;
સૂતો જે વ્યવહારમેં, સદા સ્વરૂપ આધાર. ૬૩

અંતર ચેતન દેખીકે, બાહિર દેહ સ્વભાવ,
તાકો અંતર-જ્ઞાનતેં, હોઈ અચલ દૃઢ ભાવ. ૬૪

ભાસે આત્મ જ્ઞાને ધૂરિ, જગ ઉન્મત્ત સમાન;
આગે દૃઢ અભ્યાસતેં, પત્થર તૃણ અનુમાન. ૬૫

ભિન્ન દેહતેં ભાવિયે, ત્યું આપહીમેં આપ,
જ્યું સ્વપ્નમેં નહીં હુએ, દેહાતમ ભ્રમતાપ. ૬૬

પુણ્ય-પાપ વ્રતઅવ્રતે, મુગતિ દોઉકે ત્યાગ;
અવ્રત પરૈ વ્રત ભી તજૈ, તાતૈ ધરિ શિવરાગ. ૬૭

પરભાવ પ્રાપ્તિ લગે, વ્રત ધરિ, અવ્રત છોડી;
પરમભાવ-રતિ પાયકે, વ્રત ભી ઇનમેં જોડી. ૬૮

દહન સમૈ જ્યું તૃણ દહી, ત્યું વ્રત, અવ્રત છેદી;
ક્રિયા-શક્તિ ઇનમેં નહીં, જાગતિ નિશ્ચય ભેદી. ૬૯

વ્રત ગુણ ધારત અવ્રતી, વ્રતી જ્ઞાન ગુણ દોઈ;
પરમાતમકે જ્ઞાનતેં, પરમાતમપદ હોઈ. ૭૦

લિંગ દેહ-આશ્રિત રહે, ભવકો કારણ દેહ;
તાતેં ભવ છેદે નહીં, લિંગ-પક્ષરત જેહ. ૭૧

જાતિ દેહ-આશ્રિત રહે, ભવકો કારણ દેહ;
તાતેં ભવ છેદે નહીં, જાતિ-પક્ષરત જેહ. ૭૨

જાતિ લિંગકે પક્ષમેં, જિનકું હૈ દૃઢરાગ;
મોહ જાલમેં સો પરૈ, ન લહૈ શિવસુખ ભાગ. ૭૩

લિંગ દ્રવ્ય ગુણ આદરે, નિશ્ચય સુખ વ્યવહાર;
બાહ્ય લિંગ હઠ નય-ગતિ, કરૈ મૂઢ અવિચાર. ૭૪

ભાવલિંગ જાતેં ભયે, સિદ્ધ પન્નરસ ભેદ;
તાતેં આતમકૂં નહીં - લિંગ, ન જાતિ, ન વેદ. ૭૫



પંગુદૃષ્ટિ જ્યું અંધમેં, દૃષ્ટિભેદ નહુ દેત;
આતમદૃષ્ટિ શરીરમેં, ત્યું ન ધરે ગુણ હેત. ૭૬

સ્વપ્ન વિકલતાદિક દશા, ભ્રમ માનૈ વ્યવહાર;
નિશ્ચય નયમેં દોષ ક્ષય, બિના સદા ભ્રમચાર. ૭૭

છૂટૈ નહિ બહિરાતમા, જાગત ભી પઢિ ગ્રંથ;
છૂટૈ ભવર્થે અનુભવી, સુપન વિકલ નિર્ગ્રંથ. ૭૮

પઢી પાર કહઁ પાવનો, મિટ્યો ન મનકો ચાર;
જ્યું કૌલૂકે બૈલકૂ, ઘરહી કોસ હજાર. ૭૯

જિહાં બુદ્ધિ થિર પુરુષકી, તહઁ રુચિ તહઁ મન લીન;
આતમ-મતિ, આતમ-રુચિ, કહો કૌન આધીન? ૮૦

સેવત પર પરમાતમા, લહૈ ભવિક તસરૂપ;
બત્તિયાં સેવત જ્યોતિકું, હોવત જ્યોતિ સરૂપ. ૮૧

આપ આપમેં સ્થિત હુએ, તરુથેં અગ્નિ-ઉધોત;
સેવત આપ હિ આપકું, ત્યું પરમાતમ હોત. ૮૨

એહિ પરમપદ ભાવિયે, વચન-અગોચર સાર;
સહજ જ્યોતિ તો પાઈયે, ફિર નહિ ભવ-અવતાર. ૮૩

જ્ઞાનીકું દુઃખ કછુ નહિ, સહજ સિદ્ધ નિર્વાણ;
સુખ-પ્રકાશ અનુભવ ભયે, સબહિ ઠૌર કલ્યાણ. ૮૪

સુપનદૃષ્ટિ સુખ નાશતેં, જ્યું દુઃખ ન લહે લોક;
જાગર-દૃષ્ટિ વિનષ્ટમેં, ત્યું બુધકું નહિ શોક. ૮૫

સુખ-ભાવિત દુઃખ પાયકે, ક્ષય પાવે જગ જ્ઞાન;
ન રહે સો બહુ તાપમેં, કોમલ ફૂલ સમાન. ૮૬

દુઃખ પરિતાપે નવિ ગલે, દુઃખ-ભાવિત મુનિજ્ઞાન;
વજા ગલે નહિ દહનમેં, કંચનકે અનુમાન. ૮૭

તાતેં દુઃખસું ભાવિયે, આપ શક્તિ અનુસાર;
તૌ દૃઢતર હુઈ ઉલ્લસે, જ્ઞાન ચરણ આચાર. ૮૮

રનમેં લરતે સુભટ જ્યું, ગિને ન બાન પ્રહાર;
પ્રભુ રંજનકે હેત ત્યું, જ્ઞાની અસુખ પ્રચાર. ૮૯

વ્યાપારી વ્યાપામેં, સુખ કરિ માને દુઃખ;
ક્રિયા-કષ્ટ સુખમેં ગિને, ત્યું વંછિત મુનિ સુખ. ૯૦

ક્રિયા યોગ અભ્યાસ હૈ, ફલ હૈ જ્ઞાન અબંધ;
દોનુકૂં જ્ઞાની ભજે, એક મતિ તેં અંધ. ૯૧

ઇચ્છા, શાસ્ત્ર, સમર્થના, ત્રિવિધ યોગ હૈ સાર;
ઇચ્છા નિજ શક્તિ કરી, વિકલ યોગ વ્યવહાર. ૯૨

શાસ્ત્રયોગ ગુણઠાણકો, પૂરન વિધિ આચાર;
પદ અતીત અનુભવ કહ્યો, યોગ તૃતીય વિચાર. ૯૩

રહે યથાબલ યોગમેં, ગ્રહૈ સકલ નયસાર;
ભાવજૈનતા સો લહે, ચહે ન મિથ્યાચાર. ૯૪

મારગ અનુસારી ક્રિયા, છેદે સો મતિહીન;
કપટ-ક્રિયા-બલ જગ ઠગે, સો ભી ભવજલ-મીન. ૯૫

નિજ નિજ મતમેં લરિ પરેં, નયવાદી બહુરંગ;
ઉ!ાસીનતા પરિણામૈ, જ્ઞાનીકું સરવંગ. ૯૬

દોઉં લરૈ તિહાં એક પરૈ, દેખનમેં દુઃખ નાંહિ;
ઉદાસીનતા સુખ-સદન, પર-પ્રવૃત્તિ દુઃખ-છાંહિ. ૯૭



ઉદાસીનતા સુર-લતા, સમતા-રસ-ફળ ચાખે;
પર-પેખનમેં મત પરે, નિજમેં નિજગુણ રાખે. ૯૮

ઉદાસીનતા જ્ઞાનફળ, પરપ્રવૃત્તિ હૈ મોહ;
શુભ જાનો સો આદરો, ઉદિત વિવેક પ્રરોહ. ૯૯

દોધિક-શતકે ઉદ્ધર્યું, તંત્ર સમાધિ-વિચાર;
ધરો એહ બુધ કંઠમેં, ભાવ રતનકોં હાર. ૧૦૦

જ્ઞાન વિમાન, ચારિત્ર પવિ, નંદન સહજ સમાધિ;
મુનિ સુરપતિ, સમતા શચી, રંગે રમે અગાધ. ૧૦૧

કવિ જશવિજયે એ રચ્યો, દોધિક-શતક પ્રમાણ;
એહ ભાવ જો મન ધરે, સો પાવૈ કલ્યાણ. ૧૦૨

---

# परिशिष्ट ४

## 'समाधिशतक'नी वर्णानुक्रमणिका


| | श्लोक | पृष्ठ |
|---|---|---|
| अचेतनमिदं | ४६ | १६२ |
| अज्ञापितं | ५८ | १८६ |
| अदुःखभावितं | १०२ | २८६ |
| अनन्तरज्ञः | ६९ | २६२ |
| अपमानादयस्तस्य | ३८ | १४८ |
| अपुण्यमव्रतैः | ८३ | २४५ |
| अयत्नसाध्यं | १०० | २८२ |
| अविक्षिप्तं | ३६ | १४४ |
| अविद्याभ्यास | ३७ | १४६ |
| अविद्यासंज्ञित | १२ | ९७ |
| अव्रतानि परित्यज्य | ८४ | २४७ |
| अव्रती | ८६ | २५१ |
| आत्मज्ञानात् | ५० | १६९ |
| आत्मदेहान्तरज्ञान | ३४ | १४० |
| आत्मन्येवात्मधी | ७७ | २३१ |
| आत्मविभ्रमजं | ४१ | १५३ |
| आत्मानमंतरे | ७६ | २३५ |
| इतीदं भावयेन्नित्यम् | ९९ | २७६ |
| उत्पन्नपुरुषभ्रान्तेः | २९ | ११४ |
| उपास्यात्मानम् | ६८ | २७७ |
| एवं त्यक्त्वा | १७ | १०६ |
| कलिकालानले | Extra | ६८ |
| क्षीयन्तेऽत्रैव | २५ | १२२ |
| गौरः स्थूलः | ७० | २१२ |
| ग्रामोऽरण्यमिति | ७३ | २२१ |
| धने वस्त्रे | ६३ | १६७ |
| चिरं सुषुप्तास्तमसि | ५६ | १८२ |
| जगद्देहात्मदृष्टिनां | ४९ | १६८ |
| जनेभ्योवाक् | ७२ | २१८ |
| जयन्ति | २ | ७७ |
| जातिर्देहाश्रिता | ८८ | २५६ |
| जातिलिङ्गविकल्पेन | ८९ | २५८ |
| जानन्नप्यात्मनः | ४५ | १६० |
| जीर्णे वस्त्रे | ६४ | १९९ |
| तथैव भावयेत् | ८२ | २४२ |
| तद्ब्रूयात् | ५३ | १७६ |
| तान्यात्मनि | १०४ | २९० |
| त्यक्त्वैवं | २७ | १२६ |
| त्यागादाने | ४७ | १६४ |
| दृढात्मबुद्धिः | ७६ | २२८ |
| दृश्यमानमिदं | ४४ | १५९ |
| दृष्टभेदो | ६२ | २६४ |
| देहान्तरगतेर्बीजं | ७४ | २२३ |
| देहेष्वात्मधिया | १४ | १०१ |
| देहेस्वबुद्धिरात्मानं | १३ | ६६ |
| न जानन्ति | ६१ | १६२ |
| न तदस्तीन्द्रियार्थेषु | ५५ | १७९ |
| नमोऽस्तु...साधनम् | Extra | ६७ |
| नमोऽस्तु...धरम् | Extra | ७२ |
| नयत्यात्मानम् | ८ | ८९ |
| नष्टे वस्त्रे | ६५ | २०९ |
| नारकं | ६ | ९१ |
| निर्मलः केवलः | ६ | ८५ |
| परत्राहंमतिः | ४३ | १५७ |
| पश्येन्निरंतरं | ५७ | १८४ |
| पूर्वं दृष्टात्मतत्त्वस्य | ८० | २३७ |
| प्रच्याव्य | ३२ | १३६ |
| प्रयत्नादात्मनो | १०३ | २८८ |
| प्रयत्नादात्मलतां | ६९ | २१० |
| बहिरन्तः | ४ | ८९ |
| बहिरात्मा | ५ | ८३ |
| बहिरात्मेन्द्रियद्वारै | ७ | ८७ |
| बहिस्तुष्यति | ६० | १९० |
| भिन्नात्मानम् | ९७ | २७५ |
| मत्तश्च्युत्वेंद्रियद्वारैः | १६ | १२४ |
| मामपश्यन्नयं | २६ | १२४ |
| मुक्तिरेकान्तिकी | ७१ | २१५ |
| मुक्त्वा परत्र | १०५ | २६२ |
| मूढात्मा | २६ | १२६ |
| मूलं संसारदुःखस्य | १५ | १०३ |
| यत्त्यागाय | ६० | २६० |
| यत्परैः | १६ | १११ |
| यत्पश्यामीन्द्रियैः | ५१ | १७२ |
| यत्र काये | ४० | १५१ |
| यत्रैवाहितधीः | ९५ | २७० |
| यत्रैवाहितधीः | ६६ | २७२ |
| यथाऽसौ | २२ | ११६ |
| यदग्राह्यं | २० | ११२ |
| यदन्तर्जल्प | ८५ | २४६ |
| यदभावे | २४ | १२० |
| यदा मोहात् | ३४ | १५० |
| यद्बोधयितुं | ५६ | १८८ |
| यन्मया दृश्यते | १८ | १०६ |
| यस्य सस्पन्दमाभाति | ६७ | २०६ |
| यः परात्मा | ३१ | १३३ |

| | श्लोक | पृष्ठ |
|---|---|---|
| यञ्जीत मनसात्मानं | ४८ | १६६ |
| येनात्मना | २३ | ११८ |
| येनात्मना बहिरन्तः (टीकाकार) | | २६५ |
| येनात्मा बुद्ध्यतात्मैव | १ | ७५ |
| योन वेत्ति | ३३ | १३८ |
| रक्ते वस्त्रे | ६६ | २०३ |
| रागद्वेषादि | ३५ | १४२ |
| लिङ्गदेहाश्रितं | ८७ | २५३ |
| विदिताशेषशास्त्रो | ६४ | २६८ |
| व्यवहारे | ७८ | २३३ |
| शरीरकञ्चुकेनात्मा | ६८ | २०८ |
| शरीरे वाचि | ५४ | १७७ |
| शुभं शरीरं | ४२ | १५५ |
| श्रुण्वन्नप्यन्यतः | ८१ | २४० |
| श्रुतेन लिङ्गेन | ३ | ७६ |
| सर्वेन्द्रियाणि | ३० | १३१ |
| सिद्धं जिनेन्द्रम् (टीकाकार) | | ७३ |
| सुखमारब्धयोगस्य | ५२ | १७३ |
| सुप्तोन्मत्तादि | ९३ | २६६ |
| सोऽहमित्यात्त | २८ | १२७ |
| स्वदेहसदृशं | १० | ९३ |
| स्वपराध्यवसायेन | ११ | ६५ |
| स्वप्ने दृष्टे | १०१ | २८४ |
| स्वबुद्ध्या यावद् | ६२ | १६५ |


# પરિશિષ્ટ ૫

## ‘સમાધિશતક’ ભાષાંતરની વર્ણાનુક્રમણિકા


| | શ્લોક | પૃષ્ઠ |
|---|---|---|
| અગ્રાહ્યને | ૪૬ | ૧૬૨ |
| અજ્ઞાની, અંતર્યામી (ટીકાકાર) | | ૨૯૫ |
| અજ્ઞાની જાણી | ૯૪ | ૨૬૮ |
| અણુરાશિ | ૬૯ | ૨૧૦ |
| અદુઃખે જ્ઞાન | ૧૦૨ | ૨૮૬ |
| અનાત્મદૃષ્ટિએ | ૫૭ | ૧૮૪ |
| અન્ય પાસે | ૮૧ | ૨૪૦ |
| અપમાનાદિ | ૩૮ | ૧૪૮ |
| અપુણ્ય અવ્રતે | ૮૩ | ૨૪૫ |
| અવશ્ય મુક્તિ | ૭૧ | ૨૧૫ |
| અવિક્ષેપી | ૩૬ | ૧૪૪ |
| અવિદ્યા બહુ | ૩૭ | ૧૪૬ |
| અવિદ્યારૂપ | ૧૨ | ૯૭ |
| અવ્રતી વ્રત | ૮૬ | ૨૫૧ |
| અવ્રતો તજી | ૮૪ | ૨૪૭ |
| અંતર્વાચા | ૮૫ | ૨૪૯ |
| અંધારે | ૫૬ | ૧૮૨ |
| આત્મજ્ઞાન વિના | ૫૦ | ૧૭૦ |
| આત્મજ્ઞાની | ૮૦ | ૨૩૭ |
| આત્મતત્ત્વ | ૪૫ | ૧૬૦ |
| આત્મભ્રાન્તિ | ૪૧ | ૧૫૩ |
| આત્મા જે | ૨૩ | ૧૧૮ |
| આત્માને અંતરે | ૭૯ | ૨૩૫ |
| આત્માને મોક્ષ- | ૭૫ | ૨૨૬ |
| આત્મા ભૂતજ | ૧૦૦ | ૨૮૨ |
| આત્મામાં આત્મ- | ૭૭ | ૨૩૧ |
| આવરી અંતરે | ૬૦ | ૧૯૦ |
| ઇચ્છા-દ્વેષે | ૧૦૩ | ૨૮૮ |
| ઇંદ્રિયદ્વારથી | ૧૬ | ૧૦૫ |
| ઇંદ્રિયવિષયોમાં | ૫૫ | ૧૭૯ |
| ઇંદ્રિયોથી પ્રવર્તે | ૭ | ૮૭ |
| ઇંદ્રિયો સર્વ | ૩૦ | ૧૩૧ |
| ઊંઘ | ૯૩ | ૨૬૬ |
| એમ આત્મા | ૯૯ | ૨૭૯ |
| કળિયુગ ઝાળે | Extra | ૬૮ |
| કાયા, વાણી | ૬૨ | ૧૯૫ |
| જાડા વા | ૭૦ | ૨૧૨ |
| જાડાં વસ્ત્રે | ૬૩ | ૧૯૭ |
| જાતિ જો | ૮૮ | ૨૫૬ |

| | શ્લોક | પૃષ્ઠ |
|---|---|---|
| જાતિ વેશ | ૮૯ | ૨૫૮ |
| જીર્ણ વસ્ત્રે | ૬૪ | ૧૯૯ |
| જે ઉપદેશવા | ૫૯ | ૧૮૮ |
| જેણે જાણ્યો | ૧ | ૭૫ |
| જે દેખું | ૫૧ | ૧૭૨ |
| જેને સક્રિય | ૬૭ | ૨૦૬ |
| જે મને રૂપ | ૧૮ | ૧૦૯ |
| જે વિના નીંદમાં | ૨૪ | ૧૨૦ |
| જ્ઞાનમૂર્તિ | ૬૮ | ૨૦૮ |
| જ્ઞાનીના પાય | ૯૭ | ૨૭૫ |
| જ્યાં દેહે | ૪૦ | ૧૫૨ |
| ઠૂંઠાને ભૂલથી | ૨૧ | ૧૧૪ |
| તપસ્વીને | ૩૯ | ૧૫૦ |
| તે કહો | ૫૩ | ૧૭૬ |
| ત્રિલિંગ દૃશ્ય | ૪૪ | ૧૫૯ |
| દૃઢ દેહાત્મબુદ્ધિ | ૭૬ | ૨૨૮ |
| દૃશ્ય તો | ૪૬ | ૧૬૨ |
| દેહથી ભિન્ન આત્માના | ૩૪ | ૧૪૦ |
| દેહથી ભિન્નને નિત્ય | ૩૩ | ૧૩૮ |
| દેહથી ભિન્ન ભાવીને | ૮૨ | ૨૪૨ |
| દેહપ્રીતિ જવા | ૯૦ | ૨૬૦ |
| દેહમાં આત્મબુદ્ધિ | ૧૪ | ૧૦૧ |
| દેહાત્મદૃષ્ટિને | ૪૯ | ૧૬૮ |

| | શ્લોક | પૃષ્ઠ |
|---|---|---|
| દેહાત્મબુદ્ધિ દેહોનાં | ૧૩ | ૯૯ |
| દેહાત્મબુદ્ધિની | ૪૨ | ૧૫૫ |
| દેહાદિ કાર્ય | ૧૦૪ | ૨૯૦ |
| ન બોલતા તોય | ૨ | ૭૭ |
| નરદેહે રહે | ૮ | ૮૯ |
| નારકી નરકે | ૯ | ૯૧ |
| નિજાત્માને ઉપાસી | ૯૮ | ૨૭૭ |
| પરમાત્મા, પ્રભુ | ૬ | ૮૫ |
| પરિપૂર્ણ, સિદ્ધ, જિનેન્દ્ર (ટીકાકાર) | | ૭૩ |
| પાંગળો-અંધ-ખંધે | ૯૧ | ૨૬૨ |
| પૂજ્યપાદ પ્રભુને | Extra | ૭૨ |
| પોતાને પરમાં | ૪૩ | ૧૫૭ |
| બહિરાત્મા ગણે | ૫ | ૮૩ |
| બહિરાત્મા તજી | ૨૭ | ૧૨૬ |
| બાહ્ય, અંતર | ૪ | ૮૧ |
| બાહ્ય ત્યાગે, ગ્રહે | ૪૭ | ૧૬૪ |
| બાહ્ય વાણી | ૧૭ | ૧૦૬ |
| બીજા દેહોતણું | ૭૪ | ૨૨૩ |
| બુદ્ધિ અહિત | ૯૬ | ૨૭૩ |
| બુદ્ધિને હિત જ્યાં | ૯૫ | ૨૭૦ |
| બોધિ-સમાધિ | Extra | ૬૭ |
| ભેદ જ્ઞાની ન | ૯૨ | ૨૬૪ |





| | શ્લોક | પૃષ્ઠ |
|---|---|---|
| ભ્રાન્તિથીવાણી | ૫૪ | ૧૭૮ |
| મનુષ્ય માન્યતા | ૨૨ | ૧૧૬ |
| મને ના દેખતા | ૨૬ | ૧૨૪ |
| મિથ્યા મતિ | ૧૦૫ | ૨૯૩ |
| મૂઢ વિશ્વાસ | ૨૯ | ૧૨૯ |
| મૂઢ સ્વદેહ શો | ૧૦ | ૯૩ |
| મૂળ સંસારદુઃખોનું | ૧૫ | ૧૦૩ |
| યોગરંભે સૂઝે | ૫૨ | ૧૭૪ |
| યોજો આત્મા | ૪૮ | ૧૬૬ |
| રાગદ્વેષાદિ | ૩૫ | ૧૪૨ |
| રાગાદિ આ ભવે | ૨૫ | ૧૨૨ |
| લાલ વસ્ત્રે | ૬૬ | ૨૦૩ |
| લોકયોગે વહે | ૭૨ | ૨૧૮ |

| | શ્લોક | પૃષ્ઠ |
|---|---|---|
| વનવાસ જનવાસ | ૭૩ | ૨૨૧ |
| વસ્ત્રના નાશથી | ૬૫ | ૨૦૧ |
| વિષયોથી કરી | ૩૨ | ૧૩૬ |
| વેષ જો દેહનો | ૮૭ | ૨૫૩ |
| વ્યવહાર સૂતો | ૭૮ | ૨૩૩ |
| શક્તિ પ્રમાણે | ૩ | ૭૯ |
| શરીરો | ૬૧ | ૧૯૨ |
| ‘સોઽહમ્’ સંસ્કાર | ૨૮ | ૧૨૭ |
| સ્વ-પર-દેહમાં | ૧૧ | ૯૫ |
| સ્વપ્ને દેહાદિ | ૧૦૧ | ૨૮૪ |
| સ્વરૂપ ઉપદેશ્યું | ૫૮ | ૧૮૬ |
| સ્વરૂપ સમજાવું | ૧૯ | ૧૧૧ |
| હું પરાત્મારૂપે | ૩૧ | ૧૩૩ |

# परिशिष्ट ६

## ત્રણ આત્મદશાનાં ગ્રન્થમાં જણાવેલાં નામ

### (૧) બહિરાત્મદશાનાં

नाम श्लोक

बहिः ४

बहिरात्मा ५, ७, २७

शरीरादौ जातात्मभ्रान्तिः ५

आत्मज्ञानपराङ्मुखः ७

अविद्वान् ८

मूढः १०, ४४, ४७

अविदितात्मा ११

देहे स्वबुद्धिः १३

मूढात्मा २९, ५६, ६८, ६०

उत्पन्नात्ममतिर्देहे ४२

परत्राहंमतिः ४३

देहात्मदृष्टि ४६, ९४

अविद्यामयरूपः ५३

वाक्शरीरयोः भ्रान्तः ५४

बालः ५५

पिहितज्योतिः ६०

अबुद्धिः ६९, ६६

शरीरकंचुकेन संवृतज्ञान विग्रहः ६८

अनात्मदर्शी ७३, ६३

दृढात्मबुद्धिर्देहादौ ७६

आत्मगोचरे सुषुप्तिः ७८

मोही ९०

अनन्तरज्ञः ९१

अक्षीणदोषः ९३

सर्वावस्थाऽऽत्मदर्शी ६३

जडः १०४

### (૨) અંતરાત્મદશાનાં

नाम श्लोक

आन्तः ४, १५, ६०

आन्तरः ५

चित्तदोषाऽत्मविभ्रान्तिः ५

स्वात्मन्येवात्मधीः १३

बहिरव्यापृतेन्द्रियः १६

देहादौविनिवृत्तात्मविभ्रमः २२

अन्तरात्मा २७, ३०

तत्त्वज्ञानी ४२

स्वस्मिन्नहंमतिः ४३

बुधः ४३, ६३, ६६

आत्मदेहान्तरज्ञानजनिताह्लाद निवृत्तः ३४

अवबुद्धः ४४

आत्मवित् ४७

स्वात्मन्येवात्मदृष्टिः ४६



नियतेन्द्रियः ५१

आरब्धयोगः, भावितात्मा ५२

वाक्शरीरयोरभ्रान्तः ५४

आत्मतत्त्वे व्यवस्थितः ५७

प्रबुद्धात्मा ६०

बहिर्व्यावृत्तकौतुकः ६०

दृष्टात्मा ७३, ९२

आत्मन्येवात्मधीः ७७

व्यवहारे सुषुप्तः ७८

दृष्टात्मतत्त्वः, स्वभ्यस्तात्मधीः ८०

मोक्षार्थी ८३

योगी ८६, १००

### (૩) પરમાત્મદશાનાં

नाम श्लोक

अक्षयानन्तबोधः १

सिद्धात्मा १

अनीहितान्तीर्थकृत् २

शिवः, धाता, सुगतः, विष्णुः २

जिनः, २, ६

विविक्तात्मा ३, ७३

परः ४, ८६, ९७

परमः ४, ३१, ६८

परमात्मा ५, ६, १७, २७, ३०

अतिनिर्मलः ५

निर्मलः केवलः शुद्धः विविक्तः प्रभुः,

परमेष्ठी, परात्मा, परमात्मा, ईश्वरः ६

अव्ययः ६, ३३

अनन्तानन्तधीशक्तिः, अचल स्थितिः ६

स्वसंवेद्यः ९, २०, २४

निर्विकल्पकः १६

अतीन्द्रियः, अनिर्देश्यः २२

बोधात्मा ३२

सर्वसंकल्पवर्जितः २७

परमानंदनिर्वृतः ३२

स्वस्थात्मा ३९

उत्तमः कायः ४०

निष्ठितात्मा ४७

सानंदज्योतिरुत्तमः ५१

विद्यामयरूपः ५३

केवलज्ञप्तिविग्रहः ७०

अच्युनः ७६

परमंपदमात्मनः ८४, ८६, १०४

परं पदं ८५

परात्मज्ञानसम्पन्नः ८६

अवाचागोचरपदं ९९

# પરિશિષ્ટ ૭

## ‘‘શ્રીમદ્ રાજચંદ્ર’’માંથી ઉદ્ધૃત ગદ્ય-અવતરણોની

## *વર્ણાનુક્રમણિકા


| અવતરણ-પ્રારંભ | ક્રમાંક | અવતરણ-પ્રારંભ | ક્રમાંક |
|---|---|---|---|
| અજ્ઞાનીઓ આજ ઉ૦ પૃ૦ | ૭૦૩ | આપને વિજ્ઞાપન છે કે વૃદ્ધમાંથી | ૧૭૦ |
| અત્યંત જ્ઞાન હોય | ૫૬૯ | આરંભ-પરિગ્રહનું અલ્પત્વ | ૫૬૯ |
| અંતરાત્મા નિરંતર ઉ૦ પૃ૦ | ૭૧૩ | ઉપયોગ શુદ્ધ કરવા | ૩૭ |
| અત્રે આત્માકારતા | ૪૧૨ | એક ભાજનમાં લોહી ઉ૦ પૃ૦ | ૭૦૦ |
| અનાદિ સ્વપ્નદશાને | ૪૯૩ | એક વાત સમજાય નહીં ઉ૦ પૃ૦ | ૭૧૭ |
| અનેક જીવોની અજ્ઞાનદશા | ૫૨૩ | ૐ ખેદ નહીં કરતાં | ૮૧૯ |
| અનંતવાર દેહને અર્થે | ૭૧૯ | કોઈનું દીધું દેવાતું નથી ઉ૦ પૃ૦ | ૭૨૮ |
| અમને કોઈ પદાર્થમાં | ૨૫૫ | ક્ષણે ક્ષણે પલટાતી | ૧૨૮ |
| આત્મા અર્હંતપદ વિચારે ઉ૦ પૃ૦ | ૭૧૫ | ગમે તે ક્રિયા, જપ | ૨૯૯ |
| આત્માર્થ સિવાય શાસ્ત્રની | ૬૬૧ | ચિત્તમાં દેહાદિ ભયનો | ૮૪૩ |
| આત્માને આટલું જ પૂછવાની | ૩૭ | જગત આત્મારૂપ માનવામાં | ૩૦૧ |
| આત્માને સદ્ગુરુ એક જ ઉ૦ પૃ૦ | ૭૧૮ | જીવના અસ્તિત્વપણાનો હા. નો. પૃ. | ૭૯૦ |
| આત્માપણે કેવળ આત્મા | ૪૩૨ | | |
| આત્મસ્વભાવની નિર્મળતા | ૮૨૫ | | |


* જે ક્રમાંક આપવામાં આવ્યા છે તે સં. ૨૦૦૭ની આવૃત્તિ પ્રમાણે સમજવાં. જે અવતરણો ઉપદેશછાયા (ઉ૦ પૃ૦), વ્યાખ્યાનસાર (વ્યા૦ પૃ૦) કે હાથનોંધ (હા૦ નો૦ પૃ૦) માંથી લીધા છે, ત્યાં ક્રમાંક ન આપતાં, ‘‘શ્રીમદ્ રાજચંદ્ર’ની સં. ૨૦૦૭ની આવૃત્તિ પ્રમાણે પૃષ્ઠ નંબર આપેલ છે. મોક્ષમાળા અને ભાવનાબોધમાંના અવતરણો આ સૂચીમાં લીધાં નથી.




| અવતરણ-પ્રારંભ | ક્રમાંક | અવતરણ-પ્રારંભ | ક્રમાંક |
|---|---|---|---|
| જીવને માંહીથી અજીર્ણ ઉ૦ પૃ૦ | ૭૩૩ | જ્ઞાનીપુરુષની અવજ્ઞા | ૩૯૭ |
| જીવ પોતાને ભૂલી ગયો છે | ૨૦૦ | તત્ત્વજ્ઞાનની ઊંડી ગુફાનું | ૮૩ |
| જે આત્માનો અંતર્વ્યાપાર | ૫૬૭ | તે જિન વર્ધમાનાદિ | ૮૧ |
| જે કંઈ ઉદય આવે છે | ૪૧૪ | દેહ કેવો છે ? ઉ૦ પૃ૦ | ૭૨૮ |
| જે કાંઈ કહ્યું છે તે કદાગ્રહ ઉ૦ પૃ૦ | ૭૦૨ | દેહથી ભિન્ન, સ્વપર પ્રકાશક | ૮૩૨ |
| જે જીવ પોતાને મુમુક્ષુ ઉ૦ પૃ૦ | ૭૩૧ | દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો | ૮૩૩ |
| જે જે સમજ્યા તેણે | ૬૫૧ | નાનપણની નાની સમજણમાં | ૮૨ |
| જેની મોક્ષ સિવાય | ૬૮૦ | નાની વયે માર્ગનો ઉદ્ધાર | ૭૦૮ |
| જેને લાગી છે તેને જ | ૨૪૧ | નિમિત્તે કરીને જેને હર્ષ | ૬૩૬ |
| જેને વિષે સત્સ્વરૂપ વર્તે | ૩૭૬ | પણ સ્વપ્નદશામાં | ૫૩૭ |
| જેમ કાંચળીનો ત્યાગ | ૨૨ | પરમાત્મામાં પરમ સ્નેહ | ૨૧૭ |
| જેમ ઘટપટાદિ જડ | ૫૩૦ | પરબ્રહ્મ-વિચાર તો | ૨૪૪ |
| જેમ પૂર્વે જીવે યથાર્થ | ૩૯૭ | પરિણામમાં તો જે અમૃત | ૮૦૮ |
| જે સત્પુરુષોએ સદ્ગુરુની | ૪૯૩ | પુત્રાદિ સંપત્તિમાં જે | ૫૧૦ |
| જો જ્ઞાનીપુરુષના દૃઢ આશ્રયથી | ૫૬૦ | પોતાનું અથવા પારકું જેને | ૨૩૪ |
| જ્યારથી એમ સમજાયું | ૧૩૫ | પ્રત્યેકે પ્રત્યેક પદાર્થનો હા. નો. પૃ. | ૭૮૯ |
| જ્યાં સુધી બને ત્યાં | ૭૦૩ | બીજાં ઉદયમાં આવેલા કર્મોનું વ્યા૦ પૃ૦ | ૭૭૩ |
| જ્ઞાનમાર્ગ દુરારાધ્ય છે | ૬૯૩ | બીજું પદ આત્મા નિત્ય છે | ૪૯૩ |
| જ્ઞાનીપુરુષનાં વચનોનું અવલંબન ઉ૦ પૃ૦ | ૭૧૨ | ભાવ અપ્રતિબદ્ધતાથી | ૧૯૪ |
| | | મનને લઈને આ બધું છે | ૩૭૩ |
| | | માટે જેની પ્રાપ્ત કરવાની | ૨૧૧ |
| | | માટે જ્ઞાની પુરુષનો આશ્રય | ૫૭૨ |
| | | માત્ર બંધદશા તે બંધ છે | ૩૯૭ |

| અવતરણ-પ્રારંભ | ક્રમાંક |
|---|---|
| માહાત્મ્ય જેનું પરમ છે | ૧૩૫ |
| મુમુક્ષુ જીવને એટલે વિચારવાન જીવને | ૫૩૭ |
| યથાતથ્ય કલ્યાણ સમજાયું નથી ઉ૦ પૃ૦ | ૬૮૮ |
| લોકદૃષ્ટિ અને જ્ઞાનીની દૃષ્ટિને | ૮૧૦ |
| વાણીનું સંયમન શ્રેયરૂપ | ૪૭૯ |
| વિષમ અને ભયંકર આ સંસારનું | ૫૦૦ |
| શબ્દાદિ પાંચ વિષયની | ૩૮૪ |
| શમ સંવેગાદિ ગુણો | ૪૨૨ |
| શરીરાદિ બળ ઘટવાથી | ૮૦૭ |
| શાસ્ત્ર શ્રવણ કરી રોજ સાંભળ્યું ઉ૦ પૃ૦ | ૭૩૨ |
| શાસ્ત્રોને વિષે | ૩૯૮ |
| સતત અંતર્મુખ ઉપયોગે સ્થિતિ | ૭૬૭ |
| સત્પુરુષમાં ન પરમેશ્વરબુદ્ધિ | ૨૫૪ |
| સર્વ અન્ય ભાવથી આત્મા | ૭૭૯ |
| સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો | ૫૬૯ |
| સર્વ દુઃખથી મુક્ત થવાનો | ૪૯૧ |
| સંસારી પદાર્થોને વિષે જીવને તીવ્ર સ્નેહ વિના | ૪૫૯ |
| સ્પષ્ટ પ્રકાશપણું | ૪૩૮ |
| હું દેહાદિ સ્વરૂપ નથી | ૬૯૨ |
| હે જીવ ! સ્થિર દૃષ્ટિથી હા. નો. પૃ. | ૮૧૯ |




## શ્રી સનાતન જૈનધર્મ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ
## સંક્ષિપ્ત પરિચય

પરમ જ્ઞાનાવતાર પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ આજ્ઞાંકિત શ્રી લઘુરાજસ્વામી (પ્રભુશ્રીજી)ના નિમિત્તે આ આશ્રમની સ્થાપના વિક્રમ સંવત ૧૯૭૬ માં થઈ. મુનિશ્રી લઘુરાજસ્વામીની છત્રછાયા નીચે આ આશ્રમની ઉત્પત્તિ થઈ, તેથી ભક્તજનોએ શરૂઆતમાં આ આશ્રમનું નામ ''શ્રી લઘુરાજ આશ્રમ'' રાખ્યું, પરંતુ પોતાનું નામ કે સ્થાપના સરખી પણ નહીં રાખવાની ઇચ્છાવાળા કેવળ નિઃસ્પૃહ અને પરમ ગુરુભક્ત મહર્ષિ મુનિશ્રીએ એમ સૂચવ્યું કે શ્રીમદ્-જીના આ સ્થૂળ કીર્તિસ્તંભનું નામ ''શ્રી સનાતન જૈન ધર્મ, શ્રીમદ્-રાજચંદ્ર આશ્રમ'' રાખવું. તેથી તે પ્રમાણે આ આશ્રમનું નામ રાખવામાં આવ્યું. આ આશ્રમ સનાતન જૈન ધર્મની પુષ્ટિ માટે જ છે.

આ આશ્રમમાં દાખલ થતાં પ્રથમ એક ભવ્ય પ્રવેશદ્વાર છે, જેના ઉપર ''ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે'' એમ મોટા અક્ષરે અંકિત થયેલ છે. દરવાજામાં પ્રવેશ કરતાં સામે એક નયનરમ્ય દેરાસર છે, જેમાં નીચે શ્વેતાંબર અને ઉપર દિગંબર દેરાસર છે. તેના ભૂમિગૃહમાં (ભોંયરામાં) શ્રીમદ્ રાજચંદ્રજીની આરસપાષાણની શરીરપ્રમાણ પદ્માસન મુદ્રાના પ્રતિમાજી બિરાજે છે. આ પ્રતિમાજીની એક બાજુ પ્રણવ મંત્ર 'ૐકાર'ની સ્થાપના છે તથા બીજી બાજુ શ્રીમદ્ રાજચંદ્રજીના પાદુકાજીની સ્થાપના છે. આ દેરાસરની ડાબી બાજુએ એક ભવ્ય સભામંડપ છે, જેમાં પ્રતિદિન ભક્તિ, સત્સંગ, પૂજા, સત્શ્રવણ આદિ નિમિત્તે સેંકડો મુમુક્ષુઓ સાથે બેસીને આત્મસાધના કરે છે. આ દેરાસરના ચોગાનમાં દેરાસરની સામે મુખ્ય પ્રવેશદ્વારની ઉપર બીજે માળે એક પુસ્તકાલય છે. ત્રીજે માળે ખુલ્લી અગાસીની વચમાં સુંદર આરસની દેરીમાં શ્રીમદ્ રાજચંદ્રજીની ઊભા કાયોત્સર્ગની ધ્યાનમુદ્રામાં પંચધાતુની પ્રતિમા બિરાજે છે.

આ ભક્તિસંકુલમાં દેરાસરની જમણી બાજુએ આવેલ વ્યાખ્યાનમંદિરમાં શ્રીમદ્જીનો પદ્માસન મુદ્રામાં ભવ્ય ચિત્રપટ સ્થાપન કરેલ છે. ત્યાં મુખ્યત્વે વૃદ્ધ મુમુક્ષુઓ, જેઓ સભામંડપની સીડી ચઢી શકતા નથી તેઓ ત્યાં દરરોજ બેસીને ભક્તિ-સત્સંગ, પૂજા, સત્શ્રવણ આદિ કરે છે. તેમજ પર્યુષણ આદિ પર્વોમાં મુમુક્ષુબહેનો અત્રે પ્રતિક્રમણ કરે છે. આ વ્યાખ્યાનમંદિરની ઉપર શાંતિસ્થાન છે, જ્યાં શ્રીમદ્ રાજચંદ્રજીના સુંદર ચિત્રપટની સ્થાપના કરેલ છે. ત્યાંથી પૂર્વમાં આવતાં 'શ્રી રાજમંદિર' છે, જેમાં શ્રીમદ્ રાજચંદ્રજીના તથા પ.પૂ. લઘુરાજસ્વામીના (પ્રભુશ્રીજીના) અને પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના સુંદર ચિત્રપટોની સ્થાપના તેમજ

આજ્ઞાનો શિલાલેખ છે. ત્યાંથી પૂર્વમાં પૂ. શ્રી બ્રહ્મચારીજીનો નિવાસખંડ છે, જ્યાં તેઓશ્રીના બે ચિત્રપટોની સ્થાપના કરેલ છે. ત્યાંથી પૂર્વમાં આગળ જતાં પ. પૂ. પ્રભુશ્રીજીનો નિવાસખંડ છે જ્યાં તેઓશ્રી વિ.સં. ૧૯૯૨ ના વૈશાખ સુદ ૮ (તા. ૨૮-૪-૧૯૩૬)ના દિને સમાધિસ્થ થયા હતા. ત્યાં તેઓશ્રીની પાટ અને ગાદી તેમજ લાકડી ઇત્યાદિ સ્મૃતિચિહ્ન તરીકે દર્શનાર્થે તેઓશ્રીના સુંદર ચિત્રપટની સાથે મૂકવામાં આવ્યા છે.

દેરાસરના ચોગાનની બહાર ઈશાન દિશા તરફ દેરીમાં પ્રભુશ્રીજીના પાદુકાજીની સ્થાપના તેમના અગ્નિસંસ્કાર સ્થળે કરેલ છે. તેનાથી આગળ જતાં પૂ. શ્રી બ્રહ્મચારીજીના અગ્નિસંસ્કાર સ્થળે દેરીમાં તેમના પાદુકાજીની સ્થાપના કરેલ છે.

હાલના સભામંડપમાં શ્રીમદ્જીનો કાયોત્સર્ગ મુદ્રાનો તેમના કદ પ્રમાણેનો ભવ્ય ચિત્રપટ સ્થાપિત કરેલ છે. હાલનો સભામંડપ પર્વના દિવસોમાં નાનો પડતો હોવાથી તેના સમાંતરે કરોડો રૂા.ના ખર્ચે આરસપહાણનો એક ૧૨૦'×૮૦'નો નૂતન સભામંડપ બાંધવામાં આવ્યો છે. કુલ ૧૭,૦૦૦ સ્કે.ફીટના આ સભામંડપમાં આશરે ૩૦૦૦ મુમુક્ષુઓ એક સાથે બેસીને ભક્તિ-સ્વાધ્યાય કરી શકે છે. આ નૂતન સભામંડપમાં શ્રીમદ્જીનો કાયોત્સર્ગ મુદ્રાનો ૧૩ ફુટ ઊંચાઈનો ભવ્ય વિશાળ ચિત્રપટ સ્થાપિત કરેલ છે.

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ પ્રભુશ્રીજીને કહેલું કે ''મુનિ, દુષમકાળ છે માટે જડભરત જેવા થઈને વિચરજો. રિદ્ધિ, સિદ્ધિ પ્રગટશે તેને ઓળંગી જજો. આ કાળના જીવો પાકા ચીભડાં જેવા છે. કડકાઈ સહન કરી શકે તેવા નથી, માટે કલ્યાણમૂર્તિ બનશો તો ઘણા જીવોનું તમારા દ્વારા કલ્યાણ થશે.''

સંવત ૧૯૭૬ થી ૧૯૯૨ સુધી આશ્રમમાં રહી પ્રભુશ્રીજીએ એક અનન્ય ભક્તિ ક્રમ ગોઠવી આપ્યો છે, જેનું આરાધન છેલ્લા લગભગ ૯૯ વર્ષથી અવિરત રીતે તેઓની આજ્ઞા પ્રમાણે આશ્રમમાં ચાલુ છે. આ આશ્રમની ભૂમિ પ્રભુશ્રીજીના ચરણસ્પર્શથી તેમજ નિવાસથી પાવન થઈ છે અને આજે પણ તેમની પવિત્ર ચેતનાથી સ્પર્શાયેલા પરમાણુઓનો આશ્રમમાં અનુભવ થાય છે.

**પ્રાતઃકાળમાં ૪-૦૦ વાગ્યાથી શરૂ થઈ રાત્રિના ૯-૩૦ વાગ્યા સુધી અવિરત નીચે પ્રમાણે ભક્તિના કાર્યક્રમો ચાલે છે :–**

| | | |
|---|---|---|
| પ્રાતઃકાળમાં | ૪-૦૦ થી ૬-૩૦ | આત્મજાગૃતિના પદો, મંત્રસ્મરણ, આલોચના પાઠ, ચૈત્યવંદન, સ્તવનો આદિ. |
| સવારના | ૯-૦૦ થી૧૧-૪૫ | ભક્તિના પદો, શ્રી સ્નાત્રપૂજા, શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની-પૂજા અથવા અન્ય પૂજા. |



| | | |
|---|---|---|
| મધ્યાહ્નમાં | ૨-૦૦ થી ૪-૧૫ | ભક્તિના પદો તથા વચનામૃત-વાંચન આદિ. |
| સાંજના | ૬-૦૦ થી ૬-૪૫ | દેવવંદન તથા ૪ સ્થળોએ આરતી-મંગળદીવો. |
| રાત્રિના | ૭-૧૫ થી ૯-૩૦ | ભક્તિના પદો, મંત્રસ્મરણ, શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની-ભક્તિ તથા ઉપદેશામૃત અને બોધામૃતમાંથી વાંચન. |

(પર્વના દિવસોમાં કાર્યક્રમમાં તેમજ ઋતુ અનુસાર સમયમાં ફેરફાર કરવામાં આવે છે.)

આ આશ્રમમાં મધ્યસ્થ વાતાવરણ હોવાથી શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી, વૈષ્ણવ સંપ્રદાયના તથા અન્ય સંપ્રદાયના પરંતુ આત્માને ઓળખવાની ભાવનાવાળા જિજ્ઞાસુ જીવો આવે છે અને રહે છે. આ પવિત્ર સત્સંગધામ, તીર્થશિરોમણી એવા આશ્રમની આ એક આગવી વિશિષ્ટતા છે.

પૂ. શ્રી બ્રહ્મચારીજીના દેહોત્સર્ગ કારતક સુદ ૭, વિ. સં. ૨૦૧૦ (તા. ૧૩-૧૧-૧૯૫૩)માં થયાને આજે ઘણા વર્ષ થયા છતાં અને કોઈ ઉત્તરાધિકારી નહીં હોવા છતાં પણ આ આશ્રમમાં જ્ઞાનીની આજ્ઞા અનુસાર ભક્તિ, સત્સંગનો નિશ્ચિત કાર્યક્રમ એકધારો પ્રવર્તી રહ્યો છે. આ આશ્રમમાં આવનાર તથા રહેનાર દરેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભક્તિ સ્વાધ્યાયના કાર્યક્રમમાં હાજરી આપી ભાગ લેવો આવશ્યક છે. દરેકે માત્ર આત્માર્થે સત્સંગ, ત્યાગ, ભક્તિ આદિ અર્થે રહેવાનું છે. કોઈ પણ વિષયકષાય કે પ્રમાદ અર્થે આશ્રમમાં રહેવાની મનાઈ છે.

સંવત ૧૯૫૪માં પ. ઉ. પ.પૂ. પ્રભુશ્રીજીની વસો ગામે સ્થિતિ હતી ત્યારે પરમકૃપાળુદેવ ત્યાં પધાર્યા હતા. તે વખતે પ.પૂ. પ્રભુશ્રીજીને પરમકૃપાળુદેવે, જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનો આત્માર્થે સાધન માગે તેને સાત વ્યસન અને સાત અભક્ષ્ય વસ્તુઓ આદિના ત્યાગપૂર્વક નિત્યનિયમના પાઠો સાથે ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' મંત્ર આપવાની આજ્ઞા કરી હતી. આ પ્રમાણે પરમકૃપાળુદેવે વર્તમાન કાળમાં મોક્ષમાર્ગ પ્રગટ કર્યો તથા તેને જગતમાં પ્રવર્તાવવાનો અધિકાર પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીને આપ્યો. આ અધિકારને અનુસરીને પ્રભુશ્રીજીએ આશ્રમ માટે આ આરાધના ક્રમ યોજ્યો છે. આ વિષે પૂ. શ્રી બ્રહ્મચારીજી બોધામૃત ભાગ-૩ પત્રાંક ૯૮૦માં જણાવે છે કે :–

**''પ. પૂ. પ્રભુશ્રીજીએ જે કાર્યક્રમ આશ્રમ માટે ગોઠવ્યો છે તે બહુ દીર્ઘદૃષ્ટિ વાપરી ચોક્કસ કર્યો છે. તેમાં રસ ન આવે તેટલી જીવને મુમુક્ષુતાની ખામી છે. પોતાની કલ્પનાએ પ્રવર્તવામાં આવે તેમાં તેને કંઈક રસ જણાય, પણ સ્વચ્છંદ પોષાય છે અને તે સંસારનું કારણ છે એમ વિચારી જ્ઞાનીપુરુષને માર્ગે મનને વાળવું એ જ હિતકારી છે. ન માને તો મનને હઠ કરી ક્રમમાં જોડવું હિતકર છે.''**

*પ. પૂ. પ્રભુશ્રીજીએ પોતાના દેહોત્સર્ગના થોડા દિવસ અગાઉ સં.૧૯૯૨ ના ચૈત્ર વદ ૫ ના પવિત્ર દિવસે આ આજ્ઞાધર્મની સોંપણી પૂ. શ્રી બ્રહ્મચારીજીને કરી હતી. પૂ. શ્રી બ્રહ્મચારીજીના દેહોત્સર્ગ બાદ, પરમકૃપાળુદેવની પ્રત્યક્ષ આજ્ઞાથી કોઈ વંચિત રહે નહીં અને આજે પણ મુમુક્ષુજીવો તે આજ્ઞા માન્ય કરી આરાધી શકે તેવા શુભ આશયથી, જે સ્થાનેથી પ. પૂ. પ્રભુશ્રીજી તથા પૂ. શ્રી બ્રહ્મચારીજી આજ્ઞા આપતા તે 'શ્રી રાજમંદિર' તરીકે ઓળખાતા ધર્મસ્થાને એ નિત્યનિયમની આજ્ઞા તથા સ્મરણમંત્ર વિષે સમજણ આપતો પ. પૂ. પ્રભુશ્રીજીના ઉપદેશબોધ સાથે એક શિલાલેખ મૂકવામાં આવ્યો છે. આ શિલાલેખમાં બતાવ્યા પ્રમાણે આજે પણ ઘણા સત્સાધકો ''સંતના (પ્રભુશ્રીજીના) કહેવાથી કૃપાળુદેવની આજ્ઞા મારે માન્ય છે'' (ઉ૰ પૃ૰ ૨૭૩) એવી ભાવના કરી એ સ્થાનેથી પરમકૃપાળુદેવની પ્રત્યક્ષ આજ્ઞા શ્રદ્ધાપૂર્વક માન્ય કરી, આરાધવાનો નિયમ લે છે.*

આશ્રમમાં સાત વ્યસન, સાત અભક્ષ્ય, કંદમૂળ, રાત્રિભોજનનો સર્વથા ત્યાગ રાખવો. બ્રહ્મચર્ય પાલન આશ્રમમાં આવનાર અને રહેનાર માટે અનિવાર્ય અને આવશ્યક છે. આશ્રમનો એ મૂળભૂત પાયો છે. આ આશ્રમ સંબંધી પ.પૂ. પ્રભુશ્રીજી ઉપદેશામૃતમાં જણાવે છે :—

**''આ જગા કેવી છે, જાણો છો? દેવસ્થાનક છે! અહીં જેણે આવવું તેણે લૌકિકભાવ બહાર, દરવાજા બહાર મૂકીને આવવું, અહીં આત્માનું યોગબળ વર્તે છે.'' (પૃ૰ ૨૬૯) ''આ આશ્રમમાં કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રની આણ વર્તે છે. તે મહાન અદ્‌ભુત જ્ઞાની છે. આ પુણ્યભૂમિનું માહાત્મ્ય જુદું જ છે. અહીં રહેનારા જીવો પણ પુણ્યશાળી છે.'' (પૃ૰ ૪૩૩)**

આશ્રમમાં મુમુક્ષુઓને રહેવા અને જમવાની સારી વ્યવસ્થા છે. પર્વના દિવસોમાં હજારોની સંખ્યામાં મુમુક્ષુઓ આવી લાભ લે છે.

આશ્રમના પુસ્તક વેચાણ વિભાગમાં આશ્રમથી પ્રકાશિત થયેલા ૧૨૦ થી વધારે પ્રકાશનોનું વેચાણ થાય છે, જેમાં શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ હસ્તક ચાલતી શ્રીમદ્ રાજચંદ્ર જૈનશાસ્ત્રમાળાના નામે પ્રકાશિત થયેલા શાસ્ત્રોનો પણ સમાવેશ થાય છે. (એ પુસ્તકોની સૂચિ આ પુસ્તકમાં આપેલ છે.)

વહીવટી કાર્યાલયની ઉપર પહેલે માળે નમૂનેદાર જૈન સાહિત્ય સંગ્રહ સ્થાન છે. જ્યાં ૫૦૦થી વધુ શાસ્ત્રોનો સંગ્રહ છે, જેમાં ઘણાં શાસ્ત્રો હસ્તલિખિત છે. આ શાસ્ત્રો વધારે સમય ટકે તે માટે એ બધાને લેમીનેટ કરી વ્યવસ્થિત રીતે રાખવામાં આવેલ છે.



આ આશ્રમનું સંચાલન સંવત્ ૧૯૮૦ના ચૈત્ર સુદ ૫, તા. ૯-૪-૧૯૨૪ ના રોજ પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીએ કરેલ ટ્રસ્ટડીડ પ્રમાણે અને ત્યારબાદ ગુજરાત રાજ્યના માનનીય ચેરીટી કમિશનરશ્રીએ બનાવી આપેલ 'સ્કીમ'ની કલમોને આધીન ટ્રસ્ટીમંડળ દ્વારા કરવામાં આવે છે. સુજ્ઞ વાચક સારી રીતે સમજી શકશે કે પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજી સ્થાપિત આ આશ્રમમાં તેઓશ્રીની આજ્ઞા અનુસાર શ્રી સનાતન જૈન ધર્મની પ્રણાલી માન્ય છે. ધર્મનો એ ધોરીમાર્ગ અહીં સતત વહેતો રહે તે માટે આશ્રમનું ટ્રસ્ટીમંડળ તેમજ અન્ય સમજુ મુમુક્ષુવર્ગ હંમેશાં સજાગપણે પ્રયત્નશીલ છે, તેમ છતાંયે મિથ્યા માન્યતાવાળાઓનું પરિબળ પણ ચોતરફ દૃષ્ટિગોચર થાય છે. આ સંજોગોમાં આશ્રમની સત્ પ્રણાલીમાં હસ્તક્ષેપ કરી તેના મૂળ ધ્યેય અને આદર્શને નુકસાન પહોંચાડવાની ચેષ્ટા કરતા આવા તત્ત્વોથી ચેતતા રહેવાની અને વખત આવ્યે તેનો પ્રતિકાર કરવાની આપણા સૌની પવિત્ર ફરજ છે. આશ્રમનું અસ્તિત્વ જ જેને આધારે ટકી રહ્યું છે એવા આ પ્રાણપ્રશ્નના રક્ષણ માટે ટ્રસ્ટીમંડળ આપ સૌનો સહકાર વાંછે છે. આત્મકલ્યાણના એક અનન્ય સ્થાન તરીકે જેઓ આ તીર્થભૂમિને ગણે છે તેઓ સર્વે તરફથી સંપૂર્ણ સહયોગ મળશે જ, એવી ટ્રસ્ટીમંડળ શ્રદ્ધા રાખે છે.

અંતમાં ફરીથી જણાવવાનું કે શ્રી સનાતન જૈન વીતરાગ માર્ગની ઉપાસના અને આરાધના અર્થે જ આ આશ્રમ છે. આ મૂળ ધ્યેયને સન્માન આપી ભાવપૂર્વક ટેકો આપી સર્વ મુમુક્ષુઓ આ આશ્રમનું ગૌરવ વધારે એવી નમ્ર વિનંતી છે.

**એડ્રેસ :—**

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,
સ્ટેશન અગાસ, વાયા : આણંદ,
પોસ્ટ : બોરીઆ, ગુજરાત ૩૮૮ ૧૩૦ (ભારત)
ટેલીફોન : (૦૨૬૯૨) ૨૮૧૭૭૮ - ૨૮૧૮૦૦
E-mail ID: info@agasashram.org
Website www.shrimadrajchandraashramagas.com

# શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસના પ્રકાશનો
## ગુજરાતી પ્રકાશન

| | | |
|---|---|---|
| ૧. | અધ્યાત્મરસ-તરંગ | રૂા. ૪/- |
| ૨. | આશ્રમ પરિચય (અમૃત મહોત્સવ) | રૂા. ૫/- |
| ૩. | આઠ દૃષ્ટિની સજ્ઝાય | રૂા. ૩/- |
| ૪. | અનિત્ય પંચાશત્ તથા હૃદયપ્રદીપ | રૂા ૨/- |
| ૫. | આત્મસિદ્ધિ શાસ્ત્ર (અર્થ સહિત) શ્રીમદ્ રાજચંદ્રના હસ્તાક્ષરમાં | રૂા.૧૨૫/- |
| ૬. | આત્મસિદ્ધિ-વિવેચન | રૂા. ૫/- |
| ૭. | આત્મસિદ્ધિશાસ્ત્ર | રૂા. ૨/- |
| ૮. | આત્મસિદ્ધિશાસ્ત્ર (અર્થ સહિત) | રૂા. ૫/- |
| ૯. | આત્મસિદ્ધિશાસ્ત્ર 'રાજ' જ્યોતિ-મહાભાષ્ય | રૂા. ૩૦/- |
| ૧૦. | આલોચનાદિ પદ સંગ્રહ | રૂા. ૪/- |
| ૧૧. | આલોચનાદિ પદ સંગ્રહ (સંક્ષિપ્ત) | રૂા. ૧૦/- |
| ૧૨. | કર વિચાર તો પામ | રૂા. ૭/- |
| ૧૩. | મોટું કેલેન્ડર | રૂા.૧૦૦/- |
| | નાનું કેલેન્ડર | રૂા. ૧૦/- |
| ૧૪. | ચૈત્યવંદન ચોવીશી | રૂા. ૧૦/- |
| ૧૫. | જ્ઞાનમંજરી | રૂા. ૪/- |
| ૧૬. | તત્ત્વજ્ઞાન (શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત) | રૂા. ૫/- |
| ૧૭. | તત્ત્વજ્ઞાન-તરંગિણી | રૂા. ૧૨/- |
| ૧૮. | તીર્થપરિચય | રૂા. ૨૦/- |
| ૧૯. | ધર્મામૃત | રૂા. ૧૫/- |
| ૨૦. | નાની છ પુસ્તિકાઓનો સેટ | રૂા. ૧૦/- |
| ૨૧. | નાની ત્રણ પુસ્તિકાઓનો સેટ :- | |
| | નિત્યક્રમ : પ્રાતઃકાળ | રૂા. ૨/- |
| | નિત્યક્રમ : મધ્યાહ્નકાળ | રૂા. ૨/- |
| | નિત્યક્રમ : સાયંકાળ | રૂા. ૨/- |
| ૨૨. | નિત્યક્રમ | રૂા. ૧૦/- |
| ૨૩. | નિત્યનિયમાદિ પાઠ (ભાવાર્થ સહિત) | રૂા. ૧૦/- |
| ૨૪. | નિયમસાર - કળશ | રૂા. ૫/- |
| ૨૫. | પત્રશતક-(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત) | રૂા. ૫/- |
| ૨૬. | પરમાત્મપ્રકાશ | રૂા. ૧૦/- |
| ૨૭. | પંચાસ્તિકાય | રૂા. ૨/- |
| ૨૮. | પૂજાસંચય | રૂા. ૧૦/- |
| ૨૯. | પ્રત્યક્ષ સત્પુરુષ પરમકૃપાળુદેવ શ્રીમદ્-રાજચંદ્ર | રૂા. ૫/- |
| ૩૦. | મુનિ પ્રત્યે | રૂા. ૫/- |
| ૩૧. | મોક્ષમાળા (ભાવનાબોધ સહિત) | રૂા. ૫/- |
| ૩૨. | રાજપદ (શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત) | રૂા. ૧૦/- |
| ૩૩. | રાજપ્રશ્ન | રૂા. ૨૦/- |
| ૩૪. | વિહરમાન જિન-સ્તવન | રૂા. ૩/- |
| ૩૫. | શ્રીમદ્ રાજચંદ્ર (વચનામૃત) | રૂા. ૧૦/- |
| ૩૬. | શ્રીમદ્ રાજચંદ્ર (વચનામૃત) ત્રણ ભાગમાં મોટા ટાઈપમાં | રૂા. ૫૦/- |
| ૩૭. | શ્રીમદ્ રાજચંદ્ર (વચનામૃત) આર્ટ પેપર | રૂા. ૧૦૦/- |
| ૩૮. | શ્રીમદ્ રાજચંદ્ર આત્મકથા | રૂા. ૬/- |
| ૩૯. | શ્રીમદ્ રાજચંદ્ર ઉપદેશછાયા | રૂા. ૩/- |
| ૪૦. | કાવ્ય-અમૃત ઝરણા (ભાવાર્થ સહિત) | રૂા. ૪/- |
| ૪૧. | શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા | રૂા. ૫/- |
| ૪૨. | શ્રીમદ્ રાજચંદ્ર જીવનચરિત (સંક્ષિપ્ત) | રૂા. ૨/- |
| ૪૩. | શ્રીમદ્ રાજચંદ્ર જીવન-સાધના | રૂા. ૧૦/- |
| ૪૪. | શ્રીમદ્ રાજચંદ્ર નિર્વાણ શતાબ્દી-સ્મારક ગ્રંથ | રૂા. ૧૦/- |
| ૪૫. | શ્રીમદ્ લઘુરાજસ્વામી (પ્રભુશ્રીજી) ઉપદેશામૃત | રૂા. ૧૦/- |
| ૪૬. | શ્રીમદ્ લઘુરાજસ્વામી (પ્રભુશ્રીજી)નું જીવનચરિત્ર | રૂા. ૩/- |
| ૪૭. | સમયસાર | રૂા. ૮/- |
| ૪૮. | સમયસાર 'અમૃતજ્યોતિ' મહાભાષ્ય ભાગ-૧ અને ભાગ-૨ (સેટ) | રૂા. ૬૦/- |
| ૪૯. | સમાધિ - સાધના | રૂા. ૧૦/- |
| ૫૦. | સમાધિ - સોપાન | રૂા. ૧૦/- |
| ૫૧. | સહજ સુખ સાધન | રૂા. ૧૦/- |
| ૫૨. | સાક્ષાત્ સરસ્વતી | રૂા. ૨/- |
| ૫૩. | સુબોધ સંગ્રહ(સ્ત્રી-નીતિબોધક ગરબાવલી સહિત) | રૂા. ૩/- |
| ૫૪. | શ્રી સોભાગ પ્રત્યે | રૂા. ૫/- |
| ૫૫. | સ્નાત્રપૂજા | રૂા. ૫/- |
| ૫૬. | સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા | રૂા. ૧૫/- |
| ૫૭. | શ્રીમદ્ રાજચંદ્ર જીવનકથા (સચિત્ર) | રૂા. ૧૦/- |
| ૫૮. | ઉપદેશામૃત દૃષ્ટાંતકથાઓ | રૂા. ૩/- |
| ૫૯. | ગાંધીજીના પ્રશ્નો અને શ્રીમદ્જીના ઉત્તર (અંગ્રેજી અનુવાદ સાથે) | રૂા. ૫-/- |
| ૬૦. | પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજી સાર્ધ શતાબ્દી-સ્મારકગ્રંથ | રૂા. ૫૦/- |
| ૬૧. | સદ્ધા પરમ દુલ્લહા | રૂા. ૧૦/- |



### देवनागरी लिपि (भाषा गुजराती) में प्रकाशित

| | | |
|---|---|---|
| १. | आत्मसिद्धि शास्त्र | रु. २/- |
| २. | आलोचनादि पद संग्रह (संक्षिप्त) | रु. ५/- |
| ३. | चैत्यवंदन चौवीशी | रु. ७/- |
| ४. | तत्त्वज्ञान | रु. २/- |
| ५. | नित्यक्रम | रु. ८/- |
| ६. | नित्यक्रमकी तीन पुस्तिकाएँ | रु. ६/- |
| ७. | पूजासंचय | रु. ७/- |

### हिन्दी अनुवाद

| | | |
|---|---|---|
| १. | आत्मसिद्धिशास्त्र (अर्थ सहित) | रु. ५/- |
| २. | कर विचार तो पाम | रु. ७/- |
| ३. | नित्यनियमादि पाठ (भावार्थयुक्त) | रु. १०/- |
| ४. | पत्रशतक | रु. ५/- |
| ५. | मोक्षमाला (भावनाबोधसहित) | रु. ५/- |
| ६. | श्रीमद् राजचंद्र | रु. १०/- |
| ७. | श्रीमद् राजचंद्र उपदेशछाया | रु. ३/- |
| ८. | श्रीमद् राजचंद्र - जीवनकला | रु. ५/- |
| ९. | श्रीमद् राजचंद्र जीवनचरित्र (संक्षिप्त) | रु. २/- |
| १०. | श्रीमद् राजचंद्र जीवन-साधना | रु. १०/- |
| ११. | छोटी छह पुस्तिकाओंका सेट | रु. १०/- |
| १२. | उपदेशामृत | रु. १०/- |
| १३. | श्रीमद् राजचंद्र जीवनकथा (सचित्र) | रु. १०/- |
| १४. | गांधीजीके प्रश्न तथा श्रीमद्जीके उत्तर (अंग्रेजी अनुवादके साथ) | रु. ५/- |
| १५. | मोक्षमाला प्रवेशिका | रु. ५/- |

### English Publications

| | | |
|---|---|---|
| 1. | Shrimad Rajchandra : A Life | Rs. 10/- |
| 2. | Shrimad Rajchandra : A Pictorial Biography | Rs. 10/- |
| 3. | The Self Realization (Atmasiddhi) | Rs. 10/- |
| 4. | Bhavana Bodh | Rs. 2/- |
| 5. | Nityakram (Roman English) | Rs. 10/- |
| 6. | Small Books Set (Five Books) | Rs. 10/- |
| 7. | Laghurajswami Life | Rs. 5/- |
| 8. | Brahmchariji Life | Rs. 5/- |
| 9. | Apoorva Avsar | Rs. 5/- |
| 10. | Jeevankala | Rs. 10/- |
| 11. | Mokshamala | Rs. 10/- |
| 12. | Introduction of Ashram | Rs. 5/- |

### શ્રી લઘુરાજ સ્મારક ગ્રંથમાળા

| | | |
|---|---|---|
| ૧. | ગ્રંથ યુગલ (લઘુયોગવાસિષ્ઠસાર અને સમાધિશતક) | રૂા. ૪/- |
| ૨. | તત્ત્વાર્થસાર | રૂા. ૧/- |
| ૩. | પ્રજ્ઞાવબોધ (મોક્ષમાળા-પુસ્તક ચોથું) | રૂા. ૮/- |
| ૪. | બોધામૃત ભાગ ૧ | રૂા.૧૦/- |
| ૫. | બોધામૃત ભાગ ૨(વચનામૃત વિવેચન) | રૂા.૧૦/- |
| ૬. | બોધામૃત ભાગ ૩ (પત્રસુધા) | રૂા.૧૦/- |
| ૭. | પૂ.શ્રી બ્રહ્મચારીજી જન્મશતાબ્દી-સ્મારક ગ્રંથ | રૂા. ૮/- |
| ૮. | પ. પૂ. બ્રહ્મચારીજી : જીવનરેખા | રૂા. ૨/- |
| ૯. | મોક્ષમાળા - પ્રવેશિકા | રૂા. ૫/- |
| ૧૦. | મોક્ષમાળા વિવેચન | રૂા. ૫/- |
| ૧૧. | શ્રીમદ્ રાજચંદ્ર અર્ધશતાબ્દી-સ્મારક ગ્રંથ | રૂા.૧૦/- |

### श्री परमश्रुतप्रभावक मण्डल संचालित श्रीमद् राजचंद्र जैन शास्त्रमाला

| | | |
|---|---|---|
| १. | इष्टोपदेश | रु.३०/- |
| २. | क्रियाकोष | रु.४८/- |
| ३. | गोम्मटसार कर्मकाण्ड | रु.२८/- |
| ४. | गोम्मटसार जीवकाण्ड | रु.३०/- |
| ५. | ज्ञानार्णव | रु.५०/- |
| ६. | तत्त्वसार | रु.२०/- |
| ७. | द्रव्यानुयोगतर्कणा | रु.३२/- |
| ८. | न्यायावतार | रु.१६/- |
| ९. | परमात्मप्रकाश और योगसार | रु.४०/- |
| १०. | पञ्चास्तिकाय | रु.४०/- |
| ११. | पुरुषार्थसिद्ध्युपाय | रु.२०/- |
| १२. | प्रवचनसार | रु.५५/- |
| १३. | प्रशमरतिप्रकरण | रु.१२/- |
| १४. | बृहद्द्रव्यसंग्रह | रु.२८/- |
| १५. | लब्धिसार (क्षपणासार गर्भित) | रु.५६/- |
| १६. | सप्तभंगीतरंगिणी | रु.१२/- |
| १७. | सभाष्यतत्त्वार्थाधिगमसूत्र (मोक्षशास्त्र) | रु.४०/- |
| १८. | समयसार | रु.४४/- |
| १९. | स्याद्वादमञ्जरी | रु.२४/- |
| २०. | स्वामिकार्त्तिकेयानुप्रेक्षा | रु.५२/- |
| २१. | અધ્યાત્મ રાજચંદ્ર | રૂા.૩૦/- |
| २२. | અષ્ટપ્રાભૃત | રૂા.૧૬/- |
| २३. | આત્માનુશાસન | રૂા.૨૦/- |

**(વિસ્તૃત સૂચિપત્ર જોઈએ તો મંગાવવું.)**

| રકમ | નામ | ગામ |
|---|---|---|
| ૧,૦૫,૦૦૦ | સ્વ. ભુલાભાઈ વનમાળીદાસ પટેલ | |
| | હા. શ્રી રમણભાઈ તથા પ્રમોદભાઈ પટેલ પરીવાર | આસ્તા-U.S.A. |
| ૧,૦૦,૦૦૦ | શ્રી જયશ્રીબેન પિયુષભાઈ શાહ | વડોદરા |
| ૧૧,૦૦૦ | શ્રી સમ્યક રાજભાઈ શાહ | હૈદ્રાબાદ |
| ૧૦,૦૦૦ | શ્રી શારદાબેન નટવરલાલ ભક્ત | |
| | હા. ધર્મેશભાઈ નટવરલાલ ભક્ત | વાવ |
| ૭,૦૦૦ | શ્રી હર્ષદભાઈ અશોકભાઈ પટેલ | શિહોલ |
| ૬,૫૦૦ | શ્રી દિપીકાબેન ખેતશીભાઈ શાહ પરિવાર | આસ્તા |
| ૫,૫૫૫ | શ્રી જયાબેન વિસનજી મારૂ | બીદડા-મુંબઈ |
| ૫,૫૫૫ | શ્રી અરહા, સાચી, જયેશ લક્ષ્મીચંદ છેડા | ગોધરા-મુંબઈ |
| ૫,૦૦૦ | શ્રી કામદાર પરિવાર | મુંબઈ |
| ૫,૦૦૦ | શ્રી સુજ્ઞાન મોદી | નોઈડા |
| ૫,૦૦૦ | શ્રી ગીતાબેન રણજીતભાઈ પટેલ | સાતેમ |
| ૫,૦૦૦ | શ્રી બીનાબેન હર્ષદભાઈ પટેલ | શિહોલ |
| ૪,૫૦૦ | શ્રી અલકા દિપક તુરખીયા | મુલુંડ |
| ૪,૫૦૦ | શ્રી દિપક પી. તુરખીયા | મુલુંડ |
| ૩,૦૦૧ | શ્રી હીના નીખીલ ધામી | U.S.A. |
| ૩,૦૦૦ | શ્રી પૂજા દિપક તુરખીયા | મુલુંડ |
| ૨,૫૦૦ | શ્રી ભદ્રેશભાઈ શેઠ | મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી ચંદ્રવદન મગનભાઈ પટેલ | કાવિઠા |
| ૨,૫૦૦ | શ્રી જયશ્રી પિયુષભાઈ | વડોદરા |
| ૨,૫૦૦ | શ્રી લીલાબેન હિંમતભાઈ | મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી તેજકુમાર હર્ષદભાઈ પટેલ | શિહોલ |
| ૨,૫૦૦ | શ્રી નયનાબેન કિશનલાલ પારેખ | રાજકોટ |
| ૨,૫૦૦ | શ્રી ઉષાબેન કિશનલાલ પારેખ | રાજકોટ |
| ૨,૫૦૦ | શ્રી રેણુકાબેન કિશનલાલ પારેખ | રાજકોટ |
| ૨,૦૦૦ | શ્રી શારદાબેન, નટુભાઈ, ધર્મેશભાઈ | વાવ |
| ૨,૦૦૦ | શ્રી રાજુભાઈ ગાંગજી શાહ | મુંબઈ |
| ૨,૦૦૦ | શ્રી સંભવ ભાવેશભાઈ પટેલ | સંદેસર |
| ૨,૦૦૦ | શ્રી લીલાબેન દીનુભાઈ પટેલ | દાવોલ |
| ૧,૯૫૧ | શ્રી કેશવભાઈ વનમાળીભાઈ પટેલ | આસ્તા |
| ૧,૯૫૦ | શ્રી ડાહીબા. હા. સુશીલાબેન પટેલ | નાર |
| ૧,૯૫૦ | શ્રી મનુબેન કિશોરભાઈ પટેલ | પલસોદ |
| ૧,૯૫૦ | શ્રી કિશોરભાઈ છીતુભાઈ પટેલ | પલસોદ |



| | | |
|---|---|---|
| ૧,૯૫૦ | શ્રી ડિમ્પલબેન જયકુમાર મહેતા | બેંગ્લોર |
| ૧,૯૦૦ | શ્રી તરૂણ હરશી મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી ભારતી તરૂણ મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી દેવેશ તરૂણ મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી હિતેન તરૂણ મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી મનીષા દેવેશ મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી ધ્યાન દેવેશ મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી દિપીકા હિતેન મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી જીયા હિતેન મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી વિકાસભાઈ, કિશોરભાઈ, બિન્દુબેન પરિવાર | પલસોદ |
| ૧,૯૦૦ | શ્રી ડાકુબાઈ પ્યારચંદ તલેસરા | સુરત |
| ૧,૯૦૦ | શ્રી લક્ષ્મીબેન એચ. મહેતા | નવા ફળિયા |
| ૧,૯૦૦ | શ્રી હરીવદનભાઈ કે. મહેતા | નવા ફળિયા |
| ૧,૯૦૦ | શ્રી પ્યારચંદ ચુનીલાલજી તલેસરા | સુરત |
| ૧,૯૦૦ | શ્રી ભારતીબેન ઠાકોરભાઈ ભક્ત | મલેકપોર |
| ૧,૯૦૦ | શ્રી ડાહ્યાભાઈ દુર્લભભાઈ ભક્ત | પથરાડીયા |
| ૧,૯૦૦ | શ્રી લક્ષ્મીબેન ડાહ્યાભાઈ ભક્ત | પથરાડીયા |
| ૧,૯૦૦ | શ્રી પ્રતીક કીરીટભાઈ પટેલ | કરમસદ |
| ૧,૯૦૦ | શ્રી અનીલભાઈ લેખરાજજી સોલંકી | આહોર |
| ૧,૯૦૦ | શ્રી વનીતાબેન બાબુભાઈ પટેલ | વરાડ |
| ૧,૯૦૦ | શ્રી રાજુભાઈ બાબુભાઈ પટેલ | વરાડ |
| ૧,૯૦૦ | શ્રી અંજુબેન રાજુભાઈ પટેલ | વરાડ |
| ૧,૯૦૦ | શ્રી બાબુભાઈ માધવભાઈ પટેલ | વરાડ |
| ૧,૯૦૦ | શ્રી ગીરીશભાઈ માધવભાઈ પટેલ | વરાડ |
| ૧,૮૦૦ | શ્રી દીયા ભાવેશભાઈ પટેલ | સંદેસર |
| ૧,૭૦૦ | શ્રી શૈલેષભાઈ પટેલ | હુબલી |
| ૧,૫૦૧ | શ્રી સ્મીતાબેન વસંતભાઈ શાહ | અગાસ આશ્રમ |
| ૧,૫૦૧ | શ્રી લલિતાબેન મુકુન્દભાઈ પટેલ | સાતેમ |
| ૧,૫૦૦ | શ્રી સુખીબેન ચંપાલાલજી નાહટા | હુબલી |
| ૧,૫૦૦ | શ્રી સોનલબેન ભાવેશકુમાર પટેલ | સંદેસર |
| ૧,૫૦૦ | શ્રી અવીકુમાર હર્ષદભાઈ પટેલ | શિહોલ |
| ૧,૫૦૦ | શ્રી શારદાબેન અશોકભાઈ પટેલ | શિહોલ |
| ૧,૫૦૦ | શ્રી તારાબેન શાંતિલાલ પારેખ | |
| | હા. જયશ્રીબેન ગુલાબભાઈ ઝવેરી | મુંબઈ |
| ૧,૩૧૧ | શ્રી મિનેષકુમાર જશભાઈ પટેલ | કાવિઠા |
| ૧,૩૧૧ | શ્રી નયનાબેન મિનેષકુમાર પટેલ | કાવિઠા |